CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ISSN 2250 – 0391

स्वाध्याय

पुस्तक ५८, वर्ष २०२१

संपादक

श्वेता प्रजापति

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम्

Estd. 1949

Accredited 'A' Grade by NAAC

प्राच्यविद्यामन्दिर

महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा



CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ISSN 2250 - 0391

स्वाध्याय

SVĀDHYĀYA

Issue No. 58, Year 2021

Editor

Dr. Sweta Prajapati

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम्

Estd. 1949

Accredited 'A' Grade by NAAC

प्राच्यविद्यामन्दिर

Oriental Institute

The Maharaja Sayajirao University of Baroda

Vadodara - 390 001

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ISSN 2250 - 0391

Svadhyaya

Referred and Blind 'Peer-reviewed' Annual Multilingual Research Journal

Issue No. 58, Year 2021

Editor
Dr. Sweta Prajapati

Advisory Board

Prof. Ramakant Pandey
Dept. of Sahitya, Central Sanskrit University, Jaipur - Campus, Jaipur

Prof. Rabindrakumar Panda
Dept. of Sanskrit, Pali & Prakrit, The Maharaja Sayajirao University of Baroda, Vadodara

Prof. Mansukh Moliya
Head, Dept. of Sanskrit, Saurashtra University, Rajkot

Dr. Bharat Pandya
Dept. of Gujarati, The Maharaja Sayajirao University of Baroda, Vadodara

Editorial Board

Dr. J. K. Umrethiya
Dr. Ramanath Pandey
Dr. Sharmila Bagchi
Dr. Vipul Patel
Dr. Nandkishor Mishra

Address

Director
Oriental Institute
Opp. Palace Gate, Palace Road
The Maharaja Sayajirao University of Baroda, Vadodara - 390 001
Phone: (+91-265) 2425121, **(M):** 9898472669
E-mail : director-oriental@msubaroda.ac.in
Website : www.msubaroda.ac.in

Subscription : ₹ 300/- Annual (For India) / $ 50 Annual (For Foreign Countries)

Note: The statements and views expressed by the authors of articles in this journal are their own and not necessarily of the Editorial Board.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

स्वाध्याय

पुस्तक ५८, वर्ष २०२१

अनुक्रमणिका

ગુજરાતી

૦૧. કવિકુલગુરુ કાલિદાસની સર્જક-પ્રતિભા : એમની નાટ્યસૃષ્ટિના સન્દર્ભે - વસન્તકુમાર ભટ્ટ ૧-૩૭

૦૨. ભરત ચક્રવર્તી અને પ્રસેનચંદ્રની કથા - રસીલા કડીઆ ૩૯-૬૦

૦૩. પુણ્યસાગરકૃત 'અંજનાસુંદરી ચઉપઈ'નો સમીક્ષાત્મક અભ્યાસ - કલ્પેશ પી. મકવાણા ૬૧-૬૯

૦૪. कारककारिका-પાણિનીય વ્યાકરણની એક અપ્રકાશિત કૃતિ - હર્ષલ ભટ્ટ ૭૧-૭૭

૦૫. મુદ્રણવાંચન(પ્રૂફરીડિંગ) ના નિયમો - જે. કે. ઉમરેઠિયા ૭૯-૯૦

हिन्दी

०६. अग्निपुराण छन्दःसार प्रकरण के संस्कृत पाठ की समीक्षा - मनसुख मोलिया ९१-९८

०७. शिग्रु का वैज्ञानिक एवं चिकित्सकीय अनुशीलन - धनञ्जय वासुदेव द्विवेदी ९९-११८

०८. दुर्जनमुखचपेटिका / भागवतमण्डनम् : एक अप्रकाशित ग्रन्थ - नन्दकिशोर मिश्र ११९-१२७

संस्कृत

०९. संस्कृतवाङ्मये विद्यमानस्य मनोविज्ञानस्य प्रासङ्गिकत्वम् - रवीन्द्रकुमारः पण्डा १२९-१३४

१०. ''तस्मिन् दिने'' इति कथासङ्ग्रहस्य विहङ्गवीक्षणम् - प्रियव्रतमिश्रः १३५-१४८

११. स्थानिवल्लक्षण-लक्ष्याणि - स्वामी जपसिद्धानन्दः १४९-१७२

१२. प्राच्य-विद्यामन्दिर की वार्षिक गतिविधियाँ-२०२०-२०२१ १७३-१७६

१३. સાભાર સ્વીકાર १७७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કવિકુલગુરુ કાલિદાસની સર્જક-પ્રતિભા : એમની નાટ્યસૃષ્ટિના સન્દર્ભે[1]

વસન્તકુમાર મ. ભટ્ટ*

ભૂમિકા : કવિકુલગુરુ કાલિદાસે માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય અને અભિજ્ઞાનશાકુન્તલ એ ત્રણ સંસ્કૃત નાટકોની રચના કરીને કેવળ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં જ નહીં, પરન્તુ વિશ્વનાટ્ય-સાહિત્યમાં પોતાનું નામ સદાકાળ માટે પાંક્તેય અને અગ્રગણ્ય બનાવ્યું છે. કાલિદાસ ઈ.સ.ની પ્રથમ શતાબ્દીમાં થયા હોવાનું નવાં પ્રમાણોથી સિદ્ધ થાય છે.[2] તદનુસાર આજે બે હજાર વર્ષો વીત્યાં પછીય આ નાટ્યકારનાં નાટકોએ क्षणे क्षणे यन्नवताम् उपैति, तदेव रूपं रमणीयतायाः । વાળી સાર્વયુગીન ''રમણીયતા'' યથાતથ જાળવી રાખી છે-તે હકીકતના ઉપલક્ષ્યમાં કાલિદાસની સર્જકચેતનામાં શું શું રમમાણ રહ્યું છે? તે વિચારવાનો ઉપક્રમ આ લેખમાં કર્યો છે. કાલિદાસે પોતાનાં ત્રણેય નાટકોમાં પ્રખ્યાત કથાવસ્તુને સ્વીકારીને પોતાનાં નાટકો લખ્યાં છે ત્યારે તેમનાં કાલજયીપણાનું રહસ્ય વિચારવા માટે સૌથી પહેલાં ધ્વન્યાલોકકાર આનન્દવર્ધનની નિમ્નોક્ત કારિકાને ઊંડાણથી સમજવાની જરૂર છેઃ-

दृष्टपूर्वा अपि ह्यर्थाः काव्ये रसपरिग्रहात् ।
सर्वे नवा इवाभान्ति मधुमास इव द्रुमाः ।। ४.४ ।।

(वृत्तिः) तथाहि विवक्षितान्यपरवाच्यस्यैव शब्दशक्त्युद्भवानुरणनरूप-व्यङ्ग्यप्रकारसमाश्रयेण नवत्वम् ।......। यथा व्यङ्ग्यभेदसमाश्रयेण ध्वनेः काव्यार्थानां नवत्वम् उत्पद्यते, तथा व्यञ्जकभेदसमाश्रयेणापि । तत्तु ग्रन्थविस्तरभयान्न लिख्यते । स्वयमेव सहृदयैरभ्यूह्यम् ।।[3]

સામાન્યતયા આ કારિકાનો એવો અર્થ વિચારવામાં આવ્યો છે કે ''ઉપાદાન સામગ્રી તરીકે રામાયણ અને મહાભારત(ના શકુન્તલોપાખ્યાન) આદિની કથાનું વસ્તુકંકાલ એકનું એક હોવા છતાંય,

---

'સ્વાધ્યાય' - પુ. ૫૮, વર્ષ ૨૦૨૧, પૃ. ૧-૩૭. ISSN 2250-0391

* ૨, સુરભી એપાર્ટમેન્ટ્સ, સુભાષ સોસાયટી, ઈશ્વરભુવનની પાછળ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, Mobile : 09327700064, Email : v.k.bhatt53@gmail.com

૧. ગુજરાતી સાહિત્ય પરિષદ, (અમદાવાદ)ના દ્વિવાર્ષિક ૩૧મા જ્ઞાનસત્રમાં કાલજયી સર્જકતાની આલોચના (પ્રાચીન) વિષયક બીજી બેઠકમાં રજૂ કરેલ વક્તવ્ય, (પાલનપુર, ૨૬-૨૮ ડિસેમ્બર, ૨૦૧૯)

૨. કાલિદાસને ગુપ્તકાળમાં એટલે કે ચોથી-પાંચમી સદીમાં થઈ ગયેલ માનનારો એક પક્ષ છે, જે હવે નવી પુરાતાત્ત્વિક સામગ્રીના સન્દર્ભે ગ્રાહ્ય રહ્યો નથી. દ્રષ્ટવ્યઃ- કાલિદાસ ઔર વિક્રમાદિત્ય- નવોન્મેષ, વસ્ન્તકુમાર મ. ભટ્ટ, વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જયિનીનું સામયિક :- વિક્રમ, સં. ડૉ. બાલકૃષ્ણ શર્મા, વૉ. ૧૭, ૨૦૧૫, પૃ. ૧-૧૫.

૩. ध्वन्यालोकः, सं. आचार्य विश्वेश्वर, ज्ञानमण्डल लिमिटेड, वाराणसी, १९८५, पृ. ३४१-३४३

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

તેમાં અલગ અલગ કવિઓએ જુદા જુદા વ્યઙ્ગ્યાર્થો કે જુદા જુદા વ્યંજકોનું આધાન કર્યું હોવાથી, તેમણે રચેલાં (પ્રતિમા, અભિજ્ઞાનશાકુન્તલ અને ઉત્તરરામચરિત જેવાં) કાવ્યો નવાં ને નવાં જ લાગે છે. જેવી રીતે વૃક્ષનું થડિયું અને ડાળીઓ એનાં એ જ હોવા છતાંય, દરેક વસન્ત ઋતુમાં તેમાં અભિનવ રસકસ ભરાતાં તે(જૂનાં) વૃક્ષો પણ ફરીથી પલ્લવિત થઈને જાણે તદ્દન નવાં હોય તેમ શોભી ઊઠે છે.''

આ કારિકા ખ્યાત ઇતિવૃત્તવાળી રચનાઓ માટે કહેવાઈ છે. પરન્તુ તે કારિકામાં પ્રકટતયા અનુક્ત એવી બે વાત શબ્દબદ્ધ કરવી જરૂરી લાગે છે. જેમકે, ૧. જૂનાં કથાવૃક્ષોમાં અભિનવ વ્યઙ્ગ્યાર્થો અને વ્યંજકોનું આધાન કરીને તેને નવપલ્લવિત કરી શકાય તે વાત ખરી. પરન્તુ તેવાં કાવ્યો અજર અને અમર બની જ જાય એવું કહી શકાય તેમ નથી. એટલે અહીં ઉમેરવું જોઈએ કે કોઈ પણ કાવ્ય અજર અને અમર ત્યારે જ બને કે જ્યારે પરવર્તી કાળના કવિ(ઓ)એ જીર્ણકથાનક રૂપી વૃક્ષમાં પ્રયોજેલાં વ્યઙ્ગાર્થો અને વ્યંજકોમાં જો કોઈ સાર્વયુગીન તત્ત્વને, સાર્વકાલિક અનુભવને કે સાર્વકાલિક લોકચરિતને દાખલ કરેલ હોય. તથા ૨. ઉપરની કારિકામાંથી અપ્રકટતયા એવું પણ ધ્વનિત થઈ રહ્યું છે કે કોઈ પણ ખ્યાત ઇતિવૃત્તવાળા કાવ્યની નવીનતા પ્રતીત થવામાં તેમાં વપરાયેલાં વ્યઙ્ગ્યાર્થો અને વ્યંજકોનો જેટલો ફાળો હોય છે તેનાથી સવિશેષ એ વાતનો પણ મહિમા કરવો જોઈએ કે જૂનાં વૃક્ષો રૂપી વસ્તુકંકાલો(કથાનકો)માં કોઈક શાશ્વત સમસ્યા ગૂંથાયેલી હોય છે, જેના થકી તે વસ્તુકંકાલ આન્તરિક રીતે જીવતું રહ્યું હોય છે, અને ત્યારે જ, પરવર્તી કાળના કવિઓ વડે તેમાં નવાં વ્યંજકતત્ત્વોને દાખલ કરીને તેને ફરીથી નવપલ્લવિત કરી શકાતું હોય છે.

[૧]
માલવિકાગ્નિમિત્રમ્

કાલિદાસની પ્રથમ ગણાતી નાટ્યકૃતિ તે માલવિકાગ્નિમિત્ર છે. તેનું કથાવસ્તુ કાલિદાસે પોતાના નજીકના ભૂતકાળના ઇતિહાસમાંથી લીધેલું છે. ઈ.સ.પૂર્વે થયેલા ચન્દ્રગુપ્ત મૌર્યના વંશમાં સમ્રાટ્ અશોક થઈ ગયા. ઇતિહાસ કહે છે તેમ મૌર્યવંશીયોએ જૈન અને બૌદ્ધ ધર્મને આશ્રય આપેલ હતો. પરન્તુ કાળક્રમે, તે મૌર્યવંશીય રાજાની સેનાના સેનાપતિએ, કે જેનું નામ પુષ્યમિત્ર (કે પુષ્પમિત્ર) હતું, તેણે લશ્કરી કવાયત દરમ્યાન મૌર્ય શાસકનો નાશ કરીને, બ્રાહ્મણ સંસ્કૃતિનો ઝંડો ફરકાવ્યો. આ પુષ્યમિત્રનો પુત્ર તે અગ્નિમિત્ર, જે આ નાટકનો નાયક છે. પુષ્યમિત્રનું શાસન મગધ પ્રદેશમાં હતું, પણ કંઈક અણબનાવ થતાં તેમણે પોતાના પુત્ર અગ્નિમિત્રને દક્ષિણમાં રાજ કરવા મોકલી દીધો હતો. બીજી તરફ, પુષ્યમિત્રે અશ્વમેધ યાગ આરંભ્યો હતો, તેના અશ્વની રક્ષા કરવા તેણે પોતાના પૌત્ર (એટલે કે અગ્નિમિત્રના) વસુમિત્રને જ નિયુક્ત કર્યો હતો. કાલિદાસે આટલી ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સ્વીકારીને, અલબત્ત તેને નાટકની કથાવસ્તુની પાર્શ્વભૂમાં રાખીને, આ નાટકની રચના કરી છે. તેમાં પ્રૌઢાવસ્થાએ પહોંચેલા અગ્નિમિત્રની પ્રણયલીલાઓને તેમણે નિરૂપવાનો ઉપક્રમ રાખ્યો છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

નાટ્યની ઓળખ આપતાં નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે કે त्रैलोक्यस्यास्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् । (ना. शा. १-१०८)[૪] આમ ત્રણેય લોકના ભાવોના અનુકીર્તનને ભરતમુનિએ નાટ્ય રૂપે ઓળખાવેલ છે. તેમણે અન્યત્ર એમ પણ કહ્યું છે કે-लोकवृत्तानुकरणं नाट्यम् एतन्मया कृतम् । उत्तमाधममध्यानां नराणां कर्मसंश्रयम् ॥ (ना. शा. १-१०९) અર્થાત્ આ નાટ્ય લોકવૃત્તના અનુકરણ રૂપ પુરવાર થશે. ભરતમુનિના આવાં વચનોનો પોતાની પ્રતિભાથી કાલિદાસ જે મર્મ પામ્યા છે તેને તેમણે માલવિકાગ્નિમિત્રના નિમ્નોક્ત શ્લોકમાં શબ્દબદ્ધ કર્યો છેઃ-

देवानामिदमामनन्ति मुनयः कान्तं क्रतुं चाक्षुष,
रुद्रेणेदमुमाकृतव्यतिकरे स्वाङ्गे विभक्तं द्विधा ।
त्रैगुण्योद्भवमत्र लोकचरितं नानारसं दृश्यते,
नाट्यं भिन्नरुचेर्जनस्य बहुधाप्येकं समाराधनम् ॥ (माल. १-४)[૫]

અહીં કાલિદાસ કહે છે કે (સાંખ્યશાસ્ત્રોક્ત) સત્ત્વ, રજસ અને તમોગુણની વિષમાવસ્થામાંથી જે લોકચરિત ઊભું થાય છે તે વિવિધ રસોથી ભરેલું હોય છે, અને આવું જે નાટ્ય હોય છે તે જ વિભિન્ન રુચિઓવાળા જનસમુદાયનું અનેક રીતે સમારાધન કરવા શકિતમાન બનતું હોય છે. આ વચનોમાંથી એવું ધ્વનિત થાય છે કે એક નાટ્યકાર તરીકે કાલિદાસને નાટક હોવાનો મર્મ એવો લાધ્યો છે કે નિરપવાદતયા નાટક માત્રે ભિન્ન ભિન્ન રુચિવાળા લોકોનું સમારાધન કરવાનું હોય છે તથા લોકસમુદાયમાં અનેક પ્રકારની રુચિઓ હોવાનું કારણ એ વાતમાં નિહિત છે કે લોકચરિત પોતે સત્ત્વાદિ ત્રણ ગુણોમાંથી ઊભું થયેલું છે. તેથી મારે, એટલે કે કાલિદાસે એવું નાટક બનાવવું જોઈએ કે જે સત્ત્વાદિ ત્રણ ગુણોથી ભરેલું હોય, અને તો જ તે વિવિધ રસોથી પરિપૂર્ણ બની શકે અને ભિન્ન રુચિવાળા લોકસમુદાયનું તે એક સમાન આરાધન કરી શકે, મનોરંજન કરી શકે છે. અહીં નાટકમાત્રની સફળતાનું રહસ્ય છુપાયેલું છે, જે કાલિદાસે પ્રથમ સોપાન ઉપર જ જાણી લીધું છે, શબ્દબદ્ધ કરી લીધું છે. આ તાત્ત્વિક વિચારધારાથી પ્રેરાઈને તેમણે માલવિકાગ્નિમિત્રની રચના કરી છે તેવું તેના કથાવસ્તુને જોવાથી તરત જ સમજી શકાય છે.

નાટક પ્રકારની કલાનું સર્જન કરવા ઉદ્યત થયેલ આ કલાકારને એ વાતની પણ પાકી ખબર છે કે નાટ્યકળા અન્ય કલાઓ કરતાં બહુ જુદી છે. શ્રવ્ય-કાવ્ય, ચિત્રકળા, નૃત્યકળા, વંશીવાદન, કે સંગીતાદિ કળાઓનું સર્જન કદાચ ''કળાને ખાતર કળા'', એટલે કે કેવળ નિજાનન્દ મેળવવા

---

૪. નાટ્યશાસ્ત્ર, સં. બલદેવ ઉપાધ્યાય, ચૌખમ્બા ઓરિએન્ટાલિયા, વારાણસી, ૧૯૮૦, પૃ. ૯

૫. કાલિદાસ ગ્રન્થાવલી, ભાગ ૨, સં. રેવાપ્રસાદ દ્વિવેદી, કાલિદાસ અકાદમી, ઉજ્જયિની, ૨૦૦૮, પૃ. ૧૦

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

માટે હોઈ શકે. પરન્તુ જો હું (કાલિદાસ) નાટકની રચના કરવા ધારતો હોઉં તો, મારે સામાજિકો અર્થાત્ તરહ તરહની મનોવૃત્તિવાળા પ્રેક્ષકોના પરિતોષનો ખ્યાલ રાખવો જોઈશે. નાટ્યકળા કેવળ નિજાનન્દ-અર્થે નથી હોતી. તેથી જ તેમણે અભિજ્ઞાનશાકુન્તલના પ્રારમ્ભે કહ્યું છે કે- આપરિતોષાદ્ ન સાધુ મન્યે પ્રયોગ-વિજ્ઞાનમ્ (પ્રેક્ષકોને પૂરો સંતોષ ન મળે ત્યાં સુધી હું મારા પ્રયોગવિજ્ઞાનને સફળ નહીં માનું.) આ સ્પષ્ટતા ભલે તેમણે તેમના ત્રીજા ક્રમાંકે લખાયેલા નાટકમાં લખી હોય, પણ તેમને એ વાતનો અહેસાસ તો આ પહેલા ક્રમાંકે લખેલા માલવિકાગ્નિમિત્ર વખતે જ થઈ ગયો છે. સૂત્રધારે જ્યારે ઉદ્‌ઘોષણા કરી કે કાલિદાસે જેનું વસ્તુગ્રથન કર્યું છે તેવું માલવિકાગ્નિમિત્ર નામનું નાટક આજે ભજવવું તેવો વિદ્વત્પરિષદે આદેશ કર્યો છે. ત્યારે પારિપાર્શ્વકે સૂત્રધારને ટોકતાં કહ્યું કે ભાસ, સૌમિલ્લ, કવિપુત્રાદિના પ્રબન્ધોને છોડીને, ''વર્તમાન'' (અર્થાત્ નવા ફૂટી નીકળેલા) કવિ કાલિદાસની રચનાને ભજવવાનો તમે કેવી રીતે વિચાર કરી શકો?[૬] કેમકે, નાટક તો સૌ પ્રેક્ષકોના સમારાધન માટે હોય છે. ત્યારે સૂત્રધારે ઉત્તર વાળ્યો કે જૂનું એટલે જ બધુંય સરસ એમ નહીં, અને નાટક નવું એટલે જ દોષવાળું એમ પણ નહીં. ખરેખર તો સાચા સહૃદય પ્રેક્ષકો એમને જ કહેવાય કે જે પરીક્ષા કર્યા પછી, જૂના અને નવા-એ બેમાંથી એકનો સ્વીકાર કરે તથા જેઓ કેવળ પારકાની બુદ્ધિએ જીવનારા હોય છે તેમને તો મૂઢ કહેવા જોઈએ.[૭] આનો સૂચિતાર્થ એવો છે કે જે નાટકકળા લોકનું સમારાધન કરી શકે તે જ સાચી કળા, પછી તે જૂની રચના હોય કે નવીન રચના. આમ નાટક રૂપી કળાનું સર્જન કરતી વેળાએ કેવળ નિજાનન્દનો ખ્યાલ રાખી શકાતો નથી. નાટ્યરચયિતાને માટે ભિન્ન રુચિવાળા પ્રેક્ષકોની સમારાધનાને ભૂલવી કદી પોસાય તેવી હોતી નથી. આથી આપણે એ જોવું જોઈશે કે કાલિદાસે માલવિકાગ્નિમિત્રમાં કેવી રીતે સામાજિકોના પરિતોષને સાધ્યો છે.

આ પહેલા નાટકમાં કાલિદાસે ત્રણ નાયિકાઓને રજૂ કરી છે. રાજા અગ્નિમિત્રની બે પૂર્વપરિણીતાઓ તે ધારિણી અને ઇરાવતી, તથા નવી ષોડશી નાયિકા તે (અજ્ઞાત રાજકુમારી) માલવિકા. આ ત્રણમાંથી પહેલી નાયિકા ધારિણી તે રજોગુણવાળી છે, તેથી તેને ઈર્ષ્યાકષાયિતા નિરૂપી છે. આ મોટી રાણી પોતાના પતિદેવ અગ્નિમિત્રની સ્ત્રીલોલુપ મનોવૃત્તિ જાણતી હોઈને, માલવિકાને સંતાડીને રાખવા સજાગ રહે છે. બીજી તરફથી, તે અંદર ખાનેથી ઇરાવતીની પણ ઈર્ષ્યા કરતી હોઈને, માલવિકાને શ્રેષ્ઠ નૃત્યાચાર્ય પાસે નૃત્યનું શિક્ષણ અપાવીને, ઇરાવતીને સ્પર્ધામાં પાછી પાડી દેવાનું પણ ઝંખતી હોય છે. બીજી નાયિકા ઇરાવતી તે તમોગુણપ્રધાન છે, તેથી તે રાજાને પોતાનો કરી લેવા માટે બહુ ઉદ્યમશીલ રહે છે, પણ તેના નસીબમાં કલહાન્તરિતા બનવાનું જ લખ્યું હતું. કેમ કે રાજાને મેળવી લેવા તેની સ્પર્ધામાં માત્ર ધારિણી જ નથી રહી, નવી ષોડશી માલવિકા પણ ઉમેરાઈ ગઈ છે.

---

૬. प्रथितयशसां भास-सौमिल्ल-कविपुत्रादीनां प्रबन्धान् अतिक्रम्य वर्तमानकवेः कृतौ बहुमानः ? ।

૭. पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् । (मालविकाग्निमित्रम्, प्रस्तावनायाम्)
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ॥१.२॥ (मालविकाग्निमित्रम्)

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આથી જરૂર પડી ત્યારે વધુ તેજસ્વી બનવા તે આખરી દાવ રૂપે મદિરાપાન કરીને, રાજા જોડે હિંચકે ઝૂલવા પણ પહોંચી જાય છે. પણ ભાગ્ય ફૂટેલું જ હતું. રાજા અગ્નિમિત્રના નવા લફરાને તે રૂ-બ-રૂ નિહાળે છે, જેથી ખણ્ડિતાની અવસ્થાને પામેલી તે પોતાની કટિ-રશનાથી રાજાને મારવા માટે હાથ પણ ઉગામે છે. જ્યારે ત્રીજી નાયિકા માલવિકા તે સત્ત્વગુણયુક્તા હોવાથી તેને ''પરાધીના''થી માંડીને ''સ્વાધીનપતિકા'' સુધીની અવસ્થા સુધી પહોંચાડવામાં આવી છે. અહીં નાટ્યકાર કાલિદાસે લોકસામાન્યમાં જોવા મળતું ત્રૈગુણ્યના સંમિશ્રણવાળું પૂર્વપરિણીતા રાણીઓ અને નવી ષોડશીનું ત્રિકોણીય દ્વન્દ્વ રચીને, ભિન્ન રુચિવાળા જનસમૂહનું સમારાધન કરવા ધાર્યું છે. આમાં પ્રેમના ઉચ્ચ આદર્શો સાધવાનો ઉપક્રમ જ નથી. કેવળ ત્રણ ગુણોની વિષમાવસ્થામાંથી સ્ત્રીજીવનમાં ઊભી થતી ઈર્ષ્યાગ્રસ્ત સ્પર્ધા, પ્રેમકલહ અને વિદૂષકના જૂઠા અને કપટથી ભરેલા ઉપાયો અને અપાયોથી યોજાતી મિલનની તરકીબો ''હવે રાજાનું શું થશે ?'' કે ''ઇરાવતી હવે શું કરી નાંખશે?''ના પ્રશ્નો ખડા કરીને, પ્રેક્ષકોને સતત અદ્ધર શ્વાસે રાખે છે. અહીં વિદૂષકે કપટથી યોજેલું માલવિકા અને રાજાનું અભિલષિત દુર્લભ મિલન પણ ક્યારેય લાંબું ટકતું નથી, કે ઇરાવતીની મદિરાપાન કરીને ઝનૂને ચઢેલી ઈર્ષ્યા પણ નિરન્તર ટકતી નથી, કેમકે આ સાચું ના-ટક છે ! અહીં દેહસૌન્દર્યના આકર્ષણથી પ્રલોભિત રહેતા રાજા અને દાસીભાવમાં જીવન ગુજારતી રાજકુમારી વચ્ચે ચાક્ષુષ-પ્રીતિથી આરંભાયેલો પ્રેમ પૂર્વપરિણીતા રાણીના ઈર્ષ્યાગ્રસ્ત માનસે સર્જેલા વિવિધ અન્તરાયોમાં વારે વારે ફસાય છે, અને કુટિલ મતિવાળા વિદૂષકની તરકીબોથી વારે વારે ઉગરી પણ જાય છે ! રંગમંચ ઉપર નવી ષોડશીને મેળવવા માટે વિદૂષક જે રંગીન નવ-નવીન ધમાચકડી મચાવે છે તેના થકી કુતૂહલનું તત્ત્વ સાદ્યન્ત અખણ્ડિત રહે છે. આ નાટકમાં કાલિદાસે કયાંક દ્વિપાર્શ્વી દશ્ય-યોજના કરી છે, તો ક્યાંક કઠિન જણાતી ત્રિપાર્શ્વી દશ્ય-યોજના પણ સફળતાપૂર્વક રચી છે. આ દશ્યોનાં મંચન દરમ્યાન સકલ પ્રેક્ષાગાર કુતૂહલના દઢ પાશમાં બંધાઈને રંગમંચ ઉપર જ કેન્દ્રિત થયેલું રહે છે. માલવિકાગ્નિમિત્ર નાટકની આવી અનવદ્ય દશ્ય-યોજનાઓ, કે જે સમ્પૂર્ણ નાટ્યક્ષમ હોવાની સાથે તેમાં સંપૂરિત મનોહારી કુતૂહલ-તત્ત્વને કારણે પ્રેક્ષકોની જકડી રાખવામાં સદાકાળ સફળ પુરવાર થાય છે. અહીં અગ્નિમિત્ર અને માલવિકાના આ પ્રેમ-પ્રસંગ દ્વારા નિરૂપાતો શૃઙ્ગાર વિદૂષકની તરકીબો અને મૂર્ખામી ભર્યા છબરડાના કારણે સર્જાતા હાસ્યથી નિરન્તર પરિપુષ્ટ થતો રહે છે. જે ત્રૈગુણ્યોદ્ભૂત લોકચરિત હોય છે તે વિવિધ રસોથી ભરેલું હોય છે, (અને જે લોકચરિત રાજદરબારી પરિવેશથી માંડીને જનસામાન્ય સુધી વત્તે ઓછે અંશે વિસ્તરેલું હોય છે) તેનું નિરૂપણ કરતાં આ નાટક વડે વિભિન્ન રુચિવાળા સામાજિકોનું સમારાધન સહજ સિદ્ધ થાય છે. જે તેને કાલજયી બનાવે છે. નાટકને જો ''અભિનેય કાવ્ય'' કહેવાયું હોય તો આ નાટકની ચિરંજીવિતાનું રહસ્ય ત્રૈગુણ્યોદ્ભૂત લોકચરિતવાળા કથાનકની સાથોસાથ, તેમાં ઠસોઠસ ભરેલી નાટ્યક્ષમતામાં છુપાયેલું છે.

આ પ્રસંગે એક બીજી મહત્ત્વની વાત કહેવી આવશ્યક છે. અગાઉ કહ્યું છે તેમ કાલિદાસે આ નાટકમાં પ્રેમના કોઈ ઉચ્ચતર આદર્શને નિરૂપવાનો ખ્યાલ રાખ્યો જ નથી. તથાપિ માલવિકાના

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પાદપ્રહારથી જે અશોકવૃક્ષનું વિકસન થતું કહેવાયું છે તેની પાછળની વ્યંજના સમજવા જેવી છે. નાટકના કથાનકમાં તો આ પ્રસંગ દાસીભાવમાં રહેલી માલવિકાની ઉચ્ચ કુલીનતા (આભિજાત્ય) ઉદ્ઘાટિત કરવાના પ્રયોજનવાળું દર્શાવાયું છે, પણ હકીકતમાં તો કાલિદાસ જે અગ્નિમિત્રને નાયક તરીકે સ્વીકાર્યો છે તે એક જરઠ વ્યક્તિ જણાય છે, તેણે બબ્બે રાણીઓ જોડે બધાં સુખ ભોગવી લીધાં છે અને તેને એક પુત્ર વસુમિત્ર એક પુત્રી વસુલક્ષ્મીની[૮] પ્રાપ્તિ પણ થઈ ચૂકી છે. વસુમિત્રને તો વળી દાદા પુષ્યમિત્રે તેમના અશ્વમેધ યજ્ઞનો ઘોડો રક્ષવા માટે પણ મોકલ્યો છે- તેટલો તે પરિપક્વ યોદ્ધા પણ બની ચૂક્યો છે. આટલી જિંદગી જીવ્યો પછી, તે(જરઠ)ને માલવિકા તરફના પ્રેમનું રસાયણ મળી જતાં તે જાણે પુનર્નવા બની ગયો છે ! આ વાત પ્રતીકાત્મક રીતે સૂચવવા માલવિકાના પાદપ્રહારથી અશોકવૃક્ષ મ્હોરી ઊઠ્યાનું કહેવાયું છે. આમ કાલિદાસને પોતાની પહેલી નાટ્યકૃતિમાં પ્રેમના કોઈ ઉચ્ચ આદર્શને નિરૂપવાને બદલે, વાર્ધક્યના ઉંબરે પહોંચેલા પુરુષ ઉપર પણ પ્રેમના રસાયણનો ચમત્કાર અને ઉદ્દામ મન્મથની વામગતિ જ બતાવવી છે- એવું પ્રતીત થાય છે. માનવજીવનનો આ સાર્વભૌમ અનુભવ નકારી શકાય તેવો નથી.

અહીં પ્રશ્ન તો થશે જ કે આવા નિન્દ્ય અથવા અરુચિકર વિષયનું નિરૂપણ સદાકાળ કેવી રીતે આસ્વાદ્ય બની રહ્યું હશે ? તો અગાઉ જણાવ્યું છે તેમ અગ્નિમિત્ર કામુક છે, ચિત્રમાં દોરેલી સુંદર યુવતી-માલવિકા-ને જોઈને, તેનું લંપટ મન એને ભોગવવા લલચાયું છે- એમ કવિએ આરંભે જ દર્શાવ્યું છે. પણ પોતે તો નાયિકાને મેળવવા જરાય સક્રિય દેખાતો નથી, બલ્કે આ ઘરડાને ત્રીજીવાર પરણાવવા વિદૂષક જ ઈર્ષ્યાકષાયિતા બબ્બે પૂર્વપરણેતરોની સથે આટા-પાટા ખેલતો ખેલતો અગ્નિમિત્રને પ્રેમના ઉબડ-ખાબડ રસ્તે ચલાવે છે, અને સૌ પ્રેક્ષકો આજ દિન સુધી એની જ મજા માણતા રહ્યા છે. જે નાટ્યકૃતિમાં આવી શૃંગાર અને હાસ્યની અનવરત છોળો ઉડતી હોય અને જેમાં કુતૂહલનું અજસ્ર સાતત્ય હોય તે કોઈપણ પ્રદેશમાં અને કોઈ પણ સમયમાં નિઃશંક આસ્વાદ્ય બનતી જ હોય છે. આ વાતમાં અટલ વિશ્વાસ ધરાવતાં કાલિદાસે પ્રથિતયશસ્ ભાસાદિ નાટ્યકારોની સામે જે હિંમત સાથે રંગમંચ ઉપર પગ મૂક્યો છે તે અંગદનો પગ પુરવાર થયો છે.

[૨]
વિક્રમોર્વશીયમ્

કાલિદાસે રચેલી બીજી નાટ્યકૃતિ તે વિક્રમોર્વશીય છે. આ નાટકના કથાવસ્તુમાં નાયક તરીકે પૃથિવીલોકનો રાજા પુરૂરવા છે અને નાયિકા તરીકે સ્વર્ગલોકની અપ્સરા ઉર્વશી છે. વળી રાજા પુરૂરવા

૮. વસુલક્ષ્મી પુત્રી હોવાનું એટલે અનુમાન થાય છે કે અગ્નિમિત્રના પુત્રનું નામ વસુમિત્ર છે. તથા તેની દારિકા, બાલભાવમાં (છોકરમતમાં) માલવિકાનું નામ કહી દેતી વર્ણવી છે. આથી અત્યાર સુધીના સૌ અભ્યાસીઓએ તેને રાજા અગ્નિમિત્રની સાળી ગણાવી છે, તે ભૂલ ભરેલું લાગે છે. કેમ કે ધારિણીની કે ઇરાવતીની બહેન (એટલે કે રાજાની સાળી) આટલી નાની ઉમરની ના હોય, તથા તે આ રાજમહેલમાં કેમ રહેતી હશે ? એવો પ્રશ્ન મૂંઝવે તેવો છે. વળી, તેના મોંઢેથી રાજાને જે આવુત્ત એવું સંબોધન કરવામાં આવ્યું છે, તેનો અર્થ બનેવી હોવા ઉપરાંત, વડીલ કે ગામનો મુખી એવો પણ થાય છે. તથા આવુત્ત શબ્દને સ્થાને કેટલીક આવૃત્તિઓમાં આર્યપુત્ર અને આર્ય એવાં પાઠાન્તરો પણ નોંધાયેલાં જોવાં મળે છે. માટે તેને વસુમિત્રની નાની બહેન ગણવી સન્દર્ભોચિત જણાય છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પોતે ઇન્દ્રસખા છે તથા તેનો રથ પણ ગગનવિહારી છે. આ રાજાના વિક્રમ એટલે કે પરાક્રમથી ઉર્વશીનું હૃદય તેના પ્રત્યે આકર્ષાયું છે. આવા પાર્થિવ માનવ અને સ્વર્ગીય અપ્સરાના ભવ્ય પ્રણયનું અલૌકિક ઘટનાચક્ર જોઈને કવીન્દ્ર રવીન્દ્રનાથ ઠાકુર અને મહર્ષિ અરવિન્દ યોગી જેવા સમર્થ સમાલોચકોએ આ નાટકની ભૂરિશઃ પ્રશંસા કરી છે. શ્રી રવીન્દ્રનાથે લખ્યું છે કે- ''ઉર્વશી વિશ્વનું કલ્પનાગમ્ય સૌન્દર્ય છે, તે એક એવો અપ્રાપ્ય આદર્શ છે કે જેને માટે માનવઆત્મા સતત ઝંખના કરે છે. પરન્તુ આ સૌન્દર્યને એક જ વ્યક્તિ મેળવી શકે છે, જેનું મન કવિતા અને આદર્શોથી ભર્યું ભર્યું હોય, જેની કીર્તિ અને કારકિર્દી મહાકાવ્ય સમી હોય અને જેને દેવતાઓની સાથે સતત સંપર્ક અને મૈત્રી હોય.'' કવિ કાલિદાસે આવી સ્વર્ગીય અને કલ્પનાગમ્ય સૌન્દર્યની મૂર્તિ સમી ઉર્વશીને પામનાર પાર્થિવ રાજા પુરૂરવાને પ્રેક્ષકોની સામે નાયક તરીકે રજૂ કર્યો છે. આ નાયકનું કલ્પનાશીલ મન કવિતાથી ભર્યું ભર્યું છે, જેની સાક્ષી પૂરે છે આ નાટકના ચોથા અંકમાં, વિપ્રલમ્ભ શૃંગારના આલેખન માટે રચાયેલા અને પુરૂરવાના મુખમાં મૂકવામાં આવેલા શ્લોકો. કવિવર રવીન્દ્રનાથજી કદાચ અહીં એવું સૂચવી રહ્યા છે કે ઊર્મિસભર કવિતાઓના કલ્પનાવિહારમાં જ અપ્રાપ્ય સ્વર્ગલોકનું સૌન્દર્ય પામી શકાય છે. વળી, તેમણે એ પણ કીધું છે કે આવો નાયક દેવતાઓની સાથે મૈત્રી ધરાવતો અને સદેહે સ્વર્ગલોકમાં આવાગમન કરતો પણ હોવો જોઈએ. આ બીજી શરત વાસ્તવ જગત્-માં ક્યાંય મળવી શક્ય લાગતી નથી. તેથી એવો પણ વિપરીત ફલિતાર્થ કાઢવાનું મન થાય છે કે આ નાટકનું કથાવસ્તુ મનોહારી હોવા છતાંય વાસ્તવિકતાથી ઘણું દૂર છે.

આ નાટકના ધ્યાનાકર્ષક ચોથા અંકના સન્દર્ભમાં, મોટા ભાગના વિદ્વાનો એમ પણ કહી રહ્યા છે કે આ કૃતિને નાટક કહેવા કરતા, ''ઊર્મિકાવ્ય કે નૃત્યનાટિકા'' કહેવી વધુ ઉચિત રહેશે. શ્રી સુશીલ કુમાર કહે છે કે- The scene is hardly dramatic and has no action, but it reaches an almost lyric height in depicting the tumultuous ardor of undisciplined passion. આવી સમીક્ષા થકી એમ સૂચવાઈ રહ્યું છે કે - આ વિક્રમોર્વશીય નાટકમાં, વિશેષે કરીને ચોથા અંકમાં કોઈ નાટ્યવેગ કે નાટ્યકાર્ય નથી. કેમકે કવિહૃદય બનેલા પુરૂરવાની અનર્ગલ કવિતાઓથી નાટ્યક્રિયા અવરુદ્ધ બનીને ઊભી છે.

ત્રીજી તરફ, મહર્ષિ અરવિન્દ ઘોષ જેવા યોગીની દૃષ્ટિએ આ નાટકમાં રૂપકાત્મક નિરૂપણ છુપાયેલું છે. જેમકે, તેનો નાયક નામે પુરૂરવા (જેનો અવાજ ઘણે દૂર સુધી, સ્વર્ગલોક સુધી વ્યાપેલો છે, તે) છે. તેની માતા ઈલા તે દૈવી-ઇચ્છા છે. [એટલે કે પુરૂરવાની માતા તે માનવમનની વિચિત્રપુત્રી છે], કેમકે તે પુરુષ હતી અને શાપવશાત્ સ્ત્રી બની હતી.[૯] પુરૂરવાનો જે પિતા બુધ હતો,

---

૯. સાયણે ઋગ્વેદ ૧૦-૯૫ની ભૂમિકામાં કહ્યું છે કે ઈળ નામનો રાજા મૃગયાર્થે પાર્વતીના વનમાં પેઠો અને પાર્વતીના શાપ થકી છ માસ માટે સ્ત્રીત્વને પામ્યો. (ઈળમાંથી ઈળા બન્યો.) આ સમયગાળામાં ચન્દ્રનો પુત્ર બુધ તે ઈળા ઉપર મોહી પડ્યો, અને તે બેમાંથી જન્મ્યો તે પુરૂરવા. બીજી તરફ, સૂર્ય અને વરુણે કોઈક યજ્ઞમાં ઉર્વશીને જોઈ, ત્યાં જ તે બેનું રેતસ્ સ્ખલિત થયું, જેને ઉર્વશીએ એક કુંભમાં ભરી લીધું. આથી તે બે દેવોએ ઉર્વશીને શાપ આપ્યો કે જા, તું મનુષ્યભોગ્યા બન. પરિણામે, પુરૂરવા અને ઉર્વશી કાળક્રમે પ્રેમમાં સંલગ્ન થઈને પતિ-પત્ની બન્યાં.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

તે પ્રેરણાજન્ય ગૂઢ જ્ઞાન છે. આમ પુરૂરવા તે ચન્દ્રનું (= મનનું) સંતાન છે, આ રીતે પુરૂરવા તે સૂર્ય અને ચન્દ્ર એ બન્નેનો વંશજ પુત્ર છે. હવે આ રાજા પુરૂરવા સ્વર્ગની અપ્સરા ઉર્વશીને મેળવવા માટે પોતાની માનવસ્ત્રીને (નાટકમાં ઉલ્લેખાયેલી કાશીરાજપુત્રી ઔશીનરીને) અર્થાત્ પાર્થિવ કીર્તિને છોડી દે છે, માત્ર તેને માટે તે ધર્માપેક્ષિત દાક્ષિણ્ય રાખે છે. પણ પોતાનો સાચો આત્મા તો દૈવીપણામાં તલ્લીન કરી દે છે. આવો પુરૂરવા ય પોતાની ઈપ્સિતતમ વસ્તુને અન્તરાય કે સંઘર્ષ વગર ભોગવી શકતો નથી. આથી કવિ કાલિદાસે બતાવ્યું છે કે તે પુરૂરવા અને ઉર્વશી કુમાર કાર્તિકેયના નિષિદ્ધ વનમાં અજાણતાં પ્રવેશી જાય છે, જ્યાં સ્ત્રીને આવવાની મનાઈ હતી. તે કુમારવનમાં તો કેવળ ઋષિસંસ્કૃતિની ત્યાગ અને વિરક્તિની ભાવનાને જ સ્થાન હતું ! માટે ત્યાં પ્રવેશતાંની સાથે જ ઉર્વશી પુરૂરવાની સામેથી અલોપ થઈ જાય છે, તે એક વેલીમાં ફેરવાઈ જાય છે. હવે પુરૂરવાનો આત્મા તેને પ્રકૃતિસમસ્તમાં શોધતો ફરે છે, પશુ-પક્ષી-પુષ્પ-નદી ઇત્યાદિની આકૃતિ કે ગતિવિધિઓમાં તે તેને કલ્પતો રહે છે. યદ્યપિ એમ કરવાથી ય તેને ઉર્વશી મળતી નથી. છેલ્લે અકસ્માતે કરીને હિમાલયની પુત્રી, માતા પાર્વતી(જે પ્રકૃતિસમસ્તની પાછળ રહેલો આત્મા છે, તે)ના ચરણકમળના રાગમાંથી નિપજેલો મણિ તેને હાથ લાગે છે. આ મણિના પ્રભાવે કરીને તેને વેલીમાં પરિણત થઈ ગયેલી ઉર્વશી સ્ત્રીદેહમાં પાછી મળે છે. આ નાયક-નાયિકાનો પુત્ર "આયુ" તે દૈવીતત્ત્વના સમ્બન્ધથી સર્જાયેલું ઉદાત્ત માનવજીવન છે-એમ સમજવાનું છે. આમ મહર્ષિ અરવિન્દના મતે આ નાટકમાં એક દિવ્ય અને ભવ્ય રૂપક છે, જેમાં કાલિદાસે દૈવીતત્ત્વ સાથેનો માનવનો પ્રેમ અને માનવની એષણાનું મિલન સાધ્યું છે.[૧૦]

મોટા મોટા વિદ્વાનોના ઉપર્યુક્ત વિચારો, સમાલોચનાઓ જાણીને પ્રસન્નતા અનુભવ્યા પછીય, એવો પ્રશ્ન તો થાય જ છે કે કવિ કાલિદાસના મનમાં આવું કોઈ રૂપકાત્મક દર્શન રજૂ કરવાનું અભીષ્ટ હશે ખરું ? તથા આપણા પ્રસ્તુત સન્દર્ભમાંય એ પ્રશ્ન તો ઊભો રહે જ છે કે આ નાટકમાં આવું રૂપકાત્મક નિરૂપણ હોવાથી શું તે કાલજયી બન્યું હશે ? કેમકે ઉપર્યુક્ત સમાલોચકોએ મેળવેલા વ્યંગ્યાર્થો તેમની પોત-પોતાની ભાવયિત્રી પ્રતિભાના ઉન્મેષો છે અને તેથી તેમાં આત્મલક્ષિતા પ્રવેશી છે. આવા કાવ્યાર્થો ઘડીભર સાચા પ્રતીત થતા હોય તો પણ, આ નાટ્યકૃતિની કાલજયિતાનું રહસ્ય શોધવા માટે, વસ્તુલક્ષી બનીને આ નાટકની દૈવી આધાર-સામગ્રીને ફરી તપાસીશું, તથા તેમાં તેમણે જે મૂળભૂત પરિવર્તનો કરી નાખ્યાં છે તેને જાણીશું, સમજીશું.

કાલજયી નાટકોની પાછળ કામ કરી રહેલી સર્જકચેતનાને પામવા માટે તેમના રચયિતાઓએ પસંદ કરેલાં ખ્યાત કથાનકની પુનર્યોજનામાં અને નવીનીકરણમાં જે તે નાટ્યકારની સર્જકતા શોધવી જોઈએ. કાલિદાસ વેદકથાનો આધાર લે છે તેવું વિક્રમોર્વશીયમ્ ને જોતાં લાગે છે, પણ તેમણે તેને યથાવત્ લીધી નથી. અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે વેદવચન પણ જો મનુષ્યની સંવેદનાને

૧૦. એવું લાગે છે કે મહર્ષિ અરવિન્દ પોતાના યોગ થકી પૃથિવીલોકમાં જે અતિમનસનું અવતરણ કરવા ઝંખતા હતા, તેના નિદર્શ તરીકે તેઓશ્રીને આ નાટક સ્પર્શી ગયું હશે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અનુરૂપ ન હોય કે તેની વિરુદ્ધનું હોય તો આ નાટ્યકાર તેમાં પરિવર્તન કરે જ છે. તથા પોતાને લાધેલી શાશ્વત માનવીય સંવેદનાને પોતાની કલમથી નાટ્યકૃતિમાં અવતારે છે, જેથી દરેક યુગના પ્રેક્ષકને તે નાટક પોતાનું લાગે. નાટકમાત્રને કાલજયી બનવાની કદાચ આ પૂર્વશરત છે. કાલિદાસે વિક્રમોર્વશીય નાટકમાં ઋગ્વેદના સુપ્રસિદ્ધ પુરૂરવા-ઉર્વશી સંવાદ સૂક્ત(૧૦-૯૫-૧ થી ૧૮ મન્ત્રો)માંથી કથાવસ્તુ લીધું છે. પણ વેદોક્ત કથાનકમાં લગીરેય પરિવર્તન કરવું એ નિતાન્ત અમાન્ય અને અસહ્ય જ હતું. કેમકે ભારતીય પરમ્પરામાં વેદવચનને પરમ પ્રમાણ મનાયેલ છે. વેદમન્ત્રોને ઈશ્વરનું નિઃશ્વસિત ગણીને, તેના પ્રત્યેક મન્ત્રને શાશ્વત એટલે કે ત્રિકાલાબાધિત માનવામાં આવ્યા છે. વેદમન્ત્રોમાં આપણાથી નથી પદક્રમ બદલી શકાતો કે નથી તેમાં પર્યાયવાચી શબ્દ વાપરીને, (अग्निमीळे पुरोहितम्० ને સ્થાને वह्निमीळे पुरोहितम्०) તે મન્ત્રને બોલી શકાતો. આટલી ચુસ્તીપૂર્વક જે વેદમન્ત્રો અનાદિકાળથી આપણા સુધી ઉતરી આવ્યા હોય, તેમાં સ્વલ્પાતિસ્વલ્પ પરિવર્તન કરવું સમ્ભવિત ન હતું. પરન્તુ કાલિદાસે, પોતે વેદવિહિત બ્રાહ્મણ સંસ્કૃતિના સમર્થક અને પુરસ્કર્તા હોવા છતાંય, તે અતિદુષ્કર અને નિતાન્ત અમાન્ય કહેવાયેલું કાર્ય પણ કરવું અનિવાર્ય માન્યું છે. આ વિચારનો વધુ વિસ્તાર કરવાને બદલે, અચિરેણ આપણે પુરૂરવા-ઉર્વશી સંવાદ સૂક્તની કથાને અને તેનાં અમુક વચનોને જાણી લેવાં આવશ્યક છેઃ-

ઋગ્વેદના ૧૦.૯૫ સૂક્તમાં પુરૂરવા-ઉર્વશી સંવાદને મન્ત્રો રૂપે સંગૃહીત કરવામાં આવ્યો છે. તે સૂક્તની ભૂમિકા બાંધતા ભાષ્યકાર સાયણે આપેલી વિગતો અનુસાર-ઈળા અને બુધનો પુત્ર પુરૂરવા પ્રતિષ્ઠાનપુરનો રાજા બન્યો, અને પેલી શાપિત થયેલી ઉર્વશી પૃથિવી ઉપર આવી. ઉર્વશી પુરૂરવા ઉપર આસકત થઈ, પણ બે શરત સાથે તેણે પુરૂરવાનો સહવાસ મંજૂર કર્યો. પહેલી શરત હતી કે ઉર્વશી પથારી સિવાય અન્યત્ર પુરૂરવાને નગ્નાવસ્થામાં નહીં જુવે. બીજી શરત હતી કે પુરૂરવાએ ઉર્વશીએ પાળેલાં બે ઘેટાંની રખેવાળી કરવાની. ચાર વર્ષનું તેમનું દામ્પત્યજીવન વીત્યા પછી, દેવોએ ઉર્વશીને સ્વર્ગમાં પાછી બોલાવી લેવા માટે કોઈક રાત્રે પેલાં બે ઘેટાંઓની ચોરી કરી. ચોરી થતાં જોઈને, નિર્વસ્ત્ર પુરૂરવા એકદમ ઊઠીને ઘેટાંને પાછાં મેળવવા દોડ્યો. દેવોએ વીજળીનો ઝબકાર કર્યો. ઉર્વશીએ તેને પથારીની બહાર નગ્ન જોયો અને શરતનો ભંગ થયો ! ઉર્વશી પુરૂરવાને છોડીને તત્કાળ સ્વર્ગમાં ચાલી ગઈ. હવે વિરહી બનેલો પુરૂરવા ઉર્વશીને શોધતો બધે ભટકે છે. એકદા પુરૂરવા માનસ સરોવર ઉપર અન્ય અપ્સરાઓની સાથે ઉર્વશીને જુવે છે અને ત્યાં તે બેની વચ્ચે સંવાદ થાય છે. પુરૂરવા તેને પોતાની સાથે પાછી ફરવા વારંવાર વિનવે છે. પણ કઠણ કાળજાવાળી ઉર્વશી ટસની મસ થતી નથી. બલ્કે પુરૂરવાની માંગણીને નિર્દયતાપૂર્વક ઠુકરાવે છે અને સ્ત્રીહૃદયોને ઘાતકી વરુઓનાં જેવાં હૃદયવાળાં હોવાનું જાહેર કરે છે. આ સન્દર્ભે નીચેના બે વેદમન્ત્રો જોવા આવશ્યક છે. અહીં પહેલો મન્ત્ર નિરાશ થયેલો પુરૂરવા બોલે છે અને તેના પ્રત્યુત્તરમાં બીજો મન્ત્ર ઉર્વશી બોલે છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सुदेवो अद्य प्रपतेदनावृत् परावतं परमां गन्तवा उ ।
अधा शयीत निर्ऋतेरुपस्थेऽधैनं वृका रभसासो अद्युः ॥ ऋ सं. १०.९५.१४ ॥

અનુવાદ :- (પુરૂરવાઃ) આ સુદેવ (અર્થાત્ જેણે તારી સાથે ક્રીડા કરી છે તેવો તારો પતિ = હું પુરૂરવા) આજે પાછો ન ફરે એ રીતે, દૂરથી પણ ઘણે દૂર એવા દેશમાં જવા માટે પ્રપાત કરશે, (હું પડતું મૂકીશ) અથવા (ક્યાંક જઈ શકવા સમર્થ નહીં એવો હું તારો પતિ) નિર્ઋતિ = પૃથિવીના ખોળામાં સૂઈ જઈશ. અથવા [નિર્ઋતિ = પાપદેવતા = મૃત્યુના ખોળામાં સૂઈ જઈશ = મરી જઈશ], અથવા (= પછી આને = મને) ધસી આવતાં વરુઓ ખાઈ જશે.-૧૪

पुरूरवो मा मृथा मा प्र पप्तो मा त्वा वृकासो अशिवास उ क्षन् ।
न वै स्त्रैणानि सख्यानि सन्ति, सालावृकाणां हृदयान्येता ॥ ऋ सं. १०.९५.१५ ॥

અનુવાદ :- (ઉર્વશીઃ) હે પુરૂરવસ્, તું મરીશ નહીં, તું પ્રપાત પણ ના કરીશ, અશુભ વરુઓ પણ તને મા ખાવ. સ્ત્રીઓ સાથે કરેલાં સખ્યો સાચાં હોતાં નથી. અર્થાત્ સ્ત્રીઓની સાથે સખ્ય કરાય નહીં. કારણ કે તે સ્ત્રીઓનાં સખ્ય તો સાલાવૃકોનાં (જંગલી વરુઓનાં) હૃદયો જેવાં (= પોતાનાં ઉપર વિશ્વાસ રાખનારનો જ ઘાત કરનારાં) હોય છે.[૧૧]

અહીં જોઈ શકાય છે કે ઋગ્વેદમાં ઉર્વશીએ જે શબ્દોમાં નિર્મમ બનીને ક્રૂરતાપૂર્વક પુરૂરવાની માંગણીને ઠુકરાવી છે, તે કોઈ પણ વાચકને અંદરથી હલાવી મૂકે તેવી છે. વળી, ઉપર્યુક્ત શબ્દોથી ઉર્વશીએ કેવળ પોતાના વૈયક્તિક સ્વભાવને જ ઉદ્‌ઘાટિત નથી કર્યો, પણ સમગ્ર સ્ત્રીજાતિને સાલાવૃકોનાં હૃદયોવાળી કહી દીધી છે તે ભૂકંપ સર્જે એવું વિધાન છે. ''સ્ત્રીઓની સાથે સખ્ય ના હોય'' એ વેદવચન આપણા સૌના અનુભવ-વિરુદ્ધ છે, અરે ! માનવમાત્રના અસ્તિત્વની સાક્ષીની વિરુદ્ધનું છે. કવિ કાલિદાસ આવી વેદકથા વાંચીને દુભાયા લાગે છે. અનુભવ-વિરુદ્ધની અને સર્વથા અમાન્ય જ કરવી પડે તેવી વેદવાણીની સામે કાલિદાસ અસાધારણ કલ્પનાથી અભૂતપૂર્વ નાટ્યસૃષ્ટિનું સર્જન આરંભે છે. સૂત્રધાર કહે છે કે આ પરિષદે પૂર્વેના કવિઓના પ્રયોગો જોયા હશે, પણ આજે હું વિક્રમોર્વશીય નામના અપૂર્વ[૧૨] નાટકનો પ્રયોગ કરીશ.

વિક્રમોર્વશીયની નાટ્યસૃષ્ટિનો ઉઘાડ થતાં જ માલુમ પડે છે કે કેશી નામના દાનવે અપ્સરાઓના વૃન્દમાંથી ઉર્વશીનું અપહરણ કર્યું છે અને ''બચાવો.... બચાવો.... છે કોઈ સુરપક્ષપાતી વ્યક્તિ, કે જેની આકાશમાં પણ ગતિ હોય?'' એવી આર્તવાણી સંભળાય છે. સૂર્યોપસ્થાન કરીને પાછો વળેલો પ્રતિષ્ઠાનપુરનો રાજા પુરૂરવા તેમની વ્હારે ધાય છે. રમ્ભા સાથેની વાતચીતથી તેણે જાણ્યું

---

૧૧. ઋગ્વેદઃ, દશમં મણ્ડલમ્, સાયણ-ભાષ્ય-સમેતમ્, સમ્પાદક અને અનુવાદકઃ- વસન્તકુમાર મ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભણ્ડાર, અમદાવાદ, ૧૯૯૬, પૃ. ૧૭૭-૧૭૯

१२. सोऽहमद्य विक्रमोर्वशीयं नाम नाटकम् अपूर्वं प्रयोक्ष्ये । विक्रमोर्वशीयम्, साहित्य अकादेमी, दिल्ली, १९६१

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કે ઋષિમુનિઓના ઉગ્ર તપથી ભયભીત રહેતા ઇન્દ્રનું જે સુકુમાર અસ્ત્ર છે, જે રૂપગર્વિતા લક્ષ્મીનો પ્રત્યાદેશ છે, જે સ્વર્ગનો અલંકાર છે તે એમની પ્રિયસખી ઉર્વશી, કૂબેરના મહેલથી પાછી ફરતાં, અચાનક સામે આવી મળેલા હિરણ્યપુરના રહેવાસી કેશી નામના દાનવ વડે, અર્ધા રસ્તે જ ચિત્રલેખાની સાથે અપહૃત થઈને બન્દી બનાવવામાં આવી છે. અહીં જ પ્રેક્ષકોને ખબર પડે છે કે આ નાટકનો રાજા મનુષ્યલોકનો છે અને તે સ્વર્ગલોકની અપ્સરા ઉર્વશીને બચાવવા માટે તેના ગગનવિહારી રથમાં કેશી દાનવને પરાસ્ત કરવા ધસી જાય છે. જોતજોતામાં તે કેશી દાનવને પરાસ્ત કરીને, સખી ચિત્રલેખા સહિતની ઉર્વશીને લઈને હેમકૂટ પર્વત ઉપર પાછો ફરે છે. મૂર્ચ્છિત ઉર્વશી ભાનમાં આવતાં જ તે જાણે છે કે આ રાજા પુરૂરવાએ તેનું રક્ષણ કર્યું છે, ત્યારે પ્રથમ દૃષ્ટિપાતમાં જ આ પાર્થિવ રાજા પ્રત્યે આકર્ષાય છે. તેના મુખમાંથી નીકળી જાય છે કે- उपकृतं खलुं दानवैः । (ખરેખર દાનવોએ તો મોટો ઉપકાર કર્યો !) આ શબ્દો સૂચવે છે કે ભાનમાં આવેલી ઉર્વશી પુરૂરવાના પરાક્રમથી, વિક્રમથી કાયમને માટે જીતાઈ જાય છે ! નાયિકા દિવ્યલોકની અપ્સરા ઉર્વશી અને નાયક પૃથિવી લોકનો માનવરાજા-ને બેની પ્રણયકથા શરૂ થાય છે. વાસ્તવ જગત્-માં સર્વથા અસમ્ભવિત એવું કથાનક લઈને ઉદ્યત થયેલા કાલિદાસનો આ નાટકમાં જે નિરૂપ્યમાણ વિષય છે તે દૈવી અપ્સરાનું અશેષ માનવીકરણ, પણ પરમ્પરાવાદી ભારતીય માનસ તેના કેન્દ્રવર્તી વિષયને યથાર્થપણે પામી શક્યું લાગતું નથી. તેથી ''આમાં તો દિવ્યાદિવ્ય કથાનું મિશ્રણ છે, આ તો વાસ્તવિક ભૂમિકા બહારનું રૂપક છે, માટે તેને તો નાટક નહીં, પણ ત્રોટક[૧૩] કહેવું જ યોગ્ય છે'' ઇત્યાદિ ગેરમાર્ગે દોરનારી શાસ્ત્રીય ચર્ચાઓમાં ફસાયેલું રહ્યું છે. પરન્તુ પૂર્વોક્ત ચર્ચામાં જણાવ્યું છે તેમ, કાલિદાસ ઋગ્વેદમાં વર્ણવેલી નિષ્ઠુર અપ્સરા ઉર્વશીનું એક માનવસ્ત્રીમાં રૂપાન્તર કરવા ઉદ્યત થયા છે, કે જેથી પૃથિવીલોકના પ્રેક્ષકોને લાગણીશીલ અને પ્રેમની હૂંફ આપનારી નારીની જે સંવેદના સદાકાળથી અનુભવવા મળી છે તેના ભાવોનું અનુકીર્તન આસ્વાદ્ય બની રહે. આ નાટકમાં ઉર્વશી છે ઇન્દ્રને અધીન રહેનારી એક અપ્સરા, પણ કાલિદાસે તેને પૃથિવીલોકની અન્ય સ્ત્રીઓ જેવી જ પ્રેમમાં કદાચિત ભાન ભૂલી જનારી, માયા-મમતાથી ભરેલી, પતિ ઉપર સતત એકાધિકારની છડી પોકારતી, ઈર્ષ્યા દાખવતી, રુસણા લેતી, જરૂરી પ્રસંગે કપટનો પણ આશ્રય લઈને પતિના સાંનિધ્યમાં રહેવા ઝંખતી, અને અવરુદ્ધ માતૃત્વ છલકાતાં જેની કંચુકી પણ ભીની થઈ જતી હોય તેવાં સ્પૃહણીય પ્રસંગોની હારમાળાથી એક અશેષ નારીમાં પરિણત કરી દીધી છે. કાલિદાસની સર્જકપ્રતિભાને વેદમાં વર્ણિત પૂર્વોક્ત નિષ્ઠુર વચનો બોલનારી, દયાહીન ક્રૂર અપ્સરા મંજૂર નથી, તથા ઋષિઓના તપો-વિશેષથી પરિશંકિત રહેતા ઇન્દ્રના ''સુકુમાર પ્રહરણ'' રૂપ પુરાણોક્ત અપ્સરા પણ મંજૂર નથી. કેમકે એવી સ્ત્રી પૃથિવીલોકના પ્રેક્ષકોને પણ નાયિકા તરીકે મંજૂર ન થાય. મનુષ્યલોકના અનુભવ બહારની નાયિકા, પછી ભલે તે રૂપગર્વિતાઓના પ્રત્યાદેશ રૂપ ત્રિભુવનસુંદરી કેમ ન હોય. અથવા તો ત્રિકાલાબાધિત સત્યને રજૂ

---

૧૩. સાહિત્યદર્પણકારે ૧૪મી સદીમાં કહ્યું છે કે- सप्ताष्टनवपञ्चाङ्कं दिव्यमानुषसंश्रयम् । त्रोटकं नाम तत्प्राहुः प्रत्यङ्कं सविदूषकम् ॥ પણ ભરત, ધનંજય કે કાલિદાસના સમયમાં ત્રોટક નામના રૂપક કે ઉપરૂપકની વિભાવના અસ્તિત્વમાં જ ન હતી.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કરનારા વેદોમાં વર્ણિત કેમ ન હોય, તેને રંગમંચ ઉપર અનન્ત પ્રયત્નોએ પણ ગ્રાહ્ય ન બનાવી શકાય તેની આ નાટ્યકારને પાકી ખબર છે. આમ કાલિદાસ પોતાની નાટ્યકલાના માધ્યમથી જાણે વેદવચનનું પ્રત્યાખ્યાન કરવા ધારતા હોય તેવું માનવીય સ્ત્રીહૃદયનું સર્જન વિક્રમોર્વશીયમાં પ્રસ્તુત કરે છે.[૧૪]

આના સમર્થનમાં કેટલાક સન્દર્ભો જોવા આવશ્યક છેઃ- (૧) કેશી દાનવના બલાત્કારી અપહરણમાંથી છોડાવેલી ઉર્વશીને અને ચિત્રલેખાને લઈને પુરૂરવા પાછો ફરે છે. ત્યારે મૂર્ચ્છિત ઉર્વશીને સાંત્વના આપતી ચિત્રલેખા તેને ઢંઢોળીને કહે છે કે અલી ઉર્વશી, શાન્ત થા, દેવોના શત્રુઓને નસાડી, ભગાડી મૂક્યા છે. ઉર્વશી ભાનમાં આવીને પૂછે છે : શું મહેન્દ્રે તેને હરાવી દીધો? તેના ઉત્તરમાં ચિત્રલેખાએ કહ્યું કે ના, મહેન્દ્રના જેવા જ પરાક્રમવાળા રાજર્ષિ પુરૂરવાએ એ કામ કર્યું છે. ત્યારે ઉર્વશીએ રાજાને ઘડીભર નિરખીને કહ્યું : ''દાનવોએ ખરેખર મોટો ઉપકાર કર્યો છે !'' અપ્સરા ઉર્વશીએ માનવ પ્રત્યે પ્રથમ દૃષ્ટિએ જ અનુભવેલા આકર્ષણનો પહેલો અણસાર અહીંથી મળે છે. ત્યાર પછી તો પુરૂરવાનો રથ હેમકૂટ પર્વત ઉપર સંક્ષોભ (ટકરામણ) સાથે ઉતરે છે. ત્યારે રથચક્રની ઉપમાને યોગ્ય એવા નિતમ્બવાળીના ખભાની સાથે પુરૂરવાનો ખભો સંસ્પર્શ પામે છે, જેથી રાજા રોમાંચિત થાય છે અને બોલે છે કે જાણે કામદેવ અંકુરિત થઈ ઊઠ્યા ! આ સાંભળીને ઉર્વશી શરમિંદી થઈ જાય છે અને પાસે બેઠેલી સખી ચિત્રલેખાને કહે છે કે અલી, થોડી ખસતી બેસને. વ્રીડાનો અનુભવ કરતી ઉર્વશીની માનવીય સંવેદનાનું પ્રાકટ્ય જોવા મળવાનું અહીંથી શરૂ થાય છે. છેવટે બન્નેને છૂટા પડવાની ક્ષણે, તે પોતાની એકાવલી માળા લતાવિટપમાં ભરાઈ ગયાનું બહાનું કાઢીને ફરી એકવાર પુરૂરવા ઉપર દૃષ્ટિપાત કરી લે છે અને તે દ્વારા પ્રેમનું ઇજન ભેટ ધરતી જાય છે. પુરૂરવા પણ કહે છે કે રાજહંસી જેમ મૃણાલદંડમાંથી બીસતન્તુને લઈને ઊડી જાય તેમ ઉર્વશી મારું મન લઈને જતી રહી. આમ ઉર્વશીએ ધરાતલ જોડે નક્કર પ્રેમાનુરાગ બાંધ્યો છે- તેની અસંદિગ્ધ પ્રતીતિ પ્રેક્ષકોના મનમાં અંકિત થાય છે. (૨) સ્વર્ગે સીધાવેલી ઉર્વશીને રાજા પુરૂરવાને મળવાની અદમ્ય ઇચ્છા જાગે છે, તેથી બીજા અંકમાં, તે પૃથિવી ઉપરના પ્રતિષ્ઠાનપુરમાં સસખી આવે છે. હવે તેને પુરૂરવાનો પ્રાસાદ ''સ્થાનાન્તરિત થયેલ સ્વર્ગ'' જેવો લાગવા માંડ્યો છે ! બીજી બાજુ રાજાને પણ ઉર્વશીને ફરી મળવાનો, જોવાનો તલસાટ જાગ્યો છે. અદૃશ્ય ઉર્વશી રાજાની પ્રેમાવિષ્ટ મનઃસ્થિતિ જુવે છે, પણ તેનું સ્ત્રીમન શંકાશીલ બને છે કે કદાચ આ કોઈ બીજી સ્ત્રીને તો નહીં ઝંખતો હોયને ? તે ઘડીભર થોડી પાછી પડી જાય છે. સખી ચિત્રલેખા તેને કહે છે પણ ખરી કે તું તારા અપ્સરા હોવાના પ્રભાવથી જ જાણી લેને કે પુરૂરવા કઈ સ્ત્રીની વાત કરી રહ્યો છે. પણ ઉર્વશી એમ કરતાં ડરે છે, તેમ કરવા જતાં કંઈક વિપરીત નીકળે તો ? આમ તે અપ્સરા હોવાથી, પુરૂરવાના મનને અન્તર્યામિની બનીને જાણી શકી હોત. પણ કાલિદાસ જ્યારે તેનું માનવીકરણ કરવા ઉદ્યત થયા છે ત્યારે પ્રેમમાં પડેલી સ્ત્રી વ્યક્તિઓમાં શંકા અને અજાણ્યાનો ડર-એવી લાગણીઓના

૧૪. જુઓ, વિક્રમોર્વશીયના સર્જકનું દર્શન, પ્રૉફે. વસન્તરાય જી. પંડ્યા, વિદ્યા (વૉ. ૧૦, પૃ. ૬-૨૩), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સંચારી ભાવો પણ બતાવવા બહુ જરૂરી હોય છે. પછી તે જેવું જાણે છે કે પુરૂરવા તેના પ્રેમમાં જ ખોવાયેલો છે, ત્યારે તે તરત જ પ્રેમપત્ર લખતાં પણ ખચકાતી નથી. આ અંક દ્વારા પ્રેક્ષકોને એ જોવા મળે છે કે ઉર્વશીને હવે સ્વર્ગ અકારું થઈ પડ્યું છે અને પૃથિવીલોકની માયા તેને ક્રમશઃ તીવ્રતા સાથે જકડતી જાય છે. (૩) પુરૂરવા તરફ દઢતર બનેલા આકર્ષણનું પરિણામ ત્રીજા અંકમાં આકારિત થાય છે. સ્વર્ગલોકમાં ભરતમુનિએ ''લક્ષ્મીસ્વયંવર'' નામનું નાટક ભજવવા ધાર્યું હતું, જેમાં ઉર્વશીએ લક્ષ્મીની ભૂમિકા અદા કરવાની હતી. આ પ્રયોગ દરમ્યાન ઉર્વશી વડે ''મને પુરુષોત્તમ ઉપર સ્નેહ છે'' તેમ બોલાવાને બદલે ''મને પુરૂરવા ઉપર સ્નેહ છે'' તેમ ભૂલથી બોલી જવાય છે ! કર્તવ્યમાં ગાફેલ બનવું તે પ્રેમમાં પડ્યાની સીધી નિશાની છે. મનુષ્યોમાં જોવા મળતા આવા પ્રેમાસક્તિના દુષ્પરિણામનું આથી વધારે બીજું શું ઉદાહરણ હોઈ શકે ?! એક નિર્મમ અપ્સરાથી, અથવા ઇન્દ્રની પરાધીનતામાં જીવતી અપ્સરાથી આવી કોઈ ભૂલ થાય જ નહીં. પણ પુરૂરવાના પ્રેમમાં પડેલી આ ઉર્વશી વડે ગાફેલિયત થઈ ગઈ. ટૂંકમાં, તે હવે કહેવા પૂરતી જ અપ્સરા રહી છે. (૪) ત્રીજા અંકમાં પુરૂરવાની પૂર્વપરણેતર એવી કાશીરાજપુત્રી ઔશીનરીએ સામે ચાલીને, પ્રિયાનુપ્રસાદન-વ્રતના નિમિત્તે પોતે રાજા અને ઉર્વશીના પ્રેમપ્રકરણમાંથી પીછેહઠ જાહેર કરી દીધી છે. કવિએ ઉર્વશીને આ પ્રસંગની સાક્ષી બનાવી છે, અને તે પુરૂરવાની સ્ત્રીદાક્ષિણ્યની પ્રશંસા પણ કરે છે. સૂક્ષ્મ અર્થમાં કહીએ તો કવિએ કાશીરાજપુત્રની સ્વાર્પણશીલતા દેખાડીને ઉર્વશીમાં, એટલે કે એક સ્વર્ગીય નારીમાં માનવભાવને જ સંકોર્યો છે. (૫) ભરતમુનિના સાપથી ઉર્વશી ઇન્દ્રની પરાધીનતામાંથી છૂટી ગઈ અને રાણીની સ્વૈચ્છિક પીછેહઠ પછી નાયક-નાયિકાનું મિલન નિર્બાધ બન્યું હતું. તેથી તે બન્ને (ચોથા અંકમાં), ગન્ધમાદન વનમાં મન્દાકિની નદીના કિનારે પરસ્પરનો સહચાર માણવા નીકળ્યા છે. હવે ઉર્વશીનો દૂરારૂઢ પ્રણય સર્વથા અસહનશીલ પણ બની ચૂક્યો હતો. જેથી પુરૂરવા તે નદીની રેતમાં રમી રહેલી વિદ્યાધરની નાની દારિકાની નિર્દોષ ક્રીડા નિહાળી રહ્યો હોય છે, તેને ઉર્વશીનું ''સ્વાધીનપતિકા'' (પતિ તો બસ મારો એકલાનો જ, અને તેણે બીજી કોઈ સ્ત્રી તો શું, નાની છોકરી સામેય જોવાનું નહીં-એમ માની રહેલી પ્રેયસી) બનેલું માનસ રતિભાર પણ સહન કરી શકતું નથી. તે ગુસ્સે ભરાઈને, રોષમાં ને રોષમાં કુમારવનમાં પ્રવેશી જાય છે, જેમાં સ્ત્રીઓનો પ્રવેશ નિષિદ્ધ હતો. આથી ઉર્વશી એક લતામાં ફેરવાઈ જાય છે. સુજ્ઞ પાઠક અને પ્રેક્ષક જોશે કે એક તરફ ક્યાં વેદમાં વર્ણવેલી ઉર્વશી ? કે જેની સામે પુરૂરવા પ્રેમની ભીખ માંગે છે અને તોય નિષ્ઠુરતાથી તેને તે ઠુકરાવી દે છે અને બીજી તરફ ક્યાં અહીં (વિક્રમોર્વશીયમાં) માનવીય ઈર્ષ્યાભાવથી સમ્પૂર્ણ ગ્રસિત થયેલી ઉર્વશી ? કે જેને માટે નદીની રેતીમાં રમતી દારિકાને રાજા દૂરથી ઊભો ઊભો નિહાળે છે તે પણ અસહ્ય બની જાય છે. અહીં વિશ્વસમસ્તને માટે યાદગાર બનેલું શેક્સપિયરનું વાક્ય ''અલી ઈર્ષ્યા, તારું જ નામ સ્ત્રી''[૧૫] એ યાદ આવ્યા વિના રહેતું નથી. (૬) છેલ્લા પાંચમા અંકમાં, એક વિચિત્ર હકીકતનો સ્ફોટ થાય છે. આ ઉર્વશીને ભરતમુનિ તરફથી મળેલા શાપે કરીને તે પૃથિવી લોકમાં

---

૧૫. *Hamlet* : Frailty, thy name is woman. (Jealous thy name is woman.)

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આવી હતી, પણ ઇન્દ્રે તેને ઉ:શાપ આપતાં એવું કહ્યું હતું કે પુરૂરવા તમારા બેના પુત્રનું મુખ-દર્શન કરે ત્યારે ઉર્વશીએ સ્વર્ગલોકમાં પાછા આવી જવાનું. પાર્થિવ રાજાને પોતાનું સર્વસ્વ આપી બેઠેલી ઉર્વશીને માટે આવો કાલાવધિ અગ્રાહ્ય હતો. તેથી તેણે ન કેવળ પોતાની સગર્ભાવસ્થા સંતાડી, (અપ્સરા હોવાના પ્રભાવે કરીને તે આમ કરી શકી હતી), પણ તેણે તે પુત્ર (કુમાર આયુ)ને જન્મ આપીને, છૂપી રીતે ચ્યવન ઋષિના આશ્રમમાં મોકલી દીધો હતો ! પોતાના પતિને આટલી હદે અંધારામાં રાખવાનું કારણ તો ઉઘાડું છે, કે તેણે કોઈપણ ભોગે પુરૂરવાનો નિત્ય સંગ છોડવો ન હતો. પણ પુત્રને જન્મ આપીને તરત જ ત્યજી દેનારી આ મહિલાનું આવું સ્વરૂપ અસ્વાભાવિક લાગે એવું છે. પણ કાલિદાસને એની ખબર છે. તેથી તેમણે છેવટે એવો પ્રસંગ પણ આલેખ્યો છે કે જેમાં સંગમનીય મણિને પુનઃ મેળવી આપનાર કુમાર આયુને જોતાં જ ઉર્વશીનું માતૃત્વ છલકાઈ ઉઠે છે એને વાત્સલ્યથી વહી આવેલા દૂધથી તેની કંચૂકી (ઉત્તરીય વસ્ત્ર) ભીંજાઈ જાય છે.

આમ મહાકવિએ તેમની સર્જકપ્રતિભાથી વેદમાં વર્ણવેલી દયાહીન, ક્રૂર અપ્સરાનું માનવીય સંવેદનાઓ ધરાવતી પ્રેયસીમાં અને છેલ્લે વાત્સલ્યથી ભીંજાતી માતા પર્યન્તનું રૂપાન્તરણ સાધ્યું છે. જેથી ઉર્વશી આપણા, મનુષ્યલોકના અનુભવ મુજબની, સદાકાળ સ્વીકાર્ય બની રહેનારી નાયિકા સિદ્ધ થઈ છે. વિક્રમોર્વશીયની કાલજયિતાનું એક કારણ અહીં જોઈ શકાય છે.

[૩]

અભિજ્ઞાનશાકુન્તલમ્

કાલિદાસની આ સર્વશ્રેષ્ઠ નાટ્યકૃતિ વિશેની ચર્ચામાં ઉતરીએ તે પહેલાં ગુજરાતી સાહિત્યકારોની આ ૩૧મી દ્વિવાર્ષિક પરિષદ્-માં એક ઐતિહાસિક વાત નોંધવી અનિવાર્ય છે. ઈ. સ. ૧૯૧૯માં અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ્-ના પ્રથમ અધિવેશન વખતે (ભાણ્ડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ્, પૂનામાં) સોનેટકાર શ્રી બળવન્તરાય ઠાકોરે ''ધ ટેક્ટ્સ ઓફ શકુન્તલા'' શીર્ષકવાળો પોતાનો શોધલેખ રજૂ કર્યો હતો. જેમાં તેઓશ્રીએ આ નાટકની ત્રણ તો શું, બે પ્રકારની વાચનાઓ પ્રચલનમાં હોય તેય સભ્ય સમાજમાં અસહ્ય છે[૧૬] અને માટે આપણે તે નાટકની એક એવી સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવી જોઈએ કે જેમાં સૌથી સુન્દર પાઠાન્તરનો સ્વીકાર થયો હોય, જેમાં વ્યંજનાસભર

---

૧૬. Cultured hymanity cannot possibly tolerate three divergent Sakuntala or even two. It must have one single definitive Sakuntalaa acceptable to all competent judges. - *The text of Sakuntalaa* (A paper read at the First Oriental Coference, Poona, 1919), Pub. by D. B. Taraporwala & Sons Co., Bombay, 1922, p.5.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પાઠાન્તરનો સ્વીકાર થયો હોય, જે સર્વાધિક માત્રામાં સુસંગત હોય, જે સર્વાધિક નાટ્યક્ષમ હોય, શૈલી વગેરેની દૃષ્ટિએ જે માત્ર કાલિદાસના જ હાથે લખાયેલો હોય તેવો પાઠ તારવવો / તૈયાર કરવો જોઈએ[૧૭] એમ કહ્યું હતું. તેમણે ''સિલેક્ટીવ પ્રિન્સીપલ્સ'' અર્થાત્ સંદોહન પદ્ધતિથી તૈયાર કરેલા પાઠની કેવળ હિમાયત જ નહોતી કરી, તેમણે તો એમના શોધલેખમાં આ નાટકના અનેક પ્રસંગો અને વાક્યો લઈને વિસ્તારથી તે કાર્યનો નિદર્શાત્મક ઉપક્રમ પણ કર્યો હતો.[૧૮] પરન્તુ આજે એકસો વર્ષ વીત્યા પછીય, આ નાટકનો સર્વાધિક શ્રદ્ધેય અને સૌને સમ્મત બને તેવો સમીક્ષિત અધિકૃત પાઠ તૈયાર કરવાની શ્રી બળવન્તરાય કલ્યાણરાય ઠાકોરની ઉત્કટ ઇચ્છા અધૂરી છે. આજની તારીખેય દેશ-વિદેશમાં સંગ્રહાયેલી હસ્તપ્રતોમાં અને બધી પ્રકાશિત આવૃત્તિઓમાં આ નાટકનો પાઠ એક સમાન નથી. આમાં જોવા મળતાં બહુવિધ પાઠાન્તરોમાંથી કાલિદાસનો મૌલિક પાઠ કયો હશે ? તે નક્કી કરવું દુસ્સાધ્ય છે. તેથી વિવેચનના આરંભે એક નિયમ ધ્યાનમાં રાખવા જેવો છે કે કોઈ પણ પ્રાચીન કે મધ્યકાલિક સાહિત્ય કૃતિની પાઠસમીક્ષા કર્યા વિના જો તેની સાહિત્યિક સમીક્ષા કરવામાં આવશે તો તે સર્વસમ્મત નહીં બને અને ચિરસ્થાયી પણ નહીં બને.[૧૯]

(આ દિશામાં પ્રસ્તુત અભ્યાસીએ કેટલાંક દૃઢતર કદમ ઉઠાવ્યાં છે.[૨૦]) આટલી આવશ્યક પૂર્વભૂમિકા પછી, આ નાટ્યકૃતિમાં સંનિહિત કાલિદાસની સર્જકચેતનાને પામવા પ્રયાસ કરીશું.

---

૧૭. In Kalidasa we are dealing with an author about whom we can assert catagorically that if we can only discover from amongst the variants before us than one which is unquestionably the most beautiful, the most pregnant, the most appropriate, and the most dramatic, that one is also unequestionably what Kalidasa must have written, and not the others. This, at any rate, is the principle of selective comparison I advocate.- *ibid*, p. 5.

૧૮. શ્રી દિલીપકુમાર કાંજીલાલે કહ્યું છે કે સમગ્ર દુનિયામાં આ નાટકની પાઠાલોચના શરૂ કરનાર સૌથી પહેલા વિદ્વાન્ તે શ્રી. બ. ક. ઠાકોર છે. Mr. B. K. Thakore, who was The first man to venture a thought-provoking and all-round approach to the problem (of the text of this drama.) -See :- *A Reconstruction of the Abhi.S'akuntalam*, D. K. Kanjilal, Kolkata, 1980, Introduction, p. 3.

૧૯. શ્રી. બ. ક. ઠાકોરના પૂર્વોક્ત લેખનો ભરપૂર લાભ ઉઠાવીને કવિશ્રી ઉમાશંકર જોશીએ આ નાટકનો અનુવાદ કરતી વખતે ટિપ્પણો લખ્યાં છે. પરન્તુ શ્રી જોશીએ પાટણના હેમચન્દ્રાચાર્ય ગ્રન્થ-ભણ્ડારમાંથી બે હસ્તપ્રતો મંગાવી હોવા છતાંય, શ્રી. બ. ક. ઠાકોરને અભિમત એવા પાઠવાળી સમીક્ષિત આવૃત્તિનું સમ્પાદન કાર્ય હાથ ધર્યું ન હતું. બલ્કે એમ કહેવું જોઈશે કે તેમણે ૧. પાટણની તે બે પ્રતોનું મૂલ્ય જરીકિય ઓળખ્યું પણ ન હતું. (આ બે પ્રતો, યદ્યપિ હતી દેવનાગરી લિપિમાં લખાયેલી, તથાપિ તેમાં તો કાશ્મીરી વાચનાના પાઠનું પ્રતિબિમ્બ ઝીલાયેલું છે ! (દ્રષ્ટવ્ય છે મારો લેખ :- પાટણમાં સંગૃહીત શાકુન્તલ કી પ્રાચીનતર પાણ્ડુલિપિ, હૈમપ્રપા, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, વૉ. ૩, માર્ચ, ૨૦૧૨ (પૃ. ૨૦૦ થી ૨૧૭), તથા ૨. તેમના સમય સુધીમાં પ્રચલિત થયેલી આ નાટકની ત્રણ વાચનાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને, આ નાટકની ગંભીર પાઠસમસ્યાને ઓળખી પણ ન હતી. અદ્યાવધિ આ નાટકની કુલ પાંચ વાચનાઓ પ્રકાશમાં આવી છે. જેમકે, કાશ્મીર, મૈથિલી, બંગાળી, દાક્ષિણાત્ય અને દેવનાગરી, જેમાંથી સૌથી પહેલી ઉલ્લેખાયેલી કાશ્મીરી વાચનાનું સમીક્ષિત પાઠસમ્પાદન હાલમાં જ પ્રકાશિત થયું છે. જુઓ - કાશ્મીરી શારદા પાણ્ડુલિપિઓને આધારે તૈયાર કરેલ ''અભિજ્ઞાનશકુન્તલા'' નાટકની સમીક્ષિતાવૃત્તિ, સં. વસન્તકુમાર મ. ભટ્ટ, રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી, ૨૦૧૮)

૨૦. દ્રષ્ટવ્ય - અભિજ્ઞાનશકુન્તલા નાટકસ્ય પઞ્ચ રઙ્ગાવૃત્તયઃ । સં. વસન્તકુમાર મ. ભટ્ટ, રાષ્ટ્રિય સંસ્થાન, દિલ્હી, ૨૦૨૦.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

[૧]

આ લેખના આરંભે મૂકેલી ભૂમિકામાં જણાવ્યું છે તે મુજબ રામાયણ-મહાભારતાદિનાં જૂનાં ખખડધજ કથાવૃક્ષોમાં ક્યાંક ક્યાંક વિવાદાસ્પદ સમસ્યાઓ શતાબ્દીઓથી દઢાસન લગાવીને બેઠી છે. આવી સમસ્યાઓ પોતે શાશ્વત હોઈને, તે જૂનાં કથાવૃક્ષો સદૈવ જીવતાં રહ્યાં છે, અને તેમાંથી જ યુગે યુગે નવી નવી કવિબુદ્ધિઓ જન્મતી રહી છે. આનાં કોઈ પ્રખર ઉદાહરણ હોય તો સીતાનું રામે કરેલું નિર્વાસન અને બીજું દુષ્યન્તે કરલું શકુન્તલાનું પ્રત્યાખ્યાન. મહાકવિ કાલિદાસે પોતાના અભિજ્ઞાનશાકુન્તલ નાટકનું કથાવસ્તુ મહાભારતના (આદિપર્વાન્તર્ગત સમ્ભવપર્વના અધ્યાય ૬૨ થી ૬૯માં આવતાં) શકુન્તલોપાખ્યાનમાંથી લીધું છે. કાલિદાસે તે ઇતિહાસપ્રસિદ્ધ શકુન્તલાની કથા લઈને જે નાટકની રચના કરી છે તેનું શીર્ષક (કાશ્મીરી વાચના મુજબ) અભિજ્ઞાનશકુન્તલા / (મૈથિલી અને બંગાળી વાચના મુજબ) અભિજ્ઞાનશકુન્તલ / અને (દાક્ષિણાત્ય તથા દેવનાગરી વાચના મુજબ) અભિજ્ઞાનશાકુન્તલ રાખ્યું છે. આ ત્રિવિધ શીર્ષકોમાં એક સમાન અંશ છે તે ''અભિજ્ઞાન''નો છે. એટલે કે કાલિદાસે આ કથામાં, (અથવા તો નાયિકાના જીવનમાં ઊભી થયેલી) અભિજ્ઞાનની સમસ્યા ઉપર આંગળી મૂકી છે- તે નક્કી છે. આ સન્દર્ભે મહાભારતની શકુન્તલા-કથાના કેટલાંક પ્રમુખ બિન્દુઓ જોઈશું:- મૃગયાવિહારી દુઃષન્ત એકવાર કણ્વમુનિના આશ્રમમાં જઈ ચઢે છે, તે સમયે મુનિ તો ફલાહાર લેવા માટે બહાર ગયા હતા. શકુન્તલા આશ્રમમાં એકલી હતી. રાજાએ તેનો પરિચય પૂછ્યો. શકુન્તલાએ સ્વયં પોતાનો પરિચય કહી સંભળાવ્યો. મેનકા અને વિશ્વામિત્રના સંયોગથી જન્મેલી આ કન્યા રાજકુમારી છે એમ જાણીને તેની સમક્ષ સદ્યોવિવાહનો પ્રસ્તાવ મૂક્યો. (મહાભારતની કથામાં રાજાનું નામ દુષ્યન્ત નથી, દુઃષન્ત છે.) રાજા દુઃષન્તના શબ્દો આ મુજબ છે :-

सुव्यक्तं राजपुत्री त्वं यथा कल्याणि भाषसे । भार्या मे भव सुश्रोणि, भद्रे किं करवाणि ते ॥ ६७.१॥
सर्वं राज्यं तवाद्यास्तु भार्या मे भव शोभने । ३, विवाहानां हि रम्भोरु गान्धर्वः श्रेष्ठ उच्यते ॥ ४ ॥

અહીં રાજા દુઃષન્ત વિવાહ કરવા માટે એટલો ઉતાવળો થઈ ગયો છે કે તે નજીકમાં જ ફલાહાર લેવા ગયેલા પિતા કણ્વના આવવાની રાહ જોવાય તૈયાર નથી. તથા ''આજથી મારું આખું રાજ્ય તે તારું રાજ્ય છે''-એમ પણ કહી દે છે ! વળી, શકુન્તલાને તે ઉપદેશ પણ આપે છે કે તું જ તારા જીવનનો નિર્ણય કરી લે. કેમકે આત્મા જ આત્માનો બન્ધુ છે, આત્મા જ આત્માની ગતિ છે. ધર્મ અનુસાર તું તારું દાન કરવા સમર્થ છે. ક્ષત્રિયોને માટે ગાન્ધર્વ-વિવાહ યોગ્ય છે. આ સાંભળીને શકુન્તલાએ એક શરતે તે વિવાહ-પ્રસ્તાવનો સ્વીકાર કર્યો, જેમકે,-

यदि धर्मपथस्त्वेष यदि चात्मा प्रभुर्मम । प्रदाने पौरवश्रेष्ठ शृणु मे समयं प्रभो ॥ ६७.१५॥
मम जायेत यः पुत्रः स भवेत्त्वदनन्तरम् ॥१६॥
युवराजो महाराज सत्यमेतद् ब्रवीहि मे । यद्येतदेवं दुःषन्त अस्तु मे सङ्गमस्त्वया ॥ ॥१७॥
एवमस्त्विति तां राजा प्रत्युवाचाऽविचारयन् । जग्राह विधिवत् पाणावुवास च तया सह ॥१९॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આ શબ્દો સાંભળીને એવું લાગે છે કે આ બેના વિવાહ-સમ્બન્ધમાં પ્રેમને સ્હેજેય સ્થાન ન હતું. મહાભારતની આ કથાને વિવાહકથા જ કહી શકીએ, તેને કોઈ રીતે પ્રણયકથાનું નામ આપી શકાય તેવું નથી. ગાન્ધર્વવિવાહોપરાન્ત રાજાએ કહ્યું તો હતું કે હસ્તિનાપુર પહોંચીને તને તેડાવી લેવા ચતુરંગિણી સેના મોકલવાનો બંદોબસ્ત કરીશ. પણ કણ્વ મુનિ કદાચ શાપ આપશે તો ? એવા ભય નીચે તે તેડાવતો નથી. બીજી તરફ, શકુન્તલાએ કાળક્રમે પુત્રને જન્મ આપ્યો અને કણ્વના આશ્રમમાં તે છ વર્ષનો પણ થઈ ગયો, પણ મોટા થયેલા તે ક્ષત્રિયપુત્રે પોતાનું ''સર્વદમન'' રૂપ દેખાડવાનું ચાલું કર્યું ! તેનું આશ્રમવિરોધી વર્તન જોઈને, કણ્વે તેને તેના પિતાને ઘરે મોકલવાનું ઉચિત સમજ્યું. પછી રાજ દરબારમાં પહોંચેલી શકુન્તલાનો સ્વીકાર કરવાની દુઃષન્ત ના કહી દે છે. મહાભારતકાર કહે છે કે-

सोऽथ श्रुत्वैव तद्वाक्यं तस्या राजा स्मरन्नपि । अब्रवीन्, न स्मरामीति कस्य त्वं दुष्टतापसि ॥६८.१८॥

રાજાને શકુન્તલાની સાથે કરેલા વિવાહનું સ્મરણ હતું, તો પણ એને કહે છે કે- ''મને કાંઈ યાદ આવતું નથી. હે દુષ્ટ તાપસી, તું કોણ છે ?'' ત્યારે શકુન્તલાએ લાંબું ભાષણ આપ્યું, જેમાં તેણે સત્ય, સ્ત્રી અને પુત્રની સાથે જોડાયેલા ધર્મ્ય સમ્બન્ધનું વિવેચન કર્યું. પરન્તુ બધું વ્યર્થ ગયું. અન્તમાં, જ્યારે આકાશવાણી થાય છે કે રાજન્, તું આ શકુન્તલાનો સ્વીકાર કર. આ ભરત પણ તારો જ પુત્ર છે, તું એની અવમાનના ન કરીશ.

अथान्तरिक्षे दुःषन्तं वागुवाचाशरीरिणी । भरस्व पुत्रं दुःषन्त माऽवमंस्थाः शकुन्तलाम् ॥६८.२८-१९॥

ત્યારે રાજાએ તે બન્નેનો સ્વીકાર કર્યો. અહીં પણ દુઃષન્તના જે શબ્દો છે તે જોવાલાયક છેઃ-

शृण्वन्त्वेतद् भवन्तोऽस्य देवदूतस्य भाषितम् । अहमप्येवमेवैनं जानामि स्वयमात्मजम् ॥६९.३५॥
यद्यहं वचनादेव गृह्णीयामिममात्मजम् । भवेद्धि शङ्का लोकस्य नैवं शुद्धो भवेदयम् ॥

રાજાએ અહીં કહ્યું કે ''તું જેવી આવી કે તરત જ જો મેં તને સ્વીકારી લીધી હોત, તો લોકોને આ મારો પુત્ર છે- એ વાતમાં શંકા રહેત, આથી મેં આકાશવાણી થાય ત્યાં સુધી રાહ જોઈ. બાકી હું જાણતો જ હતો કે તું મારી પત્ની છે અને આ મારો પુત્ર છે.'' પરન્તુ દુઃષન્તના આ શબ્દો / લૂલો બચાવ પ્રતીતિકર નથી અને શોભાસ્પદ પણ નથી.

વિવેચક શ્રી ઉમાશંકર જોશી અને અન્ય વિદ્વાનોએ અહીં એવું વિચાર્યું છે કે ઋષિના ડરથી દુઃષન્ત શકુન્તલાને પોતાની સાથે હસ્તિનાપુરમાં ન લાવે, અને તેણી પોતે આવે ત્યારે તે તેનું પહેલાં અપમાન કરે, પોતે કરેલો વિવાહસમ્બન્ધ યાદ હોય છતાંય પોતે કહે કે મને કશું ય યાદ નથી, તો તેવા દુઃષન્ત માટે આપણા પ્રેક્ષકોના મનમાં કોઈ સહાનુભૂતિ જ પેદા ન થાય. પ્રેક્ષકોને તો એવું જ લાગે કે દુઃષન્ત શકુન્તલાને યોગ્ય પતિ છે જ નહીં. આથી કાલિદાસે નાયક દુઃષન્તના ચરિત્રમાં

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુધારો કરવાનું વિચાર્યું હશે. જેથી તેમણે દુર્વાસાના શાપની કલ્પના કરી છે. આ યોજનામાં શાપગ્રસ્ત નાયકની નિ:સહાયતા વ્યંજિત થાય છે. જેથી તે પ્રેક્ષકોની સહાનુભૂતિનું ભાજન બની રહે છે.[૨૧]

વિદ્વાનોને એવું પણ લાગ્યું છે કે આ નાટકમાં નાયિકા શકુન્તલાની ''દુષ્યન્ત-પરિણીતા પત્ની''ના રૂપમાં ઓળખની સમસ્યા રજૂ કરવામાં આવી છે. આથી દુષ્યન્તનામધેયાંકિતા વીંટી આ નાટકના કેન્દ્રમાં છે. પ્રાથમિક દષ્ટિએ આ સાચું છે, પણ કાલિદાસે આ કથાને બહુ જ ઊંડાણપૂર્વક જોઈ છે. તેથી એવું કહેવાનું પ્રાપ્ત થાય છે કે મહાભારતની આ કથામાં પરિવર્તન કરતી વેળાએ કાલિદાસના મનમાં નાયકના ચરિત્રની ગરિમા સાચવવાનો મુદ્દો કેન્દ્રમાં નથી. તથા કેળ દુષ્યન્તની પત્ની તરીકેની શકુન્તલાની ઓળખ મેળવવાનો મુદ્દો મુખ્ય હોવાનું કહેવું તે પણ પર્યાપ્ત નથી. આમાં તો દુષ્યન્ત-શકુન્તલાએ એકાન્તમાં કરેલા ગાન્ધર્વ-વિવાહથી ઉત્પન્ન થયેલી સન્તતિના અભિજ્ઞાનની સમસ્યા (જ) કેન્દ્રમાં છે. કેમકે શકુન્તલાના પુત્ર ભરતને જો દૌષ્યન્તિ તરીકે ઓળખવામાં આવે તો જ તે રાજગાદીનો હકદાર બની શકે. આમ પ્રજામાનસમાં ભરતની રાજપુત્ર તરીકે પ્રતિષ્ઠા કરવાની સમસ્યા મુખ્ય છે એમ કહેવું જોઈએ. આમ માનવાથી જ, સપ્તમાંકમાં રજૂ થયેલ વિવિધ પ્રમાણોથી નિરૂપિત થતું ભરતનું શાકુન્તલેય અને દૌષ્યન્તિ તરીકેનું અભિજ્ઞાન સાર્થક બને. જેના થકી કાલિદાસે આપેલું શીર્ષક અભિજ્ઞાન-શાકુન્તલમ્ ચરિતાર્થ થાય.[૨૨]

સારાંશત: જોઈએ તો મૂળ મહાભારતની પુરાતન કથામાં જ એક શાશ્વત સમસ્યા દઢાસન લગાવીને બેઠી છે, જેથી તેના નિમિત્તે અન્ય શકુન્તલાકથાઓ યુગે યુગે નવપલ્લવિત થઈને સાહિત્યસંસારમાં ડોકાયા કરવાની. એટલે કે પુરુષોની ભ્રમરવૃત્તિથી સ્ત્રીજીવનમાં ક્યારેક સર્જાતી કરુણ સમસ્યા પોતે શાશ્વત હોઈને તેની કથાઓની પરમ્પરા ચિરંજીવ બની રહેતી હોય છે, પણ તેથી સઘળી શકુન્તલા-કથાઓ કાલજયી નીવડે એ બિલકુલ જરૂરી નથી. એને માટે તો કવિકુલગુરુ જેવા સમર્થ પ્રતિભાસમ્પન્ન સર્જકનો સંસ્પર્શ મળવો અનિવાર્ય છે. તેથી ઉપર્યુક્ત સમસ્યાનો મુદ્દો કાલિદાસે કેટલી ગંભીરતા સાથે હાથ ધર્યો છે કે જેથી તેમનું આ નાટક કાલજયી બન્યું છે ? -તેની ઊંડાણથી મીમાંસા કરવી પડશે. (પરન્તુ આ મીમાંસાની એક વિકલાંગતા એ છે કે આપણી પાસે સર્વસમ્મત અથવા ''કવિપ્રણીત હોય તેવો સર્વથા મૌલિક પાઠ'' નથી. આ નાટકના શીર્ષકથી માંડીને ભરતવાકય પર્યન્તનું એક પણ એવું વાકય નથી કે જેમાં એકાધિક પાઠભેદ ન હોય ! તેથી ઉપલબ્ધ પાઠાન્તરોને ધ્યાનમાં

---

૨૧. શાકુન્તલ, સંપાદક અને અનુવાદક ઉમાશંકર જે. જોશી, ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, તૃતીયાવૃત્તિ, ૧૯૮૮ (પ્રસ્તાવના, પૃ. ૧૨-૧૩)

૨૨. આથી શ્રી ઉમાશંકર જોશીએ આપેલું કેવળ ''શાકુન્તલ'' એવું શીર્ષક ઉચિત નથી. જો આ નાટક કેવળ નાયિકા શકુન્તલાને કેન્દ્રમાં રાખીને લખાયું હોત તો તે શીર્ષક યોગ્ય ગણાય. પણ આપણે જોયું તેમ પત્ની અને ભરતના અભિજ્ઞાનની સમસ્યા કેન્દ્રમાં રાખી હોઈને ''અભિજ્ઞાનશાકુન્તલ'' તેવું કવિપ્રદત્ત નામ બદલી કાઢીને મૂળ કવિને હાનિ પહોંચાડવામાં આવી છે. શ્રી ઉમાશંકરે આપેલું શીર્ષક કવિના આશયને અન્ધારામાં નાંખનારું છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

રાખીને જ વિચારવું પડશે.[૨૩]) કાલિદાસે મહાભારતમાંથી શકુન્તલાકથાને ઉપાદાન-સામગ્રી તરીકે લીધી તે નિઃશંક છે, તથા એ કથાનું સ્વરૂપ કેવું છે ? તે પણ આપણે ઉપર જોયું છે. પણ તેમાંથી તેમણે નિર્મેલી નાટ્યકૃતિના શીર્ષક તરીકે જો (દાક્ષિણાત્ય અને દેવનાગરી વાચનાઓમાં પ્રચલિત એવા) ''અભિજ્ઞાનશાકુન્તલ'' શીર્ષકને સ્વીકારીએ તો, તેના સન્દર્ભમાં તેમની સર્જકપ્રતિભાએ કયા વિષયનું પ્રતિપાદન કરવા તરફ લક્ષ્ય સાધ્યું છે ? એનો જવાબ મળે. જેમકે, આ નાટકમાં શકુન્તલા અને તેના પુત્રના પૈતૃક અભિજ્ઞાનનું વિષયવસ્તુ વિચારવામાં આવ્યું છે. જો (મૈથિલી અને બંગાળી વાચનાઓમાં પ્રચલિત) ''અભિજ્ઞાનશકુન્તલ'' ને શીર્ષક તરીકે સ્વીકારીએ તો વીંટી રૂપી અભિજ્ઞાનથી સ્મૃત (યાદ આવેલી) એવી શકુન્તલાનું જેમાં નિરૂપણ છે.[૨૪] તેવું આ નાટક, એવો અર્થ નીકળે. (પણ આવું શીર્ષક સ્વીકારવાથી, છઠ્ઠા અંકમાં ધીવર પાસેથી વીંટી રૂપી અભિજ્ઞાન મળી ગયા પછી, શકુન્તલાની પત્ની તરીકેની ઓળખ ચોખ્ખી થઈ જાય અને તે પછી સાતમા અંકની બહુ ઉપયોગિતા ન રહે.) કાશ્મીરી વાચના મુજબના પ્રાચીનતમ શીર્ષક ''અભિજ્ઞાનશકુન્તલાનાટકમ્'' ને જો અધિક પ્રમાણભૂત ગણીને ચાલીએ તો, ''અભિજ્ઞાન-પુરસ્સરની શકુન્તલા જેમાં પહેલાં અંકથી, ''આ ક્ષત્રિયપરિગ્રહા હશે કે નહીં ?'' માંડીને, છેલ્લા અંક (એટલે કે, ચક્રવર્તી રાજાનાં લક્ષણોને ધારણ કરનાર સર્વદમનની માતા આ શકુન્તલા છે, કે જે મારી પત્ની છે ત્યાં) સુધી નિરૂપાઈ છે[૨૫] તેવું નાટક'' એવો પ્રતિપાદ્ય વિષય હાથ લાગે. આ ત્રિવિધ શીર્ષકોને ધ્યાનમાં રાખીને વિચારીએ તો પહેલાં બન્ને શીર્ષકોમાં સર્જકપ્રતિભાનો એટલો વ્યાપ કે ઊંડાણ નથી જોવા મળતાં કે જેટલો વ્યાપ અને ઊંડાણ આ ત્રીજા કાશ્મીરી શીર્ષકમાં જોવા મળે છે.

[૨]

શકુન્તલાના જીવનમાં આવી પડેલી અભિજ્ઞાનની સમસ્યાને નાટ્યરૂપ આપતી વખતે, કાલિદાસે

---

૨૩. પ્રાચીન નાટ્યકૃતિઓની પાછળ કાર્યરત કાલજયી સર્જકતાની જ્યારે આલોચના કરતાં હોઈએ ત્યારે પ્રથમ પગથિયે જ એક સ્પષ્ટતા કરવી અનિવાર્ય જણાય છે કે આ પ્રાચીન (અને મધ્યકાલિક) કૃતિઓનું જે યુગમાં સર્જન થયું હતું તે યુગમાં અત્યારની, અર્વાચીન કાળની યાન્ત્રિક મુદ્રણકળા આવિષ્કૃત જ થઈ ન હતી. તેથી તે તે સર્જકોની એ કૃતિઓ (કૃતિઓનો પાઠ) વનસ્પતિજન્ય ફલક ઉપર માનવકૃત પ્રતિલેખન કે શ્રુતલેખનથી લખાતી રહેતી હતી. આથી શતાબ્દીઓ વીત્યાં પછી મૂળ નાટ્યકારનો સ્વહસ્તલેખ જે તાડપત્ર કે ભૂર્જપત્ર ઉપર લખાયો હશે, તે મળવાની આજે કોઈ સમ્ભાવના પણ નથી. પ્રાચીન કાળની કૃતિઓના પાઠની પ્રતિલિપિની પ્રતિલિપિની પ્રતિલિપિ બનતાં બનતાં, છેવટે છેલ્લાં ત્રણ સો કે ચાર સો વર્ષ પહેલાં લખાયેલી હસ્તપ્રતોના માધ્યમથી તે આપણા સુધી પહોંચેલ છે. વળી, કોઈ પણ નાટ્યકૃતિ તો રંગભૂમિ ઉપર પ્રયોગ કરવા માટે જ રચાયેલી હોય છે, તેથી મૂળ નાટ્યકાર પાસેથી તે જે ક્ષણે કોઈ સૂત્રધાર કે નટમણ્ડળીના હાથમાં પહોંચે છે તે ક્ષણથી લઈને જ, તે અનેક-કર્તૃક રચના બનવાની શરૂઆત થઈ જતી હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નાટ્યકૃતિઓ મૂળમાં (પહેલી ક્ષણે) નાટ્યકારના હાથે જેવી રચાઈ હોય છે, તેવી જ આપણા સુધી પહોંચી હોય છે અને તેવા મૂળ સ્વરૂપમાં તે કાલજયી બની છે- એમ માનવું તે છાત્રાવસ્થાની મુગ્ધતા જ હોઈ શકે તથા આવું માની લઈને, પ્રાચીન નાટ્યકૃતિઓની આલોચના કરીશું તો તેના થકી પ્રાપ્ત થનારાં નિષ્કર્ષ અસ્થાયી અને સર્વસમ્મત ન બની શકે તેવાં હશે.

૨૪. અભિજ્ઞાનેન (અંગુલીયકેન) સ્મૃતા યા શકુન્તલા, સા અભિજ્ઞાનસકુન્તલા, તામધિકૃત્ય કૃતં નાટકમિતિ અભિજ્ઞાનશકુન્તલમ્ । એવો વિગ્રહ થાય.

૨૫. અભિજ્ઞાનપુરસ્સરા યા શકુનત્તલા, સા અભિજ્ઞાનશકુન્તલા । (અભેદોપચારાત્) તામધિકૃત્ય કૃતં નાટકમિતિ, અભિજ્ઞાનશકુન્તલા નાટકમ્ ।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

નિસર્ગમાંથી લીધેલાં શાશ્વત પ્રતીકોનો જે વિનિયોગ કર્યો છે તેને જાણવા, સમજવાથી પણ આ નાટકની કાલજયિતાનું રહસ્ય હાથ લાગશે. અભિજ્ઞાનશાકુન્તલ જેવી વિશ્વપ્રસિદ્ધ નાટ્યકૃતિ વિશે, કોઈ આલોચકે પોતાનો મત ઉપસ્થાપિત કરતાં પહેલાં, પુરોગામી આલોચકોએ શું કહ્યું છે ? તેને પણ કહેવો, પરીક્ષવો જોઈએ - એવું આપણા પુરોગામી શ્રદ્ધેય વિવેચક શ્રી રા. વિ. પાઠકે કહ્યું છે. આ નાટકની પ્રસ્તાવનામાં મૂકેલા નટીગીતમાં, અને તે પછી શરૂ થતાં અંકમાં ભ્રમરબાધા પ્રસંગનું નિરૂપણ છે. વળી, પાંચમા, છઠ્ઠા અંકોમાં પણ ભ્રમર આવે છે. તેથી કોઈ પણ સહૃદયના મનમાં આ વાત આવે જ કે કાલિદાસે નાયક દુષ્યન્તને માટે ભ્રમરનું પ્રતીક[૨૬] પ્રયોજ્યું છે. કવીન્દ્ર રવીન્દ્રનાથ ઠાકુરે પંચમ અંકના આરંભે મૂકેલા (કેવળ) હંસપદિકા-ગીતમાં રહેલા અભિનવમધુલોલુપ શબ્દને આગળ કરીને કહ્યું છે કે દુષ્યન્તમાં રહેલી ભ્રમરવૃત્તિ જો દૂર ન થાય તો શકુન્તલાનું ભાવિ પણ અન્ધારામાં સરી પડે, હંસપદિકાઓના ટોળામાં તેનોય સમાવેશ થઈ જાય. માટે કવિએ દુર્વાસાના શાપનું વિધાન કર્યું છે. વિરહાગ્નિ, પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત્તથી બન્ને પ્રેમીઓ પોતાની જાતને પરિશુદ્ધ કરે તે પછી જ તેમનું મિલન થાય તો તે કાયમી બની રહે.[૨૭] શ્રી રવીન્દ્રનાથજીના વિચારનો જ જાણે અનુ-વાદ / અર્થવાદ કરતાં હોય તેમ વિવેચક શ્રી ઉમાશંકર જોશીએ પણ દુર્વાસાના શાપનું પ્રયોજન શોધતાં લખ્યું છે કે દુષ્યન્તમાં વ્યષ્ટિનિષ્ઠાનો અભાવ હતો, અને શકુન્તલામાં સમષ્ટિ-નિષ્ઠાનો અભાવ હતો. જેથી દુર્વાસાના શાપ થકી તે બન્ને પાત્રોમાં રહેલી ઊણપો દૂર થવી જરૂરી છે.

આ નાટકમાંથી આવાં નૈતિક મૂલ્યો શોધવા કરાયેલાં અર્થઘટનોને વાંચીને, તે સુજ્ઞ વિવેચકોની ભાવયિત્રી પ્રતિભાને પ્રશંસીએ તો પણ તે સર્વાંશે સાચાં પુરવાર થાય તેમ નથી. કેમકે શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે ૧. કેવળ દુષ્યન્તને માટે પ્રયોજાયેલ ભ્રમરના પ્રતીકને આગળ કરીને પોતાનું ભાષ્ય રચ્યું છે. (એ જ પરિસ્થિતિ શ્રી ઉમાશંકરના અર્થઘટનની છે.) ૨. આ નાટકમાં નાયિકા શકુન્તલા માટે કાલિદાસે પ્રયોજેલાં પશુ-પક્ષી-પુષ્પાદિનાં પ્રતીકો લઈને કોઈએ કશી વિચારણા જ કરી નથી. બલ્કે એમ કહેવું જોઈએ કે શ્રી રવીન્દ્રનાથ ઠાકુર કે શ્રી ઉમાશંકર જોશી જેવા સમર્થ વિવેચકોનુંય તે તરફ લવ માત્ર ધ્યાન જ ગયું નથી. ૩. વળી, કેવળ હંસપદિકા-ગીતમાં આવતાં ભ્રમરના નિર્દેશને આધારે આવું અર્થઘટન કરવા તે ઉદ્યત થયા છે, જેને એકદેશીય ભાષ્ય જ કહેવું પડે. કારણ કે તેઓશ્રીએ આ જ નાટકમાં કુલ છ વખત આવતાં ભ્રમરના ઉલ્લેખોને ય તપાસ્યા જ નથી. જો તે બધાને ધ્યાનમાં લઈએ તો જણાય છે કે કાલિદાસે દુષ્યન્તને માટે પ્રયોજેલું ભ્રમરનું પ્રતીક સર્વત્ર એક સમાન અર્થ પણ

---

૨૬. Symbol - Something chosen to stand for or represent something else. Usually because of a resemblance in qualities or characteristic; an object used to typify a quality, or some abstract idea. - *Webster's Comprehensive Dictionary*, 2004 Edition, p. 1270, (A red rose stands for love or romance. A broken mirror may symbolize separation.)

૨૭. જુઓ - "પ્રાચીન સાહિત્ય"(માં આવેલો શકુન્તલા શીર્ષકવાળો લેખ), મૂળ લેખક-શ્રી રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. મહાદેવભાઈ દેસાઈ, હરિજન આશ્રમ, અમદાવાદ, ૧૯૯૧, પૃ. ૩૦ થી ૫૨

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આપતું નથી. ૪. શકુન્તલાએ ક્યાંય અફસોસ કે પ્રાયશ્ચિત્ત કે પશ્ચાતાપનો ભાવ અનુભવ્યો હોય તેવું કવિએ ક્યાંય કીધું પણ નથી. અરે ! તેનું દુષ્યન્ત સાથે સાતમા અંકમાં મિલન થયું ત્યાં સુધી, તેને એ વાતની ખબર જ ન હતી કે તેને દુર્વાસાનો શાપ મળ્યો હતો. તેવા સંજોગોમાં તેણે પ્રાયશ્ચિત્તાદિ કરવાનો સવાલ જ ઊભો થતો નથી. શ્રી રવીન્દ્રનાથાદિનાં અર્થઘટનો ચિન્ત્ય છે.

આથી આપણે હવે, શકુન્તલા માટે વપરાયેલાં વિવિધ પ્રતીકોની યોજનામાં સર્જકની પ્રતિભાને પામવા આવશ્યક ચર્ચાને હાથ ધરવી અનિવાર્ય છે. કાલિદાસે દુષ્યન્તને માટે ભ્રમર અને ગજનાં પ્રતીકોનો નિયોગ કર્યો છે. પણ શકુન્તલાને માટે તેમણે ૧ હરિણી, ૨ કમળ પુષ્પ અને ૩ ચક્રવાક, પરભૂતિકા, હંસ જેવાં પક્ષીઓનાં પ્રતીકોને સાદ્યન્ત નિરૂપેલાં છે. નાયિકા માટેનાં આ પ્રતીકો શકુન્તલાના આભ્યન્તર સ્વ-ભાવનાં તો દ્યોતક છે જ, પણ તેનાં થકી કાલિદાસે તેના ભાવિ જીવનની વ્યંજનાઓ આકારિત કરી છે. આ પ્રતીક-યોજના વડે કવિએ આટલું જ કામ નથી લીધું. બલ્કે તે પોતે આ નાટકની અનુપમ અદ્વિતીય સંરચના પણ છે. આ મુદ્દો વિસ્તારથી જોવો પડશે :-

કાલિદાસે આ નાટકની પ્રસ્તાવનામાં તેને ''નવીન'' અને ''અપૂર્વ'' કહ્યું છે.[૨૮] આથી સહજ જિજ્ઞાસા થાય કે આ નાટકમાં કાલિદાસે કઈ અપૂર્વતા અને કઈ નવીનતાઓનું વિધાન કર્યું છે. (ક) આ નાટકમાં નિસર્ગનું જે નિરૂપણ છે તે અપૂર્વ છે.[૨૯] હરણ વિનાની શકુન્તલા કે શકુન્તલા વિનાનું હરણ આપણે વિચારી પણ શકતા નથી. કણ્વાશ્રમમાં વૃક્ષોનું જલસિંચન કરતી શકુન્તલા કહે છે કે કેવળ પિતાની સૂચનાથી હું આ કાર્ય નથી કરતી, પણ મનેય આ વૃક્ષો પ્રત્યે સહોદર જેવો સ્નેહ છે.[૩૦] પિતા કણ્વ પણ સાક્ષી પૂરે છે કે શકુન્તલાને સુશોભન અને સ્વમંડન ગમે છે, તો ય તે એક પાન પણ વૃક્ષો કે છોડવાંઓ ઉપરથી ક્યારેય તોડતી નથી. આવી શકુન્તલા પતિગૃહે જવા સંચરે છે ત્યારે તે આશ્રમવૃક્ષો પણ પોતાની શાખાઓ રૂપી બાહુઓમાંથી અલંકાર અને પાનેતરની ભેટ ધરે છે ! સમગ્ર સાહિત્યસંસારમાં માનવ અને પ્રકૃતિ વચ્ચેનું આવું અદ્વૈત શોધ્યું જડે એમ નથી. (ખ) નાટકમાં સંઘર્ષ તત્ત્વ હોવું અનિવાર્ય છે. તો કાલિદાસે પોતાનાં બે પુરોગામી નાટકોમાં જે પૂર્વપરિણીતા રાણીઓ તરફથી ઊભો થનારો સંઘર્ષ આલેખ્યો હતો, તે માર્ગ છોડીને આ નાટકમાં તેમણે દુર્વાસાના

---

૨૮. अद्य खलु कालिदासग्रथितवस्तुना अभिज्ञानशाकुन्तलनामधेयेन नवेन नाटकेनोपस्थातव्यम् अस्माभिः । (पृ. ८), नन्वार्यमिश्रैः प्रथममेवाज्ञप्तम् अभिज्ञानशाकुन्तलं नाम अपूर्वं नाटकं प्रयोगेऽधिक्रियताम् इति । (पृ. १३)- अभिज्ञानशाकुन्तलम्, (राघवभट्टस्य टीकया समेतम्), प्रका. राष्ट्रिय संस्कृत संस्थान, नयी दिल्ली, २००६

૨૯. ઋતુસંહારમાં પ્રકૃતિને ખાતર પ્રકૃતિનું નિરૂપણ કર્યું છે, રઘુવંશમાં સીતાત્યાગ-પ્રસંગમાં માનવીની દુઃખાવસ્થામાં સમસ્ત નિસર્ગના પશુ-પક્ષી આદિ વિષાદ અનુભવે છે, તો કુમારસમ્ભવમાં હિમાલયમાં જે અકાળે વસન્તનું આગમન થાય છે તેનો માનવમન ઉપર પ્રભાવ પડે છે. સમાધિસ્થ શિવનું મન પણ ચંચલ થઈ ઊઠે છે. મેઘદૂતમાં વિરહી યક્ષ સમગ્ર પ્રકૃતિમાં શૃંગારને અત્ર તત્ર સર્વત્ર વિખેરતો રહે છે. પણ અભિજ્ઞાનશાકુન્તલમાં તો કાલિદાસે પ્રકૃતિ અને માનવનું અદ્વૈત જ સર્જ્યું છે. માનવ અને પ્રકૃતિનો આવો અવિનાભાવ જગત્-સાહિત્યમાં અન્યત્ર મળવો સુદુર્લભ છે.

૩૦. न केवलं तातनियोग एव, अस्ति मे सोदरस्नेह एतेषु । अभि. शाकु., पृ.२७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શાપનું સંવિધાન કર્યું છે. આ સન્દર્ભમાં તે અપૂર્વ પણ છે. (ગ) આ નાટકમાં નવીનતાઓ કઈ ? એનો વિચાર કરીએ તો અહીં વિદૂષકની અનુપસ્થિતિથી કાર્યવેગ સધાય છે. જે પહેલાં બે નાટકો કરતાં વિપરીત છે. (ઘ) પૂર્વપરિણીતા રાણીઓનો સંઘર્ષ (કાશ્મીરી વાચના મુજબ) સ્હેજેય ડોકાતો નથી, અથવા (અન્ય વાચનાઓ મુજબ) સ્વલ્પ માત્રામાં અને તેય પશ્ચાદ્-ભૂમાં જ રાખવામાં આવ્યો છે. કેમકે દુર્વાસાના શાપ રૂપી એક સંઘર્ષને મૂક્યા પછી, બીજા પ્રકારના સંઘર્ષથી પુનરુક્તિ કે દ્વિરુક્તિ કરવી અનાવશ્યક હતી. (ઙ) નાટકમાં ગોઠવેલી પ્રતીક-યોજના પણ નવીન અને અપૂર્વ છે. પિતા વિશ્વામિત્ર અને માતા મેનકા થકી જન્મેલી શકુન્તલા એક અર્ધદૈવી પાત્ર ગણાય, તથાપિ કાલિદાસે તેને કેવળ નિસર્ગ-કન્યા તરીકે જ આલેખી છે. કાલિદાસની સર્જકપ્રતિભાએ નાયિકાને નિસર્ગ-કન્યા તરીકે રજૂ કરવા ધારી હોવાથી, તેને માટે પ્રયોજેલાં ત્રિવિધ પ્રતીકો પણ નિસર્ગમાંથી જ લેવામાં આવ્યાં છે. વળી, સર્જકપ્રતિભાએ એક જડલું આગળ વધીને, તે ત્રિવિધ પ્રતીકને આ નાટકની કેન્દ્રવર્તી સમસ્યા, નાટકનું અન્તિમ લક્ષ્ય અને નાટકમાં સાદ્યન્ત નિરૂપાયેલાં દ્વિવિધ કૌતુકોની સાથે પણ સાંકળ્યાં છે !

અભિજ્ઞાનશાકુન્તલ નાટકના આરમ્ભિક ભાગમાં જ આ નાટકમાં રજૂ થનારી (બહુવિધ) અભિજ્ઞાનોની સમસ્યા, (પુત્ર-પ્રાપ્તિ રૂપ અન્તિમ) લક્ષ્ય, અને પિતા કણ્વે કરેલી સોમતીર્થની યાત્રાનું શું ફળ આવે છે ? -તેવા કૌતુકને સૂચવનાર મહત્ત્વના સંકેત મૂકવામાં આવ્યા છે :-(૧) નટીના ગીતમાંથી ધ્વનિત થતી અભિજ્ઞાનની સમસ્યા, (૨) રાજા દુષ્યન્તને ચક્રવર્તી પુત્રની પ્રાપ્તિ થવાના આશીર્વાદ અને (૩) પુત્રી શકુન્તલાના કોઈક દુર્દૈવના શમન-અર્થે પિતા કણ્વનું સોમતીર્થની યાત્રાએ જવું. આ ત્રણેય (સમસ્યા, લક્ષ્ય અને કૌતુક)ની સાથે કાલિદાસે અનુક્રમે (૧) ભ્રમર અને કમળનાં પ્રતીકો (૨) શિકારી દુષ્યન્તની સામે પ્રતીકાત્મક રૂપે હરિણી સ્વરૂપા શકુન્તલા, અને (૩) શકુન્તલાના અજ્ઞાત દુર્દૈવ તથા તીર્થયાત્રાના સુફળને કહેનારાં વિવિધ પક્ષીઓનાં પ્રતીકોને ગોઠવ્યાં છે. આવી નાટ્ય-નિરૂપણ-વિધા અપૂર્વ પણ છે અને અદ્વિતીય પણ છે.

(૧) નાટકની કેન્દ્રીભૂત સમસ્યાની સાથે સંકળાયેલ ભ્રમર અને કમળનાં પ્રતીકો :- નાટકની પ્રસ્તાવના બાંધી રહેલો સૂત્રધાર એકઠી મળેલી અભિરૂપભૂયિષ્ઠા પરિષદ્નું સમારાધન કરવા નટીને ગ્રીષ્મ ઋતુનું ગીત ગાવાનું સૂચવે છે. તેણે નીચે મુજબનું ગીત ગાયું :-

क्षणचुम्बितानि भ्रमरैः सुभगसुकुमारकेसरशिखानि,
अवतंसयन्ति प्रमदा दयमानाः शिरीषकुसुमानि ॥१-४॥

(આ આર્યાનો પાઠ કાશ્મીરી, મૈથિલી અને બંગાળી મુજબનો છે. દેવનાગરીમાં તે ઈષદીષચ્ચુંબિતાનિ૦ છે.)

(અનુવાદ) ભ્રમરો વડે ક્ષણભર એકવાર ચૂમાયેલાં (અને પછી તરત ત્યજી દેવાયેલાં) સુન્દર સુભગ એવી કેસર શિખાઓવાળાં શિરીષ પુષ્પોને, દયા દર્શાવતી પ્રમદાઓ (પોતાનાં કર્ણનું) આભૂષણ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બનાવી રહી છે.

અહીં ટીકાકાર રાઘવ ભટ્ટ કહે છે કે પ્રમદા શબ્દ બહુવચનમાં હોવા છતાંય તે શકુન્તલાનો વાચક છે. (નાટકમાં આગળ જતાં શકુન્તલાને શિરીષપુષ્પોને કાનમાં પહેરતી વર્ણવી પણ છે. શિરીષનાં મોટાં વૃક્ષો ઉપરથી સાંજે પુષ્પો સ્વતઃ ખરી પડતાં હોય છે, તેને વીણી લઈને શકુન્તલા પહેરતી હોય છે.) જે ભ્રમર છે તે ઋષિ વિશ્વામિત્ર છે અને એકવાર ક્ષણભર ચૂમાયેલ શિરીષપુષ્પ તે મેનકા છે. દીકરી શકુન્તલા પોતાની માતાના, એટલે કે સકલ સ્ત્રીજાતિના દુર્ભાગ્યને અનુલક્ષીને, આવાં એકવાર ચૂમાયેલાં અને પછી તરત પરિત્યક્ત એવાં સ્ત્રીજીવનની કરુણતાને ધ્યાનમાં રાખીને, શિરીષ પુષ્પોને જમીન પરથી ઊઠાવીને પોતાનાં કાનોના આભૂષણનું સ્થાન આપે છે. અહીં અભિવ્યક્ત થઈ રહેલી વ્યંજનાનો દીર્ઘ, દીર્ઘતર વિસ્તાર સમજીએ તો પુરુષના એકવારના સંયોગ પછી ત્યજાઈ ગયેલી સ્ત્રીનું જીવન તો દુઃખમય બની જ જતું હોય છ, પણ તે એક વખતના સંયોગ થકી જે સંતતિ પેદા થતી હોય છે, તેના પૈતૃક અભિજ્ઞાનની સમસ્યા પણ ઊભી થતી હોય છે. શકુન્તલા અને તેના પુત્ર ભરત બન્નેના જીવનમાં આવી અભિજ્ઞાનની સમસ્યા આકારિત થઈ છે. (શકુન્તલા હતી તો વિશ્વામિત્રની કન્યા = રાજર્ષિકન્યા, પણ સમાજમાં કહેવાઈ કણ્વ મુનિની પાલક-દુહિતા = મુનિસુતા.) કવિના મનમાં આ પ્રકારના નવજાત સંતાનના અભિજ્ઞાનની સમસ્યા કેન્દ્ર સ્થાને હોઈને, તેમણે તેને શીર્ષકમાં જ સ્થાન આપ્યું છે. અભિજ્ઞાનની આ સમસ્યાના મૂળમાં દુષ્યન્તની (પુરુષોની) ભ્રમરવૃત્તિ છે. તેથી કવિએ આ નાટકમાં ભ્રમર અને (શિરીષ, ચૂતમંજરી અને કમળ જેવાં) પુષ્પનું પ્રતીકયુગલ મૂકયું છે.

આ નાટકના શીર્ષકમાં અભિજ્ઞાન અને શકુન્તલા (કે શાકુન્તલ) એ બે શબ્દો આવેલા છે, તેથી કવિના ચિત્તમાં નાયિકા શકુન્તલાનું જીવનચરિત જ કેન્દ્રસ્થાને રહ્યું છે તેમ કહી શકાય. અને એટલે જ શકુન્તલાને માટે વપરાયેલાં વિવિધ પ્રતીકોનાં મર્મોદ્ઘાટનનો ઉપક્રમ શરૂ કર્યો છે. તેથી શકુન્તલાને માટે વપરાયેલાં કમળ પુષ્પના પ્રતીકના સન્દર્ભને સૌથી પહેલાં જોવો જોઈશે. પ્રથમાંકમાં દુષ્યન્તે શકુન્તલાને વલ્કલ વસ્ત્રમાં લપેટાયેલી જોઈને, એક ક્ષણ એવું વિચાર્યું કે પીળાં પડી ગયેલાં પાંદડામાં જકડાયેલું પુષ્પ હોય તેવી આ શકુન્તલા છે. પણ તરત જ, બીજી ક્ષણે તે અથવા નિપાતથી પક્ષાન્તર પણ રજૂ કરે છે કે - શેવાળથી લપેટાયેલું હોય તોય કમળ (સરસિજ) રમણીય જ લાગે છે, ચન્દ્રમામાં ડાઘ હોવા છતાંય તે પણ શોભાને વધારનાર છે ! ઇત્યાદિ. પણ કવિને એની ખબર છે જ કે કમળ હશે તો ભ્રમર પણ હોવો જોઈશે જ ! આમ પ્રતીકયુગલની યોજના એ સર્જકપ્રતિભાનો ઉન્મેષ પ્રેક્ષકોને ચમત્કૃત કરનારો છે. (કૃતિમાં અન્યત્ર પણ કમળ, કુન્દ વગેરેના સન્દર્ભો છે, પણ વિસ્તારભયથી કેવળ અંગુલિનિર્દેશ કરીને અટકું છું.)

નાયક માટે વપરાયેલ ભ્રમરના પ્રતીકને સમજવા માટે સાતેય અંકમાં આવેલા છ સન્દર્ભોનું વિશ્લેષણ કરવું જરૂરી છે. ૧. ઉપર્યુક્ત નટીગીતમાં આવેલ ભ્રમર ઋષિ વિશ્વામિત્ર માટે છે. ૨. પ્રથમાંકના ભ્રમર-બાધા પ્રસંગમાં, દુષ્યન્ત ભ્રમરની ઈર્ષ્યા કરનારો છે અને તેનો પ્રતિસ્પર્ધી બનાવીને

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

રજૂ કર્યો છે. ૩. ત્રીજા અંકના અન્તે આવેલા (અપરિક્ષતકોમલસ્ય૦) શ્લોકમાં, દુષ્યન્ત શકુન્તલાને કમળની અને સ્વયં પોતાને ભ્રમરની ઉપમા આપે છે. ૪. પાંચમા અંકના આરંભે હંસપદિકા-ગીતમાં નિર્દેશાયેલ અભિનવમધુલોલુપ ભ્રમર તે સ્પષ્ટપણે દુષ્યન્ત જ છે. ૫. આ જ અંકમાં ગૌતમી દ્વારા આપન્ન-સત્ત્વા શકુન્તલાનું અવગુણ્ઠન દૂર કર્યા પછી તેને નિહાળી રહેલા દુષ્યન્તે પોતાને હિમાચ્છાદિત કુન્દપુષ્પને નહીં ભોગવી શકનારો કે નહીં ત્યજી શકનારો ભ્રમર કીધો છે, એટલે કે તે વિવેકથી સંયત થયેલો ભ્રમર છે, અને ૬. છઠ્ઠા અંકમાં એષા કુસુમનિષણ્ણા૦ શ્લોકથી દુષ્યન્ત ભ્રમરને ઉપદેશ આપે છે કે - અલ્યા ભ્રમર ! પુષ્પ ઉપર બેઠેલી તારી મધુકરીને છોડીને તું અહીં તહીં ક્યાં ભટક્યા કરે છે ? એ તરસી હોવા છતાંય તારી રાહ જોવામાં, પુષ્પનો રસ લીધા વગર ઊભી છે. અહીં દુષ્યન્ત પ્રકટ શબ્દોમાં ભ્રમરનો ઉપદેષ્ટા ભન્યો છે. આ સન્દર્ભમાં દુષ્યન્તે તેને મધુકરીની પાસે તું નહીં જાય તો હું રાજા તરીકે તને સજા કરીશ. કમલોદરમાં પૂરી દઈશ -એવી ધમકી પણ આપી છે. (આ છેલ્લા સન્દર્ભમાં કવિએ પરિવર્તિત થયેલા દુષ્યન્તને રજૂ કર્યો છે.) ટૂંકમાં, સમગ્ર અભિજ્ઞાનશાકુન્તલના ઉપર્યુક્ત છયે સન્દર્ભોનું વિશ્લેષણ કરીએ તો માલુમ પડે છે કે ભ્રમર બધે એક સરખી રીતે (= વ્યભિચરિત થનારી મનોવૃત્તિવાળા) દુષ્યન્તનું પ્રતીક નથી બની શકે એમ. બીજા શબ્દોમાં કહીએ તો, ભ્રમરના જેવી મનોવૃત્તિવાળા અને ભ્રમરની પ્રતિસ્પર્ધા કરતા દુષ્યન્તથી શરૂ કરીને, ભ્રમરના ઉપદેષ્ટા તરીકેની યાત્રા અહીં નિરૂપાયેલી છે.[૩૧] તથા એ યાત્રાનું આવર્તન પૂરું થતાં સુધીમાં, છેલ્લે તબક્કે તે જે મધુકરીના પ્રત્યે અનુક્રોશ[૩૨] (પરદુઃખદુઃખિતા) વ્યક્ત કરે છે, તે હકીકતમાં તો, અભિજ્ઞાન રૂપ વીંટી મળી ગયા પછી સ્મરણપટમાં સજીવન થયેલી શકુન્તલાને જ મનમાં ધારણ કરાઈને બોલાયેલાં વચનો છે. શરૂઆતથી દેખાડેલી દુષ્યન્તમાં રહેલી ભ્રમરવૃત્તિને કાલિદાસે અન્તે ભ્રમરના મિષે જ દૂર કરી નાંખી છે !

[પ્રાસંગિક રીતે એ મુદ્દા તરફ પણ અંગુલિનિર્દેશ કરવો જરૂરી જણાય છે કે કવીન્દ્ર રવીન્દ્રનાથે જે હંસપદિકા-ગીતમાં વપરાયેલા અભિનવમધુલોલુપ ભ્રમરના નિર્દેશને દુષ્યન્તનો વાચક ગણીને પોતાની વિવેચના વિસ્તારી છે તે એકાંગી હોવાનું એ રીતે પણ લાગે છે કે તેમણે આ ગીતમાં નિર્દેશાયેલ ''કમલ'' પદથી કોણ સૂચવાઈ રહ્યું છે ? -તે મુદ્દાને ચર્ચાનો વિષય બનાવ્યો નથી. (શ્રી ઉમાશંકર જોશી[૩૩] પણ તે વિષે અભિજ્ઞ હોય તેમ જણાતું નથી અને જેથી તેઓ શ્રી રવીન્દ્રનાથ ટાગોરના અનુયાયી બની રહ્યા છે.) આ ગીતનો અર્થ પામવાનું સહેલું પણ નથી. કેમકે આ ગીત ગાનાર હંસપદિકાના પક્ષેથી વિચારીએ તો, અભિનવમધુલોલુપ ભ્રમર તે દુષ્યન્ત છે, ચૂતમંજરી તે

---

૩૧. કવીન્દ્ર રવીન્દ્રનાથ ઠાકુર અને કવિશ્રી ઉમાશંકર જોશીએ કેવળ હંસપદિકા-ગીતને જ ધ્યાનમાં લઈને, ભ્રમરને દુષ્યન્તના પ્રતીક તરીકે સમજીને દુર્વાસાના શાપનું પ્રયોજન ખોળવાનો બુદ્ધિવિલાસ દેખાડ્યો છે. હકીકતમાં સમગ્ર નાટકના પૂર્વોક્ત છએ સન્દર્ભોને જોવાનું બન્યું હોત, અને છઠ્ઠા અંકના સન્દર્ભને સાચી રીતે મૂલવ્યો હોત, તો કદાચ તેમને જુદો કાવ્યાર્થ હાથ લાગ્યો હોત.

૩૨. મારા સંસ્કૃત નાટ્યસૃષ્ટિ - સ્વારસ્યની શોધ પુસ્તકમાં મૂકેલો ''સંસ્કૃત નાટ્યકૃતિઓમાં અનુક્રોશ'' લેખ જોવા અનુરોધ છે, ૨૦૦૯

૩૩. શકુન્તલા, અનુ. શ્રી ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૮૮, પૃ. ૧૮૧ અને ૧૮૫-૧૮૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હંસપદિકા પોતે છે અને પેલો ભ્રમર જે કમલવસતિમાં પુરાયેલો છે (અને જેથી તે ચૂતમંજરીને ભૂલી ગયો છે) તે અજાણ્યું કમલ તો શકુન્તલા છે ! આ પહેલો અર્થ તે વક્તૃબોધવ્ય (વક્તાના પક્ષેથી કહેવાયેલો) અર્થ છે. રંગમંચ ઉપર ઊભેલા દુષ્યન્તને માટે તેનો અર્થ અભિનવમધુલોલુપ ભ્રમર એ પોતે છે, ચૂતમંજરી તે હંસપદિકા છે, પણ કમળ પદથી તે રાણી વસુમતી-એમ સમજી લે છે. કારણ કે તેની મતિ શાપવ્યવહિત છે. અને એટલે જ તે કહે છે :- ''તેથી હું સમજું છું કે રાણી વસુમતીને અનુલક્ષીને મને એનો ટોણો છે.'' આ બીજો અર્થ તે શ્રોતૃબોધવ્ય (ક્રમાંક-૧) કહેવાશે. પરંતુ રંગમંચની સામે બેઠેલા પ્રેક્ષકો જ્યારે આ ગીત સાંભળશે ત્યારે તેમને પક્ષે તેનો એક ત્રીજો અર્થ નીકળશે. જેમકે, અભિનવમધુલોલુપ ભ્રમર તે દુષ્યન્ત છે, કમલ પદથી રાણી વસુમતી લેવાશે, પણ સહૃદય પ્રેક્ષક આ ગીતમાં રહેલો ''અન્યાપદેશ'' સમજશે તો, ચૂતમંજરી પદથી શકુન્તલા લેવાશે ! કેમકે પ્રેક્ષકોને તો ખબર છે જ કે દુષ્યન્તને દુર્વાસાનો શાપ લાગેલો છે, જેથી હસ્તિનાપુરના બારણે આવી ઊભેલી જે ચૂતમંજરીને તે ભૂલી ગયો છે- તેનું અહીં ધ્વનન થઈ રહ્યું છે. આ ત્રીજો અર્થ પણ શ્રોતૃબોધવ્ય (ક્રમાંક ૨) કહેવાશે, પણ તે પ્રેક્ષક રૂપ શ્રોતાના પક્ષે ઊભો થનારો અર્થ છે. આમ વિવેચકોને માટે આ ગીતનો અર્થ હંમેશને માટે વિવાદાસ્પદ જ રહ્યો છે. ટીકાકાર ઘનશ્યામે તો આ ગીતના અર્થઘટન બાબતે એવું કહ્યું છે કે મહાભારતના યુદ્ધ વખતે ભીમે માર્ગમાં રખડતાં હાથીઓનાં જે કંકાલોને આકાશમાં ફંગોળ્યાં છે અને જે અદ્યાવધિ ત્યાં અન્તરિક્ષમાં જ ભમ્યા કરે છે તેમ, હંસપદિકા-ગીતના અર્થ કરનારા વ્યાખ્યાતાઓ પણ અહીં તહીં ભટક્યા કરે છે ![34] આમ, કવીન્દ્ર રવીન્દ્રનાથ ઠાકુર જેવા પ્રબુદ્ધ વ્યાખ્યાકારો પણ જો આ ગીતમાં આવેલા કેવળ અભિનવ-મધુલોલુપ શબ્દોને જોઈને, મનભાવન અર્થ કરવા દોડી જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. છતાંય એ પણ હકીકત છે કે આ ગીતમાં આવેલા કમળ શબ્દથી કઈ વ્યક્તિનો વ્યંગ્યાર્થ સમજવો ? -તેનો જવાબ આપ્યા વિના સમગ્ર કૃતિના અર્થઘટન કે મર્મને પામવાની ઉતાવળ કરાય તેવી નથી જ. આથી, અમે જ્યારે કમળના પ્રતીકની ચર્ચાને અગ્રેસારિત કરીએ છીએ ત્યારે આ હંસપદિકા-ગીતનો સાકલ્યેન અર્થ તપાસીએ છીએ. તદનુસાર, ઉપર્યુક્ત પહેલો અર્થ જ લેવો તર્કસંગત સિદ્ધ થાય છે. કેમકે શકુન્તલાનો પ્રેમ પામ્યા પછી, દુષ્યન્ત કોઈ રાણીના આવાસ ઉપર હવે આંટા મારતો નથી, જેની ફરિયાદ હંસપદિકા કરી રહી છે. દુષ્યન્ત રૂપ ભ્રમર કોઈક અજ્ઞાત કમળમાં હવે પૂરાઈ ચૂક્યો છે- તેની સાક્ષી આ હંસપદિકા-ગીત જ આપી રહ્યું છે. તથા રંગમંચ પર રહેલો નાયક તો શાપગ્રસ્ત મતિવાળો છે, તેથી તેને મળતો અર્થ પરમાર્થે લઈ શકાય તેવો નથી. પૂર્વોક્ત ત્રીજા અર્થને માર્મિક સન્દર્ભમાં જોતાં તે નાટ્યગત (= વિસ્મૃત ચૂતમંજરી સ્વરૂપા શકુન્તલા) અર્થ જ આપી રહ્યો છે. જેને શ્રી રવીન્દ્રનાથે કે તેમના અનુયાયીઓએ ધ્યાનમાં લીધો જ નથી. સુજ્ઞેષુ કિં બુહના ?]

---

૩૪. अत्र संविधाने भीमेन प्रेषिता गजादिवदद्यापि परिभ्रमन्ति केचिदन्ये व्याख्याकाराः । -अभिज्ञानशाकुन्तलम्, घनश्यामकृत-सञ्जीवन-टिप्पणसमेतम्, सं. श्रीमती पूनम पङ्कज रावळ, सरस्वती पुस्तक भण्डार, अहमदाबाद, १९९७, पृ. ११२

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

(૨) નાટકનું અન્તિમ લક્ષ્ય અને તેની સાથે સમ્બદ્ધ હરણનું પ્રતીક :- નાટકના આરંભે રથારૂઢ મૃગયાવિહારી રાજા દુષ્યન્તનો પ્રવેશ થાય છે, તેમણે કણ્વાશ્રમના એક મૃગ ઉપર શરસન્ધાન કર્યું હોય છે. ત્યાં જ મૃગ અને શિકારી રાજાના માર્ગની વચ્ચે ''ના હણશો, ના હણશો, આ તો આશ્રમનો મૃગ છે'' એમ કહેલો એક વૈખાનસ ઉપસ્થિત થાય છે. વિશેષમાં તેણે કહ્યું :- ''રાજાનાં બાણ તો આર્ત વ્યક્તિના પરિત્રાણ માટે વપરાવાં જોઈએ, નિર્દોષ પશુઓને મારવા માટે નહીં.'' એ સાંભળીને રાજાએ તરત જ પોતાનું બાણ પાછું ફેરવી લીધું. તેથી વૈખાનસે રાજાને આશીર્વચન આપ્યાં કે - તમે સર્વથા ચક્રવર્તી પુત્રને પ્રાપ્ત કરશો. અભિનવ ગુપ્તપાદાચાર્યે ''પુત્રપ્રાપ્તિ એ જ આ નાટકનું ફળ છે'' (ના. શા. ૧૯-૨૨) એમ કહ્યું છે. નાટકનું આગળ વધતું ઘટનાચક્ર જોઈએ તો જણાય છે કે દુષ્યન્તે ભલે આશ્રમમૃગને ન હણ્યો હોય, પણ પ્રથમાંકના અન્ત સુધીમાં તેણે શકુન્તલાને તો પ્રેમાવિદ્ધ કરી જ નાંખી છે. અહીં એક મુદ્દો સ્મરણમાં રાખીશું કે દુષ્યન્તને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ ''અનાગસ આશ્રમમૃગને'' નહીં મારવાની શરતે અપાયા છે અને એ પણ ધ્યાનમાં લઈશું કે સર્જક કાલિદાસે એક શિકારીની સામે શકુન્તલા રૂપી મૃગલીને ગોઠવી છે. શકુન્તલા માટે વપરાયેલું હરણનું (મૃગનું) પ્રતીક એટલું બધું વ્યાપક રૂપે કવિએ વાપર્યું છે[૩૫] કે તેના નિમિત્તે કેવળ શકુન્તલાની જીવનકહાની જ નથી કહેવાતી, પણ તેના નિમિત્તે તેના ભાવિનું કથન અને તેમના પ્રેમનો વિકસિત થયેલો પરમ પ્રકર્ષ પણ નિરૂપાયો છે.

ધીવર-પ્રસંગ દ્વારા શકુન્તલાને આપેલી રાજમુદ્રા દુષ્યન્તને મળી ગઈ, અભિજ્ઞાનાભરણ મળી જતાં રાજાને લાગેલો દુર્વાસાનો શાપ નિવૃત્ત થઈ ગયો. જેથી છઠ્ઠા અંકમાં રાજાની વિરહાવસ્થા શરૂ થાય છે. જેના સન્દર્ભે તે સખીઓ સહિતની શકુન્તલાનું ચિત્ર જેમાં દોરેલું હતું તે ફલકને મંગાવે છે. વિદૂષક રાજાને પૂછે છે કે ત્રણ સખીઓ તો આમાં દોરી જ છે, તો હજીય શું બાકી રહ્યું છે કે જે તમે આમાં દોરવા ધારો છો. એના પ્રત્યુત્તરમાં દુષ્યન્ત નીચેનો શ્લોક બોલે છે :-

कार्या सैकतलीनहंसमिथुना स्रोतोवहा मालिनी
पादास्तामभितो निषण्णचमरा गौरीगुरोः पावनाः ।
शाखालम्बितवल्कलस्य च तरोर्निर्मातुमिच्छाम्यधः
शृङ्गे कृष्णमृगस्य वामनयनं कण्डूयमानां मृगीम् ।।६-१७।।

અનુવાદ :- ''આ(ચિત્ર)માં વહેતા પ્રવાહવાળી માલિની નદી અને તેના રેતાળ પટમાં બેઠેલાં હંસોની એક જોડી, જેની ચારેય તરફ મા ગૌરીના ગુરુ(પિતા હિમાલય)ના પાવનકારી તળેટીના

---

૩૫. અભિજ્ઞાનશાકુન્તલમાં પ્રતીકોથી થતું નાટ્યકાર્ય, લે. વસન્તકુમાર મ. ભટ્ટ, શબ્દસૃષ્ટિ (૨૮-૩૩૦), ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, માર્ચ ૨૦૧૧, પૃ. ૪૮-૬૫.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ભાગો ચિતરવા છે. વળી, જ્યાં ચમરો બેઠેલાં હોય અને જેની ડાળીઓ ઉપર (શકુન્તલાનાં) વલ્કલ લટકાવેલાં હોય તેવાં વૃક્ષો બનાવવાં માંગું છું. તથા આ વૃક્ષોની નીચે કૃષ્ણમૃગના અણિયાળા શિંગડા ઉપર પોતાનું ડાબું નેત્ર ખંજવાળતી હોય તેવી એક મૃગલી બનાવવા ચાહું છું !''

આ શ્લોકને સાંભળતાંવેંત સમજાઈ જાય છે કે હવે વિરહી દુષ્યન્તના મનમાં (પ્રથમ અંકમાં વર્ણિત) કણ્વાશ્રમ અને ત્યાં થયેલો પ્રેમ પુનઃ જાગૃત થઈ ઊઠ્યો છે. તેને ત્યાંના બધાં સ્થાનોની યાદ તાજી થઈ ગઈ છે. પણ પ્રશ્ન થાય કે દુષ્યન્તના મનમાં કાળિયારના શિંગડા ઉપર આંખ ખંજવાળતી મૃગલી દોરવાની ચાહત ક્યાંથી, કેમ ઊભી થઈ હશે ? આ પ્રશ્નનો ઉત્તર દાક્ષિણાત્ય અને દેવનાગરી વાચનાના લઘુપાઠોમાંથી (કે જે ખરેખર તો અલ્પસમયમાં રંગમંચ ઉપર નાટક ભજવવા માટે અજ્ઞાત નટમંડળીએ બનાવેલી સંક્ષિપ્ત રંગાવૃત્તિઓના જ પાઠો છે, તેમાંથી) મળી શકે તેમ નથી. આને માટે કાશ્મીરી, મૈથિલી અને બંગાળી વાચનાઓના બૃહત્પાઠોને જોવા પડે તેમ છે. તેમાં સુરક્ષિત રહેલા ત્રીજા અંકના પાઠમાંથી જાણવા મળે છે કે (રંગમંચ ઉપરથી બે સખીઓની વિદાય થયા પછી[૩૬]) દુષ્યન્ત-શકુન્તલાના એકાન્ત મિલન દરમ્યાન દુષ્યન્તે પોતાની ''જીવિતેશ્વરી'' શકુન્તલાના હાથમાં મૃણાલ-વલય પહેરાયું હતું. (આ પ્રસંગે શકુન્તલાએ દુષ્યન્તને ''આર્યપુત્ર'' એવું સંબોધન પણ કર્યું છે.) અને પછી પૂછ્યું હતું કે પ્રિયે ! આ મૃણાલ-વલય કેવું લાગે છે ? શકુન્તલા આનો કાંઈ ઉત્તર આપે તે પૂર્વે જ, પવન ફૂંકાયો અને શકુન્તલાના કાનમાં પહેરેલાં પુષ્પોની પરાગરજ તેની આંખમાં પડી. તેની આંખ અશ્રુભીની થયેલી જોઈ દુષ્યન્તે કહ્યું, ''હે સુન્દરી ! મારી નજીક આવ, હું મારા વદનમારુતથી તારા નેત્રને પ્રમાર્જિત કરી દઉં.'' નૈસર્ગિક પ્રેમસહચારની આ પળોની સ્મૃતિ થઈ આવતાં, છઠ્ઠા અંકમાં દુષ્યન્તે શકુન્તલાના ચિત્રની પાર્શ્વભૂમાં જે જે ચિતરવા સંકલ્પિત કર્યું છે તેમાં કાળિયાર મૃગના શિંગડા ઉપર પોતાની ડાબી આંખ ખંજવાળતી મૃગલી દોરવાની ચાહત થઈ આવી છે. આ શ્લોકના શબ્દોમાંથી જે વ્યંગ્યાર્થ નીકળી રહ્યો છે તે દુષ્યન્તના હૃદ્‌ગત મર્મસ્થાનને ઉદ્‌ઘાટિત કરનારો બની રહે છે. મૃગલીને માટે તેનો મૃગ કેટલો બધો વિશ્વસનીય હોય કે તે જ્યારે એના અણિયાળા શિંગડા ઉપર પોતાના નાજુક નેત્રને ખંજવાળશે ત્યારે તે જરીકેય હાલશે નહીં, મૃગલીનાં નેત્રને ફૂટવા નહીં દે. તે અડગ આધાર બનીને ઊભો રહેશે - એવી પાકી અન્તઃકરણની પ્રતીતિ હોય ત્યારે જ અને તો જ, મૃગલી મૃગના શિંગડે પોતાની આંખની ખંજવાળને દૂર કરે. અહીં એક વિશ્વસનીય બનેલા મૃગને ચિતરવાની જે ઇચ્છા દુષ્યન્તને થઈ છે, તે મૃગ એ પોતે જ છે ! મૃગના મિષે દુષ્યન્ત પોતાના ભાવિ-દામ્પત્યજીવનનું જ ચિત્ર આલેખી રહ્યો છે.

---

૩૬. દાક્ષિણાત્ય અને દેવનાગરી પાઠોમાં માત્ર છ-સાત ઉક્તિઓ પછી તરત જ દુષ્યન્ત શકુન્તલાના અધરોષ્ઠનું પાન કરવાની માંગણી કરે છે અને ગાન્ધર્વ-વિવાહની શીખ પણ આપી દે છે. કોઈક અજ્ઞાત નટમંડળીએ આ બે પાઠોમાંથી કાશ્મીરી-આદિ ત્રણ બૃહત્પાઠોમાં જોવા મળતાં ઉપર્યુક્ત બે દશ્યો અને બારથી ચૌદ શ્લોકોનો પાઠ કાઢી નાંખ્યો છે - તેમ સિદ્ધ થાય છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અભિજ્ઞાનશાકુન્તલ નાટકના નાટ્યકાર્યને સમજતી વેળાએ આ સન્દર્ભને ધ્યાન ઉપર લેવો અનિવાર્ય છે. આ શ્લોકમાંથી જ સૂચવાય છે કે વીંટી મળ્યા પછી વિરહાવસ્થામાં સંતપ્ત થતા દુષ્યન્તને હવે શકુન્તલાનું સાચું આભ્યન્તર (અનાગસ હરણ તરીકેનું) અભિજ્ઞાન મળ્યું છે. આશ્રમના ''આ મૃગ''ને હણવાનું ન હોય કે તિરસ્કારવાનો (પ્રત્યાખ્યાન) ન હોય, બલ્કે એના જીવનને સહારો આપવાનો હોય- એ વાત તેને સારી પેઠે સમજાઈ ગઈ છે. જીવનની આ નવી સમઝ ઉપર્યુક્ત શ્લોકની અન્તિમ પંક્તિમાંથી વ્યંજિત થઈ રહી છે. પ્રથમ અંકમાં નવમાલિકા નામની લતા, કે જેનું શકુન્તલાએ વનજ્યોત્સ્ના નામ પાડ્યું છે, આ વનજ્યોત્સ્ના તે સહકાર(આમ્રવૃક્ષ)ની સ્વયંવરવધૂ બની છે- એમ કહેવાયું હતું, અને તેને સહકારનું અવલમ્બન મળ્યાની વાત કહેવાઈ હતી, તેવું સંશ્લિષ્ટ જીવન અહીં ચરિતાર્થ થતું જોવા મળી રહ્યું છે. શિકારી બનીને દુષ્યન્તને મૃગ મળે તોય તે મૃત કે ઘાયલ મૃગ જ હોવાનું, અર્થાત્ તે શિકારી તરીકે તો શકુન્તલાને પામી શકવાનો જ નથી, હરિણી-સ્વરૂપા ભોળી (નિષ્પાપ, નિર્દોષ) શકુન્તલાને પામવા માટે તો તેણે પણ વિશ્વનીય (સુગન્ધ) હરિણ બનવું પડશે, (''સૌન્દર્યને પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે''- કલાપી) કેમકે તેણે ભલે ટોણો મારવા માટે ઉચ્ચારેલું વચન सर्वः सगन्धेषु विश्वसिति । द्वावपि अत्रारण्यकौ । (= સમાન ગન્ધવાળા સમાન ગન્ધવાળામાં વિશ્વાસ કરે છે, તમે બન્ને જંગલમાં રહેનારાં છોને.), આજે તેને એ પરમ સત્ય સ્વરૂપે પૂરેપૂરું આત્મસાત્ થઈ ગયું છે. અનાગસ હરિણી જેવી પ્રેમાળ પત્ની શકુન્તલાનું અને પોતાનું આવું (સગન્ધમૃગ સ્વરૂપ બની રહેવાનું) અભિનવ ''અભિજ્ઞાન'', વીંટી મળવાથી મળેલા (આ મારી પરિણીતા પત્ની છે - એ રીતના) અભિજ્ઞાન કરતાં વધુ સૂક્ષ્મ અને ઉન્નતતર છે, જે દર્શાવવું કાલિદાસને અભીષ્ટ છે, જેને તેમણે (ચિત્રસ્થ) હરિણ અને હરિણીના પ્રતીક દ્વારા કલાત્મક રીતે વ્યંજિત કર્યું છે.[૩૭]

(૩) નાટકમાં દ્વિવિધ કૌતુકોનું આધાન અન શકુન્તલા માટે વપરાયેલાં વિવિધ પક્ષીઓનાં પ્રતીકો :- શકુન્તલાને નાટે પ્રયોજાયેલાં કમળ અને હરિણનાં પ્રતીકોને જોયા પછી, તેને માટે પ્રયોજેલાં પક્ષીઓનાં પ્રતીકો ઉપર પણ વિચાર કરીશું. આ ચર્ચાના આરંભે કહ્યું છે કે કાલિદાસે પિતા કણ્વને પોતાની પુત્રીના કોઈક અજ્ઞાત દુર્દૈવને શમાવવા માટે, સોમતીર્થની યાત્રાએ ગયેલા કહ્યા છે. આ સાંભળીને પ્રેક્ષકોના મન ઉપર એક લાંબા ગાળા સુધી (પહેલા અંકથી માંડીને સાતમા અંક સુધી) સક્રિય રહેનારું છૂપું કૌતુક ગોઠવ્યું છે. કાલિદાસે આ વિશે પ્રકટપણે કશુંય કીધું નથી, અને ઉપલક દૃષ્ટિએ વિચારીએ તો દુર્વાસાનો શાપ તે શકુન્તલાના ભાવિમાં છુપાયેલું દુર્દૈવ છે.[૩૮] અને શચીતીર્થમાં વંદન

---

૩૭. નાટકના આરંભે દુષ્યન્તને જે પુત્રપ્રાપ્તિના આશીર્વાદ આપવામાં આવ્યા છે તેના ચારિતાર્થ્યને બતાવતાં પહેલાં, તે આશીર્વાદ મૃગને નહીં મારવાની શરતે અપાયા હતા, તેને સ્મરણપટમાં લઈને જોઈએ તો ઉપર્યુક્ત સ્વરૂપનું (હરિણના પ્રતીક દ્વારા વ્યક્ત કરેલું) શકુન્તલાનું આભ્યન્તર અભિજ્ઞાન નાયકને છઠ્ઠા અંકમાં મળે છે. અને ત્યાર પછી જ, સાતમા અંકમાં દુષ્યન્તને માતા શકુન્તલા સહિતનો સર્વદમન ભરત મળે છે - તે નોંધપાત્ર છે.

૩૮. દુર્વાસાનો શાપ એ દુર્દૈવ જ હતું. શકુન્તલાએ પોતે પણ તેને પોતાના ગતજન્મના કોઈક ''પુરાકૃત કર્મ'' રૂપે જ ઓળખાવ્યું છે. કવિએ પોતે તેને કશા અપરાધની સજા રૂપે રજૂ કર્યું નથી. શકુન્તલાને તો અન્ત સુધી એની ખબર જ નથી કે તેને કોઈ શાપ મળ્યો છે, તેથી તેણે પશ્ચાતાપ કરવાની વાત કરવી પણ અસંગત છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કરતી વેળાએ શકુન્તલાના હાથમાંથી સરકી ગયેલી વીંટીને માછલીએ ત્યારે ત્યાં આવીને ગળી લીધી, જે કાળે કરીને માછીમાર પાસે પહોંચીને, અન્તે દુષ્યન્તના હાથમાં આવે છે, તે સોમતીર્થની યાત્રાનું ફળ છે. આ સાચું હોય તો પણ કાલિદાસની સર્જકચેતનાએ જ્યારે નિસર્ગકન્યા શકુન્તલાની જીવન-કહાની સર્વતોભાવેન નિસર્ગનાં પ્રતીકોથી જ કહેવાની નાટ્ય-નિરૂપણ-શૈલી સ્વીકારી છે ત્યારે તે દુર્દૈવ અને તીર્થયાત્રાના ફળને પણ નિસર્ગનાં પ્રતીકોથી જ નિરૂપાતાં બતાવવાં જોઈશે.

શકુન્તલા એવું નામ યૌગિક છે. મૈથિલી પાઠના ટીકાકાર શંકર કહે છે કે મહાભારતના આદિપર્વમાં જણાવ્યું છે તે મુજબ,

निर्जने भुवने यस्मात् शकुन्तैः परिवारिता ।
शकुन्तलेति नामास्याः कृतं चापि ततो मयेति ॥[૩૯]

અર્થાત્ માતા મેનકા પુત્રીને જન્મ આપીને તરત જ સ્વર્ગમાં જતી રહી હતી. જમીન ઉપર પડેલી તે બાળકીને રુદન કરતી જોઈને, વન-ઉપવનનાં પક્ષીઓ તેને ઘેરી વળ્યાં અને કલરવ કરી મૂક્યો. જેનાથી નજીકમાં રહેતા કણ્વમુનિ ત્યાં ખેંચાઈ આવ્યા, તેમણે આ બાળકીને શકુન્તો(પક્ષીઓ)થી પરિરક્ષિત જોઈને, તેનું નામ શકુન્તલા રાખી દીધું. આમ નિસર્ગકન્યા બનેલી શકુન્તલાની જીવનકથા નિસર્ગનાં પ્રતીકોથી જ કહેવાવી જોઈએ તેવું કાલિદાસની સર્જકપ્રતિભાએ નક્કી કરી લીધું જણાય છે. ત્રીજા અંકમાં, (ક) નાયક-નાયિકાનો ગાન્ધર્વ-વિવાહ વર્ણિત છે, ત્યાં અન્તે તે બન્નેને છૂટા પાડવા માટે નેપથ્યોક્તિથી કહેવામાં આવે છે કે- ''ચક્રવાકવધૂ ! તારા સહચરની રજા લઈ લે, કેમકે રજની ઉપસ્થિત થઈ રહી છે.'' અહીં કવિએ ચક્રવાક પક્ષીનો ઉપયોગ કર્યો છે. તે પછી ચતુર્થાંકમાં, પતિગૃહે સંચરી રહેલી શકુન્તલાને માર્ગમધ્યે જોવા મળે છે કે એક ચક્રવાકને એની પ્રિયા ચક્રવાકી બોલાવે છે, પણ મોઢામાં ગ્રાસ ભરીને ઊંચી ડોકે તે જતી શકુન્તલાને જોઈ રહ્યો છે, તેથી તે પોતાની ચકવીને પ્રત્યુત્તર નથી આપતો. અને પેલી ચકવી એક કમળપત્રની જ આડશે ઊભેલા ચકવાને નહીં દેખી શકતી હોવાને કારણે ક્રંદન કરી ઊઠે છે. એ જોઈ, કવિ શકુન્તલા પાસે કહેવડાવે છે કે – ''હું કંઈક દુષ્કર કાર્ય કરી રહી છું'' એમ લાગે છે. આ પ્રસંગની વ્યંજના બહુ માર્મિક છે. શકુન્તલાને એના આર્ષદ્રષ્ટા પિતાએ કે બે સખીઓએ એને દુર્વાસાનો શાપ મળ્યો હોવાનું કહ્યું નથી, પણ જો શકુન્તલા નિસર્ગની કન્યા હોય તો નિસર્ગના પ્રતિનિધિ એવા ચક્રવાક-યુગલે તો સૂચવી જ દીધું છે, ઉપર્યુક્ત શબ્દોથી શકુન્તલાએ તે ગૂઢ પામવાની મથામણ પણ કરી છે કે પતિગૃહે પહોંચ્યા પછી તેની સાથે શું થશે ? (ખ) દુર્વાસાનો શાપ પામેલી અને તે વાતથી અનભિજ્ઞ શકુન્તલા દુષ્યન્તની સામે પહોંચે છે ત્યારે તે એને યાદ કરી શકતો નથી. ''દુષ્યન્તસ્ય'' નામધેયાંકિતા રાજમુદ્રા તેની આંગળીએથી ક્યાંક સરકી ગઈ છે, અને તે બેનો પરિણય થયા હોવા અંગેનું કોઈ અભિજ્ઞાન કે પ્રત્યક્ષ પ્રમાણ તો છે નહીં. ત્યારે શકુન્તલા પતિ-પત્ની વચ્ચેની એકાન્તમાં બનેલી વાતનું સ્મરણ

૩૯. અભિજ્ઞાનશકુન્તલમ્, (મૈથિલ-પાઠાનુગમ્), (શંકર-નરહરિકૃતાભ્યાં ટીકાભ્યાં સંવલિતમ્), સં. રમાનાથ ઝા, મિથિલા વિદ્યાપીઠ, દરભંગા, ૧૯૫૭.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અપાવવા કોશિશ કરે છે. પણ તે પ્રયાસ પણ વ્યર્થ જાય છે અને ઉપરથી દુષ્યન્ત તેને પરભૃતિકા (પોતાનાં બચ્ચાંને પારકાનાં ઘરે ઉછેરવા મૂકી આવનારી કોયલ) કહી દે છે. શકુન્તલા તો દુષ્યન્તનું જ તેજ પોતાના ગર્ભમાં લઈને આવી હતી, છતાંય તેને પોતાના પતિના મુખેથી જ ''પરભૃતિકા'' શબ્દની ગાળ સાંભળવી પડી. પિતા કણ્વે જોયેલું દુર્દૈવ તે આમ પરભૃતિકા પક્ષીના નિમિત્તે પ્રકટે છે. (ગ) સોમતીર્થની યાત્રાનું ફળ શું મળ્યું ? તો, છઠ્ઠા અંકમાં માછીમાર પાસેથી રાજમુદ્રા મળી જતાં દુષ્યન્તને શકુન્તલા યાદ આવી ગઈ. હવે વિરહમાં સંતપ્ત રાજા શકુન્તલાના અધૂરા દોરેલા ચિત્રમાં પૂર્તિ કરવા માટે શું શું વિચારે છે તે કહેતો શ્લોક ઉપર મૂકેલો છે. તેમાં તેણે જણાવ્યું છે કે ચિત્રસ્થ શકુન્તલાની આસપાસ જળથી ભરેલી માલિની નદી બનાવવી છે અને તેના રેતાળ પટમાં એક હંસ અને હંસલી પરસ્પરમાં ગેલ કરતાં હોય તેવું બનાવવું છે. આપણે જાણીએ છીએ કે ભારતીય સંસ્કૃતિમાં હંસ-હંસીને જીવાત્મા અને પરમાત્માનાં પ્રતીક મનાયાં છે. તો હવે વિરહી રાજા પોતાના ભાવિ દામ્પત્યજીવનમાં શકુન્તલા સાથે હળી-મળીને, એક થઈને રહેવાનો સંકલ્પ આ હંસયુગલના પ્રતીક દ્વારા ઉદ્‌ઘોષિત કરી રહ્યો છે. આ છે પિતા કણ્વની સોમતીર્થની યાત્રાનું સુફળ ! (ઘ) વિવિધ પક્ષીઓનાં પ્રતીકોથી શકુન્તલાની સાદ્યન્ત જીવનકથાનું નાટ્યાત્મક નિરૂપણ કાલિદાસ કરી રહ્યા છે ત્યારે, એ સર્જકપ્રતિભાએ આ સમગ્ર પક્ષીઓની પ્રતીકમાળાનો ચરમ પ્રકર્ષ ક્યાં પ્રકટાવ્યો છે ? એ જાણવું રસપ્રદ રહેશે. આને માટે સાતમા અંકને જોવો જોઈશે, દુષ્યન્ત-શકુન્તલાનો પુત્ર સર્વદમન રમવા માટે એક સિંહબાળને પકડી લાવ્યો છે. મારીચાશ્રમની તાપસીઓ સિંહણના ડરથી તેને છોડી દેવા વિનવે છે અને વિકલ્પે તેને રંગોથી રંગેલો એક મૃત્તિકા-મયૂર લાવી આપવામાં આવે છે ! આમ પહેલા ચક્રવાક પક્ષી, પછી પરભૃતિકા, પછી હંસ-હસીનું યુગલ અને છેલ્લે આપણા રાષ્ટ્રિય પક્ષી મયૂરને ગોઠવીને કવિકુલગુરુ કાલિદાસે પોતાની સર્જક-પ્રતિભાની પરાકાષ્ઠા સિદ્ધ કરી છે. આ નાટકના શીર્ષકમાં શકુન્તલાનું નામ મૂકીને, ક્રાન્તદ્રષ્ટા કવિએ ''શકુન્તોથી રક્ષાયેલી નિસર્ગકન્યા શકુન્તલાની જીવનકથા વિવિધ પક્ષીઓનાં પ્રતીકો સિવાય બીજા કશાથી ન જ કહી શકાય'' એમ જે જોયું છે તે સાચું જોયું છે.

[૩]

અભિજ્ઞાનશાકુન્તલ નાટકની મૂળકથા મહાભારતના શકુન્તલોપાખ્યાનમાંથી લેવામાં આવી છે. પણ આગાઉ કહ્યું છે તેમ તે દુઃષન્ત અને શકુન્તલાની કેવળ (શરતી) વિવાહકથા છે, જેને એક અદ્‌ભુત પ્રણયકથામાં ફેરવવાનું ચમત્કારિક કાર્ય કાલિદાસની સર્જકપ્રતિભાએ કર્યું છે. તથા મહાભારતની કથામાં માત્ર ત્રણ પાત્રો જ ઉલ્લેખાયાં છે. જેમકે, કણ્વ મુનિ, પાલક પુત્રી શકુન્તલા અને શિકારે નીકળેલો દુષ્યન્ત. કાલિદાસે આ ત્રણ પાત્રો સિવાય બીજાં જે પાત્રો વિચાર્યાં છે તે તેમની સર્જકપ્રતિભાએ કલ્પેલી પાત્રસૃષ્ટિ છે. જેમાં, શકુન્તલાના વ્યક્તિત્વની બે મીરર-ઇમેજ જેવી પ્રિયંવદા અને અનસૂયાની સખી-બેલડી, અને તેના જેવી જ, બીજી પણ અનેક બેલડીઓ(ઇત્યાદિ)ને આગળ ધરી શકાય. પણ જિજ્ઞાસા તો એવીય

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

થાય કે આ નાટકમાં નિરૂપાયેલી માનવોની પાત્રસૃષ્ટિ ઉપરાંત કાલિદાસે માનવેતર જે પશુ, પક્ષી, લતા-વૃક્ષાદિની સૃષ્ટિ સર્જી છે તે તેઓ ક્યાંથી લાવ્યા હશે ? તો, મહાભારતની તે કથાને ફરીથી અવલોકીશું તો જણાશે કે કાલિદાસને આ ભ્રમર, મૃગ, માલિની નદી અને કિનારે ફેલાયેલા વનની લતાઓ, વૃક્ષાદિની સૃષ્ટિ પણ ત્યાંથી જ મળી છે. કાલિદાસે આવાં ભ્રમરોના ગુંજારવોથી ભરેલા વનમાં દુષ્યન્ત-શકુન્તલા વચ્ચે કેવી રીતે પ્રણય પાંગર્યો હશે તે પોતાની ક્રાન્તદૃષ્ટિએ જોયું હશે. હવે ત્રીજો પ્રશ્ન થશે કે કાલિદાસે તે નૈસર્ગિક પદાર્થોનો વિનિયોગ કેવી રીતે કર્યો છે ? તો, નાટકમાં દુષ્યન્ત અને શકુન્તલાની પ્રણયકથા તો રંગભૂમિ ઉપર ક્રમશઃ પ્રસ્તુત થઈ રહી છે, પરન્તુ તેની સાથો સાથ પૃષ્ઠભૂમિમાં તે જ પ્રણયકથા નિસર્ગમાં પણ ચાલી રહી છે તેવું કાલિદાસે વારે વારે બતાવ્યું છે. જેમકે, ૧. નવમાલિકા અને સહકાર વૃક્ષનો સ્વયંવર, ૨. જન્મ આપીને જેની માતા મરી ગઈ હતી અને જેને શકુન્તલાએ પોતાના હાથે ઉછેર્યો હતો એવો દીર્ઘાપાંગ નામનો મૃગપોતક એક તરફ, તો બીજી તરફ શકુન્તલાને જન્મ આપીને, તેને તરછોડીને, મેનકાનું સ્વર્ગમાં પાછા ચાલ્યા જવું, ૩. એક તરફ ગર્ભમંથરા હરિણીને જોઈને તે અનઘપ્રસવા થશે કે નહીં ? તેની ચિન્તા, તો બીજી તરફ આપન્નસત્ત્વા શકુન્તલાનું પતિગૃહે પ્રયાણ કરવું..... ઇત્યાદિ. એક પાર્શ્વમાં માનવજીવનનો પ્રવાહ, તો બીજા પાર્શ્વમાં તેને મળતો આવતો નિસર્ગસ્થિત લતા-વૃક્ષ અને પશુ-પક્ષીઓનો જીવનપ્રવાહ ! એક જ રંગમંચ ઉપર બબ્બે સૃષ્ટિઓ સજીવ સાકાર કરીને, તેનો પણ અભિનય બતાવાઈ રહ્યો છે. તથા ચમત્કાર સર્જતા હોય તેમ આપણા સર્જક-કવિ શકુન્તલા સાસરે જતી હોય ત્યારે તેને માટે વૃક્ષો અળતાનો રસ વહાવે, શાખાબાહુઓમાંથી પાનેતર અને અલંકારોની ભેટ પણ મોકલાવે છે, અને શકુન્તલાના વિરહમાં નિસર્ગસમસ્ત પણ વિષાદગ્રસ્ત થઈ જાય છે, મયૂરો નૃત્ય છોડી દે, મૃગલાંઓ ઘાસનો કોળિયો ત્યજી દે - એમ કહીને, માનવ અને નિસર્ગનું અદ્વૈત પણ રચી દે છે ! માનવ અને નિસર્ગને આપણે આધુનિકોએ[૪૦] જુદાં વિચાર્યાં છે, કાલિદાસે નહીં,[૪૧] જો દુષ્યન્ત-શકુન્તલા જેવા માનવો નિસર્ગથી અવિભાજ્ય અને અનિતર હોય, તો તેમની પ્રણયકથા પણ નિસર્ગવિહોણી કેવી રીતે હોય ? તેથી શકુન્તલાની જીવનકથા-ના વ્યંજક તરીકે ગોઠવાયેલાં પ્રતીકો નિસર્ગમાંથી લીધાં છે. આ વ્યંજક તત્ત્વો શાશ્વત નિસર્ગમાંથી લેવાયેલાં હોઈને, આ નાટક સાર્વભૌમ પણ બન્યું છે અને સાર્વયુગીન પણ બન્યું છે. અભિજ્ઞાનશાકુન્તલની કાલજયિતાનું રહસ્ય આમાં ઓતપ્રોત થયેલું છે.

[૪]

કાલજયી સર્જકતાની આલોચના કરતાં હોઈએ ત્યારે, આ નાટકના બાહ્ય શિલ્પની કલાત્મકતા વિશે પણ છણાવટ કરવી જોઈએ. આ નાટકમાં સાત અંક આવેલા છે. તેની ગૂંથણી એક કંઠાભરણ રૂપ માળા જેવી છે - અમ મારા ગુરુવર્ય પ્રોફેસર શ્રીપરમાનન્દભાઈ સી. દવેસાહેબ (હ. કા. આર્ટ્સ કોલેજ)નું કહેવું

---

૪૦. બાઈબલને પ્રભુનો શબ્દ માનનારી પશ્ચિમી પ્રજાએ.

૪૧. ભારતીય સંસ્કૃતિએ પણ નહીં.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

છે. તેમણે ''શાકુન્તલનું કલાવિધાન'' નામના એક લેખ[૪૨] માં જણાવ્યું છે કે – ''નાટકની અંક રચનામાં એક સુન્દર ભાત ઉપસી આવી છે. પહેલા, ત્રીજા, પાંચમા અને સાતમા અંકોમાં બન્ને નાયક-નાયિકા આવે છે, જ્યારે વચ્ચેના બીજા, ચોથા અને છઠ્ઠા અંકોમાં તેમાંથી એક જ પાત્ર આવે છે. તેમાંય બીજા અને છઠ્ઠા અંકોમાં માત્ર નાયક જ છે, જ્યારે વચ્ચેના ચતુર્થ અંકમાં માત્ર નાયિકા[૪૩] જ છે. આમ અંકોની સુંદર બુટ્ટાવાળી હાર જેવી સમતુલાવાળી આકૃતિ ઊભી થઈ છે.'' આ જ દર્શનનો વિસ્તાર કરીને ઉમેરવું જોઈએ કે એક તરફ પહેલા ત્રણ અંકો છે, જેમાં દુષ્યન્ત-શકુન્તલાનો સંયોગશૃંગાર નિરૂપવામાં આવ્યો છે, તો અન્તિમ ત્રણ અંકોમાં વિપ્રલમ્ભ શૃંગાર અને પૂર્ણ મિલનને આકારિત કરેલ છે. આ બન્ને પ્રકારના ત્રણ ત્રણ અંકોની વચ્ચે, મધ્યેમણિ-ન્યાયથી, ચોથો અંક વિરાજે છે. આ અંકમાં પુરુષ અને સ્ત્રીનો પ્રેમ નથી આલેખવામાં આવ્યો, પણ પિતા-પુત્રીનો વાત્સલ્ય પ્રેમ, અથવા આપણે જેને ''વ્હાલનો દરિયો'' કહીએ છીએ, તે હિલોળા લઈ રહ્યો છે !

માનવજીવનના નિખિલ પ્રેમના નિરૂપણનો મુદ્દો જોયા પછી, આ નાટકના બાહ્ય શિલ્પની કલાત્મકતાને પણ પામવાનો સ્વતન્ત્ર ઉપક્રમ કરવો જરૂરી છે. ધ્યાનથી જોતાં આ નાટકમાં કાલિદાસની સર્જકચેતના એક વિશિષ્ટ નાટ્યનિરૂપણ શૈલીને આકારિત કરવા ઉદ્યત થયેલી જણાય છે. આ વિશિષ્ટ શૈલી એક તરફ, નાટકનાં લક્ષ્ય, સમસ્યા અને કૌતુકની સાથે સમ્બદ્ધ વિવિધ પ્રતીકો અને બીજી તરફ, રૂપ-પ્રતિરૂપની યોજના. કાલિદાસે આ નાટકના પૂર્વાર્ધમાં એક રૂપની સામે, નાટકના ઉત્તરાર્ધમાં બીજું પ્રતિરૂપ ખડું કર્યું છે. વળી, આશ્ચર્ય એ પણ છે કે આ નાટ્યનિરૂપણ શૈલીને સાદ્યન્તપણે મૂકવામાં આવી છે. જેમકે, ૧. પ્રથમાંકમાં કણ્વાશ્રમમાં શિકારી રાજાનો પ્રવેશ થાય છે, તો તેની સામે સપ્તમાંકમાં મારીચ ઋષિના આશ્રમમાં દાનવહન્તા ઇન્દ્રસખા દુષ્યન્તનો પ્રવેશ થાય છે. ૨. પ્રથમાંકમાં ''ન હણશો, ન હણશો, આ આશ્રમનો મૃગ છે'' – તેવા રૂપની સામે, સાતમા અંકમાં શકુન્તલાનો પુત્ર સર્વદમન સિંહબાળને રંજાડી રહ્યાનું કહેવામાં આવ્યું છે. અહીં મારીચ ઋષિના આશ્રમની તાપસીઓ ''અરે, તું ચાપલ ન કરીશ, ચાપલ ન કરીશ'' એવી ગભરામણભરી બૂમો સંભળાવે – તેવું પ્રતિરૂપ મૂકવામાં આવ્યું છે. ૩. પ્રથમાંકમાં, દુષ્યન્ત શાન્ત આશ્રમમાં પ્રવેશતી વખતે તેનો દક્ષિણ હસ્ત ફરકી રહ્યાનું અનુભવે છે, તેની સામે સપ્તમાંકમાં પણ તે મારીચ ઋષિના આશ્રમમાં પ્રવેશતી વેળાએ બાહુસ્પંદન અનુભવે છે. પ્રથમાંકમાં શકુન્તલા (પદ્મિની)ના વદનકમળ ઉપર ગુંજારવ કરતો ભ્રમર ફરવા માંડે છે, ત્યારે દુષ્યન્ત તેની અસૂયા કરે છે અને પ્રતિસ્પર્ધી બનીને, તેને દૂર હટાવવા દોડી જાય છે. આ એક રૂપની સામે ષષ્ઠાંકમાં ચિત્રસ્થ શકુન્તલાના વદન ઉપર ભ્રમરને ફરતો જોઈને, રાજા તેને તેની ''તરસી હોવા છતાંય તારા વિના મધુ નથી પીતી'' મધુકરી દેખાડે છે. અને કહે છે કે આમતેમ શું ભટકયા કરે છે, જા તું તારી મધુકરીની

---

૪૨. જુઓ :- મહાકવિ કાલિદાસ, સં. પ્રિં. યશવન્ત શુક્લ, પ્રકાશક – ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૩, પૃ. ૩૮ થી ૪૯ (તેમના સમગ્ર લેખોનો સંગ્રહ જોવા માટે સંસ્કૃતનાટ્યમંડપે પરમાનન્દઃ, સં. વસન્ત ભટ્ટ, પ્રકા. સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૧૦ જોવા અનુરોધ છે.)

૪૩. ગુરુવર્યને અહીં ''પુત્રી'' એમ કહેવું અભીષ્ટ હશે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સાથે રહીને મધુપાન કર. અહીં તે ભ્રમરનો ઉપદેષ્ટા બનીને રજૂ કરવામાં આવ્યો છે. ૪. બીજા અંકના આરંભે હારેલો થાકેલો અને શિકારી રાજાની મૈત્રીથી કંટાળેલો વિદૂષક પ્રવેશ કરે છે. પણ અંકના અન્તે તે ''હવે તો હું યુવરાજ જ બની ગયો'' એમ બોલતો, ખુશ થતો રંગમંચ ઉપરથી વિદાય લે છે. આવા દશ્યના એક રૂપની સામે, તેના જ પ્રતિરૂપ જેવું દશ્ય ષષ્ઠાંકના પ્રારંભે મૂકવામાં આવ્યું છે. અહીં પણ ધીવર (માછીમાર)ને મગરરક્ષકો મારે છે, ઝૂડે છે, માર્ગ પર ઢસડે છે. તેની રો-કકળ સંભળાય છે. પણ અન્તે તે વ્યક્તિ ય રાજપારિતોષિક પામે છે. (કેમકે તેણે મેળવી આપેલી રાજમુદ્રા-અભિજ્ઞાનથી દુષ્યન્તને પોતાની પ્રિયા પત્નીનું પુનઃ સ્મરણ થઈ આવે છે.) માછીમાર પણ ''રાજાએ શૂળીએથી ઉતારીને, જાણે મને હસ્તિસ્કંધ ઉપર સવાર કરી દીધો છે'' એવું બોલતો બોલતો રંગમંચ ઉપરથી વિદાય લે છે. ૫. (કાશ્મીરી, મૈથિલી અને બંગાળી વાચનાનુસારી) ત્રીજા અંકમાં પુષ્પની પરાગરજથી કલુષિત થયેલ શકુન્તલાના નેત્રને દુષ્યન્ત પોતાના વદનમારુતથી પ્રમાર્જિત કરી દે છે. તેવા રૂપની સામે, ષષ્ઠાંકમાં શકુન્તલા જેમાં દોરેલી છે તે ચિત્રફલકમાં મૃગના શિંગડા ઉપર મૃગલી પોતાનું વામનેત્ર ખંજવાળતી હોય તેવું ચિત્ર દોરવાની દુષ્યન્ત ચાહત વ્યક્ત કરે છે તેવું પ્રતિરૂપ રજૂ કરે છે. ૬. ત્રીજા અંકના અન્તે સાયંકાળ થતાં જ ભયપ્રદ રાક્ષસોનાં ટોળાં ઉમટી પડે છે અને રાજા દુષ્યન્ત યજ્ઞરક્ષાર્થે ધનુષ્ય-બાણ ઉઠાવે છે. આની સામે, ષષ્ઠાંકના અન્તભાગે માતલિની પકડમાં ફસડાઈ પડેલો વિદૂષક બૂમો પાડે છે અને રાજા દુષ્યન્ત તેની મુક્તિ માટે ધનુષ્ય-બાણ ઉઠાવે છે - તેવું પ્રતિરૂપ ગોઠવવામાં આવ્યું છે. આમ પહેલાં સંભોગ શૃંગારને રોકવા વીર રસનું અવલંબન લેવાય છે, અને પછી વિપ્રલંભ શૃંગારને રોકવા માટે વીર રસનું આશ્રયણ લેવાય છે - એમ કહી શકાય. ૭. પહેલાં ત્રણ અંકોમાં કણ્વદુહિતા શકુન્તલા રજૂ થાય છે, તો અન્તિમ ત્રણ અંકોમાં દુષ્યન્ત પરિણીતા પત્ની શકુન્તલા પ્રેક્ષકોની સામે રજૂ થાય છે. નિષ્કર્ષતઃ કહીએ તો, કાલિદાસની સર્જકપ્રતિભાએ નાટકના પૂર્વાર્ધને જ આવર્તિત કરીને, ઉત્તરાર્ધમાં નવા રૂપે, નવા અભિજ્ઞાન સાથે પ્રકટાવ્યો છે ! શકુન્તલાના અભિજ્ઞાનની સમસ્યા લઈને પ્રવર્તાવેલું નાટક ઉત્તરાર્ધમાં દુષ્યન્તને પોતાના અને શકુન્તલાના મળેલાં સાચાં અભિજ્ઞાનો સાથે સુસંવાદ સાધીને જ સમાપ્ત થાય છે.

[૫]

કાલિદાસનાં નાટકોની કાલજયિતાનો દસ્તાવેજીય પુરાવો :- અગાઉ જણાવ્યું છે તેમ રામાયણ-મહાભારતાદિ જેવા ઇતિહાસ-ગ્રન્થોમાં આવેલાં કેટલાંક કથાનકો પોતે શાશ્વત સમસ્યાથી ભરેલાં છે, જેથી તે વસ્તુકંકાલોમાં અનુગામી કાળના કવિઓને તેમાં નવા રસકસ ભરીને તેમને પુનઃ પુનઃ નવપલ્લવિત કરી શકાતાં હોય છે. આમાં અનુગામી કવિઓનો મહિમા કરવાની સાથે, તે તે ઇતિહાસપ્રસિદ્ધ ચિરંજીવ વસ્તુકંકાલોનો મહિમા વિસરાવો ન જોઈએ. જેમ મહાભારતનું શકુન્તલા-ઉપાખ્યાન એક પુરુષે કરેલું તેની પરિણીતા પત્નીનું પ્રત્યાખ્યાન પોતે એક શાશ્વત સમસ્યા લઈને બેઠેલું હોઈને જ કાલિદાસ તદ્દન નવા જણાતાં અભિજ્ઞાનશાકુન્તલ નાટકની રચના કરી શક્યા છે. પરન્તુ, હવે, નોંધવા જેવી હકીકત એવી પણ બની છે કે કાલિદાસે આપેલું નાટ્યકથાનક પણ એટલું ચિરંજીવ આપ્યું છે કે તેણે દરેક યુગના અને દરેક ભૂગોળના રંગકર્મીઓને પોતે પોતાની નવી નવી રંગાવૃત્તિઓ (સ્ટેજ વર્ઝન્સ) બનાવવાને મોકળું મેદાન

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પૂરું પાડ્યું છે. જેનો પુરાવો તે દેશ-વિદેશના હસ્તલિખિત ભંડારોમાં સંગ્રહીત (પ્રાચીન અને મધ્યકાળમાં લખાતી કાશ્મીરની શારદા, મહારાષ્ટ્રની મોડી, બિહારની કૈથી અને મૈથિલી, ઉડિયા, તમિળનાડુની ગ્રન્થ, કર્ણાટકની નંદીનાદરી, તેલગુ, મળયાલમ, જૂની જૈન દેવનાગરી આદિ લિપિઓમાં લખાયેલી) આ નાટકની પંચ શતાધિક હસ્તપ્રતો છે. તેમાં વાંચવા મળતાં પાઠાન્તરો કે પ્રક્ષેપો એ માત્ર કોઈ લહિયાના પ્રમાદ કે અજ્ઞાનથી જન્મેલાં હોય તેવું નથી. તેમાં તો નવા સંવાદો, અરે નવાં દશ્યો અને પ્રચલિત કે પ્રસિદ્ધ દશ્યોના ક્રમાંકો પણ આગળ પાછળ કરવામાં આવેલા છે-તેમ વ્યાપક રૂપે જોવા મળે છે. તથા શૌરસેની પ્રાકૃત ઉક્તિઓનું મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રૂપાન્તરણ પણ જોવા મળે છે. આવાં પાઠાન્તરો, પ્રક્ષેપો અને પ્રાકૃત ઉક્તિઓની કાયાપલટ-એ હકીકતને સૂચવી રહ્યાં છે કે કાલિદાસનાં આ ત્રણેય નાટકો સમગ્ર દેશમાં દરેક કાળમાં નવા નવા અવતારે અનેકવાર સદૈવ ભજવાતાં રહ્યાં છે. કાલિદાસના મૂળભૂત નાટકની ટેક્સ્ટ(મૌલિક પાઠ)ની આ રીતની (= અભિનેય કાવ્ય તરીકેની) પણ કાલજયિતા પ્રમાણવી જોઈએ. (આ સન્દર્ભે મારા નવા ગ્રન્થ ''અભિજ્ઞાનશકુન્તલા નાટકસ્ય પંચરંગાવૃત્તયઃ'' ને જોવા અનુરોધ છે. પ્રકાશક :- રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી, ૨૦૨૦)

[૬]

અભિજ્ઞાનશકુન્તલા નાટકનો ચતુર્થાંક

સમગ્ર નાટકના સન્દર્ભમાં, ચોથા અંકનું અતિવિરલ વૈશિષ્ટ્ય છે - તેથી કાલિદાસની સર્જકપ્રતિભાનો જેમાં સવિશેષ ઉન્મેષ જોવા મળે છે તે પણ અનુપેક્ષ્ય છે, જેથી તેની સ્વતન્ત્રપણે ચર્ચા કરવી જોઈશે :- સાત અંકોવાળા આ નાટકમાં એક તરફ પહેલા ત્રણ અંક છે, જેમાં સંયોગ શૃઙ્ગારને નિરૂપ્યો છે. તથા છેલ્લા ત્રણ અંકોમાં વિપ્રલમ્ભ શૃઙ્ગાર અને પૂર્ણમિલનયુક્ત સંયોગ શૃઙ્ગારને આલેખ્યો છે. આ ત્રણ ત્રણ અંકોની વચ્ચે વિરાજેલો ચતુર્થ અંક પિતા-પુત્રીના વાત્સલ્ય પ્રેમને નિરૂપે છે. માનવીય સંવેદનાનો પ્રબળતમ ઉદ્રેક તે પ્રેમની સંવેદના સાથે સંકળાયેલો છે, સ્ત્રી-પુરુષના પ્રેમનું આલેખન દુનિયાભરના સાહિત્ય-સર્જકોએ કરેલું છે. પણ સ્ત્રી-પુરુષના પ્રેમનું આ આલેખન અધૂરું છે. કેમ કે કોઈ પણ સ્ત્રીના જીવનમાં એને પોતાના પિતા તરફથી જે પ્રેમ આરમ્ભિક વર્ષોમાં મળે છે, તેનું નિરૂપણ ક્યાંય જોવા મળતું નથી. દરેક સ્ત્રીને એના પિતા તરફથી મળતા સ્નેહને પણ સાહિત્યનો વિષય તો બનાવવો જ જોઈએ. આ એક હકીકત છે કે પિતા-પુત્રીના પ્રેમનું આલેખન કરનારા મહાકવિ કાલિદાસ પહેલા અને છેલ્લા જ કવિ છે. અભિજ્ઞાનશાકુન્તલના સર્જકની આ એક અપૂર્વતા અને અદ્વિતીયતા છે. કાલિદાસે આ અસ્પૃશ્ય રહેલા વિષયને પણ નાટ્યનો વિષય બનાવીને, માનવજીવનમાં અનુભવવા મળતી એક સર્વોત્કૃષ્ટ સંવેદનાને સર્વાઙ્ગીણ દષ્ટિ પૂરી પાડીને પ્રેમ-તત્ત્વનું અખિલાઈપૂર્વક નિરૂપણ કર્યું છે, જેથી પણ આ નાટક કાલજયી બની ગયું છે.

કાલિદાસે માલવિકાગ્નિમિત્ર અને વિક્રમોર્વશીય જેવી પુરોગામિની બન્ને નાટ્યકૃતિઓ પાંચ પાંચ અંકની બનાવેલી છે. પરન્તુ જે અભિજ્ઞાનશાકુન્તલ નામનું ત્રીજું નાટક છે, તે તો સાત અંકનું રચેલું છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આ સપ્ત અંકી નાટકનું જે અન્તર્ગૂઢ વિશિષ્ટ ઘાટવાળું શિલ્પ ઘડવામાં આવ્યું છે - તેમાં મહાકવિની સર્જકતા નિરખી શકાય છે. પહેલા અંક અને ત્રીજા અંકમાં શકુન્તલાની બે સખીઓ, અનસૂયા અને પ્રિયંવદાનું યુગલ, પાંચમા અંકમાં શકુન્તલાને પતિગૃહે મૂકવા આવેલા બે ઋષિકુમારો, શાર્ઙ્ગરવ અને શારદ્વતનું યુગલ, છઠ્ઠા અંકના પ્રારમ્ભે પરભૃતિકા અને મધુકરિકાનું યુગલ, તે પછી એ જ અંકમાં આવતી મેધાવિની (ચતુરિકા) અને પિંગલિકા (તરલિકા) નામની દાસીઓનું યુગલ,)કાશ્મીરી વાચનાનુસારી) સાતમા અંકના પ્રવેશકમાં બે નાકલાસિકાઓનું યુગલ, અને તે પછી, અંકના ઉત્તરાર્ધમાં મારીચ ઋષિના આશ્રમની બે ઋષિકુમારિકાઓ, સુવ્રતા અને સંયતાનું યુગલ - એ સૌ જાણે આ નાટકની અંકમાળામાં જુદા જુદા રંગના બબ્બે મણકાઓની સેર (શ્રેણિ) રૂપે પથરાયેલ છે.

પૂર્વાર્ધના ત્રણ અંકો અને ઉત્તરાર્ધના ત્રણ અંકોમાં આવતા એક એક પાત્રયુગલથી સાવ ભિન્ન એવો, પાંચ યુગલોનો એક સમૂહ ચોથા અંકમાં જોવા મળે છે. અહીં એક તરફ પાલક-પિતા કણ્વ અને આશ્રમ-માતા ગૌતમી છે અને બીજી તરફ અનસૂયા-પ્રિયંવદાનું સખીયુગલ રંગભૂમિ ઉપર હાજર હોવા ઉપરાંત શાર્ઙ્ગરવ અને શારદ્વત જેવા ઋષિકુમારોનું યુગલ પણ છે. તથા શકુન્તલાની વિદાય-વેળાએ ગર્ભમન્થરા મૃગલી અને શકુન્તલાએ ઉછેરેલા દીર્ઘાપાઙ્ગ નામના મૃગબાળનું યુગલ નજીક આવી ચઢે છે, તેમ વિષાદગ્રસ્ત થયેલું ચક્રવાક પક્ષીઓનું યુગલ પણ દૂરથી ડોકાઈ રહ્યું છે. અરે ! તે જે કણ્વાશ્રમના પ્રાંગણમાં ઊભી છે તેમાં એને સૌથી વધારે પ્રિય એવી નવમાલિકા નામની વેલી પણ પોતે સ્વયંવર રચીને, સહકાર-વૃક્ષની તે વધૂ બની છે, અને પતિપત્નીનું યુગલ રચીને ઊભી છે. અહીં મહાકવિએ નાટ્યાત્મક વક્રતા એવી સર્જી છે કે અનેક યુગલોની વચ્ચે ઊભેલી શકુન્તલા તો એકલી છે. તેણે પેલી સ્વયંવરવધૂ બનેલી નવમાલિકા પાસેથી જ પ્રેરણા લઈને, દુષ્યન્ત સાથે ગાન્ધર્વલગ્ન વિવાહ કર્યા. પણ તેનો પતિ એને સાથે નહોતો તેડી ગયો.[૪૪] પિતા કણ્વે તેને સાસરે વળાવવાની તૈયારીઓ કરાવી છે તેથી તપોવનના તરુ-દેવતાઓએ ભેટ ધરેલાં ક્ષૌમયુગલને પહેરીને ઊભેલી શકુન્તલા, આજે પતિગૃહે પહોંચીને પતિ-પત્નીનું યુગલ સાધવાના કોડ સેવી રહી છે ! પણ, બહુવિધ યુગલસમૂહથી વિદાય અપાઈ રહેલી શકુન્તલાને પોતાને માટે તો એ પ્રકારના (પતિ-પત્નીના) યુગલની સિદ્ધિ કષ્ટસાધ્ય છે.

તે પતિમુખ-દર્શનોત્સુક બની છે, પણ તેણે ચિર-પરિચિત પિતાની શીતળ છાયામાંથી બહાર નીકળવાનું છે. બીજી તરફ પિતાજીના મનમાંય મૂંઝવણો તો અનેક છે :- ''ક્યારેક ભર્તા(દુષ્યન્ત) રોષે ભરાશે ત્યારે દીકરીએ શું કરવું ઉચિત રહેશે, સપત્નીઓથી ભરેલા અન્તઃપુરમાં તેનાથી કેમ ઠરીઠામ થવાશે, અણદીઠેલા ભોગ-વિલાસ અનાયાસ મળી આવતાં તેના સ્વભાવની સંતુલના જળવાશે કે કેમ ?'' તો બીજી તરફ, જમાઈ એક રાજા હોવાથી ક્યાંક એવું તો નહીં થાય ને કે તે આ મુનિકન્યાને અપમાનિત

૪૪. બીજી કન્યા-વિદાયો કરતાં આ જુદી વિદાય હતી. સામાન્ય રીતે લગ્નવિધિ પૂરી થતાં વરકન્યાની વિદાય ગોઠવાય છે. પણ અહીં તેવું નથી.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કર્યા કરે ઇત્યાદિ ? અને તેથી તો, પોતે સંયમધની છે, તપોનિધિ છે તે વાતનું સ્મરણ કરાવવાનું પણ મુનાસિબ માને છે. અહીં, પરસ્પરથી વિખુટા પડતાં પિતા-પુત્રીનો, કાળજું વલોવી નાંખનારો સાર્વભૌમ અને સાર્વકાલિક જે ભાવસંઘર્ષ છે તે અંકની મધ્યે ગોઠવેલ છે. એવી જ રીતે, આશ્રમમાં રહેતી અન્ય તાપસીઓ સૌભાગ્યવાચિકા બનીને આવે છે અને સાસરે જતી શકુન્તલાને વારાફરતી ''વીરપુત્રને જન્મ આપનાર થજે'', ''ભર્તાને બહુમતા થજે'', અને ''મહાદેવી શબ્દને પ્રાપ્ત કરજે'' ઇત્યાદિ આશીર્વચનોની વૃષ્ટિ કરે છે, તો બીજી તરફ, સખીઓ તેના કાનમાં દહેશત વ્યક્ત કરતાં કહે છે કે જો ''રાજા પ્રત્યભિજ્ઞાન-મન્થર થાય તો આ અંગુલીયક કાઢીને બતાવજે.'' એક એક ક્ષણ વસમી બનીને આવે છે. આશ્રમબન્ધુ શાર્ઙ્ગરવ ઉતાવળ કરાવે છે કે વિદાયનું મુહૂર્ત વીતી જઈ રહ્યું છે. હસ્તિનાપુર જઈ રહેલો કાફલો પણ નીકળવા તત્પર થઈ ગયો છે.

ત્યારે, એ અન્તિમ, વિદાયની પળોમાં પુત્રી શકુન્તલાને અંદરથી કોરી ખાતો સવાલ ઊઠે છે કે - (કાશ્મીરી વાચનાનુસાર) ''હાથીઓના સમૂહમાંથી વિખુટી પડેલી નાની બાળ હાથણી જેવી હું ત્યાં હસ્તિનાપુરમાં કેવી રીતે જીવન ધારણ કરીશ ?'' [મૈથિલી આદિ અન્ય ચાર વાચનાનુસાર - ''મલયપર્વત ઉપરથી ઊખેડવામાં આવેલી ચન્દનલતા જેવી હું, ત્યાં (હસ્તિનાપુરમાં) કેવી રીતે જીવનને ધારણ કરી શકીશ ?''] એના પ્રત્યુત્તરમાં, પિતા કણ્વે કહ્યું :- ''દીકરી ! શીદને આમ ઉચાટ અનુભવે છે ? તું પતિગૃહે પહોંચીને ત્યાંની નવી જવાબદારીઓમાં પ્રતિક્ષણે રોકાયેલી રહીશ, અને આવતી કાલે, જેમ પૂર્વ દિશા સૂર્યને જન્માવે તેમ તું પણ પુત્રને જન્મ આપીશ. પછી તો તારો ખોળાનો ખૂંદનારો આવી જતાં તને મારા વિરહનું દુઃખ રહેશે જ નહીં.'' વળી, (કાશ્મીરી વાચનાનુસારી પાઠમાં, પૃ. ૪૯૨)-

अपि चेदमवधारय-

यदा शरीरस्य शरीरिणश्च पृथक्त्वम् एकान्तत एव भावि ।
आहार्ययोगेन विभज्यमान परेण को नाम भवेद् विषादी ॥४.३३॥

''એ પણ સમજી લેજે, ડાહી દીકરી ! કે શરીર અને શરીરીનો વિયોગ કોઈ એક દિવસ તો અવશ્ય થવાનો જ હોય છે. તેથી, કાલે તને એવો સંદેશ મળે કે હવે તારા પિતાજી નથી રહ્યા, તો દીકરી રડીશ નહીં. કેમકે જેમ કોઈ નટ પોતાનો ભાડે લાવેલો મુકુટ બીજે દિવસે મૂળ માલિકને પાછો સોંપતી વખતે, વિષાદ અનુભવતો નથી તેમ મારું શરીર ઈશ્વરને સમર્પિત થઈ જાય ત્યારે, તું પણ મારા વિયોગને લઈને દુઃખી ના થઈશ.'' આવા પરસ્પર વિરોધી ભાવો હિલોળે ચઢે છે. મહાકવિએ સર્જેલી આ દ્વન્દ્વાત્મિકા ભાવસૃષ્ટિ અવિસ્મરણીય છે. તેમાં હર્ષ અને શોક, ઉત્સાહ અને સ્તંભન, સુખ અને દુઃખનાં યુગલો વચ્ચે પતિદર્શનોત્સુકા શકુન્તલાનાં લથડતાં ડગલાં પ્રેક્ષકોના ચિત્તમાં ઊંડે સુધી ખૂંપી જાય છે. આ દ્વિવિધ યુગલસમૂહના ગર્ભમાં જે સૂક્ષ્મ સંઘર્ષ જન્મ્યો છે તે આ ચતુર્થાંકને, અને તેના નિમિત્તે આ નાટકને ચિરંજીવ બનાવે છે. કાલજયી બનાવે છે !

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સન્દર્ભ-ગ્રન્થોની સૂચિ

૧. અભિજ્ઞાનશાકુન્તલમ્, (બંગાળી વાચનાનો સમીક્ષિત પાઠ), સં. રિચાર્ડ પિશેલ, હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૨૨, (દ્વિતીયાવૃત્તિ).

૨. અભિજ્ઞાનશાકુન્તલમ્ (કાટ્યવેમભૂપની વસન્તગિરિરાજીયા ટીકા સાથે), સં. ચેલમચેર્લ, આન્ધ્રપ્રદેશ સંસ્કૃત અકાદમી, હૈદરાબાદ, ૧૯૮૪, (દાક્ષિણાત્ય વાચનાનુસારી પાઠ).

૩. *Śakuntala* - by Kalidasa, Prepared for the English stage by Kedar Nath Dasgupta in a new version written by Laurence Binyon, with an Introductory essay (*Śakuntala* - Its inner meaning) by Rabindra-nath Tagore, published - Macmillan & Co., London, 1920.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શ્રીસયાજી સાહિત્યમાળા

		રૂા. પૈ.
૩૫૧	ગુજરાતનો પૉટરી ઉદ્યોગ - શ્રી શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૯.૦૦
૩૫૨	ઊંડાણનો તાગ - શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫.૦૦
૩૫૩	ભારતીય વીણા - (સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮)	૩૧.૦૦
૩૫૪	ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨ - (સ્વ.) બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬.૦૦
૩૫૫	ચાંપાનેર : એક અધ્યયન - પ્રો. રમણલાલ ના. મહેતા (૧૯૭૯)	૩૬.૦૦
૩૫૬	દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ - (સ્વ.) શ્રી ક. ન. જોષી (૧૯૭૯)	૪૪.૦૦
૩૫૭	આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨ - ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫.૦૦
૩૫૮	સૂર્યશક્તિ - શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૩.૦૦
૩૫૯	કવિ ગિરધર : જીવન અને કવન - ડૉ. દેવદત્ત જોશી (૧૯૮૨)	૫૧.૦૦
૩૬૦	વનૌષધિ-કોશ - અધ્યા. કે. કા. શાસ્ત્રી (૧૯૮૨)	૩૬.૦૦
૩૬૧	સહસ્રલિંગ અને રુદ્રમહાલય - (સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે (૧૯૮૩)	૭૯.૦૦
૩૬૨	વૈષ્ણવતીર્થ ડાકોર - (સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુદાર (૧૯૮૪)	૪૮.૦૦
૩૬૧	વૃદ્ધત્રયી અને લઘુત્રયી - (સ્વ.) બાપાલાલ ગ. શાહ (૧૯૮૪)	૩૩.૦૦
૩૬૩	વડોદરા : એક અધ્યયન - પ્રો. રમણલાલ નાગરજી મહેતા (૧૯૮૭)	૪૪.૦૦
૩૬૪	મહારાજા સયાજીરાવ ત્રીજા - (સ્વ.) પ્રો. હસિત હ. બૂચ (૧૯૮૮)	૪૯.૦૦
૩૬૫	નાભાજીકૃત ભક્તમાલના ઐતિહાસિક ભક્તો - એક અધ્યયન - શ્રી મૂલશંકર હી. કેવલિયા (૧૯૮૮)	૪૪.૦૦
૩૬૬	લેસર (પરમતેજ) - શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૯૦)	૪૮.૦૦
૩૬૮	અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ - (અનુ.) એ. જે. રાવલ અને વી. એસ. લેલે	૧૮૮.૦૦
૩૬૯	મંજુલવિમર્શ - શ્રી જે. પી. ઠાકર (૧૯૯૨)	૨૩૬.૦૦
૩૭૦	પ્રાણવહસ્રોતોના રોગો : શ્વાસ-દમ - વૈદ્ય મણિભાઈ બ્રહ્મભટ્ટ (૧૯૯૫)	૧૭૬.૦૦
૩૭૧	વડોદરાનાં મંદિરો - કુ. મંજુલા એમ. સોની (૧૯૯૫)	૬૮.૦૦
૩૧૭	આહારવિજ્ઞાન - (પુનઃમુદ્રણ) ડૉ. જયશંકર ધ. પાઠક અને (સ્વ.) અનંતરાય મ. રાવળ (૧૯૯૦)	૬૦.૦૦
૩૭૨	ભવાઈ : સ્વરૂપ અને લક્ષણો - કૃષ્ણકાંત ઓ. કડકિયા (૧૯૯૬)	૧૯૩.૦૦
૩૭૩	શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી - ડો. લવકુમાર મ. દેસાઈ (૧૯૯૬)	૧૯૫.૦૦
૩૭૪	નાભાજીકૃત ભક્તમાલના ઐતિહાસિક ભક્તો - એક અધ્યયન, ભાગ ૨ - શ્રી મૂલશંકર હી. કેવલિયા (૧૯૯૮)	૧૦૬.૦૦
૩૭૫	ભવાઈ : ભક્તિ, રસ અને આહાર્ય - કૃષ્ણકાંત ઓ. કડકિયા (૨૦૦૩)	૧૩૫.૦૦
૩૭૬	પ્લેટોના કેટલાક સંવાદો - હરસિદ્ધ એમ. જોશી (૨૦૦૪)	૧૯૦.૦૦
૩૭૭	કૈવલજ્ઞાન સંપ્રદાય : સિદ્ધાંત અને સાહિત્ય - બહેચરભાઈ પટેલ (૨૦૦૫)	૨૨૫.૦૦
૩૭૮	વિદુરનીતિનું વિષયપરિશીલન - ડૉ. અંબાલાલ દ. ઠાકર (૨૦૦૭)	૧૧૫.૦૦
૩૭૯	સ્વાધ્યાય-સૂચિ (પુસ્તક ૧-૨૫) - જયંત ઉમરેઠિયા (૨૦૦૭)	૨૧૫.૦૦
૩૮૦	મહાભારતનો યુદ્ધકાળ, - વસંત અ. ગોડબોલે (૨૦૧૧)	૧૪૦.૦૦
૨૮૩ / ૨૮૪	વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) - ચિમનલાલ મગનલાલ ડોકટર, બીજી આવૃત્તિ (૨૦૧૪)	૫૮૫.૦૦
૩૮૧	મહાભારતનાં ગૂઢ રહસ્યો - અનુ. વિજયા લેલે (૨૦૧૬)	૪૩૦.૦૦
૩૮૨	સ્વાધ્યાય-સૂચિ (પુસ્તક ૨૬-૫૦) - જયંત ઉમરેઠિયા (૨૦૧૮)	૧૯૦.૦૦
૩૮૩	દેવર્ષિ નારદ - અનુ. વિજયા લેલે (૨૦૨૧)	૩૬૫.૦૦

પ્રાપ્તિસ્થાન : યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ
પ્રો. સી.સી. મહેતા ઓડિટોરિયમ નજીક, જનરલ એજ્યુકેશન સેન્ટર સામે
ડી.એન. હોલ ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, પ્રતાપગંજ, વડોદરા - ૩૯૦ ૦૦૨; ફોન નં. : ૦૨૬૫-૨૭૮૧૭૦૦

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ભરત ચક્રવર્તી અને પ્રસેનચંદ્રની કથા

રસીલા કડીઆ *

પ્રસ્તુત પ્રત મને વડોદરાની 'ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટ' તરફથી અભ્યાસ અર્થે મળી છે. તેનો નંબર ૧૯૩૫૮ છે. કુલ ૯ પૃષ્ઠોની આ પ્રત છે. એમાં પ્રથમ અને અંતિમ પૃષ્ઠ આગળ-પાછળ લખાયેલાં નથી. એની ભાષા ગુજરાતી છે અને લિપિ દેવનાગરી છે. ભાષા બોલાય છે તેમ પ્રાયઃ લખાઈ છે. પ્રત્યેક પૃષ્ઠમાં ૧૨ કે ૧૩ લીટીઓ છે. દરેક લીટીમાં ૧૧ થી ૧૫ શબ્દો છે. પ્રતનું શીર્ષક સૂચવે છે તેમ અહીં માત્ર ભરત ચક્રવર્તી અને પ્રસેનચંદ્રની કથા એમ માત્ર ૨ કથાઓ નથી. આ સિવાય પણ અન્ય કથાઓ જેવી કે બાહુબલિકથા, સનતકુમાર ચક્રવર્તી, બ્રહ્મદત્ત ચક્રવર્તીની થઈને ૫ કથાઓ છે. કથા વિરામચિહ્નોરહિત હોવાથી સ્પષ્ટતા ખાતર મેં કર્યાં છે.

આ કથાગુચ્છના અંતે એના રચયિતાનું નામ નથી. કૃતિની શરૂઆત ''હવે ધર્મ આત્મા સાખે...'' જેવા વાક્યથી થાય છે તે જોતાં લાગે છે કે કૃતિનો આ ભાગ કોઈ મોટી કૃતિનો હોવા સંભવ છે. ઉપદેશ અર્થે અહીં નાનાવિધ કથાઓ આત્માના સ્વરૂપને તથા ધર્મને સમજાવવા કહી છે. અંતને જોતાં જણાય છે કે હજુ અન્ય દષ્ટાંતકથાઓ આ સાથે લખાયેલી હોઈ શકે છે અને એમાંથી આટલો ભાગ છૂટો પડ્યો છે. આ કારણે એના રચયિતા તથા રચનાસાલની જાણકારી પ્રાપ્ત થતી નથી. જૈન દષ્ટાંતકથાઓ અનેક છે. આ દષ્ટાંતકથાઓનો હેતુ જુદી જુદી રીતે સંસારની અસારતા સમજાવી, જીવને એના અંતિમ લક્ષ્ય-મોક્ષ-તરફ લઈ જવાનો રહ્યો છે.

અહીં ભરત ચક્રવર્તીના જીવનના બે પ્રસંગોને દષ્ટાંત લેખે આલેખ્યા છે. અરીસા ભુવનમાં આ ચક્રવર્તી રાજાના હાથની આંગળીમાંથી નીકળી વીંટી ધરતી પર પડે છે અને પોતાના દેહની શોભા જોતાં રાજવીને અડવી આંગળીથી હવે શોભાવિહીન જોતાં વિચારે ચઢે છે કે શું મારી શોભા આ આભૂષણોને કારણે છે? અને એક પછી એક આભૂષણો ઉતારીને પોતાની શોભાને જોઈ, પોતે આ બાહ્ય વસ્તુઓને અધીન હોવાનું ભાન થતાં, વૈરાગ્ય ઉપજે છે અને શરીરની અસારતા વિશે ચિંતન કરતાં પોતાના આત્માના ગુણોનું હનન કરનારાં જ ઘાતી કર્મોનો નાશ થયો અને કેવલજ્ઞાન ઉપજે છે.

જૈનધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવના આ જ્યેષ્ઠ પુત્રને એક નાની શી ઘટના વૈરાગ્ય તરફ લઈ જતી દર્શાવી છે. આ જ ભરત જ્યારે ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં લાગેલા હતા ત્યારે

'સ્વાધ્યાય' - પુ. ૫૮, વર્ષ ૨૦૨૧, પૃ. ૩૯-૬૦. ISSN 2250-0391

* ૮, જયમા સોસાયટી, સૅટેલાઇટ માનસી ક્રોસ રોડ, પાણીની ટાંકીની બાજુમાં,સૅટેલાઇટ કોમ્પ્લેક્ષની બાજુમાં અમદાવાદ-૩૮૦૦૧૫, M: 07926765442

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

એમના નાના બળવાન ભાઈ બાહુબલિ સાથેની ઘટના ત્રીજા દૃષ્ટાંત લેખે આપવામાં આવી છે. અહંકાર આત્માના ગુણોનો ઘાત કરનાર બને છે તે અહીં બાહુબલિના દૃષ્ટાંતમાં દર્શાવ્યું છે.

પોતાના નાના અઠાણું ભાઈઓ ચક્રની આંણ માની, ભાઈને નમે છે પણ આ ઘટનાથી તેઓ સંસારની ગતિવિધિથી વિરક્ત થઈ, દીક્ષા લે છે અને કેવલજ્ઞાન પામે છે. બાહુબલિ તેની આંણ સ્વીકારતો નથી તેથી બેઉ વચ્ચે યુદ્ધ થાય છે. સૈન્યનો સંહાર અટકાવવા દેવના સૂચનથી બન્ને દષ્ટિયુદ્ધ, વચનયુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને પાંચમું દંડયુદ્ધ કરે છે. ચાર યુદ્ધમાં ભરત હારે છે. હારેલો ભરત ભાન ભૂલી, ભાઈ ઉપર ચક્ર મૂકે છે. એણે એ ખ્યાલ રહેતો નથી કે ગોત્રમાં ચક્ર ફરે નહિ. ચક્ર પાછું ફરશે તો નક્કી બાહુબલિ રાજ લઈ લેશે અને પોતાની ચક્રવર્તી બનવાની ઇચ્છા બર નહીં આવે એવું વિચારતો હતો. આ બાજુ, બાહુબલિ વિચારે છે કે મોટાભાઈ થઈને મને હણવા ચક્ર મૂક્યું. એને તો હવે મુઠ્ઠીથી ભરતનો ચૂરો કરવાના દઢ સંકલ્પ સાથે સામે ગયો. આ જતી વખતે જ એના મને વિચાર્યું કે ભરત મરશે તો છ ખંડ રંડાશે, ઋષભના વંશને, કુળને કલંક લાગશે. આ ઉપાડેલી મુઠ્ઠીને નિષ્ફળ કેમ કરી શકાય? અને ક્ષણમાં વિચારી લીધું કે શું કરવું ? પોતાના જ કેશનો લોચ કર્યો અને દિશા લીધી.

બાહુબલિનું આ કામ તો ઉત્તમ થયું. સમસ્યા હવે આવી. શક્તિશાળી વ્યક્તિઓમાં અહંકાર તો હોય જ. પોતાથી નાના અઠાણું ભાઈ કેવલિ હતા, વળી દીક્ષા પર્યાયે પણ મોટા હતા. પોતે હવે એ લોકોને નમવું પડશે, વંદન કરવા પડશે પણ પોતે જો તપ કરી, કેવલજ્ઞાન પામે તો નમવું નહીં પડે, એમ વિચારી, ઋષભદેવ પાસે જવાને બદલે ત્યાં જ રહી કાયોત્સર્ગ સાધનામાં રહ્યા. ઉગ્ર તપસ્યા થઈ રહી છે, શરીરે વેલ વીંટળાઈ છે અને એમાં પક્ષીઓના માળા રચાયા છે પણ મનમાંથી અહંકાર જતો નથી. ઋષભદેવના કહેવાથી તેમની બે સાધ્વી બહેનો નામે બ્રાહ્મી અને સુંદરી આવી ભાઈને કહે છે ''વીરા ગજ ઉપરથી હેઠા ઉતરો.'' બાહુબલિ વિચારે છે કે પોતે હાથી ઉપર તો છે નહિ, તો બેનોએ કેમ આમ કહ્યું ? સાધ્વી બેનો જૂઠું તો ન બોલે. આ વાક્ય પર ઊંડું ચિંતન કરતાં સમજાયું કે ભાઈઓ નાના છે પણ જ્ઞાન, દર્શન અને ચારિત્રે કરી મોટા છે એટલે મારે માટે વંદનીય જ છે. આમ અભિમાન રહિત બનતાં તેઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

બીજું દૃષ્ટાંત પ્રસન્નચંદ્ર રાજઋષિનું છે. કહ્યું છે કે બંધન તથા મોક્ષ એ મનનાં કારણ છે. આ દૃષ્ટાંતકથા મન વિશે જાણવાનું ઉત્તમ માધ્યમ છે. અંતિમ તીર્થંકર મહાવીરને વાંદવા રાજા શ્રેણિક જઈ રહ્યા છે. સાથે સુમુખ તથા દુર્મુખ નામે બે સેવકો છે. નજીકમાં રાજા પ્રસન્નચંદ્ર દીક્ષા લઈ ત્યાં બે હાથ ઊંચા કરી, એક પગે સૂર્યની આતાપના લઈ રહ્યા હતા. આવી ઉગ્ર તપસ્યા જોઈ સુમુખ ત્રણ પ્રદક્ષિણા લઈ વંદન કરે છે. દુર્મુખ એને ધૂર્ત, કપટી અને હત્યારો કહે છે કારણ પોતાના નાના પુત્રને ગાદીએ બેસાડી, પ્રધાનને વહીવટ સોંપેલો તે પ્રધાન રાજલોભે પાડોશી રાજા પાસે ચડાઈ કરાવે છે અને રાજપુત્રને મરાવે છે. ધ્યાનસ્થ મુનિ આ સાંભળે છે. મન વિક્ષિપ્ત બને છે. દુશ્મનો સાથે

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

મનમાં તુમુલ યુદ્ધ ચાલે છે. રાજા શ્રેણિક મુનિને વંદન કરી મહાવીરસ્વામીના સમવસરણે પહોંચી, 'પ્રસન્નચંદ્રની આ કાળે દેહ છોડે તો શી ગતિ થાય' એવા પ્રશ્નનો જવાબ 'નરકની ગતિ' સાંભળી વિચારમાં પડે છે. માનસિક યુદ્ધ ખેલતા પ્રસન્નચંદ્ર બાકી રહેલા એક દુશ્મનને મારવા, શિરસ્ત્રાણ કાઢવા જાય છે. લોચ જુએ છે અને પોતે આ મુનિ અવસ્થામાં આવા દુર્ધ્યાની વિચારો કરવાનો તીવ્ર પશ્ચાતાપ કર્યો. ત્યારબાદ શુકલ ધ્યાન ધરતાં, શુભ ભાવ ભાવતાં, દેવલોક ગતિનું પુણ્ય પામ્યા અને હજુ વધુ શુભ ધ્યાન ધ્યાવતાં કેવલજ્ઞાન પામે છે ત્યારે શ્રેણિક રાજાના પ્રશ્નોના જવાબોમાં શ્રી મહાવીર સ્વામી આ માનસિક યુદ્ધની રમણા વર્ણવી, મન કેવું કામ કરે છે તે સમજાવે છે.

હવે અહીં છે તે ચોથી કથા સનત ચક્રવર્તીની છે. પ્રતમાં તેનો ઉલ્લેખ પાંચમી કથા તરીકે છે. ભરત અને બાહુબલિની કથામાં ભરતનું ચક્ર ન સ્વીકારવું તે અલગ ઘટના ગણો અને તેથી યુદ્ધ થાય છે તે કથા સાથે ગજ પર ઉતરવાની બાહુબલિના જીવનના વળાંકની ક્ષણની કથા ગણીએ તો જ પાંચમી કથા કહેવાય. જો કે, ભરત ચક્રવર્તીની કથાને પણ અહીં ૧૫મી પંક્તિમાં ત્રીજી કથા કહે છે તેથી મને ચોક્કસ લાગે છે કે આ પહેલાંની બે કથાઓ હોવી જોઈએ અને ઉપસંહારાત્મક વાત અંતે નથી તેથી પણ લાગે છે કે આ કથાગુચ્છમાંથી આગળ-પાછળની કથા અલગ પડી ગઈ છે. અહીં તો, કથા આવે છે તે ક્રમે નંબર આપ્યો છે.

દેવોને પણ જે રૂપ જોવાનું મન થાય છે તેવા મનોહર રૂપવાળા સનતકુમાર સ્નાનાર્થે બેઠા છે ત્યારે બે દેવો સન્મુખ આવી રૂપને વખાણે છે ત્યારે સનતકુમાર પોતે જ્યારે સજી-ધજીને ભરસભામાં આવે ત્યારે એમનું રૂપ ખરેખરું જોવા જેવું છે તેમ જણાવે છે. સભામાં આવે છે ત્યારે પ્રભાવિત ન થતા દેવોને કારણ પૂછતાં દેવો તેમના શરીરમાં હાલ જ સાત મોટા રોગ ઉદ્ભવ્યા છે તેમ કહે છે. રાજા એ વિશે ખાતરી કરે છે અને રાજ છોડી દીક્ષા લઈ છઠ્ઠ-અઠ્ઠમ જેવી તપશ્ચર્યા કરતાં, અનેક શક્તિઓ પ્રાપ્ત થઈ. વળી, દેવો વૈદ્યનું રૂપ લઈને આવે છે અને તેમના શરીરના રોગો મટાડવાની વાત કરે છે ત્યારે શરીરરોગને બદલે પોતાને તો ભવરોગ નાબૂદ થાય તેનો ખપ છે. પોતે પોતાના શરીરમાં રહેલો રોગો દૂર કરે તેવી લબ્ધિ છે કહી દેવને પોતાની ટચલી આંગળી થૂંક ચોપડી સોનાની કરી દર્શાવી. આમ શરીરરોગોની દવા ન કરી સર્વ રોગો કાળાંતરે પોતાની જાતે જ દૂર થયા અને સનતકુમાર ત્રીજે દેવલોકે જન્મ લે છે અને મહાસુખ પામે છે.

સનતકુમાર હળુકર્મી હતા જે થોડા ઉપદેશે વૈરાગ્ય પામતાં પણ બ્રહ્મદત્ત ચક્રવર્તીની પાંચમી કથામાં ભારેકર્મી ઘણા ઉપદેશે પણ પ્રતિબોધ પામતા નથી તેની વાત છે. બારમા ચક્રવર્તી બ્રહ્મદત્ત ગીત-નાટક જોતાં પોતાના પાછલા જન્મોનું જ્ઞાન પામે છે અને એ ભવોમાંના પોતાના ભાઈને મળવાની ઉત્કંઠા જાગે છે. શ્લોકના બે પદ રચી, પાદપૂર્તિ માટે નગરમાં ઢંઢેરો પીટાય છે. આ સમયે પાછલા ભવનો ચિત્ર નામનો ભાઈ વણિક શેઠને ત્યાં જન્મી, ધર્મ સાંભળી દીક્ષા લઈ, વિહાર કરતાં આ નગરમાં એક ખેડૂતના કૂવા પાસે આવીને રહ્યો હોય છે. ખેડૂતના મુખેથી અર્ધશ્લોક સાંભળી,

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાકીના બે પદ પૂરા કરે છે. અર્ધા રાજની આશાએ ખેડૂત રાજાની પાસે જઈ આ શ્લોક સંભળાવે છે. સાંભળતા વેંત, રાજા મૂર્છા પામે છે એને કારણે મંત્રી તથા લોકો એને મારવા લાગ્યા. અસલ પાદપૂર્તિ કરનાર પોતાને ત્યાં કૂવા પાસે હોવાનું જણાવે છે. રાજા પરિવાર સાથે તેને વાંદવા જાય છે. સાધુ દેશના દે છે. સંસારની અસારતા અને કર્મબંધનનાં કારણ સમજાવે છે. રાજા મુનિને પોતાની સાથે રહી અત્યાર સુધી કરેલા તપનાં ફળસ્વરૂપ રાજ ભોગવવાની વાત કરે છે.

મુનિ ફરીથી ચંચળ લક્ષ્મી અને વિષયવિપાક હંમેશાં કડવા હોવાની વાત કરે છે. પાછલા ભવોમાં બન્નેએ જીવનમાં કેવું કેવું ભોગવેલું તેની વાત કરે છે. પ્રધાનને મોતની સજામાંથી ઉગારી પિતાની માંગણી પ્રમાણે, પ્રધાન ચંડાલપુત્રો હોવા છતાં ગુપ્તપણે ભણાવે છે. આ દરમ્યાન પ્રધાનનો એમની માતા સાથે સંબંધ થતાં, પિતા એને મારવા લે છે ત્યારે ગુરુ તરીકે બન્ને એને બચાવે છે. નમુચી પ્રધાન થાય છે અને આ બન્ને ચાંડાલપુત્રની જાતિની ચાડી ખાઈ, નગર બહાર કઢાવે છે એટલે બન્ને ભાઈઓ આપઘાત કરવા પર્વત પર ચઢે છે ત્યારે એક સાધુ બચાવે છે. બન્ને દીક્ષા લે છે. પછી નમુચી પ્રધાન છે ત્યાં વિહાર કરતાં આવ્યા માસખમણને પારણે વહોરવા જતાં, પ્રધાન જોઈ જાય છે અને માર મારી નગર બહાર કઢાવે છે ત્યારે બ્રહ્મદત્તના જીવને ગુસ્સો આવતાં, તેજોલેશ્યા મૂકે છે જેથી અંધકાર છવાઈ જાય છે. રાજાને એની જાણ થતાં, પરિવાર સાથે વાંદવા આવ્યો. સાથે પ્રધાનને બાંધ્યો છે, અને પગે પડાવે છે.

આ સમયે અંતઃપુરની એક સ્ત્રીની વેણી વંદન કરતાં બ્રહ્મદત્તના પગને અડી, અને મોહ ઉત્પન્ન થતા તપના ફલ સ્વરૂપે આવી સ્ત્રી સાથે ભોગ ભોગવવા મળે તેવી ઇચ્છા સેવી પરિણામે એ બ્રહ્મદત્ત ચક્રવર્તી બન્યો છે અને પોતે શેઠનો પુત્ર બન્યો છે. બ્રહ્મદત્તને તે પોતાની જેમ તે પણ વૈરાગ્ય પામી જીવન સફલ કરવાનું કહે છે પણ તે કહે છે, જે હાજર છે તેને છોડીને અણદીઠાં સુખની ઇચ્છા કરવી પોતાને મુર્ખાઈ લાગે છે. પોતાનાથી વિષયસુખ મૂકી શકાતાં નથી. મુનિ સમજે છે કે આ ભારે કર્મી જીવ સમજાવ્યો સમજનાર નથી તેથી એ ત્યાંથી વિહાર કરે છે.

કેટલાક સમય વીત્યે રાજા પાસે એક બ્રાહ્મણ ભોજન માંગે છે અને તમને આવું ભોજન પચે નહિ તેમ કહી ના પાડે છે. બ્રાહ્મણ ધિક્કાર વરસાવે છે એટલે આખા કુટુંબને એવું ભોજન જમાડે છે જેથી આખું કુટુંબ કેફનો અનુભવ કરે. બ્રાહ્મણને રાજા ઉપર દ્વેષ આવ્યો. એક સારો નિશાનબાજ, ગીલોલ ફેંકનારને સાધી, બ્રહ્મદત્તની આંખો કઢાવે છે. દ્વેષપૂર્વક એ બ્રાહ્મણની આંખો કઢાવી હાથથી મસળે છે.

આમ, આયુ પૂર્ણ થતાં, સાતમી નરકે જાય છે. જીવનમાં અનેક શુભ પ્રસંગો, શુભ ભાવના જગવે તેવો ઉપદેશ સાંભળવા મળ્યો પણ ભારેકર્મી જીવ હોઈ એ પ્રતિબોધ પામતાં નથી.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કથાના અંતિમ વાક્ય પછી હજુ આગળ અન્ય કથા હશે એવી અપેક્ષા રહે છે કારણ અંતે આખા વકતવ્યનો ઉપસંહાર નથી આપ્યો.

અહીં આપેલી કથાઓ પ્રારંભે જણાવ્યા પ્રમાણે સંક્ષેપમાં કહી છે. કથાનાયકના જીવનમાં આવેલી પોતીકી કટોકટીની અને તેથી અંદરથી જાગી જવાની ક્ષણ ઉદ્‌ભવે છે તે તરફ કથા સીધી જ જાય છે. એ ક્યાંય વર્ણનમાં કે બનતી ઘટનાઓ ને બહેલાવી રંગો પૂરતી નથી. લક્ષ્યગામી બની, આલેખિત દરેક નાયકની ઉદ્‌ભવેલી ક્ષણે જાગૃત બની, ઓશોની ભાષામાં 'હોશ' માં આવે છે અને પછી મોક્ષના લક્ષ્યને પાર પાડે છે તેનું સહેજ પણ ફંટાયા વિના કે અતિરંજક બન્યા વિનાનું સીધું આલેખન જોવા મળે છે. કથામાંનો આ અતિ સંક્ષેપ એ ગુણ એ રીતે છે કે વાચકને વાર્તા જલ્દી પમાય છે પણ અતિસંક્ષેપ એની મર્યાદા પણ બને છે. કારણ કે તેથી, અનેક રસસ્થાનો એવાં આવે છે કે જ્યાં થોડો વિસ્તાર વાર્તા-રસમાં ઉમેરો કરે.

ભાષા અને લિપિ સંદર્ભે :

- દંત્ય અને મૂર્ધન્ય વર્ણનો ભેદ નથી જણાતો. 'પેઠો'ને સ્થાને 'પેતો', એટલેને સ્થાને 'એતલે' / કેટલાને સ્થાને કેતલા
- અકારને સ્થાને આકાર પ્રયોજાય છે. દા.ત. 'અઠાણું' ને સ્થાને આઠણું/ 'અરે' ને સ્થાને 'આરે' / બાહુબલ ને સ્થાને 'બાહુબાલ' / આખોને સ્થાને અખો
- અનુસ્વાર અલ્પ સ્થળે પ્રયોજાયા છે પણ અનુનાસિકનો આગલો વર્ણ અનુસ્વાર લે છે. દા.ત. થાંનકે, આંણી, અભીમાંન, જ્ઞાંન
- 'બે' માટે 'બ' પ્રયોજાયો છે.
- ક્યારેક બોલાય તેવા જ ઉચ્ચારણ સાથે શબ્દ લખાય છે. દા.ત. ઉપરમાં આપણે 'ર' આખો બોલતા નથી કે પારણોમાં 'ર' આખો બોલતા નથી. તો આવા શબ્દોમાં ર્ માટે રેફ પ્રયોજાયો છે.
- જેમ કે - ઉપર ચડ્યો = ઉપર્ચડ્યો, પારણે = પાર્ણે
- 'શ' ને સ્થાને 'સ' પ્રયોજાયો છે. દા.ત. શોભાને સ્થાને સોભા, શિંગારને સ્થાને સિંગાર, શરીરને સ્થાને સરીર / થાશેને સ્થાને થાસે
- આજે આપણી ભાષામાં થી, વડે માટે હજુ 'થકી' શબ્દ ચલણમાં છે. જો કે એનાં અન્ય રૂપો- થકે, થકો, થકા - ચલણમાં નથી. અહીં આ બધાં જોવા મળે છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

- 'ખ' વર્ણ માટે હજુ 'ષ' વર્ણ ચલણમાં છે.
- એક જ વાક્યમાં એક જ શબ્દની જુદી જુદી જોડણી જોવા મળે છે. દા.ત. દિક્ષા/દીક્ષા.
- 'ય' વર્ણ ક્રિયાપદ-કૃદંતમાં તથા કેટલાક અન્ય શબ્દોમાં પ્રયોજાયો નથી. દા.ત. ચુક્યોને સ્થાને ચુકો / મુક્યોને સ્થાને મુકો. તપસ્યાને સ્થાને તપસા
- 'છે' માટે છે/છિ/છઉં એમ ત્રણ રૂપો ચલણમાં જણાય છે.
- તમે-અમે માટે તુમો-અમો પ્રયોજાય છે.
- 'ળ' વર્ણ ચલણમાં નથી. પાળીને સ્થાને પાલી, ળ નું સ્થાન 'લ' લે છે.
- ભવિષ્યકાળના રૂપમાં 'શે'ને સ્થાને 'સ્યે' પ્રયોજાય છે. દા.ત. મરશે-મરસ્યે, કહેશે-કહસ્યે
- શ-સ દા.ત. રંડાસે
- અધિકરણનો 'માં' પ્રત્યયને સ્થાને 'માંહિ' છે.
- એ પ્રત્યયને સ્થાને 'ઈ' પ્રયોજાય છે. દા.ત. સાખઈ-સાખે માટઇ-માટે તિવારઈ-તિવારે સાધુઈ-સાધુએ

લિપિ બાબતે જોઈએ તો 'ણ' આજનો ગુજરાતી જેવો 'ણ' ચલણમાં છે. 'ડ' જૂનો અર્ધા 'મ' જેવો પ્રયોજાયો છે. અ ત્રિપાંખિયો પ્રયોજાયો છે. દા.ત. સમું = રુડું. વળી અધોમાત્રા તથા અગ્રમાત્રા બન્ને ચલણમાં જોઈ શકાય છે. દા.ત. સાધ્મ = સાધુ 'લ' આજની ગુજરાતી જેવો થવા તરફ છે. દા.ત. લા. ઘણીવાર આ 'લ' 'ત' કે 'ભ' હોવાનો ભ્રમ ઊભો કરે છે.

આમ, ભાષા તથા લિપિની લિખાવટ જોતાં, પ્રસ્તુત પ્રત અઢારમી સદીના અંતની કે ૧૯મી સદીના પ્રારંભકાળની હોય તેવું અનુમાન કરી શકાય.

હકીકતે આ જૈન ધર્મની કૃતિ છે અને જૈન કથાઓમાંના કાળ-ચક્ર પ્રમાણે અવસર્પિણીકાળે પ્રારંભે દેહના કદ તથા આયુષ્ય દીર્ઘ હતાં. જૈનેતર આ કૃતિ વાંચે તો તેમાં આલેખાયેલાં આયુષ્યો તથા રાજાની ઋધિનાં વર્ણનોમાં આવતી લાખોની સંખ્યા અતિશયોક્તિભરી લાગે પણ આ કથાઓ જે તે સમયના કાલચક્રને અનુસરીને દેહના કદ તથા આયુમર્યાદાની વાત કરે છે. જૈન ભૂગોળ પ્રમાણે દેવલોકની અને નરકની રચનાઓ શાસ્ત્રમાં વર્ણવી છે તે પ્રમાણે તેનું આલેખન થયું છે. જૈન કથાઓનું આ વાસ્તવ છે, એ વાયવી નથી.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

મૂળ પાઠ :

(૧) ભરત ચક્રવર્તીકથા

૧. ॥र्द॥ હવે ધર્મ આત્મા સાખે(ખે) કર્યો તે પ્રમાણઃ અને પરને જણાવવે સુ થાય તે ઉપર ભરત ચક્ર -

૨. વર્તિનો અને પ્રસનચંદ્ર રાજાનો દ્દષ્ટાંત દેખાડઈ છે. અત્ર કથા પ્રથમ ભરત ચક્રવર્તિનો સંબંધ

૩. સંખેપ માત્ર જાણવા સ્વરુપ કહે છે. અષ્ટાપદ પર્વતને વીષે શ્રી આદીનાથ મોક્ષ પોહતા

૪. સાંભળી ભરત મોહે મુર્છિત થકી પ્રથવીને વીષે પડ્યો. પ્રથવીઇ આલોટઈ તી વારે ઈંદ્રિ આ -

૫. વીને ભરત ચક્રવર્તિ પ્રતે કંઠે વીલગીને રોવઉં સીખવ્યો તી વારે હૃદય ખુલાસ થયો પછે શો -

૬. ક રહિત ભરતા(ત)નો આત્મા થયો. રાજ પાલતાં પાંચ લાખ વરસ થયાં. એહવે એકદા સમય -

૭. ને વીષે ભરત ચક્રવર્તિ આરીસા ભુવને(ન)ને વીષે બેઠાં. પોતાના રુપની સોભા જોવે છે. સોલ -

૮. સંગાર છે. એહવે એક ચીટી અંગુલી મુદ્રારહિત થઈ. તી વારઈ તે અંગુલી ડાઠી દિસવા

૯. લાગી. મનમાં વીચારવા માંડીઉ જે બીજો સર્વ સરીર સારુ રુડું દિસે છે. અને એક અંગુલી

૧૦. માઠી દિસે છે. તો સો પારકે પુદ્ગલે ન શરીરની સોભા દિસે છે. એહવઉં મનમા ચિંતવી સર્વ

૧૧. આભરણ ઉતાર્યા. શરીરની અસારતા ચીંતવતાં વૈરાગ્ય ભાવના ભાવતે ચાર ઘાતી -

૧૨. યા કર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પાંમ્યા. તી વારે તત્કાલ સાસન દેવતાઈ સાધુનો વેષ -

૧૩. આપ્યો. દશ હજાર રાજા સંઘાતે દીક્ષા લીધી. સત્યોતેર લાખ વર્ષ પુર્વ કુમારણે રહ્યા. એક

૧૪. હજાર પર્યાય પાલ્યો. ઈ સઘલો આયુ ચોરાસી લાખ પુર્વનો ભોગવી અષ્ટ કરમક્ષય

૧૫. કરી મોક્ષ પોહતા. એ ભરત ચક્રવર્તિની કથા તૃતીય સંપૂર્ણઉ. હવે બીજો દ્દષ્ટાંત-

(૨) પ્રસન્નચંદ્ર- રાજઋષીકથા

૧૬. પ્રસન્નચંદ્ર રાજઋષીનો કહીછઈ. અત્ર કથા પોતનપુર નીમાનગર. તીહા સોમચંદ્ર નાંમે રાજા છે. તેહને ઘરે ધા -

૧૭. રણી નામે રાણી. તેહનો પુત્ર પ્રસન્નચંદ્ર રાજા. તે એકવાર શ્રી મહાવીરની દેશના સાંભલી વૈરાગ્ય પાંમી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૮. જાત માત્ર પુત્રને રાજ આપી, શ્રી ભગવંત પાસે દીક્ષા લીધી. દિક્ષા લેઈ ઉગ્ર તપસ્યા કરતો વિચરઈ એ -

૧૯. ક વાર રાજગૃહી નગરી બાહિર એક પગે, બ(બે) હાથ ઉચો સુર્ય સામી નજરે એહવી રીતે કાઉસગ કરી, આતા-

૨૦. પના લે છે. એહવે ભગવંત શ્રી મહાવીર તે પણ સમોસર્યા છે. તિવારે રાજા શ્રેણીક પોતાની ઋધી લેઈને પ્રભુ-

૨૧. ને વાદવા આવે ને રાજા શ્રેણીકના બે ચાકર આગલ ચાલે છે. એક સુમુખ નામે ૧ અને બીજો દુર્મુખ નામે ૨.

૨૨. તે મધ્યે પ્રથમ સુમુખ ચાહર આવ્યો. તેણે પ્રસન્નચંદ્ર રાજઋષીને તપસ્યા કરતા, ધ્યાન ધરતા દેખીને,

૨૩. ત્રણ પ્રદક્ષણા દેઈ વાંદીને સ્તવના કરી પ્રભુ પાસે જાતો હતો એટલે બીજો ચાકર દુર્મુખ નામે આ -

૨૪. વ્યો. તેણે પ્રસન્નચંદ્ર રાજઋષીને તપસા કરતા દેખીને સર્વ લોકને ઈમ કહેવા લાગોઃ સાંભલો તુમે લોકો.

૨૫. એ મહાકપટી છે. એ મહાદુષ્ટ છે, મહાધુર્ત છે. ઈ હત્યારો છે. ઈ જીમ બલાડીને દુધ ભલાવીઈ તીમ એણે

૨૬. જીત માત્ર પુત્ર પ્રધાનને ભલાવી રાજ ન પુલ્યુ એતનિ મુકી દિક્ષા લેઈ કપટ કરે છે. પુત્રને પ્રધાને મારીને

૨૭. સીમાડાના રાજા તેડીને રાજ પોતાને હાથે કીધુ છઈ. એહવો દુર્મુખનુ વચન સાભલી રાજઋષી ધ્યાંન થ-

૨૮. કી ચુકો. આર્તરૌદ્ર ધાંનમા પેતો. “કુણ તે પ્રધાન જે માહરા પુત્રપને મારો?” એહવુ મન માંહે ચિંતવી મન -

૨૯. સુ જુધ કરવા માંડ્યો. જુધ કરતાં સાતમી નરકના દલ મેલા. એહવે રાજા શ્રેણીક હાથી ચડ્યો. પ્રસન-

૩૦. ચંદ્ર રાજઋષીને દેખીને હાથીકંદ થકી ઉતરીને, મુખ આગલ આવી ત્રણ પ્રદક્ષણા દેઈને વાંધા. સ્ત -

૩૧. વના કીધીઃ “ધન્ય તુ રાજ છાડી દિક્ષા લિ એહવી તપસ્યા કરે છે.” ઈત્યાદિક સ્તવના કરી શ્રી મહાવી -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૩૨. ૨ પાસે ગયા. તીહાં શ્રી મહાવીર સ્વામીને વાંદી દેશના સાંભલી પ્રસનચંદ્ર આશ્ર પ્રશ્ન પુછતોઃ "હવો(વે) ક -

૩૩. હો શ્રી ભગવંત, મે હમણા, મે આવતાં પ્રસનચંદ્ર રાજઋષીને વાંધા તણે સમય કાલ કરે તો પ્રસન -

૩૪. ચંદ્ર રાજઋષી કેહિ ગતી જાઈ?" તિવારે શ્રી ભગવંતે તે કહીઉઃ "હે શ્રેણીક જો તેણે સમય કાલ-

૩૫. કરે તો સાતમી નરકે જાઈ." એહવો સાંભલી વીસ્મય પામ્યો થકો બેઠો છે. પછે પ્રથમ ઈહા પ્રસનચંદ્ર રા -

૩૬. જ ઋષી ચૈદ્રધ્યાંન માંહિ વર્તતઈ વયરીસુ યુધ કરતા સર્વ વયરી મનસુ હણા. એક વયરી રહિઓ. હ -

૩૭. થીયાર સર્વ ખુટા. મન માહિ ચિતવ્યો જે એક વયરી રહિયો છે તેહને ટોપે કરી મારીસ. ઈમ ચિંતવી -

૩૮. ને માથે હાથ ઘાલ્યો. માથે લોચની ટાલ દેખી મન માહિ ચિતવ્યોઃ "હા હા ધીગરક હો મુજને ! મે દુર્ધ્યાંની ધ્યાં

૩૯. યઉ. અરે જીવ! કહો. તે કેહવા પુત્ર, કેહનો રાજ? કુણ તે વયરી? મે તો સર્વવીરત સંજમ આદરી એમ

૪૦. મ[ન] માંહિ માઠુ ચિંતવ્યુ. ધીગરક હો મુઝને," ઈત્યાદિ કમતીત્યપણુ ધ્યાતા જીમ પૂર્વે દુર્ધ્યાંને કે -

૪૧. રી સાતમી નરકના દલ મેલ્યાં હતાં તીમ સુકલ ધ્યાંને કરી સાતમીથી, છઠ્ઠી, પાંચમી, ચોથી, ત્રી -

૪૨. જી, બીજી, પ્રથમ, અસુર કુમાર, જોતષી વૈમાનીક ઈમ કરતાં ઉંચા ચઢતાં ચઢતાં સર્વાર્થસીધનાં દલ મે -

૪૩. લ્યાં. અનુક્રમે ઘાતીયાં ચાર ૪ કર્મ ક્ષય કરી કેવલજ્ઞાનં પામ્યાં. પ્રસનચંદ્રમુની તીવારે દેવદુંદુ -

૪૪. ભી વાગી તે સાંભલી રાજા શ્રેણીકે શ્રી ભગવંત પ્રતે પુછીઉઃ 'એ દેવદુંદુભી કીહાં વાજે છે?" તીવારે શ્રી ભ -

૪૫. ગવંત કહતાઃ 'હવા હે શ્રેણીક, પ્રસનચંદ્ર રાજઋષીને કેવલજ્ઞાન ઉપનૂં.' તીવારે શ્રેણીક ભગવં -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૪૬. તને પુછેઃ ''શ્રી ભગવંત, તુમો હમણા કયુ હતુ જે સાતમી નરક પૃથવી અને એતલા માંહિ જ કેવલ -

૪૭. જ્ઞાન કીમ ઉપનૂં?'' તીવારે સર્વ પાછલો સંબંધ રાજા શ્રેણીકને ભગવંતઇ કહિઓ તે સાંભલી મન -

૪૮. ના દોષ અને મનના લાભ જાણી, ઘણા જીવ પ્રતીબોધ પામ્યા. માટે ધર્મ તે આત્માને સાખઇ કર્યો

૪૯. તે જ પ્રમાણ તે ઉપર પ્રસનચંદ્ર રાજઋષીની કથા સંપુર્ણ. અહંકાર, માને ધર્મ તથા કેવલ

૫૦. જ્ઞાન ન પાંમે તેધા(ના) ઉપર બાહુબલની કથા કહે છે. શ્રી ઋષભ દેવે દીક્ષા લીધી તીવારે પો-

૫૧. તાના સો બેટાને રાજ વહિચી આપ્યુ. ભરતને વીનીતા નગરીનો રાજ આપ્યો. બાહુબલને વહુ-

(૩) બાહુબલિકથા

૫૨. લી દેશનો રાજ આપ્યો. બીજા પુત્ર(ત્રો) ને અંગવંગાદિક. બેટાને દેશ વેચી(વહેંચી) આપ્યો. શ્રી ઋષભદેવને

૫૩. દિક્ષા લીધા એક હજાર વરસ થયા. તિવારે ભરતને ચક્રરત્ન ઉપનુ. છ ખંડ સાધ્યા. આઠાણું ભાઈ -

૫૪. ને આંણ મનાવી. તે આઠાંણુ ભાઈ રાજ છાંડી, પોતાના પુત્રોને રાજ દેઈ શ્રી ઋષભદેવ પાસે દિક્ષા લેઈ

૫૫. કેવલજ્ઞાંન પામ્યા છે. પ્રભુ સંઘાતે વીચરે છે. અથ હવે ભરત ચક્રવર્તિ છ એ ખંડ સાધી સર્વનઈ આ -

૫૬. ણદાણ મનાવી પાછો સાઠ હજાર વરસે વીનીતા નગરીને આવ્યો, પણ ચક્રરત્ન આયુધસાલાઈ-

૫૭. નથી આવયુ. તિવારે ભરતે પ્રધાનને પુછઉ. તીવારે પ્રધાને કહેઉઃ તુમારો ભાઈ બાહુબલ નથી ન -

૫૮. મ્યો. તિવારે ભરતે સુવેગ નામા દુત મોકલ્યો. અનુક્રમે તે દુત ચાલ્યો. બહુલી દેશમાં આવ્યો તીવારે

૫૯. તે દેશના લોક, સ્ત્રી, સર્વ પુછેઃ ''આ(અ)રે દુત, તુ કિહાં જાઈ છે?'' તીવારે દુત કહેઃ ''હું ભરત ચક્રનો સેવક. આ -

૬૦. તે બાહુબલ પાસે જાઉ છઉ.'' તીવારે તે સ્ત્રીયો કહેઃ ''ભરતા(ત) કુણ છે? ભરત તો અમારે વસ્ત્રે કાંછલીઈ છે.''

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૬૧. તિવારે તે દુતે પોતાંના મનમાં ચિતવ્યુ : 'જેહના લોક એહવા ઉત્કટ છિ તો તેહનો રાજા કહવો હસે?' ઈમ

૬૨. ચિંતવતો તે દુતે કેટલે દિવસે તી(ત)ક્ષસ(સિ)લાઈ પોહતો અનુક્રમે ચાલ્યા. રાજ ભાઈ આવ્યો તીવારે.

૬૩. તિવારે તિહાં બાહુબલી રાજા સભા પુરી બેડો છે. તે મધ્યે ત્રણ લાખ પોતાના પુત્ર તે મધ્યે વડો પુત્ર સોમ -

૬૪. યસા. તેહને ચોવીસ હજાર અસ્ત્રી છે. તેહના પુત્ર શ્રીયાંસ પ્રમુખ ૭૨ બહોતેટ હજાઈર પુત્ર છે.

૬૫. એતલે પુત્રના પુત્ર તહને પરવર્યો. મહાતેજકાંની સુર્યની પરે દેહીપ્યમાન થકો દુતે દીઠો. ભયભ્રાંત થ -

૬૬. કો તે દુત બોલ્યો : ''મહારાજા, તુમારે ભાઈ ભરત ચક્રવર્તિ તુમને જુહાર કહ્યો છે. અને કહિઉં છે જે મા-

૬૭. હરે ચક્રરત્ન આયુધસાલાઈ નથી આવયુ તે માટે તુમો માહરી આંણ દાંણ માંનયો.'' એહવુ દુત મુખે વચ -

૬૮. ન સાંભલી, મુહ ચઢાવીને, રાતાં લોચન કરી, બાહુબલ રાજા બોલ્યો : અરે દુત! તાહરા ઠાકુરને લાજ નથી -

૬૯. હજી? સરમ નથી જે માટઈ ૯૮ અઠાણું ભાઈનુ રાજ લેઈ છ ખંડનો ધણી થયો છે તો હિ પણ તૃપતી નથી ?

૭૦. સમુદ્ર પરે જે માહરો રાજ લેવા વાંછે છે તે દિવસ વીસરી ગયો, જે નાનપણે દડાની પરે ઉચો ઉછાલી હુ પ-

૭૧. ડતો ઝાલતો? વલી હુ તેહ જ છઉં. રાજનો ખપ હોય તો વહિલો આવયે, પણ આંણ તો શ્રી તાતજીની જ

૭૨. માંનવી. બીજો કોઈની નથી માંનતા.'' ઈમ કહી દુતને તી ભૂછી કાઢી મુકીઉ. દુતે આવી સર્વ વાત સવી -

૭૩. સ્તરપણે ભરત ચક્રીને કહિ તીવારે ભરત(ચ)ક્રવર્તિનઈ ક્રોધ ચઢિઓ. રણભંભા દેવરાવી પછે પોતા -

૭૪. ના સવા કોડી પુત્ર, માંહે વડો પુત્ર આદીત્યયસા, તેહના પુત્ર મહાયસા પ્રમુખ સવા લાખ તે સહિત પો -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૭૫. તાની ચતુરંગી સેના ચોરાસી લાખ હાથી, ચોરાસી લાખ ઘોડા, ચોરાસી લાખ રથ, છનુ કોડ પાલા, ચો -

૭૬. રાસી લાખ નીસાંણ, બત્રીસ હજાર મોડબંધ રાજા, પંચવીસ હજાર અંગરક્ષક દેવતા, બીજા ઘણા વીઘા -

૭૭. ઘર દેવતા, એહવી સર્વ ચક્રવર્તિની ઋધી લેઈ, બાહુબાલ દેશની સંધે આવી પડ્યો. તીવાર બાહુબલ પ -

૭૮. ણ પોતાનો કટકદલ લે(ઈ) સોહમો આવયો. માંહોમાંહિ યુધ ઘણા થયા. લોકનો સીંહાર(સંહાર) થાવા માંડ્યો. ઈમ -

૭૯. યુધ કરતાં બાર વરસ થયાં. તીવારે ઈંદ્રિ આવી બેઉને સમજાવ્યા. ''તુમે ઋષભના પુત્ર થઈ સુ કટક મરા -

૮૦. વો છો? તુમો બ(બે) ભાઈ માંહોમાંહિ દષ્ટિયુધ-૧, વચન-૨, બાહુ-૩, મુષ્ટિ-૪, દંડયુધ-૫ એ પાંચ યુધ કરો. ૫ યુધ

૮૧. કરતાં હાર્યો તે અને ૫ યુધ કરતાં જીત્યો તે.'' ઈહવો ઈંદ્રનો વચન સાંભલી બે ભાઈ વાત પ્રમાંણ કરી -

૮૨. ને પ્રથમ દષ્ટિ યુધ કર્યો. તીહાં ભરત હાર્યો. બાહુબાલ જીત્યો. એહવી દેવતાની વાંણી થઈ. બાહુબલ

૮૩. ઉપર ફુલવૃષ્ટિ થઈ. બીજો વચનયુધ. તીહાં પણ ભરત હાર્યો. તીજો બાંહે યુધ કીધો. ચોથો મુષ્ટિયુધ -

૮૪. કિધો. પાંચમો દંડયુધ. ઈમ પાંચ જુધ કરતાં ભરત હાર્યો તીવારે ક્રોધને વસે ભાઈ ઉપર હણવાને ચક્ર -

૮૫. મુકતો. હવે તે ચક્ર બાહુબલને ત્રણ પ્રદક્ષણા દેઈ પાછો ભરત પાસે આવ્યો. જે માટે ગોત્ર માહિ ચક્ર -

૮૬. ફરે નહિ. હવે ભરત વીમાસે. જો એ ચક્ર પાછુ વલ્યું તો સહિઈ રાજ લેસે. ઈમ ચિંતવે એતલે બાહુબલે ચક્ર મુક -

૮૭. ઓ દેખી ક્રોધ ચઢીઓ. જો એણે માહરુ મસ્તક છેદવા તાર કીધો તો હુ ચક્રને અને ચક્રવર્તિનઈ મુષ્ટિ ક -

૮૮. રી ચૂરુ ઈમ કહી મુષ્ટિ ઉપાડી. ક્રોધ ચડાવી, ભરત સાહમો ધાયો એતલે વિચાર ઉપનો : મહાબુરૂ થાસે એ -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૮૯. મુઠે ભરત મરસ્યે, છ ખંડ રંડાસે, ઋષભના વસને કલંક લાગસે. લોકમાંહિ હાહાકાર થાસે. સર્વ મા -

૯૦. હરો અપજસ થાસે અને એ મુઠ ઉપાડી તે પાછી નીફલ કીમ કરુ? ઈમ ચિતવી તે મુઠે મસ્તકે પોતા

૯૧. ને લોચ કર્યો. દેવતાઈ વેષ આપ્યો. જાયસ્સવદ્દ કીધો. ભરત પગે લાગી, ખમાવી પોતાને થાં -

૯૨. નકે ગયો. હવે બાહુબલ વિમાસે : જે માહરા અઠાણુ ભાઈ દીક્ષા લેઈ કેવલજ્ઞાન પામ્યા છે તે-

૯૩. લઘુને વાદવા પડસે. તે માટે કેવલજ્ઞાન ઉપના પછી ઈહાથી જાઉ. જીમ લઘુ ભાઈને વાહવા ન -

૯૪. પડે. એહવો અભિમાંન આંણી, મનમા જાણી, કેવલ ઉપર હઠ તાંણી, તીહાં જ કાઉસગ કરી

૯૫. રયો. વરસ દિંવસ લગે ભુખ તરસ ખમી પગે ડાભઉ. ઓ વૃક્ષની પરે વેલડીઈ વિંટાણો. કાંન માં-

૯૬. હિ પંખીઈ માલા ઘાલ્યા. વાયરો તાઢ, તાપ ખમતાં વરસ દિવસે પણ કેવલ ન પાંમ્યા તીવારે શ્રી ઋ -

૯૭. ષભદેવે પોતાની પુત્રી બ્રાહ્મી-સુંદરી સાધવી, બાહુબલની બહિન તે પ્રભુઈ પ્રતીબોધવા સારુ

૯૮. બાહુબલ પાસે મોકલી. તીવારઈ તે સાધવીઈ આવીને પોતાના ભાઈને ઈમ કહે : 'વીરા! ગજ થકી -

૯૯. ઉતરો.' એ વચન સાંભલી બાહુબલ પોતાના મનમાં વીમાસે : હું તો ગજ ઉપર નથી ચઢ્યો અને એ મ-

૧૦૦. હાસતી તો જુઠુ ન બોલે. જુઠો ન બોલે. ઈમ વીમાસતાં મનમાં ઉપનો સહિ. હું અભીમાંન રુપીઈ

૧૦૧. હાથીઈ ચઢિઓ છું તો હવે અભીમાંન મુંકી મ(મા)હરા ભાઈને પગે લાગુ. તે લઘુભાઈને વાંદું. મુઝથી જ્ઞાં -

૧૦૨. ન(દ)ર્શન ચારીત્રે વડા છે. ઈમ ચિંતવી જેતલે માંન વાંદવા મુંકી પગ ઉપાડ્યો તેન અહંકારરહિત આ -

૧૦૩. ત્મા થયો. એતલે તરત કેવલજ્ઞાંન ઉપનો. કેવલી પર્યાય પાલી, ઘણા ભવ્ય જીવ પ્રતીબોધી મુગતે

(૪) સનત ચક્રવર્તીકથા

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૦૪. પોહતા બાહુબલી ઋષી. તે માટે અહંકાર ધર્મ ન હોઈ. હવે કેટલા એક હલુકર્મા -

૧૦૫. જીવ થોડે ઉપદેસે પ્રતીબોધ પાંમે છે. તે ઉપર શનતકુમારે(૨) ચક્રવર્તિનો સંબંધ દૃષ્ટાંત દેખાડે છે.

૧૦૬. અત્ર કથા : ગજપુર નગરને વીષે શનતકુમાર ચક્રવર્તિ છ ખંડનો રાજ કરે છે. એહવે એ વાર

૧૦૭. સનતકુમાર ચક્રવર્તિનો અદ્ભુત રુપકાંતિ, તેજી સ્વરુપતા મનોહર, તે ઈંદ્રિ સભા મધ્યે

૧૦૮. બેઠા થકો રુપ વષા(ખા)ણ્યો. તે રુપ સનતકુમારનો જોવાને અને બે દેવતા બ્રાહ્મણનો રુપ કરી શ્રી -

૧૦૯. ગજપુર નગરને વિષે તે બે દેવતા આવ્યા. એહવે સમ{વ}યે સનતકુમાર ઘા માથે ખલખાંડની ભ -

૧૧૦. રાવે છે. નાવા બેઠા છે ત દેવતાઈ રુપ જોયો. દેવતાઈ તે રુપ જોઈને ઘણું જ ઘણું વખાણ્યો. તીવારે સન -

૧૧૧. તકુમાર ચક્રવર્તિ ગર્વ અહંકાર માંહિ ગયો. કહિવા લાગો : અરે [હમણાં] બ્રાહમણ રુપ સુ વખાંણો -

૧૧૨. છો? જી વારે નાહિ ઊઠી જો જન કરી વસ્ત્ર આભરણ પહિરી સભાઈ બેસઓ તીવારે રુપ જોજો તેત -

૧૧૩. લે સનતકુમાર ચક્રવર્તિને ડીલે સાત રોગ મોટા ઉપના તે કેહાં ખરજ - ૧ શરીરે સોમ ૨ તાવ તપ્ત ૩

૧૧૪. સોસ ૪ અન ઉપર અરુચિ ૫ કુખની વેદના ૬ આંખની વેદના ૭ એ - સાત રોગ ઉપના પણ જાણ્યા

૧૧૫. નહી. જીમ વસ્ત્રે આભરણ પહિરી સોલ શ્રંગાર સજી સભાઈ બેઠો, તિવારે તે બ્રાહ્મણ ફરતા ફરતા દેવ સ્વ -

૧૧૬. રુપ જોવા તેડ્યો. સભાને વીષ(ષે) દેવતાઈ રુપ દેખી, રોગ ઉપના જાણી, તે બે દેવતાઈ માથો ધુણી ની -

૧૧૭. ચો જોયો. તીવારે ચક્રવર્તિ કહે : તમે તીવારે માહરુ રુપ વખાણ્યો હતો અને હવે માથો કીમ ધુ-

૧૧૮. ણાવો છો? તિવારે તે બે દેવતા ચક્રી પ્રતે ઈમ કહે જ(જે) "માહારાજ, તે વેલાઈ જે રુપ હતું તે રુપ હમણા ન -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૧૯. થી. તુમારા શરીરને વીષઈ સાત રોગ મોટા ઉપના છે. ષી(ખી)ણ શરીર વીણસે છે. જે કરવો હોઈ તે -

૧૨૦. કરયે.'' તીવારે ચક્રવર્તિ કહે : તુમે કિમ જાણો તે કહે. ''અમે દેવતા છ. અવધીજ્ઞાને કરી જાણયો.

૧૨૧. ઈંદ્રિ તાહરો રુપ વખાણયો ત્યારે અમે બે દેવતા બ્રાહ્મણનો રુપ કરી જોવા આવ્યા હતા.'' ઈમ કહિ દેવ -

૧૨૨. તા દેવલોકે ગયા. પછે તેતલે વચને રાજ છાંડી વિનય ધર્મ આચર્યો. આચાર્ય પાસે દિક્ષા લી -

૧૨૩. ધી. છ મહિના તાઈ સર્વ પરીવાર કેડે ફિર્યો. પીણ લગાર માત્ર ન ચુકો. સાત રોગ સાતસે વરસ

૧૨૪. લગે આસ્યા. છઠ-અઠમાદિક તપ કષ્ટ કરતાં અનેક લબધીઓ ઉપની છઈ. વલી તેહ જ દેવતા

૧૨૫. વૈદ્યનો રુપ કરી પરીક્ષા કરવા આવ્યા છે. ભો સ્વામી! આમો વૈદ્ય છઉં અમારે સુદ્રમાંન નીર્વિંધન ઔ -

૧૨૬. ષધ છે તે લ્યો. ઈ જેમ તુમારા સર્વ રોગ જાઈ, કંચન સમાંન કાયા થાઇ. તીવારે ચક્રવર્તી સાધુ કહે તુ -

૧૨૭. મે અંતરંગ કર્મરોગનો ઓષધ જાણતા હો તો કરો અને બાહમ રોગ તોહુ પણ ટાલુ ઈમ કહી પોતા -

૧૨૮. ની ટચલી અંગુલી થુકે કરી ચોપડી તપ લબધે સોનામય કીધી. તે દેખી દેવતા પગે લાગી {ક}

૧૨૯. કહે : ''ધન્ય તુ!'' ઈમ વાંદી દેવતા દેવલોકે ગયા. સાતસે વરસ રોગ અહિયાસ્યા પણ ઉષધ માત્ર -

૧૩૦. ન કર્યો. રોગ સર્વ પોતાની મેટો વીલય ગયા. પછી ચક્રવર્તિ સાધુઈ લાખ વરસ દીક્ષા પા -

૧૩૧. લી શ્રી સનતકુમાર ઋષીસ્વર ત્રીજે દેવલોકે દેવતાપણે ઉપના. માહાસુખ પાંમ્યા. ઈમ બીજા

૧૩૨. પણ હલુકર્મી જીવ તે થોડે ઉપદેસઈ પ્રતીબોધ પાંમે, એ સનતકુમાર ચક્રી કથા.

(૫) બ્રહ્મદત્ત ચક્રવર્તિકથા :

૧૩૩. હવે કેતલાએક જીવ ભારકર્મિ ઘણા. ઉપદે {વ}શે પ્રતીબોધ ન પાંમે. તે ઉપર બ્રહ્મદત્ત ચક્રવર્તિ

૧૩૪. નો અને ઈદાદ્રિ રાજાનો મારણહાર ચેલો એ બે દ્દષ્ટાંત દેખાડે છે. અત્ર કથા પ્રથમ બ્રહ્મદત્તની ક -

૧૩૫. હે છે. કાંપીલપુર નગરને વીષે બ્રહ્મરાજા, ચુલણી રાણી. તેહનો પુત્ર બ્રહ્મદત્ત બારમો ચક્રવર્તિ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૩૬. રાજ કરે છે. એકદા પ્રસ્નાવે બ્રહ્મદત્ત ચક્રવર્તિ સભાદુ વે(બે)ઠા. ગીત નાટીક સાંભલી જાતીસ્મરણ -

૧૩૭. ઉપનુ પાછલા ભવ દિઠા પામી ધરતીંઈ પડ્યો. મંત્રીસર પ્રભુપે ચંદનાદિક સીતલ વાયે કરી

૧૩૮. ભાવચેત કિધો થકો, પોતઈ પાછીલા ભવનો ભાઈ. તેહને મીલવાની ઉત્કંઠા ઘણી છે. બે પદસ્ત્રો(શ્લો)

૧૩૯. ક કયો. અશ્વદાસો ૧ મૃગો ૨ હંસો ૩ માતંગો ૪ ચમરો તથા ૫ એ બે પદનાં પાછલાં પદ બે પુરે

૧૪૦. તેહને અર્ધરાજ આપું. એહવુ કયા થકી મંત્રીસ્વરે નગર માહિ પડો વજડાવ્યો. સર્વ લોક ૨ -

૧૪૧. પદ ભણવા લાગાં. પણ પાછલાં પદ કોઈ જોડી ન સકે, એહવે પુર્વ જન્માંતરનો ભાઈ ચિત્ર નાં -

૧૪૨. મે પુરી મેતાલનગરને વીષે કોઈક સેઠને ઘરે પુત્રપણે અવતરીઓ છે. તીહાં ધર્મ સાભલી વે -

૧૪૩. રાગ્ય પાંમી દિક્ષા લીધી જાતી સ્મરણ પાંમી વીહાર કરતો તે સાધુ તીહાં કાપીલનગરની વા -

૧૪૪. વાડી માંહિ આવી, અરહટ્ટને પાસે કાઉસગ કરી રયો છે. એ હવે અરહટ્ટના ખેડણહારના મુ -

૧૪૫. ખથી શ્લોકનો અર્ધ સાંભલી, પાછીલાં બે પદ પુર્યા. તે કીહાં એષાનો ષષ્ટિ જગે જાતી ૨ ન્યોન્યાં

૧૪૬. ન્યાં વીયુકતયો ૧ સાધુના મુખથી શ્લો(ક) સાંભલી, અરહટ્ટનો ખેડુ માલી ઉતાવલો બે પદ બ્રહ્મદત્ત

૧૪૭. ચક્રી આગલ કહી શ્લોક પુરો કર્યો, તે રાજા સાંભલી મુચ્છર્ા પાંમ્યો. તીવારે મંત્રીશ્વરે પ્રમુ -

૧૪૮. ખ લોકે તે માલીને મારવા માડ્યો તી વાર તે કહે : 'મે નથી પુરીઉ અમારા અરહટ્ટને પાસે એક સાધુ -

૧૪૯. છે તેણે બે પદ પુર્યા છે.' એહવુ કહિઉ. તે માલીઈ તે સાંભલી ચક્રીને સીતલ પવન ચંદનાદિકે સચેત

૧૫૦. કર્યો. પછે રાજા પોતાનો પરીવાર લેઈ તે સાધુને ભક્તે સ્નહે પુરીઓ વાંદવા ગયો. તે સાધુ તે દેખીને -

૧૫૧. હર્ષવંત મન થયો. પછઈ સાધુને વિધીપુર્વક વાંદી પાસે બેઠો. તેવારે સાધે મર્મદેશના દેવા માંડી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૫૨. ને દેખાડી સંસારની અસારતા, કેઈ દેખાડ્યા કર્મબંધનના કારણ. સાધુઈ વખાણો મોક્ષનો -

૧૫૩. માર્ગ. સાધુનુ વચન સાંભલી બ્રહ્મદત્ત ચક્રી બોલ્યો જે તુમે કયુ તે ખરુ પણ તુમારે હર્ષ ધર્ ધર્મ

૧૫૪. તીમ અમારે તુમારે દર્શને હર્ષ પાંમ્યો. તીમ એ રાજ લેઈ સુખ ભોગવી મુઝને હર્ષ પા(૫)માડી પછે આપ -

૧૫૫. ણ બે જણ તપ સંજમ આદરસો. એહ જ તમને તપનો ફલ છે. તીવારે સાધુ કહે : હે ચક્રી, તુમે ભલુ

૧૫૬. કહિઉ પણ કેવલ મનુષ્યનો ભવ ફીરી પામવો તે દુર્લભ છઈ. શ્રી રાજ લક્ષ્મી થીર નથી. વીષ

૧૫૭. ય વીપાક કડુઆ છે. અને વીષયને વીષે જે લુબ્ધ છે તેહને નીશ્ચે નરનારીને નરગ ગત જાવઉ છ. ૫-

૧૫૮. છે ફરી મોક્ષબીજ પાંમવો દુર્લભ છે. અને કેટલા એક દિવસ રાજ ભોગવી સુખ પામીસ તે માટે મું

૧૫૯. ક કદાગ્રહ. સંસારનુ આપણા પાછલા ભવના દુખ તે પ્રતઈ આ ભવથી છઠે ભવે આપણ બે દર્શા -

૧૬૦. ર્ણભદ્ર નગરને વીષે બે દાસ થયા. સંડીલ નામે બ્રાહ્મણની દાસીના પુત્ર થયા. તે ખેત્ર સાચવવા ખેત્ર -

૧૬૧. ના વડવૃક્ષ તલે સુતાં થકાં કાલે નાગે ડસ્યા. બે મરણ સમકાલે પામ્યાં. તીહાંથી મરી, કાલજર પ[ર]

૧૬૨. વતને વીષે મૃગીની કુખેબે જોડલે ઉપના. જોડલે બે જણા ચરતા. પારધીઈ એક બાણે કરી માર્યો.

૧૬૩. તીહાથી મરી, ત્રીજે ભવે ગંગા નદીને તીરે હંસ થયા. તીહાં આપણ બે પાસે બંધાણા. તીહાથી મરી ચો-

૧૬૪. થે ભવે વાણારસી નગરીઈ ભુતદિન ચંડાલના પુત્ર થયા. ચિત્ર અને સંભૂત એહવે નામે. એહવે તે -

૧૬૫. નગરને રાજાઈ નમુષિ પ્રધાનને કોઈક અપરાધ પડ્યો. તીવારે પાપકર્મે સંયુક્ત ને રાજાઈ આ -

૧૬૬. પણા પીતાને મારવા ગનો આવ્યો. આપણે પીતાઈ તેહને કહિઉં : ''જો માહરા પુત્ર ચિત્ર ૧ અને સં -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૬૭. ભુતને ભણાવે તો જીવતો રાષું(ખું). તેણે જીવવાની આઈ (આ[સા]ઈ) હા ભણી. પછે આપણને ભુહિરા માંહિ છા -

૧૬૮. ના ભણાવે. આપણી માતા સંઘાતે તેહને સંબંધ થયો. તે સંબંધ પીતાઈ જાણ્યો. તીવારે નમુચીને

૧૬૯. મારવા માંડ્યો આપણે ગુરુ જાંણી જીવ તો મુકાવ્યો. દેશ બાહિર કાઢીને તે ગજપુર નગરને

૧૭૦. વીષે સનતકુમારે ચક્રવર્તિનો પ્રધાન થયો. પછી આપણા ગીતગ્યાનેં (ગીતજ્ઞાને) નગરમાં પ્રસીદ્ધ થયો. ચંડા -

૧૭૧. લ જાત માટે લોકે ચાડી ખાઈ. આપણને દેશ બાહિર કઢાવ્યા. આપણ દુર દેશાંતર ગયા. દુખે વૈ -

૧૭૨. રાગ્ય ભાવે આત્મઘાત કર્વા(કરવા) પર્વત ઉપર્ચઢ્યા. (ઉપર ચઢ્યા.) તીહાં આપને સાધુ મીલ્યા. તેણે સમઝાવ્યા. પ્રતી[બો]ધ

૧૭૩. પાંમી દીક્ષા લીધી. ગીતાર્થ થયા. છઠ આઠમાદિક દુકર તપ કરતા અનુક્રમે વીહાર કરતાં

૧૭૪. આપણા ગજપુર નગરને વીષે આવ્યા. માસખમણને પાર્ણે (પારણે) તુ નગર માહે વોહરવા ગયો. તીહાં ન -

૧૭૫. મુંચી પ્રધાને તુઝને દીઠો. જાણું પાછલી વાત કહેસ્યે. એવું જાણી પોતાના ચાકર મુકી તુજને -

૧૭૬. ઢીકા પાટુ દેઇ, ગલે ઝાલી, નગર બાહિર કઢાવ્યો. તુજન(ને) ક્રોધ ચઢ્યો. તે તેજુલેશ્યા મુકવા ગણી

૧૭૭. મુખ માહિથી ધુવાડો કાઢ્યો. નગર માહિ અંધકાર વ્યો(યા)પ્યો. રાજાઈને વાત જાંણી. સર્વ લોકમાં -

૧૭૮. આવી, રાજા સહિત પોતાનો અપરાધ ખમાવી, નમુંચી પ્રધાનને બાંધી આણી તાહરે પગે લાગ્યો.

૧૭૯. તીવારે તે ક્રોધ ઉપસમાવ્યો. પછે આપણ બે જણે સંલેખણા કીધી. સનતકુમાર ચક્રવર્તિ પો -

૧૮૦. તાનો પરીવાર લઈ અ(અં)તઃપુર સહીત વાંદવા આવ્યો. તીવારે વાંદતાં સુનંદા નામે સ્ત્રીરત્નના

૧૮૧. મસ્તકની વેંણ તાહરે પગે લાગી. તુઝને મોહ ઉપનો. તેં નીયાણુ કીધુ. જો તપનુ ફ્લ હોઈ -

૧૮૨. તો ઈહવી સ્ત્રીનો ભોગવો. મે તુઝને વાર્યો પણ તે માહરો વાર્યો ન કીધુ. આપણ બે કાલ ક -

૧૮૩. રીને પહિલે દેવલોકે દેવતા થયા. પાંચમા ભવને વીષે. આ છઠા ભવને વીષે તીહાંથી ચવી ર(બે) અ -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૮૪. વતર્યા. તુ સંભુતનો જીવ નીયાંણુ કરવા માટે કાપીલપુર નગરે બ્રહ્મ રાજા-ચુલણી રાણી, તેહનો-

૧૮૫. પુત્ર ચક્રવર્તિ થયો અને હું ચિત્રનો જીવ પુરી મતાલ નગરને વીષે વ્યવહારીયાનો પુત્ર થયો.

૧૮૬. ધર્મ સાંભલી દીક્ષા લીધી. દીક્ષા લેઈ જાતી સ્મરણ પાંમી હું ઈહાં આવ્યો તે માટે પાછલા ભવના દુખ -

૧૮૭. સાંભલી, વિષયસુખ તજી મનુષ્યજન્મ સફલો(લ) કરી. એહવું સાંભલી બ્રહ્મદત્ત ચક્રી બોલ્યો. ભગ -

૧૮૮. વન, પામ્યા વિષયસુખ તે છાંડી અણદીઠા આગલાં સુખની વાંછા કરવી તે લક્ષણ છે. મુર્ષ(ર્ખ)નુ લક્ષણ છે.

૧૮૯. બીજ હું પણ જાણુ છઉ પણ વીષયસુખ નથી મુકાતાં ઈત્યાદિક અનેક દૃષ્ટાંત સમઝાવ્યો. એ-

૧૯૦. પણ તે ચક્રી સમઝ્યો નહી. પ્રતીબોધ ન પાંમ્યો. તીવારે સાધુ બીજે ઠામે વીહાર કીધો. ચારીત્ર

૧૯૧. પાલી કેવલી પાંમી મુગતે પોતા. હવે બ્રહ્મદતને સુખ ભોગવતાં કેતલોએક કાલ ગયો. એહવે એ -

૧૯૨. ક બ્ર(બ્રા)હ્મણ પહીલાં તો ઓલષી(ખી) તો તેણે આવી ભોજન માગ્યો. તીવારે ચક્રી કહે : અમારુ ભોજન તુ -

૧૯૩. ઝને નહી જરે. તીવારે તે વીપ્ર બોલો : ધિગ ધિગ કહો તુઝને જે માટે ભોજનની ના કહો છો એહવો ક -

૧૯૪. યા માટે ચક્રીઈ તે વીપ્રને સર્વ પોતાના કુટબ સહિત પોતાનો ભોજન જીમાડ્યુ. તેણે ઉન્માદિ -

૧૯૫. કુટંબ થયો. પોતાની મા, બહિન, બેટી, દોહિત્રી, ભોજાઈ, ભત્રીજી, સુધા પરવસ કેફે પડે થકે -

૧૯૬. જી વારે મદ ઉતર્યો તીવારે બ્રાહા(મ)ણ કુહબ લાજ્યો થકો વનમાહિ ગયો. ચક્રી ઉપર દ્રેષ આંણ્યો.

૧૯૭. જુઉ મુઝને જીમાડી એહવુ કાર્ય કરાવ્યો. વન માંહી ફરીતા ફરીતા એક એક રબારી બાલી ચારતો દિઠો.

૧૯૮. અને ગલોલે કરી વૃક્ષનાં પાંનડાં પાંડતો દિઠો. તેહને તે વીપ્ર જઈ મીલ્યો. મીત્રાઈ કીધી. પોતા-

૧૯૯. ની વાત કહી જો ચક્રીની આંખ કાઢે તો માગે તે આપુ. તીવારે તે ગોવાલીઈ હા ભણી. નગર -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૨૦૦. મા તેડી આવ્યો. રાજમાર્ગે તે ઘરને અંતરે રાખ્યો. એહવે બ્રહ્મદત્ત રાજા બાહી(ર) નીકલ્યો તેવારે -

૨૦૧. તે ગોવાલીઈ તાકીને ગલોલ મારી. આંખ બે કાઢી. વલતી ચક્રવર્તીનંઈ ખબર થઈ. તે બ્રાહ્મણ-

૨૦૨. ને કુટંબ સહીત માર્યો. પછે મંત્રીસરને કયુ જેની પ્રતી આખ કાઢી, ઘાલ ભરી, મારા મુષ(ખ)

૨૦૩. આગલ મેલો. હું હાથે કરીને મસલું જીમ મુઝને સાતા ઉપજઈ. એહવો ક્રોધે ભરાંણો તી વા -

૨૦૪. રે વારે મંત્રીસરે વીચાર્યો. એ તો મહા અનર્થ થાઈ છે. એહવો જાંણી વડગુંદીનો ઘાલ ભરીને ચ -

૨૦૫. ક્રવર્તિ આગલ મુકયો. એ બ્રાહ્મણની કાઢી આંખેણી છે. પછે હાથે કરી મસલે. મન માહે સા -

૨૦૬. તા પામે. ઈમ સોલ વરસ દુકર્મ કરી રૌદ્ર ધ્યાંન ધરી, સાતસે ને સોલ વરસનો આ(ય)ષો(ખો) પુરો

૨૦૭. કરી સાતમી નરકે નારકીપણે ઉપનો. ૩૩ સાગરોપમને આઉષે(ખે). ઇમ બીજી જે ભારે

૨૦૮. કર્મા જીવ હોઈને પ્રતીબોધ ન પાંમે.

શબ્દાર્થ

કડી	શબ્દ	અર્થ
૫	વીલગીને	વળગીને
૮	સંગારે	શણગાર
૮	ચીટી	નાની/કૃશ થયેલી
૮	ડાઠી	અડવી / ખાલી
૧૩	કુમારણે	કુમારપણામાં
૧૪	પર્યાય	કાળ સુધી દીક્ષા પાળી.
૧૯	હાઉસગ	શારીરિક વ્યાપારો છોડી એક આસને સ્થિર થઈ ધ્યાનસ્થ બનવું તે.
૨૦	તિવારે	ત્યારે / તે સમયે
૨૦	સમોસર્યા	પધાર્યા / સમવસરણમાં બેઠા
૨૪	તપસા	તપસ્યા

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૨૫	બલાડી	બિલાડી
૨૬	જાતમાત્ર	એકનો એક
૨૮	ધાંન	ધ્યાન
૩૨	આક્ષ	વિશે
૩૮	લોચ	હાથ વડે મસ્તકના વાળ ખેંચી મુંડન કરવું.
૩૯	ધીગરક	ધિક્કાર
૩૯	સર્વવીરત	રાગ-દ્વેષની સર્વ બાબતોથી વિરક્ત થવું.
૪૩	ધાતીયા કર્મ	૪ પ્રકારના-આત્માના ગુણોનો ઘાત કરનાર કર્મો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય એ જ કર્મો
૪૮	પ્રતીબોધ	ઉપદેશ / ધર્મની સાચી સમજ આપવી
૭૨	ભૂછી	ભૂંડી રીતેં ?
૭૬	નીસાંણ	ધજા / રાજચિહ્‌ન તરીકે સવારી આગળ ચાલતો ડંકો
૮૬	વીમાસે	વિચારમાં પડ્યો.
૯૧	ઉપના પછી	ઉત્પન્ન થયા બાદ
૧૦૪	હલુકર્મી	હળવા કર્મવાળો / કર્મનો ક્ષય જલ્દી થાય તેવો એનું વિરોધી ભારેકર્મી = કર્મક્ષય ન થાય.
૧૧૫	શ્રંગાર	શણગાર
૧૨૪	લબધી	સિદ્ધિ - અમુક પ્રકારના તપ કરવાથી પ્રાપ્ત થાય છે.
૧૨૯	ઉષધ	ઔષધ / દવા
૧૩૦	મેટો	મેંતે / જાતે
૧૪૪	અરહટ્ટ	કૂવો
૧૭૪	વોહરવા	અન્નભિક્ષા લેવા, શ્રાવકને ત્યાંથી સૂઝતો આહાર લે તેને વહોરવું કહે છે.
૧૭૬	ઢીકાપાટુ	ગદડાપાટુ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૧૭૬	તેજુલેશ્યા	સાધના-તપની સિદ્ધિ જેમાં તેજ-અગ્નિ નીકળે અને જેની સામે ફેંકાય તે ભળીને ભસ્મ થાય.
૧૭૯	સંલેખણા	યાવજ્જીવ અનશનવ્રત લેવું તે.
૧૮૧	નીયાણુ	કરેલ તપના ફળની ઇચ્છા રાખવી.
૧૮૩	ચવી	ચ્યવી / નીકળી
૧૯૬	કુહબ	ખૂબ
૨૦૭	સાગરોપમ	એવાં માપ છે જે સંખ્યા વડે ગણાવી ન શકાય, પણ ઉપમા વડે જ કહી શકાય. અહીં સાગરની ઉપમા આપેલી છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પુણ્યસાગરકૃત 'અંજનાસુંદરી ચઉપઈ'નો સમીક્ષાત્મક અભ્યાસ

કલ્પેશ પી. મકવાણા*

પુરાણકથાઓ, ધાર્મિકકથાઓ, ઉપદેશાત્મકકથાઓ, ચરિત્રો, લોકકથાઓ અને ટુચકાઓ એમ વિવિધ પ્રકારે મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં વિવિધ સ્વરૂપે કથાવાર્તાઓ હજારોની સંખ્યામાં હોવાનું માની શકાય. 'જાતકકથા', 'બૃહત્કથા', 'પંચતંત્ર' જેવા કથાસંગ્રહો ઉપરાંત પ્રાકૃત સાહિત્યની દૃષ્ટાંતકથાઓ, અનુવાદો, રૂપાંતરોના રૂપમાં જૂની ગુજરાતીમાં અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. આ સિવાય અનેક સ્વતંત્ર રચનાઓ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષામાં થઈ છે.

પૌરાણિક કથાનક પર આધારિત અંજનાસુંદરીના ચરિત્ર પર કમલહર્ષ, નરેન્દ્રકીર્તિ, માલદેવ, શાંતિકુશલ-૧, કમલવિજય-૧, વિમલચારિત્ર, શતનાથ, પુણ્યસાગર, કમલહર્ષ-૨, ભૂવનકીર્તિ (ગણિ)-૨, મહિરાજ (પંડિત), વિમલચારિત્ર (ગણિ)-૨, માનવવિજય-૨, જિનોદય (સૂરિ)-૩, ગુણવિજય, પૂજ્યરાજ, વિનયચંદ્ર, હંસહર્ષ, મહાનંદ ક્ષેમકુશલ, દીપસાગર, ધર્મસુંદર, લૂણસાગર જેવા અનેક સર્જકોએ કૃતિઓ રચી છે જે આ કથાની લોકપ્રિયતા પુરવાર કરે છે. પુણ્યસાગરકૃત 'અંજનાસુંદરી ચઉપઇ' નામની સંવત ૧૬૮૯ (ઈ.સ. ૧૬૩૩) સાંચોરમાં રચાયેલી અને સંવત ૧૭૧૮ (ઈ.સ. ૧૬૬૨) ઝાલોરમાં કમલવિજય નામના લહિયા પાસેથી પુનઃલિખિત હોવાના સંદર્ભવાળી હસ્તપ્રત પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાથી પ્રાપ્ત થઈ. તેનો અનુક્રમ ૯૧૬૬ છે. દરેક પત્રની ડાબી બાજુએ અને અંતે કૃતિનો નામનિર્દેશ કરેલ છે. હસ્તપ્રતમાં ૧૭ પત્રો છે. હસ્તપ્રતની લંબાઈ ૨૯ સે.મી. અને પહોળાઈ ૧૨ સે.મી. છે. દરેક પત્રની લંબાઈ અને પહોળાઈ એકસમાન છે. હસ્તપ્રત બંને બાજુએ લાલ રંગની શાહીથી હાંસિયો પાડીને વચ્ચે સુવાચ્ય અક્ષરે દેવનાગરી લિપિમાં લખાયેલી છે. પહેલાં ૧૬ પત્રમાં ૧૭-૧૭ લીટીઓ અને અંતિમ પત્રમાં ૮ લીટીઓ છે. પ્રત્યેક લીટીમાં ૫૫થી ૬૫ વર્ણ છે. હસ્તપ્રત સંપૂર્ણ છે પરંતુ ૩થી ૧૩ સુધીનાં પત્રોનો ડાબી બાજુનો થોડો ભાગ ફાટી ગયેલ હોવાના કારણે થોડા વર્ણો ઉકેલવામાં મુશ્કેલી પડે છે. 'જૈન ગુર્જર કવિઓ'માં ૬૩૨ કડીઓની કૃતિ નોંધાયેલી છે જ્યારે હસ્તપ્રતમાં ૬૪૧ કડીઓ જોવા મળે છે.

હસ્તપ્રતની વિશેષતાઓ જોઈએ તો મધ્યકાલીન લિપિ પ્રમાણે હસ્તપ્રતમાં 'ખ' માટે 'ષ' અને 'ख' બંને પ્રકારના વર્ણ જોવા મળે છે. કોઈ શબ્દના પુનરાવર્તન માટે શબ્દની પાછળ અંક

'સ્વાધ્યાય' - પુ. ૫૮, વર્ષ ૨૦૨૧, પૃ. ૬૧-૬૯. ISSN 2250-0391

* ટી-૪૪, યુનિવર્સિટી સ્ટાફ ક્વાટર્સ, વલ્લભવિદ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦, M: 09558962172, Email: kalpeshm560@gmail.com

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

(૨) લખવામાં આવ્યા છે. ઘણી જગ્યાએ જે શબ્દમાં ણ,ન,મ જેવા અનુનાસિકો આવતાં હોય તેની આગળના વર્ણ પર અનુસ્વાર મૂકવામાં આવ્યા છે. તાલવ્ય 'શ'ની જગ્યાએ 'સ' પ્રયોજાયો છે. હસ્તપ્રતમાં રહી ગયેલ શબ્દ ઉમેરવા માટે કાકપદની નિશાની મૂકવામાં આવી છે. જો શબ્દ રદ કરવાનો હોય તો તે શબ્દ પર શિરોરેખા કરવામાં નથી આવી. મધ્યકાલીન હસ્તપ્રતોમાં સુશોભન માટે જુદી-જુદી આકૃતિઓ ઉપસાવવામાં આવતી હતી. આ હસ્તપ્રતમાં લખાણ દ્વારા દરેક પત્ર પર કુંડાકૃતિ ઉપસાવવામાં આવી છે, જે આ હસ્તપ્રતની એક મોટી વિશેષતા છે.

કૃતિના આરંભમાં ગુરુને નમન કરતાં સર્જક કહે છે કે,

શ્રી ગણધર ગૌતમ પ્રમુખ એકાદશ અભિરામ;
મનવંછિત સુખ સંપદાંઇ નિતુ સમરંતા નાંમ. (પં-૧, ઢાલ-૧, ખંડ-૧)
પ્રથમ ઉધ્ધમ મઇ માંડયઉ મતિ દીસઈ અતિમંદ;
તિણિ કારણિ પહિલા નમઉ શ્રી ગણધર સુખકંદ. (પં-૨, ઢાલ-૧, ખંડ-૧)
સરસતિ પદપંકજ સદા પૂજે બે કર જોડિ;
કહણ કથા ઉજમ ઘણુ માત મ આણે ખોડિ. (પં-૩, ઢાલ-૧, ખંડ-૧)

મંગલાચરણમાં ગણધર ગૌતમનું સ્મરણ કરી દેવી સરસ્વતીને બે હાથ જોડી કૃતિ રચવામાં કોઈ ખોડ કે ખામી ન આણવા વિનંતી કરવામાં આવી છે. સાથે ગુરુની વંદના કરી કૃતિનો ઉલ્લેખ કર્યો છે અને તરત કથાનો આરંભ કરે છે.

જ્યારે કૃતિના અંતમાં સર્જક, રચનાતિથિ, માસ અને વર્ષનો ઉલ્લેખ કરતી પંક્તિઓ આ પ્રમાણે છે.

તાસુ સીસ પુણ્યસાગર વાચકય ભણઇ એમ;
અંજનાસુંદરી ચઉપઇ ચરણ વદતિઇ પ્રેમ. (પં-૧૪, ઢાલ-૧૪, ખંડ-૩)
સંવત સોલ નિવ્યાસીયઇ શ્રાવણ માસ રસાલ;
સુદિ તિથિ પંચમી રૃધિવૃધિ મંગલમાલ (પં-૧૫, ઢાલ-૧૪, ખંડ-૩)

આ ઉપરાંત કૃતિના અંતે લહિયા અંગે પણ નીચે પ્રમાણે માહિતી મળે છે.

સંવત ૧૭૧૮ વર્ષ માહ સુદિ ૫ દિને, ભૌમે જાલોર નગરે;
ગણિ શ્રી શ્રી શ્રી શ્રી ભોજવિજય શિષ્ય ગણિ શ્રી હંસવિજય શિષ્ય મું. કમલવિજય લિખિત.

પ્રસ્તુત કથા પૌરાણિક કથાનક આધારિત અંજનાસુંદરીની ચરિત્રાત્મક બોધપ્રધાન કથા છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અહીં સતી અંજનાના ચરિત્રને કેન્દ્રમાં રાખીને કથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કથાનક આ પ્રમાણે છે.

પ્રહ્લાદનપુરમાં રાજા પ્રહ્લાદન અને રાણી પદ્માવતીને ત્યાં પવનજયકુમાર અને અંજનપુરમાં રાજા અંજનકેત અને રાણી અંજનાવતીના ઘરે અંજનાસુંદરીનો જન્મ થાય છે. પવનજયકુમાર અને અંજના બંને યુવાન થતાં લગ્ન માટે યોગ્ય પાત્રની શોધ શરૂ થાય છે. અંજનકેત અંજના માટે અનેક યુવાઓનાં પટચિત્રો જુએ છે. આ સમયે પવનજયની કીર્તિ દેશપરદેશમાં વ્યાપેલી હતી. તેનું પટચિત્ર લઈને એક દૂત અંજનપુર આવે છે. રાજારાણી આનંદિત થઈ પટચિત્ર પ્રધાનને દેખાડે છે અને ઝડપથી સગપણ માટે મોકલે છે. બધા નંદીસેરી નામના ધાર્મિક સ્થાને મળી લગ્ન નક્કી કરે છે. લગ્નની આગલી રાત્રિએ પવનજયકુમાર અને મિત્ર ઋષભદત્ત સંતાઈને અંજના અને દાસી ચંપકમાલાની વાતો સાંભળે છે. તે ક્ષણે અંજના અને દાસી દેવદત્ત નામના કુમારની વાત કરે છે. જ્યારે અંજના દેવદત્તકુમારનાં વખાણ કરે છે. પોતાની પત્નીના મુખે પરપુરુષનાં વખાણ સાંભળીને પવનજયકુમાર અંજનાની હત્યા કરવા તલવાર કાઢે છે. ત્યારે ઋષભદત્ત સ્ત્રીહત્યા કરવાથી કુળને લાંછન લાગશે એમ કહીને પવનજયને રોકે છે. ધામધૂમથી અંજનાસુંદરી અને પવનજયકુમારનાં લગ્ન થાય છે. જાન પ્રહ્લાદનપુર પાછી આવે છે પરંતુ પવનજયકુમાર અંજનાસુંદરીથી વિમુખ થઈ તેને કડવાં વચનો સંભળાવે છે. તે સાંભળી અંજના દુ:ખી થાય છે.

રાજા પ્રહ્લાદનને યુદ્ધમાં મદદ માટે લંકાથી રાવણનું તેડું આવે છે. રાજા પવનજયને રાવણની મદદ માટે જવા જણાવે છે. લંકા જતાં રસ્તામાં રાત્રિરોકાણ દરમિયાન પવનજયકુમારને ચક્રવાક પક્ષીનો કરુણ અવાજ સંભળાય છે ત્યારે મિત્ર ઋષભદત્ત જણાવે છે કે ચક્રવાક પક્ષી દિવસ દરમિયાન સાથે રહે છે અને રાત્રિના સમયે ચક્રવાકીથી જુદા પડવાના કારણે ચક્રવાક વિલાપ કરે છે. આ સાંભળતાની સાથે જ પવનજયના હૃદયમાં અંજનાનું સ્મરણ થાય છે. અંજના પ્રત્યેનો રોષ ટળતા તેને મળવા આતુર બને છે. મિત્રની સહાયથી રાત્રિના સમયે મહેલમાં આવે છે. અંજના અને પવનજયનું મિલન થાય છે. સમય જતાં અંજના ગર્ભ ધારણ કરે છે. પતિની ગેરહાજરીમાં અંજનાએ ગર્ભ ધારણ કરતાં કુળને કલંક લાગશે એમ વિચારી રાજા અંજનકેતુ દૂત મોકલી અંજનાને જંગલમાં મૂકી આવે છે. અંજના અને દાસી ચંપકમાલા જંગલના શિખર પર ગુફામાં વસવાટ કરે છે. ત્યાં બાળકનો જન્મ થાય છે. જેનું નામ હનુમાન પાડવામાં આવે છે. વખત જતાં જંગલમાં એક સાધુ આવે છે અને અંજના અને ચંપકમાલાના પૂર્વભવની કથા જણાવે છે. અહીં પૂર્વભવ રૂપે આડકથા આવે છે. પૂર્વભવમાં ધનાવહ નામના વણિકની બે પત્ની હતી. જયા અને વિજયા. વિજયા ધર્માચરણ કરનારી અને પ્રતિમાની પૂજા કર્યા વિના અન્ન-જળ ગ્રહણ ન કરતી. એક દિવસ વિજયા ઘરની બહાર જાય છે તે સમયનો લાભ લઈને જયા જીનદેવની પ્રતિમાની ચોરી કરી બાર દિવસ સુધી પ્રતિમા સંતાડી રાખી પછી હૃદયમાં કરુણા આવતા પ્રતિમા પાછી આપે છે. પૂર્વજન્મના આ કર્મના કારણે આ જન્મમાં તેનું

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ફળ ભોગવી રહી છે. હવે એ પાપફળમાંથી મુક્ત થઈ છે એમ સાધુ જણાવે છે. તે ક્ષણે જ રવિધ્વજ નામના અંજનાના મામા નંદીસરની યાત્રાએથી પાછા ફરતા હોય તે અંજનાને ઓળખી પોતાની સાથે પોતાના નગરમાં લઈ આવે છે. બીજી તરફ યુદ્ધમાં વરુણદેવને હરાવીને પવનજયકુમાર નગરમાં પાછો આવે છે. તે આ વૃત્તાંત જાણીને વિલાપ કરે છે. તે જંગલમાં જઈને અગ્નિપ્રવેશ કરવા જાય છે ત્યાં મિત્ર ઋષભદત્ત તેને રોકીને ત્રણ દિવસની અવધિમાં અંજનાને શોધી આપવાનું વચન આપી અંજનાની શોધમાં નીકળી પડે છે. તેને રવિધ્વજના રાજ્યમાં અંજનાની ભાળ મળતાં તેને પોતાની સાથે પ્રહ્લાદનપુર લઈ આવે છે. અંતે અંજના, પવનજયકુમાર અને હનુમાનનું મિલન થાય છે. પવનજયકુમારે રાજ્ય સંભાળ્યું. એવામાં એક દિવસ નગરમાં સાધુ આવે છે. તેમનો ઉપદેશ સાંભળી હનુમાનને રાજ્ય સોંપીને અંજનાસુંદરી અને પવનજયકુમાર દીક્ષા ગ્રહણ કરે છે. આમ કૃતિનું કથાનક જરા પણ વિક્ષેપ વગર સળંગ ચાલે છે. કૃતિનું અન્ય મહત્ત્વનું અંગ તેમાં આવતાં વર્ણનો છે.

કથાસાહિત્યના નિરૂપણમાં વર્ણન એ અનિવાર્ય અંગ જેવું છે. 'અંજનાસુંદરી ચઉપઇ' વર્ણનપ્રધાન કથા છે. પ્રસ્તુત કૃતિનો આરંભ નગર, કોટ, રાજા-રાણી વગેરેનાં વર્ણનોથી થયો છે. ત્યારબાદ કિલ્લા, મહેલ, માર્ગ, ઉપવન, તળાવો અને નાયક-નાયિકાનાં વર્ણનો કરવામાં આવ્યાં છે.

કથાની શરૂઆતમાં જ નગરનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે,

દેવ તણા જોયણ એક લાખ, જંબુદીપ એ પ્રવચન ભાખ;
તાસુ પરિ ઘિરૂ સુણુ વિચાર, ત્રિણી લાખનંઇ સોલ હજાર. (પં-૧, ઢાલ-૧, ખંડ-૧)
બીસય સતાવીસ જોયણ માન, અડવીસ ધણુસય અધિક પ્રમાણ;
તીન કોસ સાધાં ગુલાતેર, એહ વાત માંહઇ ફાર ન ફેર. (પં-૨, ઢાલ-૧, ખંડ-૧)

અહીં આ માત્ર સ્થૂળ વર્ણન ન રહેતા એક આદર્શ નગર કેટલા વિસ્તારનું હોવું જોઈએ એનો નિર્દેશ સર્જક કરે છે.

પ્રહ્લાદનપુરનું વર્ણન કરતાં કવિએ અહીં અતિસૂક્ષ્મ નિરીક્ષણો મૂકી આપ્યાં છે.

તે ગિરિ પાસઈ નગર સુચંગ, નામ પ્રહ્લાદનપુર અતિચંગ;
પાખલિ ફિરતું પૌઢ દુરંગ, દુર્જન જનનું ન ચલઇ બંગ. (પં-૫, ઢાલ-૧, ખંડ-૧)
જલકઈ કોસીસારી ઉલી, ચિહું દિસિ દીસઈ પોઢી પોલિ;
રુડી હાટશ્રેણિ વિસ્તાર, ફાંદિલસાહ કરઈ વ્યાપાર. (પં-૬, ઢાલ-૧, ખંડ-૧)
છોહબંધ ઊંચા આવાસ, જાણે સૂરજબિંબ પ્રકાસ;
છેયલ ઘણા સુખરસ ભોગવઈ, સરખું કાલ સદા જોગવઈ. (પં-૭, ઢાલ-૧, ખંડ-૧)

અહીં આદર્શ નગરની રચના કેવી હોવી જોઈએ તેનો તાગ મળે છે. નગર ફરતે કોટ ચણી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

દેવામાં આવ્યો છે જ્યાં દુર્જન લોકો પ્રવેશી શકતા નથી. નગરમાં વ્યાપાર માટે ચોક્કસ હાટશ્રેણીઓ બનાવવામાં આવેલી છે, ત્યાં વ્યાપારીઓ વ્યાપાર કરે છે. તે ઉપરાંત નગરના આવાસો પણ ખૂબ ઊંચા બનાવવામાં આવ્યા હશે. જ્યાં રસિકજનો સદા સુખરસ ભોગવે છે. સાથે જૈન કૃતિ હોવાના કારણે જૈન ધર્મના પ્રચાર-પ્રસારહેતુ કેટલાંક વર્ણનો કરવામાં આવ્યાં છે.

સોભાઈ સરખા જૈનપ્રસાદ, દંડકલશ ધજ ઘંટનાદ;
સતરભેદ પૂજા મંડાણ, બઈઠી નિરખઈ રાણોરાણિ. (પં-૮, ઢાલ-૧, ખંડ-૧)
ઠામિઠામિ બહુ શત્રુકાર, નિરધન લોક લહઇ આધાર;
સૂધા શ્રાવક દીન દયાલ, સાચા ધર્મ્મ તણા પ્રતિપાલ. (પં-૯, ઢાલ-૧, ખંડ-૧)

નગરમાં આવેલ જૈનમંદિરોમાં દંડ, કળશ, ધ્વજ અને ઘંટનાદથી સત્તરભેદ પૂજા ચાલી રહી છે અને રાજારાણી બેસીને જોઈ રહ્યાં છે. નગરમાં ઠેકઠેકાણે દાનશાળાઓ ચાલી રહી છે. જેનો નિર્ધન લોકો આધાર લઈ રહ્યા છે. ત્યાં ધર્મના સાચા રક્ષકો રહે છે. આમ કૃતિમાં જૈન પ્રભાવ પ્રચુર માત્રામાં જોવા મળે છે. અહીં માત્ર નગરનાં બાહ્ય વર્ણનો જ નહીં પણ નગરનાં આંતરિક વર્ણનો પણ એટલી જ ઝીણવટથી વર્ણવવામાં આવ્યાં છે. જેમ કે,

વસઈ વરણ અઢારહ સુખી, ન કરઈ કો કિણનઈ દુખી;
દીઠઈ મારગે ચાલઈ સહૂ, પરઘલ પુન્ય કરઈ તે બહુ. (પં-૧૧, ઢાલ-૧, ખંડ-૧)
વણિક તણી ચઉ રાસી ન્યાતિ, વરણાવરણ તણી બહુ ભાતિ;
તિણિ કરી નગરી સોભાઈ ઘણુ, સરગ નગરની ઉપમ ભણુ. (પં-૧૨, ઢાલ-૧, ખંડ-૧)

જ્યાં અઢાર વર્ણો એક સાથે સુખથી રહે છે. બધા જ પુણ્યના બતાવેલા માર્ગે ચાલે છે અને કોઈને કોઈ દુ:ખી કરતું નથી. જ્યાં વણિકની ચોર્યાસી જ્ઞાતિઓ વસવાટ કરે છે તે નગર પૃથ્વી ઉપરના સ્વર્ગ સમાન લાગે છે.

નગરવર્ણનની જેમ જ વ્યક્તિવર્ણનો પણ સર્જકે ખૂબ બારીકાઈથી કર્યાં છે. અંજનાસુંદરીનું વર્ણન કરતાં કહે છે.

પાયક મઈ કાછિબા રે લાલ, હીરા નિખરી પંતિ;
જંઘા રંભા સારિખી રે લાલ, વિપરી ગતિ સોભંતિ. (પં-૭, ઢાલ-૨, ખંડ-૧)
મૃગપતિ લાજી વન ગય રે લાલ, પેખી કટિ તટલંક;
ઘણઘણ યુગલ સોહામણા રે લાલ, કોઈ ન દિસઈ વંક. (પં-૮, ઢાલ-૨, ખંડ-૧)
દોઈ ભુજ દીસઈ દીપતા રે લાલ, જેહી પંકજ નાલિ;
ઊભી સોભઈ આંગણઈ રે લાલ, લિખિમી આવી ચાલિ. (પં-૯, ઢાલ-૨, ખંડ-૧)
રવિશશિ કુંડલ જલહલઈ રે લાલ, દર્પણ સોભા ગાલ;

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

દંત સકોમલ ઊજલા રે લાલ, અધર પ્રવાલી લાલ. (પં-૧૦, ઢાલ-૨, ખંડ-૧)
નયણ કમલની ઉપમા રે લાલ, ભુ ભમરી કહિવાઈ;
સામ વેણી ટલતી રહી રે લાલ, કટિ તટ સ્યૂ લપટાઈ. (પં-૧૧, ઢાલ-૨, ખંડ-૧)
યોવન ભર જોરઈ ચડી રે લાલ, વચન અમીરસ બિંદ;
મુખ મટકુ દેખી કરી રે લાલ, ખીણપણું લહઈ ચંદ. (પં-૧૩, ઢાલ-૨, ખંડ-૧)

મધ્યકાલીન કથારીતિમાં વર્ણનો બીબાંઢાળ મળે છે. અહીં અંજનાસુંદરીનું વર્ણન પણ પરંપરાગત શૈલીનું જ જોવા મળે છે. અંજનાના સામુદ્રિકશાસ્ત્ર અનુસારનાં લક્ષણો બતાવ્યાં છે. જેમાં પગમાં કાચબાનું ચિહ્ન અને પિંડીઓમાં હીરા જેવી ચમક છે. અન્ય વર્ણન પરંપરાગત છે જેમ કે રંભા સરિખી જંઘા, તેની કટિ જોઈ સિંહ પણ લાજીને વનમાં ચાલ્યો ગયો. કમળની દાંડી જેવાં હાથ, ઉજળા દાંત, પરવાળા જેવા હોઠ, કમળ જેવાં નયન, સૂર્ય, ચંદ્ર જેવાં કુંડળ વગેરે જોવા મળે છે. તો ક્યાંક નાકની નથણીનું વર્ણન સર્જકે પરંપરાથી બાહ્ય રીતે મૂકી આપ્યું છે. જેમાં નાકની નથણી નીચા નમીને જાણે અધરરસનું સેવન કરતી હોય એમ લાગે છે. અહીં સર્જકે વર્ણન કરવાની ઉતાવળમાં પાત્રવર્ણન કરતી વેળાએ જે પરંપરાગત વર્ણનનાં બીબાં લીધાં છે તેને કારણે તે વિવેક ચૂક્યા છે. હજી જે બાળા છે એવી અંજનાનું વર્ણન સર્જકે નવયૌવના જેમ કર્યું છે.

પાત્રનું જેટલું બાહ્ય વર્ણન કરવામાં સર્જકની હથોટી છે, એટલી જ ફાવટ પાત્રની મનોવ્યથા નિરૂપવામાં પણ છે. અંજનાની વિરહવ્યથાનું નિરૂપણ કરતાં લખે છે કે,

મનુખ કે લાખ સ્યું ઘર ભરયઉ, વલિ ભરયા દ્રવ્ય ભંડાર;
તે સવિ નારિનઈ પીઉ વિના, સુંનડા પડ્યા રે ઢંઢાર. (પં-૨, ઢાલ-૧૨, ખંડ-૨)
મુખિ ગઈ વાણિ પ્રિત્યા લૂઈ, દાહ થકી ગયું સહુ પ્રેમ;
વિણા વિના આમણ દુમની, યુથભૃષ્ટિ મૃગી જેમ. (પં-૮, ઢાલ-૧૨, ખંડ-૨)

પ્રિયતમનો વિરહ થવાથી લાખ લોકોથી ભરેલું ઘર, દ્રવ્ય ભરેલા ભંડાર પણ આનંદ આપતા નથી, તો રૂપ, ગુણ, તેજ, ચિત્તચાતુરી અને શૃંગાર પ્રિયતમ વિના એ બધું જ ક્ષણમાં ક્ષીણ થઈ જાય છે. પ્રિયતમ વિનાની પ્રેયસી જૂથથી છૂટી પડી ગયેલ હરણી સમાન છે. આમ પુણ્યસાગરે પાત્રના મનોભાવો વ્યકત કરવામાં વર્ણનને વધારે સ્થાન આપ્યું છે. સર્જકને જ્યાં પણ તક મળી છે ત્યાં તેઓ કથાવેગને રોકીને પણ વર્ણન કર્યા વિના રહી શક્યા નથી. આ તમામ વર્ણનો પરંપરામાંથી સીધેસીધા જ લીધેલાં હોય એમ લાગે છે. છતાં ક્યાંક ક્યાંક સર્જકે કાવ્યાત્મક મૌલિક વર્ણનોનો લસરકો પણ કર્યો છે. વર્ણનો આ કૃતિની વિશેષતા છે.

કથાનકની દષ્ટિએ કૃતિ મૌલિક નથી. તેનો હેતુ મનોરંજનની સાથે સાથે જૈન ધર્મનો પ્રચાર-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રસાર અને બોધ-ઉપદેશ આપવાનો રહ્યો છે. તેથી જ તે કૃતિ લોકપ્રિય બની શકી છે. તેની લોકપ્રિયતાનું કારણ તેમાં પ્રવર્તમાન કથાઘટકો(Motit) છે. આ કૃતિમાં નીચે મુજબનાં કથાઘટકો છે.

૧. કાગળ પર ચિત્ર કરવું, ૨. ગુપ્ત વાત સાંભળવી. (પ્રછન્ન શ્રવણ), ૩. જ્યોતિષકથન, ૪. શંકા ઉત્પન્ન થવી, ૫. પત્નીનો ત્યાગ કરી પરદેશ જવું, ૬. પૂર્વજન્મનાં કર્મફળ, ૭. ચમત્કાર, ૮. પક્ષીબોલી, ૯. ઉડતા વિમાન.

ઉપરોક્ત કથાઘટકોનો અભ્યાસ કરતાં જણાય છે કે અહીં ચમત્કારને લગતાં કથાઘટકો વિશેષ છે. મધ્યકાળનું સાહિત્યજીવન કલા ખાતર કલામાં માનનારું હતું. તેથી તે સમયના સર્જકોએ નીતિબોધ દ્વારા સંસ્કારસિંચન કરવાનું કામ આવી કૃતિઓ દ્વારા કર્યું છે. તેમાં સર્જકના અનુભવો અને જીવનદર્શનને વ્યકત કર્યું છે. કૃતિમાં પણ બોધપ્રધાન સુભાષિતો અને નીતિઉપદેશ અનેક સ્થાને જોવા મળે છે. આવો ઉપદેશ તેમણે દ્દષ્ટાંતો દ્વારા સરળ બનાવ્યો છે. કૃતિના કેન્દ્રમાં જૈન ધર્મ હોવાના કારણે અવારનવાર દાસી જેવું સામાન્ય પાત્ર પણ અંજનાને ધર્મમાં મન લગાવાથી સુખ પામીશ એમ ઉપદેશ આપે છે.

કર્મની ગતિ વિશે તેમણે શ્રોતાઓ સમક્ષ સરળ રીતે દ્દષ્ટાંતો મૂકી આપ્યાં છે. કાળની ગતિ વસમી હોય છે. કરેલાં કર્મ થકી કોઈ છૂટી શકતું નથી. એ રાજા હોય કે સુરનર હોય, કરેલાં કર્મો ભોગવવા પડે છે. કર્મથી રાવણ યુદ્ધ હારે છે, હરિશ્ચંદ્ર નીચના ઘરે રહ્યો, રામ-લક્ષ્મણને પણ વનવાસ થયો, પાંચ પાંડવોના કુળનું નિગમન થયું, નળને કુરૂપ થવું પડ્યું, નારાયણને દ્વારિકાદાહ જોવો પડ્યો. કર્મ થકી જ ચંદ્રને કલંક પ્રાપ્ત થયું, દરિયાને ખારાશ ધારણ કરવી પડી ને નદીઓ રાંકની રાંક. આમ અહીં પૌરાણિક પાત્રોનાં દ્દષ્ટાંત આપી કર્મ વિષયક ઉપદેશ આપ્યા છે. તો જીવનની ક્ષણભંગુરતા વિશે સમજાવતા કહે છે,

> અનિત્ય પદારથ એ સહુ, તિણિરી કેહી આસ;
> જીવિત જલરઉ બુદબુદઈ, સંધ્યા રાગ પ્રકાશ. (પં-૧૦, ઢાલ-૧, ખંડ-૩)

પુણ્યસાગરકૃત 'અંજનાસુંદરી ચઉપઈ'માંથી સર્જકની ભાષાગત લાક્ષણિકતાઓનો પણ પરિચય મળે છે. ભાષા સરળ છે. અહીં કૃતિમાં રાજસ્થાની ભાષાની અસર વિશેષ જોવા મળે છે. કૃતિમાં દુહા, ચોપાઈ અને અલગ અલગ દેશીઓનો પ્રયોગ કર્યો છે, કોઈ પણ જગ્યાએ છંદોનો પ્રયોગ કરેલ જણાતો નથી. સર્જકની અલંકાર સર્જવાની શક્તિનો પરિચય થાય છે. સર્જકે નગરના આવાસો, મહેલ, મંદિર તેમજ વ્યક્તિના વર્ણનમાં સુંદર ઉપમા અને ઉત્પ્રેક્ષા સર્જી છે. જ્યારે રૂપક, અંત્યાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ સહજ રીતે પ્રયોજે છે.

'છોહબંધ ઊંચા આવાસ, જાણે સૂરજબિંબ પ્રકાશ'(ઉત્પ્રેક્ષા), 'જીવી જઈ જિણ જંગ' (વર્ણાનુપ્રાસ),

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

'કાયા કોમલ વેલડી' (રૂપક), 'જીવિત જલરઉ બુદબુદઈ' (રૂપક), 'દુર્જ્જન કાલાનાગ સરિખું' (ઉપમા), 'ફટિક રત્ન જેવાં ઉજળાં જાણે કે સાક્ષાત સૂર્યનાં પ્રતિબિંબ' (ઉપમા)

કેટલાંક સુભાષિતો અને દષ્ટાંતો સર્જકનાં પોતાનાં મૌલિક હોય એમ લાગે છે. જેમ કે,

'લાખ રૂપિયાની કિંમતી મોજડી હોય પણ તેને પગમાં જ પહેરવાની હોય'

આ કૃતિમાં સમાજનું ચિત્ર પણ સાંપડે છે. મધ્યકાલીન પરંપરાપ્રાપ્ત સમાજવર્ણન જોવા મળે છે. જેમાં અઢાર વરણના લોકો સુખથી નગરમાં વસે છે. જ્યાં વણિકની ચોર્યાસી જાતિ હતી તેવા ઉલ્લેખ મળે છે. બધા જ લોકો સૂચિત કરેલ માર્ગે જ જીવન વ્યતિત કરે છે. દાન-પુણ્ય કરે છે. અહીં સર્જકનો આશય સમાજને ધર્મ તરફ વાળવાનો હોવાથી આવી રજૂઆત કરી હોય એ સ્પષ્ટ સમજાય છે. ભેરિ, નફેરી, ઢોલ, નગારા, શરણાઈ, નોબત, ભૂંગળ જેવાં સંગીતનાં વાદ્યોનો ઉલ્લેખ પણ છે તેથી પ્રજા સંગીતપ્રેમી હશે. પ્રજા પુનઃ અવતારમાં વિશ્વાસ ધરાવતી હશે. અંજના પૂર્વભાવનાં કર્મોનાં ફળ આ ભવમાં ભોગવે છે તેવા સંદર્ભો મળે છે. નસીબ, દાન-પુણ્યના ખ્યાલો પ્રજામાનસમાં દઢ થયા હશે.

કૃતિ જૈન સર્જક દ્વારા અને જૈન પ્રભાવમાં લખાયેલી હોવાના કારણે અહીં જૈન ધર્મ અને જૈનેતર વચ્ચેનો ભેદભાવ સ્પષ્ટપણે જોવા મળે છે. સર્જક જ્યાં ને ત્યાં ધર્મપ્રભાવ, નગરમાં જૈનમંદિરો, દંડ, કળશ, ધજા, ઘંટનાદ અને સત્તરભેદ પૂજાની વાત કરે છે. કૃતિમાં સંપૂર્ણ જૈન પ્રભાવ દેખાય છે. વળી જૈનેતર ધર્મમાં જ્યાં રાવણને અસુર માનવામાં આવે છે તે રાવણને તેજપ્રતાપી, પૃથ્વીપતિ તરીકે વર્ણવ્યો છે. તેમજ જૈનેતર દેવ-દેવીઓ અને ગ્રહમંડળ પણ રાવણની સેવામાં ફરજ બજાવતાં હોવાનો ઉલ્લેખ મળે છે. આમ પુણ્યસાગરની આ કૃતિમાં થોડી મર્યાદા હોવા છતાં કેટલાંક વર્ણનો ઉત્તમ છે. કથામાં પ્રયોજાયેલ નીતિ ઉપદેશ ભાવકને ધર્મ તરફ પ્રેરવા માટે યોગ્ય છે તેથી ભાવક માટે કૃતિ આસ્વાદક્ષમ બની છે.

સંદર્ભગ્રંથો :

૧. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ભાગ-૧, પ્રકાશક-ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૩.

૨. મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, હરિવલ્લભ ભાયાણી, પ્રકાશક-ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦.

૩. મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ, જયંત કોઠારી, પ્રકાશક-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર નિધિ, અમદાવાદ, ૧૯૯૪.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

૪. જૈન ગુર્જર કવિઓ, ભાગ-૨, સંગ્રાહકઃ મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્રકાશક-શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, બીજી આવૃત્તિ, ૧૯૮૬.

૫. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય, હસુ યાજ્ઞિક, પ્રકાશક- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૮૭.

૬. *An Alphabetical List of Manuscripts in the Oriental Institute, Vadodara,* Vol II, Raghavan Nambiyar, Oriental Institute, Vadodara, Second Edition - 1999.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૮૧

મહાભારતનાં ગૂઢ રહસ્યો

મૂળલેખક

ગ. વા. કવીશ્વર

અનુવાદ

વિજયા લેલે



THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम्

Estd. 1949

પ્રાચ્યવિદ્યામંદિર

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય

રાજમહેલ દરવાજા સામે, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

૨૦૧૬

Email : director-oriental@msubaroda.ac.in

Phone No. 0265-2425121

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कारककारिका-પાણિનીય વ્યાકરણની એક અપ્રકાશિત કૃતિ

હર્ષલ ભટ્ટ*

પ્રસ્તાવના – કારકકારિકા એ પાણિનીય સંસ્કૃત વ્યાકરણમાંના કારકવિષયને ખૂબ જ સરળ રીતે સમજાવતી એક અપ્રકાશિત કૃતિ છે. કૃતિના કર્તા વિષયક કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. કૃતિના નામ પરથી ખ્યાલ આવે છે કે, તેનું વિષયવસ્તુ સંસ્કૃત વ્યાકરણમાંના કારકો છે. જે રીતે ઈશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા, નાગાર્જુનની મૂલમાધ્યમિકકારિકા અને ગૌડપાદની ગૌડપાદકારિકા જેવી કૃતિઓ કારિકાશૈલીમાં મળે છે, તે રીતે અહીં પણ લેખકે કારિકાઓ કહેતાં શ્લોકો દ્વારા વ્યાકરણવિષયને પ્રસ્તુત કર્યો છે. અહીં કર્તાએ ગૌડપાદકારિકાની શૈલીનું અનુસરણ કર્યું હોય તેમ લાગે છે, કારણ કે સાંખ્યકારિકા આર્યા છંદમાં લખાયેલી છે અને અહીં કર્તાએ ગૌડપાદકારિકાની જેમ અનુષ્ટુપ્ છંદમાં વિષયવસ્તુ આલેખ્યું છે. પ્રસ્તુત કૃતિમાં ૭૬ કારિકાઓ આપેલી છે, જેમાંની માત્ર ૪ કારિકાઓ આર્યા છંદમાં અને અન્ય કારિકાઓ અનુષ્ટુપ્ છંદમાં છે.

કારિકા એટલે શું? એ વિષયમાં શ્રીઆપ્ટે લખે છે કે, Karika means a memorial verse, or a collection of such verses on grammatical, philosophical, or scientific subjects.[૧] કાવ્યમીમાંસામાં પણ રાજશેખર કારિકાની વ્યાખ્યા કંઈક આ રીતે પ્રસ્તુત કરે છે કે, अर्थप्रदर्शनकारिका कारिका ।[૨] તેમ છતાં તેમણે આપેલી આ વ્યાખ્યા 'કારિકા'ને અર્થસભર રીતે પ્રતિપાદિત કરતી જણાતી નથી.

પ્રસ્તુત કૃતિ સમજવામાં ખૂબ જ સહેલી છે. કારણકે, તેની લેખનપદ્ધતિ અને ભાષા અત્યંત સરળ છે. આ સિવાય 'કારક' વિષય લઈ સંસ્કૃત વ્યાકરણમાં આવી કોઈ કૃતિ રચાઈ હોય તેવું મારા ધ્યાનમાં નથી. કૃતિ પ્રારંભિક કક્ષાનું વ્યાકરણ શીખનારા લોકો માટે અત્યંત ઉપયોગી છે. કારણ કે, કૃતિ કારિકાશૈલીમાં રચાઈ હોવાથી અને મૂળ તો વ્યાકરણના કારક જેવા વિષયને કારિકાઓમાં ઢાળી કાવ્યાત્મક ઢબે રજૂ કરતી હોવાથી વિષય અત્યંત રસપ્રદ બની રહે છે.

'સ્વાધ્યાય' – પુ. ૫૮, વર્ષ ૨૦૨૧, પૃ. ૭૧-૭૭. ISSN 2250-0391

* સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ, કલાસંકાય, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા-૩૯૦૦૨૦, M: 7874965787, Email: harshalbhatt23@gmail.com

૧. Apte, V. S., *The Student's Sanskrit English Dictionary,* Motilal Banarasidas, Delhi, Revised and Enlarged Edition, Delhi, 2015, p.168.

૨. રાજશેખર, કાવ્યમીમાંસા, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ચતુર્થ સંસ્કરણ, પૃ.૧૦

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

આ કૃતિની એકમાત્ર હસ્તપ્રત (ક્રમાંક ૯૭૩૮) પ્રાચ્યવિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા ખાતે ઉપલબ્ધ છે, જે આ સંશોધનલેખનો આધાર છે. તદુપરાંત ન્યૂ કેટલોગસ કેટલોગોરમની હસ્તપ્રતસૂચિમાં કારકકારિકાની એક અન્ય પ્રત છે, જે અફઘાનિસ્તાનમાં મળે છે, જે હું સંશોધન માટે પ્રાપ્ત કરી શકયો નથી. આ કૃતિનું અન્ય કોઈ પ્રકાશક દ્વારા પ્રકાશન થયું નથી. સંસ્કૃતભાષા તેમજ દેવનાગરી લિપિમાં લખાયેલ પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરાની આ હસ્તપ્રત ૪ પૃષ્ઠ અને ૮૦ ગ્રંથસંખ્યા ધરાવે છે. પુષ્પિકાના આધારે હસ્તપ્રત લખાયાનું વર્ષ સંવત્ ૧૯૧૦ છે. હસ્તપ્રતના હાંસિયામાં કેટલાક સુધારા-વધારા જોવા મળે છે.

કૃતિનો પ્રારંભ આ રીતે થાય છે-

श्रीगणेशाय नमः ॥
कारकाणि कर्तुकर्मकरणं संप्रदानकम् ।
अथापादानमाधारः षट्सम्बन्धस्तु सप्तमः ॥१॥

અને, કૃતિ સમાપ્ત આ રીતે થાય છે-

बिभेत्यस्मादसौ भीमस्त्वस्मिनो स्वत आसनम् ।
गोमान् सन्त्यस्य गावो हि प्रोक्तानुक्तान्यतस्त्वहो ॥७४॥
संवत् १९१० ना

કર્તા - પ્રસ્તુત કૃતિમાં કર્તાએ પોતાના વિશે કોઈ માહિતી આપી નથી. લહિયાએ કૃતિના લિપ્યંતરણમાં દેવનાગરી ल ગુજરાતી લિપિના લ જેવો દર્શાવ્યો છે. લખાણની આ શૈલી પરથી કહી શકાય કે, લહિયો મૂળ ગુજરાતનો હોઈ શકે. તદુપરાંત લહિયો જૈન ધર્મના અનુયાયી પણ હોઈ શકે. કારણ કે, કૃતિના અંતમાં જીવદયા વિશે એક પદ્યમાં વાત કરવામાં આવી છે, જે આ રીતે છે.

जिनो जयति जैनेन क्रियते प्राणिनां दया ।

વિષયવસ્તુ - 'કારક' વિષયને વધારે સ્પષ્ટ અને રસપ્રદ બનાવવા માટે લેખકે બહુવિધ ઉદાહરણો આપ્યાં છે. જેમાંનાં કેટલાંક ઉદાહરણો ભટ્ટોજી દીક્ષિતની કૃતિ વૈયાકરણસિદ્ધાંતકૌમુદીમાંથી લીધેલ છે. પ્રસ્તુત કૃતિની શરૂઆતની ચાર કારિકાઓમાં છ કારકોની વ્યાખ્યા આપેલી છે. ત્યારબાદ લેખકે નીચે મુજબ ત્રણ પ્રકારના કર્તાનું પ્રતિપાદન કર્યું છે. (કા. ૫-૧૬).

हेतुकर्ताप्यसौ त्रेधा प्रेषकोऽध्येषकः परः ।
तथानुकल्पभागी च तृतीयः कथितो बुधैः ॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ત્યારબાદ લેખકે કર્મકારકનું પ્રતિપાદન કરી ત્રણ પ્રકારનાં કર્મ દર્શાવ્યાં છે, જે અનુક્રમે નિવર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય છે. (કા.૧૭-૫૦)

यत्क्रियते तत्कर्मस्याद्भेदैस्त्वे तदनेकधा ।
निवर्त्यं च विकार्यं च प्राप्यं च त्रैमिष्यते ॥

લેખકે કારિકા સંખ્યા ૫૧ થી ૬૧માં કરણકારક અને તૃતીયા વિભક્તિનાં ઉદાહરણો આપ્યાં છે. સંપ્રદાનકારક અને ચતુર્થી વિભક્તિના પ્રતિપાદન સમયે લેખકે ત્રણ પ્રકારનાં સંપ્રદાનનો ઉલ્લેખ કર્યો છે. જે અનુક્રમે પ્રેરક, અનુમંતૃ અને અનિરાકર્તૃ છે.

अनुमन्तृ प्रेरकमनिराकर्तृत्रिधेति तत् ॥

પંચમી વિભક્તિ અને અપાદાન કારકનું પ્રતિપાદન લેખકે માત્ર એક જ શ્લોકમાં ઉદાહરણ સાથે કર્યું છે. જે નીચે મુજબ છે.

यस्मादपायस्तदपादानं तदचलं चलम् ।
वृक्षात्पतति पर्णं च धावतोऽश्वात् पपात च ॥

પૂર્વાચાર્યોએ સંસ્કૃત વ્યાકરણમાં છઠ્ઠી વિભક્તિ માટે સંબંધ કારકનું પ્રતિપાદન કરેલું છે પરંતુ આ કારકનો સંબંધ સીધો કર્તા કારક સાથે ન હોવાથી તેને માત્ર છઠ્ઠી વિભક્તિ દ્વારા દર્શાવવામાં આવે છે. અહીં પણ લેખકે છઠ્ઠી વિભક્તિનું પ્રતિપાદન કરતા પહેલાં અધિકરણ કારક અને સાતમી વિભક્તિનું પ્રતિપાદન કર્યું છે અને લેખકનો મૂળ ઉદ્દેશ્ય કારકોને સ્પષ્ટ કરવાનો છે. અધિકરણ કારક અને સાતમી વિભક્તિનું પ્રતિપાદન કરતાં લેખકે ૬ પ્રકારનાં અધિકરણ દર્શાવ્યાં છે, જે અનુક્રમે ઔપશ્લેષિક, અભિવ્યાપક, નૈમિત્તિક, સામીપ્ય, ઔપચારિક અને વિષયક છે.

विषयिकोपश्लेषिकमभिव्यापकमेव च ।
नैमित्तिकसामीपिकमौंपचारिकमन्तिमम् ॥

લેખકે એક કારિકામાં ૧૦૦ પ્રકારની છઠ્ઠી વિભક્તિ છે તેવું બતાવ્યું છે પરંતુ પ્રસ્તુત કૃતિમાં માત્ર ચારનો જ ઉલ્લેખ કર્યો છે જે અનુક્રમે સ્વસ્વામિસંબંધ, જન્યજનકભાવ, વધ્યવધકભાવ અને ધાર્યધારકભાવ છે.

अस्यायमितिसम्बन्धः षष्ठ्युत्पत्तिस्त्वमुख्यतः ।
तस्माद्भवन्ति सर्वाणि कारकाणि विवक्षया ॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હસ્તપ્રતના પાઠ સંબંધી સમસ્યા -

પ્રસ્તુત કૃતિના લખાણમાં લહિયાએ ઘણી જગ્યાએ 'ત' ને 'ન' અને 'શ' ને 'શ્ર' તરીકે લખ્યો છે. તેમજ ઘણી જગ્યાએ લખતી વખતે સ્વરો ચૂકી ગયા છે. કારિકાઓમાં ઘણી જગ્યાએ છંદભંગ જોવા મળે છે. જેમકે -

निवर्त्यं च विकार्यं च प्राप्यं च त्रैमिष्यते ॥

અનુષ્ટુપ્ છંદમાં પ્રત્યેક પાદમાં આઠ અક્ષરો હોય છે, જ્યારે ઉપરોક્ત પંકિતમાં સાત અક્ષરો જ આપ્યા છે. લખાણમાં ક્યાંક એક જ પાદની પુનરુકિત થયેલ છે. જેમકે -

वृद्धिजीवितसत्तही स्थिति जागरणार्थकाः ॥
वृद्धिजीवितसत्तही स्थिति जागरणार्थकाः ॥

ઉપસંહાર - સંસ્કૃત વ્યાકરણ અને વ્યાકરણદર્શનમાં ઘણી એવી કૃતિઓ છે જે પદ્યબદ્ધ છે અને વિષયવસ્તુને અત્યંત સચોટ રીતે પ્રસ્તુત કરે છે. પ્રસ્તુત કૃતિનાં વિષયવસ્તુ અને લખાણ પરથી કહી શકાય કે, કૃતિ પાણિનીય વ્યાકરણનું પ્રાથમિક શિક્ષણ લેનારા માટે છે. કૃતિ કારિકાશૈલીમાં લખેલી હોવાથી વ્યાકરણ ભણનારા વિદ્યાર્થીઓ કારિકા યાદ કરીને વિષયને સરળતાથી સમજી શકે છે. તદુપરાંત કારક અને તેના પ્રકારો જેવા કેટલાક મુદ્દાઓ વિશેષ રીતે સમજાવ્યા છે. આથી, કૃતિના લખાણમાં લાઘવ અને અર્થના વિશેષ પ્રતિપાદન માટે લેખકનું કાર્ય પ્રશંસનીય છે.

॥ कारककारिका ॥

श्रीगणेशाय नमः ॥

कारकाणि कर्तुकर्मकरणं सम्प्रदानकम् ।
अथापादानमाधारः षट् संबद्धस्तु सप्तमः ॥१॥

उक्तानुक्ततया द्वेधा कारकाणि भवन्ति षट् ।
उक्तेषु प्रथमैव स्यादनुक्तेषु यथाक्रमम् ॥२॥

कर्मणि द्वितीया कर्तुकरणयोस्तृतीयका ।
सम्प्रदाने चतुर्थी स्यादपादाने तु पञ्चमी ॥३॥

आधारे सप्तमी सम्बन्धे तु षष्ठी विभक्तयः ।
इह संक्षेपतः प्रोक्ता वक्ष्यन्तेऽग्रे सविस्तराः ॥४॥

यः करोति किमप्येषः कर्ता स त्रिविधोत्तमः ।
स्वतन्त्रो हेतुकर्ता च कर्मकर्ता तथाऽपरः ॥५॥

न परैः प्रैर्यते यस्तु स्वतन्त्रो गौः प्रयातिवत् ।
यः पुनः कारयत्यन्यं हेतुकर्ता स कथ्यते ॥६॥

अनेककर्तृके मुख्यं कर्तारं प्रत्ययो वदेत् ।
भूपतिः सूपकारेण पाचयत्योदनं यथा ॥७॥

मुख्यस्तु स प्रयोक्ता यश्चेष्टयुक्तः स नापरैः ।
यथा चैत्रेण मैत्रेण श्रियं पोषयति प्रभुः ॥८॥

हेतुकर्ताप्यसौ त्रेधा प्रेषकोऽध्येषकः परः ।
तथानुकल्पभागी च तृतीयः कथितो बुधैः ॥९॥

प्रभृत्ये न प्रयोक्तव्यः प्रेषकोऽयं प्रकीर्तितः ।
यथा भृत्येन भूपालः कारयत्युल्वणं रणम् ॥१०॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सत्कारपूर्वकं यस्तु नियुक्ते घोषकस्तु सः ।
नरोऽथापरः कोऽपि वा गुरुं भोजयते यथा ॥११॥

न प्रेषते नाध्येषणे यस्त्वानुकूल्यभाग्यसौ ।
चेतनाचेतनत्वेन स पुनर्द्विविधो मतः ॥१२॥

चेतनो जनकं पुत्रो यथा हर्षयति स्फुटम् ।
अचेतनस्तु कारीषो निरध्यापयति द्विजम् ॥१३॥

स्वव्यापरं यदा कर्ता कर्मण्यारोपयेत्तदा ।
स्यात्कर्मकर्ता पच्यन्ते शालयः स्वयमेव तत् ॥१४॥

तथानुकूल्य भट्टोऽपि प्रस्तावादिह कथ्यते ।
यथा सरस्वती देवी छात्रवृन्देन वन्द्यते ॥१५॥

यत्क्रियते तत्कर्म स्याद्भेदैस्त्वेतदनेकथा ।
निवर्त्यं च विकार्यं च प्राप्यं च त्रितमिष्यते ॥१६॥

पुनस्त्रिधा भवेन्नित्योऽनित्यानुभयभेदतः ।
तथैवाकथितं कर्म कर्तृकर्म तथा परम् ॥१७॥

यदसज्जायते यच्च जन्मना वा प्रकाश्यते ।
तन्निवर्त्यं करोत्येष कटं सूत्रे सुतं यथा ॥१८॥

स्वतो गुणान्तराधानात् प्रकृत्युच्छेदतोऽपि वा ।
प्रपद्यते यद्विकृतिं तद्विकार्यं विदुर्बुधाः ॥१९॥

कुण्डली कुरुते स्वर्णं काष्ठं दहति पावकः ।
क्रियाकर्त्रोः विषयस्तु यत्र नास्ति कदाचन ॥२०॥

तत्प्राप्यं स्याद्यथा हि त्वं पश्यत्यमललोचनः ।
यदि सितं तदि कृंस्यात् शिशुरिति यथौदनम् ॥२१॥

द्वित्त्वं यत्प्राप्यते तत्स्थादनित्यं भुजगादिकम् ।
यथा हि लङ्घयत्यधो यथा मृद्राति कण्टकान्॥२२॥

यत्र नेच्छा न च द्वेषः तत्स्यादनुभयं यथा ।
ग्रामं गच्छन्स्तरोर्मूलान्युपसर्पति मार्गगः ॥२३॥

दुहादीनां प्रयोगे च द्वितीयं कर्म यत्किल ।
भवेदकथितं तच्च यथासौ दोग्धि गां पयः ॥२४॥

यच्चोपयुज्यमानं पयः प्रभृत्य क्रमवेन्मुख्यम् ।
यत्तन्निमित्तमपरं तद्गौणं गोप्रभृत्येव ॥२५॥

भारादिनीयमानं वह्यादेः प्रधानकं कर्म ।
तत्तव्याहावुक्तं नेयो ग्रामं यथा भारः ॥२६॥

अपादानादिकविधिं बाधित्वा घातवो ह्यमी ।
द्विकर्मका भवन्तीति कथिताः पूर्वकोविदैः ॥२७॥

कृतकोपं याचति शमं विनीतं याचते विनयम् ।
दुहयाचिरनुनयार्थो भिक्षार्थादस्यतदेहः ॥२८॥

वृद्धिजीवितसत्तही स्थिति जागरणार्थकाः ।
दुहिपचिरुधिप्रछिचिक्षिब्रूशास्ति भेदतः ॥२९॥

वहिभजिजपिदंडिमोदिकृषिमथिमुख्याः ।
रुचिक्रीडामृतिस्वापदीस्याद्यर्थास्त्वकर्मकाः ॥३०॥

इनः पूर्वं तु यः कर्ता स्यादिनं तेषु कर्म सः ।
तत्कर्तृकर्म विज्ञेयं पुढारेष्वेव धातुषु ॥३१॥

बोधाहगतिजल्पार्थ नित्याकर्मकधातुषु ।
भवन्येतद्यथाचार्यः शिष्यं बोधयते सुतम् ॥३२॥
बोधार्थाः सामान्यात्ज्ञानार्थाः स्युर्यथैव हि तथामी ।
इङ्यगम्यार्थी अपि दृशास्यशब्द्यै स्म तुष्यार्थाः॥३३॥

गमयति रमणीं मैत्रो रमणेनात्र गमिरस्ति यत्रनार्थाः ।
गत्यर्थ एव कर्म गमयति समरं रमारमणः ॥३४॥

स्वादिक्रंद्यादिशब्दा येनेकानकर्तृकर्मकाः ।
वहो सारथिकर्तृत्वे तथा भक्षिरहिंसने ॥३५॥

यथा खादयते खाद्यं पुत्रेण प्रीतिमान्पिता ।
यथा वाहयते ग्रामं भारं भृत्येन भूपतिः ॥३६॥

शस्यं वाहयते ग्राममुक्षाणं सारथिः पुनः ।
यथा भक्षयति प्रीत्या चैत्रो मैत्रेण मोदकान् ॥३७॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

पुनर्भक्षयते कोऽपि कीटकान् ग्रहकुक्कुटम् ।
कर्ता हृकोरपीनन्दो कर्म वा जायते यथा ॥३८॥

भारं भृत्येन भृत्यं वा ग्रामं हारयते नरः ।
कर्तात्मनेपदे दृश्यभिवाद्योः कर्म वा भवेत् ॥३९॥

कैश्चैश्चोरादिकस्याप्यभिवादेः कर्म वेष्यते ।
वा कर्मत्वमनिकर्तुरविवक्षितकर्मणाम् ॥४०॥

पावयत्येष मैत्रेयश्चैत्रं चैत्रेण वा यथा ।
लोकं लोकेन चात्मानं नृपो दर्शयते यथा ॥४१॥

अभिवादयते पूज्यं पुत्रं पुत्रेण वा पिता ।
आख्यातेन समासेन तद्धितेन कृतापि च ॥४२॥

उक्तत्वं कर्मणः कुम्भः कुलालैः क्रियते यथा ।
आरूढवानरो वृक्षः शत्यश्च शतिकः पटः ॥४३॥

कृतः कटस्तैरेकस्या यवधातोर्द्विकर्मणः ।
उभयोरप्युक्तत्वं बाधाहारार्थशब्दकर्मवताम् ॥४४॥

इति सति शिष्यो धर्मं शिष्यं वा बोध्यते धर्मः ।
अतिथिर्भोज्यते ओदनमतिथिं वा भोज्यते यथौदनः
॥४५॥

शिष्यं ग्रन्थं पाठयत इति शिष्यं पाठयते ग्रन्थः ।
गत्यर्थाकर्मकाणां स्यादित्युक्तं कर्ममुख्यकम् ॥४६॥

ग्रामं गम्यः सतैर्मैत्रस्तैर्मैत्रो मासमास्यते ।
यत्कारकमितिप्रोक्तमन्यद्वा वक्ति कर्मजः ॥४७॥

ग्रामो गम्यः सतैर्मैत्रं तैर्मैत्रो मास आस्यते ।
क्रियाविशेषणस्यापि सकर्माकर्मधातुषु ॥४८॥

नपुंसकत्वमेकत्वं कर्मत्वं च प्रयुज्यते ।
यथा स्तोकं पचत्येषा ब्राह्मणी सर्वमिति च ॥४९॥

शीघ्रमुत्पद्यते कुम्भः सुखं जीवति गौर्गलिः ।
इत्येतत्प्राप्यं निवर्त्यं विकारे प्रथमं त्रिधा ॥५०॥

नित्यानित्योभयभेदैर्नवधा जायते च तत् ।
प्रधानेतरभेदाभ्यां तदष्टादशधा पुनः ॥५१॥

इति कर्मप्रपञ्चोऽयं संक्षेपादर्शितो मया ।
क्रियते येन तत्कर्म तद्बाह्याभ्यन्तरं द्विधा ॥५२॥

व्रीहीन्लुनाति दात्रेण मेरुर्गच्छति चेतसा ।
कारकान्तरश्चास्य प्रकर्षो न स्वकक्षया ॥५३॥

दात्रैः शस्त्रैर्नखैर्बाणैः लुनास्तद्वहुधापि तत् ।
रुद्राय ददाति पशुमित्यर्थे कर्मणः करणसंज्ञा ॥५४॥

स्यात्कर्मसम्प्रदानं पशुना रुद्रं यजत्येषः ।
तथा समविषमयोः कर्मत्वे करणं भवेत् ॥५५॥

समेन धावति प्रौढः विषमेन च धावति ।
सम्प्रदानं यस्मैदिष्टा पूजानुग्रहकाम्यया ॥५६॥

अनुमन्तृ प्रेरकमनिराकर्तृ त्रिधेति तत् ।
यद्देहीति भणित्वा तु दातारं प्रेरयत्यहो ॥५७॥

तत्प्रेरकमिति प्रोक्तं भिक्षां देहि द्विजायवत् ।
ददामीति वचः श्रुत्वेत्येवं कुर्वन्तु मन्यते ॥५८॥

भिक्षं तदनुमन्तस्याद्दूरवेगां ददातिवत् ।
यन्नानुमन्यते नापि प्रेरयत् किन्तु मूकवत् ॥५९॥

भवेत्तदनिराकर्तु दत्ते देवाय हेमवत् ।
राज्ञो दण्डघ्नतः वृक्षं दत्त दिश्यां च नास्त्यहो ॥६०॥

शतं भटस्य दत्तेत्र न चानुग्रहकाम्यया ।
सम्प्रदानं तदेवस्मात्त्यागभावयुतं च यत् ॥६१॥

दीयमानेन संयोगात् स्वामित्वं लभते च यत् ।
रजकस्यां शुकं दत्ते त्यागभावोऽत्र दृश्यते ॥६२॥

भाटकेन गृहं दत्ते विप्रस्य स्वामिताऽत्र न ।
यस्मादपायस्तपादानं तदचलं चलम् ॥६३॥

वृक्षात्पतति पर्णं च धावतोऽश्वात्पपात च ।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

स्यादाधारोऽधिकरणं षट्प्रकारं तु तद्विदः ॥६४॥

वैषेयिकौपश्लेषिकमभिव्यापकमेव च ।
नैमित्तिकसामीप्येकमौपचारिकमन्तिमम् ॥६५॥

विषयो नान्यत्र भावो दिवि देवाः स्थिता यथा ।
एकदेशेन संयोगमुश्लेषश्च समीरितः ॥६६॥

यथा चैत्रः कटे आस्ते गृहे तिक्षति वा गृही ।
यत्र सर्वाङ्गसंयोगस्तदभिव्यापकं मतम् ॥६७॥

यथा तिलेषु तैलं स्यात्घृतं तद्दध्नि वा यथा ।
यस्य यत्स्यान्निमित्तं तन्निमित्तकमुदाहृतम् ॥६८॥

युधि सन्नत्वते हन्ति दन्तयोः कुञ्जरं यथा ।
समीपमेव सामीप्यं गङ्गायां घोष उन्मदः ॥६९॥

आकाशे शकुनिर्याति गुरौ वसति भक्तिमान् ।
भवेद्यद्यदुपचारात्तदौपचारिकमुच्यते ॥७०॥

अङ्गुल्यग्रे करीणांशतमास्ते यद्वत्प्रकीर्त्यते ।
अस्यायमिति सम्बन्धषष्ठ्युत्पतिस्त्वमुख्यतः ॥७१॥

तस्माद्भवन्ति सर्वाणि कारकाणि विवक्षया ।
एकशतं हि षष्ठ्यर्था स्वस्वामीत्यादिभेदतः ॥७२॥

स्वस्वामित्वे यथा भूमेः पतिः स्वामी गवामयम् ।
जन्यजनकसम्बन्धे जगतः पितरौ यथा ॥७३॥

वध्यवधकभावे तु यथा कंसस्य हिंसकः ।
भोज्यभोजकस्याद्गृहे भोक्तास्तु च बर्हिणः ॥७४॥

धार्यधारकभावे तु यथा छत्रस्य धारकः ।
जिनो जयति जैनेन क्रियते प्राणिनां दया ।
स्नानीयं स्नात्यनेनेति दानयोगे तु दीयते ॥७५॥

बिभेत्यस्मादसौ भीमस्त्वस्मिनो स्वत आसनम् ।
गोमान् सन्त्यस्य गावो हि प्रोक्तानुक्तान्यतस्त्वहो ॥७६॥

संवत् १९१० ना

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

Manuscript-copies Procuring Charges*

Charges for Indian Scholars

Sr. No.	Material	Handling Charge	Referring Charge	Digitization Charge	Using own Camera
1.	Paper Manuscript	Rs. 15/- (per MS)	Rs. 15/- (per MS)	Rs. 20/- (per page)	No Charges but the scholar has to submit one digitized copy of the work free of cost to the Institute
2.	Palm Leaf Manuscript	Rs. 30/- (per MS)	Rs. 30/- (per MS)	Rs. 40/- (per page)	No Charges but the scholar has to submit one digitized copy of the work free of cost to the Institute
3.	Illustrated Manuscript	Rs. 30/- (per MS)	Rs. 30/- (per MS)	Rs. 700/- per Exposure/ page	No Charges but the scholar has to submit one digitized copy of the work free of cost to the Institute

Charges for Non-Indian / Foreign Scholars

Sr. No.	Material	Handling Charge	Referring Charge	Digitization Charge	Using own Camera
1.	Paper Manuscript	Rs. 45/- (per MS)	Rs. 45/- (per MS)	Rs. 40/- (per page)	No Charges but the scholar has to submit one digitized copy of the work free of cost to the Institute
2.	Palm Leaf Manuscript	Rs. 90/- (per MS)	Rs. 90/- (per MS)	Rs. 80/- (per page)	No Charges but the scholar has to submit one digitized copy of the work free of cost to the Institute
3.	Illustrated Manuscript	Rs. 90/- (per MS)	Rs. 90/- (per MS)	Rs. 1400/- per Exposure/ page	No Charges but the scholar has to submit one digitized copy of the work free of cost to the Institute

Kindly note -

- **Copies can be delivered On-line or in CD/DVD** by registered Post- parcel/Courier or can be collected in person.
- **Money** can be **transferred** in the following Current Bank Account of **Oriental Institute**
  Bank : **Bank of Baroda** (Current Account at Dandia Bazar Branch, Vadodara)
  Account No. : 05780200000213
  Branch Code : BARB0DANDIA (Fifth Character is Zero)
  Swift Code : BARBINBBRM
- **Contact details of the Oriental Institute:**
  Phone No. : 0265-2425121
  E-Mail : director-oriental@msubaroda.ac.in
  Director's Mobile No. : 09898472669
- The four volumes of **'An Alphabetical List of Manuscripts'** available on **www.msubaroda.ac.in**

* Charges as per the Letter No. 289, dated 10.9.2012 of S.R. No.14, dated 31.07.2012

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

મુદ્રણવાંચન(પ્રૂફરીડિંગ)ના નિયમો

જે. કે. ઉમરેઠિયા*

सत्यस्य वचनं श्रेयः सत्यहीनं तु दुष्करम् ।।शान्तिपर्व, २०।।

સત્ય બોલવું હંમેશા ઉત્તમ જ છે પણ સત્ય શું છે એ જાણવું ખૂબ અઘરું છે.

મુદ્રણવાંચન કરનારને આ વાત બરાબર લાગુ પડે છે. મુદ્રણવાંચન કરનાર વ્યક્તિ સત્યની શોધમાં છે. પણ સત્ય શું છે એ જ ખબર ન હોય ત્યારે અનેક ભૂલો રહી જવાનો સંભવ રહે છે.

છાપકામને અક્ષરોમાં ગોઠવ્યા પછી તેમાં રહી ગયેલી ભૂલો સુધારવા માટે ટાઇપ કરનાર વ્યક્તિ પ્રિન્ટરની મદદ વડે કાચી પ્રિન્ટ કાઢી આપે છે તેને પ્રૂફ કહે છે. સાંપ્રત સમયમાં પ્રૂફવાંચનની જરૂરિયાત સૌ કોઈને પડે છે. અભ્યાસીઓ, લેખનપ્રવૃત્તિ કરનાર વ્યક્તિઓ, સામયિકપત્રો, વર્તમાનપત્રો માટે પ્રૂફવાંચનનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે.

આમ તો છાપકામ માટે આપવામાં આવતું લખાણ જો બરાબર, કાળજીપૂર્વક, સ્વચ્છતાથી ને જોડણી વગેરેનું ધ્યાન રાખીને લેખક તૈયાર કરે તો પછીથી પ્રૂફનું કામ ઘણું સરળ બની જાય. તેમ છતાં કંપોઝ કરનાર વ્યક્તિથી એ લખાણમાં જાણ્યે-અજાણ્યે ભૂલો ઉમેરાઈ જતી હોય છે.

પ્રૂફવાંચન કરતી વખતે સૌ પ્રથમ હસ્તપ્રત અર્થાત્, પ્રેસકોપી સાથે પ્રિન્ટ થયેલા મેટરને અક્ષરશઃ સરખાવીને જોઈ લેવું. તેમાં રહેલી ભૂલો સુધારતા જવું. એમાં જોડણી, વિરામચિહ્નો, સ્પેસ, પેરેગ્રાફ વગેરે જોઈને સુધારાની જરૂર જણાય ત્યાં સુધારવું. પ્રૂફવાંચન વખતે લખાણ તરફ ધ્યાન રાખવાને બદલે એ લખાણની શુદ્ધિ બાબતે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

બે વ્યક્તિ એક સાથે બેસી એક વાંચે ને એક સુધારે-એ રીતે પણ પ્રૂફ કરી શકાય. ટૂંકમાં મૂળ લખાણ સાથે તમને આપેલું-પ્રિન્ટ કાઢેલ-લખાણ મેળવવાની ખાસ જરૂર રહે છે. ઘણીવાર કાચો કે

'સ્વાધ્યાય' - પુ. ૫૮, વર્ષ ૨૦૨૧, પૃ. ૭૯-૯૦. ISSN 2250-0391

* ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, એમ. એસ. યુનિવર્સિટી, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૧, Mobile : 09427849843, Email : jkumrethiya70@gmail.com

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શિખાઉ કંપોઝર બીજી અનેક ભૂલો કરે છે જે મૂળ લખાણમાં ન હોય. ક્યારેક ટાઇપ કરવાનું છૂટી ગયું હોય કે સરખા શબ્દોથી શરૂ થતી વચ્ચેની આખી લીટી કંપોઝ કરવાની રહી જતી હોય છે. ઘણીવાર આખો પેરેગ્રાફ રહી જતો હોય છે. લખાણમાં વચ્ચે વચ્ચે ગુજરાતીની સાથે સંસ્કૃત શ્લોકો કે અંગ્રેજી શબ્દો આવતા હોય ત્યારે એ ટાઇપ કરવાનું બાકી રહી જતું હોય છે એનું બરાબર ધ્યાન રાખવું જોઈએ. એકવાર પ્રૂફ મેળવીને-સરખાવતી વખતે વાંચ્યા પછી વિષયની દષ્ટિએ ફરીથી પ્રૂફ વાંચવું. પ્રથમ સાદું પ્રૂફ મળે. એ વાંચીએ એટલે કંપોઝ કરનાર એને સુધારી ફરી મોકલે ત્યારે બીજીવાર પ્રથમ પ્રૂફ સાથે સરખાવવું. મુખ્ય ભૂલો કે મોટા ફેરફાર પ્રથમ વખતના પ્રૂફમાં જ દર્શાવવા જેથી એ મોટા ફેરફાર પછીથી સુધારવા ન પડે. વધુ મોટા ફેરફાર હોય તો એકાદ વધારે પ્રૂફ માગી જોઈ લેવું.

પ્રશ્ન થાય કે પ્રૂફરીડિંગ એટલે શું ? તો, પ્રૂફ વાંચવું તે. છાપવા માટેના લખાણનું કંપોઝરૂપે જે કાચું છાપપત્ર તૈયાર થયું હોય તે વાંચીને ભૂલો સુધારવા માટે નિશાનીઓ દ્વારા સૂચના અપાતી હોય છે. સૂચના પ્રમાણે સુધારા-ઉમેરા કરી છાપવાજોગ છેવટનું છાપપત્ર તૈયાર કરવામાં આવે છે તેને પ્રૂફરીડિંગના નામે ઓળખવામાં આવે છે. પ્રૂફ નામે ઓળખાતી આવી પ્રતિલિપિ વાંચીને સુધારનારને પ્રૂફરીડર કહે છે. આ કાર્ય દેખાય છે એટલું સરળ નથી. કેટલીકવાર સમાન અક્ષરને લીધે કે સમાન વાક્યો કે સમાન અક્ષરથી શરૂ થતા પેરેગ્રાફ કે પૃષ્ઠને કારણે મોટી ભૂલો રહી જતી હોય છે. પ્રૂફવાંચન કરનાર વ્યક્તિની ઉતાવળ અનેક ભૂલોને નોતરે છે પરિણામે ગંભીર ભૂલો રહી જવા પામે છે. એટલે પ્રથમ પ્રૂફ વખતે અક્ષરશઃ વાંચીને છેલ્લા પ્રૂફ સુધી ભૂલ જોવાની તીક્ષ્ણ દષ્ટિ કેળવી શકનાર જ પ્રૂફવાચક તરીકે કામ કરવા યોગ્ય ગણાય છે. પ્રૂફવાંચન કરનાર વ્યક્તિએ ધીરજપૂર્વક આ કાર્ય કરવું જોઈએ.

પ્રૂફવાંચનની બીજી યોગ્યતા, ભાષા અને સાહિત્યનું તથા કંપોઝ અને મુદ્રણપ્રક્રિયાનું પાયાનું જ્ઞાન છે. ભાષાના જ્ઞાનમાં ખાસ કરીને જોડણી, વિરામચિહ્નો, વાક્યરચના આદિનું જ્ઞાન આવશ્યક છે. દા.ત. તેજ હોય તો તે જ છૂટું લખાય પણ પ્રકાશના અર્થમાં હોય તો વળી તેજ એમ ભેગું લખાય. ઘણી વખત અંગ્રેજી શબ્દોને ગુજરાતીમાં બોલીને ત્યારે ણ ની જગ્યાએ ન, ઋ ની જગ્યાએ ત્રિ વાપરીએ છીએ. ત્યાં ખાસ ધ્યાન રાખવું પડે દા. ત. ક્રિષ્ના = ક્રિષ્ણા, ત્રિષી = ઋષિ વગેરે.

પ્રૂફ કરનાર વ્યક્તિની ત્રીજી યોગ્યતા પ્રૂફવાંચનની નિશાનીઓનો પરિચય તથા તેનો ઉચિત રીતે ઉપયોગ કરવાની આવડત છે. નિશાનીઓ પ્રૂફના હાંસિયામાં થોડી જગ્યા રોકે છે. વળી તેથી લાંબી સૂચનાઓ લખવાનો સમય બચે છે. લખાણમાં જે સ્થળે સુધારા કરવાના હોય ત્યાં સહેજ જુદી નિશાની કરવામાં આવે છે. એના આધારે કંપોઝ કરનાર વ્યક્તિ લખાણમાં સુધારા કરી લે છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રૂફવાચક મુખ્યતઃ લખાણમાં થયેલી, કંપોઝરે કરેલી ભૂલો પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. ભાષાકીય રચનાની ભૂલો તેના ક્ષેત્રની બહાર છે. આમ, છતાં ભાષાકીય ભૂલોમાં જ્યાં ગંભીર ક્ષતિ જણાય ત્યાં લેખકનું ધ્યાન દોરવું ઘટે. પ્રૂફવાંચન કરનાર વ્યક્તિએ માત્ર નિશાનીઓ દર્શાવીને અટકી જવાનું નથી પરંતુ પાઠને અધિકૃત રીતે શુદ્ધ કરી સુચારુ રીતે પોતાની ફરજ નિભાવવાની છે.

સામાન્ય રીતે મૂળ લખાણ પાંડુલિપિ, પ્રેસકોપી કે મેટર કહેવાય છે. એમાં અક્ષરો પંક્તિઓમાં ગોઠવાય છે. પૂર્વે પંક્તિઓ વચ્ચે ગેલી બનતી એ પહેલું પ્રૂફ ગણાતું. પછી બીજું જોવાય અને જરૂર પડ્યે ત્રીજું-ચોથું પ્રૂફ જોઈને પ્રિન્ટ ઓર્ડર અપાય. હવે તો બધાં પ્રૂફ જોયા બાદ સ્ક્રીનપ્રૂફ અને ટ્રેસિંગ જોઈને લખાણને ફાઈનલ કરવામાં આવે છે. કમ્પ્યૂટરમાં આ કાર્ય વધુ સરળતાથી અને ભૂલોરહિત કરી શકાય છે.

પ્રૂફ વાંચવા માટે જે પદ્ધતિસરની નિશાનીઓ હોય છે તે નિશાનીઓથી પ્રૂફ તપાસવામાં આવે છે અર્થાત્ એનો ઉપયોગ કરીને પ્રૂફવાંચન થતું હોય છે. પ્રૂફવાચકને આ નિશાનીઓનો પરિચય હોવો જરૂરી છે. એ પ્રૂફ વાંચે ત્યારે આ નિશાનીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. આધુનિક મુદ્રણકળા પશ્ચિમની શોધ છે તેથી પ્રૂફવાંચનમાં વપરાતાં સંકેતો અને ચિહ્નોમાં અંગ્રેજી અક્ષરોનો ઉપયોગ વિશેષ થાય છે. એટલે એને એ રીતે સમજવાં જરૂરી છે. મૂળ તો આ બધી નિશાનીઓ અંગ્રેજી લખાણના પ્રૂફરીડિંગ માટે છે. પણ હાલ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત બધા વિષય માટે આ નિશાનીઓ સામાન્ય રીતે વપરાય છે.

પ્રૂફરીડિંગ માટેની નિશાનીઓનો વિગતવાર પરિચય :

સૂચના	પાઠમાં નિશાની	હાંસિયામાં નિશાની
હાંસિયામાં દર્શાવેલું લખાણ ઉમેરવા માટે	^ *h*	ઉમેરાનું લખાણ ^ *h*
શબ્દ કે અક્ષર કાઢી નાંખો	શબ્દ-અક્ષર પર /	*d* /
જોડી દો - ભેગું કરો	બે શબ્દ, અક્ષર વચ્ચે ઉપર-નીચે ⁐	⁐ /
શબ્દ કે અક્ષર કાઢી નાંખો અને જોડી દો	I	*d* /
અક્ષર / શબ્દ બદલો	અક્ષર પર / શબ્દ પર /	નવો અક્ષર /
પૂર્ણવિરામ / દશાંશચિહ્ન મૂકો / બદલો	અક્ષર પછી /	⊙ *h*
અર્ધવિરામ મૂકો	અક્ષર પછી /	(;) *h*

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સૂચના	પાઠમાં નિશાની	હાંસિયામાં નિશાની
મહાવિરામ મૂકો	અક્ષર પછી /	⊙ *h*
અલ્પવિરામ મૂકો	અક્ષર પછી /	, *h*
મથાળે અક્ષર / અવતરણ મૂકો	અક્ષર પર ∨	∨̇ /
પાદના અંતે મથાળે/અંક મૂકો/બદલો	અક્ષર પર ∨	∨̇ /
સંયોગચિહ્ન ઉમેરો	અક્ષર વચ્ચે /	- *h*
રેખા ઉમેરો	અક્ષર વચ્ચે /	૧.૦૦×૧.૦૦ માપ દર્શાવવું
બોલ્ડ-બ્લેક	<u>અક્ષર / શબ્દ નીચે લીટી</u>	બોલ્ડ કે Bold
ઇટાલિક્સ ટાઇપ વાપરો	<u>અક્ષર / શબ્દ નીચે લીટી</u>	ita. /
ઇટાલિક્સ ટાઇપ બદલી ચાલુ ટાઇપમાં	O કરવું	સાદા/નોર્મલ/Normal
નવો ફકરો કરો	_/‾	P /
ફકરો રદ કરો /લખાણ સળંગ/બે પેરા ભેગા	∾	∾ /
આગળનો અક્ષર / શબ્દ આગળ પાછળ	∽	∽ /
અક્ષરો વચ્ચે જગ્યા કરો	અક્ષરો વચ્ચે /	# / Y /
અક્ષરો વચ્ચે જગ્યા ઘટાડો	અક્ષરો વચ્ચે /	↑ /
શબ્દો / અક્ષરો વચ્ચે જગ્યા સરખી કરો	લાગુ પડતા સ્થાને /	*x* /
સ્પેસ કે ડાઘો દૂર કરવા માટે	—	T /
એક એમ જગ્યા ઉમેરો / બે એમ જગ્યા ઉમેરો	/ /	■ અથવા ■■
અક્ષર લીટીના છેડેથી ઉપાડી બીજી લીટીની શરૂઆતમાં લો	(——o	Take Over /

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સૂચના	પાઠમાં નિશાની	હાંસિયામાં નિશાની
લીટીની શરૂઆતનો અક્ષર આગલી લીટીને છેડે લો	o——)	Take back /
સ્મોલ ટાઇપમાં લો	અક્ષરની નીચે ——	small /
કેપિટલ ટાઇપમાં લો	અક્ષરની નીચે ——	cap. /
કોલમના માપે સંકોચો	પંક્તિના આગળ પાછળના છેડે ( )	( )
બધું લખાણ સળંગ લો	લખાણની બંને બાજુ / /	Run on /
ઇન્ડેન્ટ કરો-લાઇનની શરૂઆતમાં	|	|
ઇન્ડેન્ટ કાઢી નાંખો	◀	◀ /
લખાણ જમણે ખસેડો	લખાણની જમણી બાજુ ▶	▶ /
લખાણ ડાબે ખસેડો	લખાણની ડાબી બાજુ ◀	◀ /
ઊભી રેખામાં લખાણ મેળવો	લખાણની બંને બાજુ | |	| |
આડી રેખામાં લખાણ મેળવો	વાંકાચૂંકા લખાણ પર ═	═ / v— /
સુધારો રદ ગણવો, હતું તેમ રાખવું	લખાણ નીચે - - - -	Stet /
વધારાનો અસ્પષ્ટ અક્ષર દૂર કરો / બદલો	સ્થાન પર o કે x	x *h*
ખોટો ટાઇપ છે બદલો	સ્થાન પર o	Wf
શંકાસ્પદ / મૂળ લેખકને પૂછવું	લખાણ પર o	?
ઊંધો અક્ષર સવળો કરવો	ઊંધા અક્ષર પર O	◎
જગ્યા માફકસર કરવી	જગ્યા વચ્ચે ——	⊔
લખાણ જમણી બાજુ / ડાબી બાજુ	L J	L / J /
અડધી ભૂલો ડાબી બાજુ ને અડધી જમણી બાજુ. ડાબી બાજુ બે ત્રણ હોય તો ક્રમ નથી આપવાનો પણ બંને બાજુ ડાબી તરફથી જમણી તરફ આગળ વધવું	પેલા ભૂલ/ભૂલ/ભૂતાવતા વાચક/સીધે	# / # / બ / # / સા /

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સૂચના	પાઠમાં નિશાની	હાંસિયામાં નિશાની
ટૂંકા રૂપ કે આંકડાને પૂરા શબ્દોમાં	O	Spell out
વચ્ચેની જગ્યા સરખી કરવા માટે	V	V
લખાણને પેજની વચમાં ખસેડવા	← →	Center
ટેક્સ્ટનું ડાબું-જમણું માર્જિન નક્કી કરવા	/ / લખાણની બંને બાજુ	Justify

થોડાં ઉદાહરણોની મદદથી પ્રૂફરીડિંગ કેવી રીતે કરાય તેનો પ્રત્યક્ષ પરિચય કેળવીએ. શરૂઆતમાં ભૂલોવાળો પેરેગ્રાફ દર્શાવ્યો છે. ત્યારબાદ પેરેગ્રાફમાં ભૂલો બતાવીને નિશાનીઓ દ્વારા પ્રત્યક્ષ પ્રૂફવાંચન કરેલ છે અને એ જ પેરેગ્રાફ ભૂલો સુધાર્યા પછી શુદ્ધ સ્વરૂપે દર્શાવેલ છે. દરેક પેરેગ્રાફમાં અલગ અલગ રીતે ભૂલો થયેલી છે તે સમજવા ચાર ઉદાહરણો દ્વારા આ કાર્યનું અધ્યયન કરીએ :

પ્રૂફરીડિંગ પૂર્વેનું લખાણ :

સાંપત સમય માં ગુજરાતી ભાષા-સાહિત્યક્ષેત્રે હસ્તપ્રતો નાં અભ્યાસ બાબતે દુકાળ જેવી સ્થિતિ, પ્રવર્તે છે. સાહિત્યિક સામયિકોમાં નજર કરીએ તો આ પ્રકારના અભ્યાસલેખો ભાગ્યે જ જોવા મળે છે. વિશ્વવિદ્યલયોમાં સાહિત્યના થતાં સંશોધનોમાં પણ હસ્તપ્રતને આધારે થતાં સીધા અભ્યાસો નહિવત્ જોવા મળે છે આ ક્ષેત્રે કાર્યરત અભ્યાસી સંશોધકો માટે અનેક મુસ્કેલીઓ પહાડ બનીને ઊભી રહે છે. સૌથી કઠીન કામ મોટેભાગે હસ્તપ્રતભંડારોમાંથી હસ્તપ્રત પ્રાપ્ત કરવાનું બની રહે છે. પ્રાપ્ત થયા પછી એ પ્રકાશિત છે કે અપ્રકાશિત એની માહિતી આપનાર સ્તોત્ર ભાગ્યે જ જોવા મળે છે.

આ પેરેગ્રાફમાં જોડણીની ભૂલો, અક્ષરો ભેગા કરવા, છૂટા કરવા, બોલ્ડ અક્ષરને નોર્મલ કરવો તેમજ અક્ષરના મથાળે અનુસ્વાર કેવી રીતે મૂકવો વગેરે ભૂલો રહી જવા પામી છે જે નિશાનીઓ દ્વારા પેરેગ્રાફમાં દર્શાવવામાં આવી છે.

 CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રૂફરીડિંગ કરેલ લખાણ :

પ્ર / ⁀/ સાં/ત સમય માં ગુજરાતી ભાષા-સાહિત્યક્ષેત્રે હસ્તપ્રતો ના અભ્યાસ ⁀/ d/
d / બાબતે દુકાળ જેવી સ્થિતિ/ પ્રવર્તે છે. સાહિત્યિક સામયિકોમાં નજર કરીએ
Normal / તો આ પ્રકારના અભ્યાસલેખો ભાગ્યે જ જોવા મળે છે. વિશ્વવિ/લયોમાં ધા h
ઁ/ સાહિત્યના થતાં સંશોધનોમાં પણ હસ્તપ્રતને આધારે થતાં સીધા અભ્યાસો થયેલા h
⊙h નહિવત્ જોવા મળે છે h આ ક્ષેત્રે કાર્યરત અભ્યાસી સંશોધકો માટે અનેક
શ્કેh મુસ્કેલીઓ પહાડ બનીને ઊભી રહે છે. સૌથી કઠીન કામ મોટે/ભાગે ઠિ/# /
હસ્તપ્રતભંડારોમાંથી હસ્તપ્રત પ્રાપ્ત કરવાનું બની રહે છે. પ્રાપ્ત થયા પછી એ
પ્રકાશિત છે કે અપ્રકાશિત એની માહિતી આપનાર સ્ત્રોત ભાગ્યે જ જોવા સ્રોત /
મળે છે.

પ્રૂફરીડિંગ કર્યા બાદનું સુધારેલ લખાણ :

સાંપ્રત સમયમાં ગુજરાતી ભાષા-સાહિત્યક્ષેત્રે હસ્તપ્રતોના અભ્યાસ બાબતે દુકાળ જેવી સ્થિતિ પ્રવર્તે છે. સાહિત્યિક સામયિકોમાં નજર કરીએ તો આ પ્રકારના અભ્યાસલેખો ભાગ્યે જ જોવા મળે છે. વિશ્વવિદ્યાલયોમાં સાહિત્યનાં થતાં સંશોધનોમાં પણ હસ્તપ્રતને આધારે થયેલા સીધા અભ્યાસો નહિવત્ જોવા મળે છે. આ ક્ષેત્રે કાર્યરત અભ્યાસી સંશોધકો માટે અનેક મુશ્કેલીઓ પહાડ બનીને ઊભી રહે છે. સૌથી કઠિન કામ મોટે ભાગે હસ્તપ્રતભંડારોમાંથી હસ્તપ્રત પ્રાપ્ત કરવાનું બની રહે છે. પ્રાપ્ત થયા પછી એ પ્રકાશિત છે કે અપ્રકાશિત એની માહિતી આપનાર સ્રોત ભાગ્યે જ જોવા મળે છે.

પ્રૂફરીડિંગ પૂર્વેનું લખાણ :

પ્રથમ પ્રકરણ 'દસ્તાવેજનોઅર્થ અને પ્રકાર'મા દસ્તાવેજ નો કોશગત અર્થ આપી વિસ્તારથી ચર્ચા કરી છે. કભગવદ્ગોમંડળ૧, સાર્થ જોડણીકોશ,

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પારિભાષિક કોશ, ફારસી વ્યુત્પત્તિ કોશમાં મળતા દસ્તાવેજ ના અર્થ આપીને એનાં પ્રકારોની વિગતે સમજૂતી આપી છે. વિવિધ ગ્રંથોમાં દસ્તાવેજનાં ઉલ્લેખોની અહીં ચર્ચા ઉપયોગી બની રહે એવી છે

---

* ભગવદ્ગોમંડળ ભાગ. ૬

આ પેરેગ્રાફમાં અક્ષરોને છૂટા પાડવા, અનુસ્વાર, અક્ષરોને ભેગા કરવા, વધારાનો અક્ષર, પાદટીપમાં સુધારો વગેરે ભૂલો રહી ગઈ છે તે નીચે મુજબના સુધારા સાથે સીધેસીધું મૂકેલ છે.

પ્રૂફરીડિંગ કરેલ લખાણ :

\# / પ્રથમ પ્રકરણ ‘દસ્તાવેજનોઅર્થ અને પ્રકાર’માૅ દસ્તાવેજ નો કોશગત અર્થ આપી ৺ / ◡

d/৺ / d / વિસ્તારથી ચર્ચા કરી છે. *ભગવદ્ગોમંડળૅ, સાર્થ જોડણીકોશ, પારિભાષિક

કોશ, ફારસી વ્યુત્પત્તિ કોશમાં મળતા દસ્તાવેજ ના અર્થ આપીને એનાં ◡ /d/

પ્રકારોની વિગતે સમજૂતી આપી છે. વિવિધ ગ્રંથોમાં*h*દસ્તાવેજનાં ઉલ્લેખોની મળતા*hd*/

ઽ/ (અહીં / ચર્ચા) ઉપયોગી બની રહે એવી છે

৺ , *h* * ભગવદ્ગોમંડળ*h* ભાગ. ૬ d /

પ્રૂફરીડિંગ કર્યા બાદનું સુધારેલ લખાણ :

પ્રથમ પ્રકરણ ‘દસ્તાવેજનો અર્થ અને પ્રકાર’માં દસ્તાવેજનો કોશગત અર્થ આપી વિસ્તારથી ચર્ચા કરી છે. ભગવદ્ગોમંડળ[૧], સાર્થ જોડણીકોશ, પારિભાષિક કોશ, ફારસી વ્યુત્પત્તિ કોશમાં મળતા દસ્તાવેજના અર્થ આપીને એના પ્રકારોની વિગતે સમજૂતી આપી છે. વિવિધ ગ્રંથોમાં મળતા દસ્તાવેજના ઉલ્લેખોની ચર્ચા અહીં ઉપયોગી બની રહે એવી છે.

---

૧. ભગવદ્ગોમંડળ, ભાગ ૬

પ્રૂફરીડિંગ પૂર્વેનું લખાણ :

ગુજરાતનો કલા અને સંસ્કૃતિનો વારસો ભવ્ય છે તેની વિદ્યા-પ્રવૃત્તિના ઘડતરમાંપ્રાચીનહસ્તલિખિતસચિત્ર હસ્તપ્રતોનું યોગદાન બહુમૂલ્ય છે. તાડપત્ર, કાગળ અને અને કાપડ પર લકાયેલા વિધ વિષયોને

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

લગતાહસ્તલિખિતઅનેસચિતર ગ્રંથો આ જે પણ ગ્રંથભંડારોમાં જળવાયા છે. સૌરાષ્ટ્રનું વલભી પાંચમી સદીના વિદ્યાધામ તરીકે સમગ્ર ભારતમાં પ્રખ્યાત હતું[૨]. ત્યાં વિવિધ-પ્રકારના હસ્તલિખિત ગ્રંથો સચવાયા. આવા હસ્તલિખિત ગ્રંથભંડારોમાં હસ્તપ્રતો રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ જોવા મળે છે.

---

2 Comparative literature, Edited by Suman Shah page no. 30

આ પેરેગ્રાફમાં અક્ષરો વચ્ચે જગ્યા છૂટી ગયેલ છે તે, શબ્દ નીચે ખસી ગયેલ છે તે અને શબ્દ ભૂલથી રદ થયા બાદ જેમ છે તેમ જ રાખવા માટે સૂચના આપીને અંગ્રેજી શીર્ષકને પાદટીપમાં ઇટાલિક્સમાં મૂકવાનું કહ્યું છે જે નીચે મુજબ છે :

પ્રૂફરીડિંગ કરેલ લખાણ :

Sp. Normal ગુજરાતનો કલા અને સંસ્કૃતિનો વારસો ભવ્ય છે*h*તેની વિદ્યા- ⊙ *h*

#/#/#/ પ્રવૃત્તિના / ઘડતરમાં/પ્રાચીન/હસ્તલિખિત/સચિત્ર / હસ્તપ્રતોનું / યોગદાન Sp. Normal

કા *h* ખા *h* બહુમૂલ્ય છે. તાડપત્ર, કાગળ અને અને કપડ પર લખેલા વિધિ વિષયોને વિ /

/ # / # /લગતા/હસ્તલિખિત/અને/સચિતર ગ્રંથો આ જે પણ ગ્રંથભંડારોમાં જળવાયા છે. ત્ર / ⁀ /

સૌરાષ્ટ્રનું વલભી પાંચમી સદીના વિદ્યાધામ તરીકે સમગ્ર ભારતમાં પ્રખ્યાત

હતું[૨]. ત્યાં વિવિધ-પ્રકારના હસ્તલિખિત ગ્રંથો સચવાયા. આવા હસ્તલિખિત = /

Stet / ગ્રંથભંડારોમાં ~~હસ્તપ્રતો~~ રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ જોવા મળે છે.

. *h* ita./ 2*h* Comparative literature, edited by Suman Shah*h* page no. 30 cap./, *h*

પ્રૂફરીડિંગ કર્યા બાદનું સુધારેલ લખાણ :

ગુજરાતનો કલા અને સંસ્કૃતિનો વારસો ભવ્ય છે. તેની વિદ્યા-પ્રવૃત્તિના ઘડતરમાં પ્રાચીન હસ્તલિખિત સચિત્ર હસ્તપ્રતોનું યોગદાન બહુમૂલ્ય છે. તાડપત્ર, કાગળ અને અને કાપડ પર લખાયેલા વિવિધ વિષયોને લગતા હસ્તલિખિત અને સચિત્ર ગ્રંથો આજે પણ ગ્રંથભંડારોમાં જળવાયા છે, સૌરાષ્ટ્રનું વલભી પાંચમી સદીના વિદ્યાધામ તરીકે સમગ્ર ભારતમાં પ્રખ્યાત

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હતું[૨]. ત્યાં વિવિધ-પ્રકારના હસ્તલિખિત ગ્રંથો સચવાયા. આવા હસ્તલિખિત ગ્રંથભંડારોમાં હસ્તપ્રતો રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ જોવા મળે છે.

---

2. *Comparative literature*, Edited by Suman Shah, page no. 30

પ્રૂફરીડિંગ પૂર્વેનું લખાણ :

ચિત્રપુસ્તક : તાટપત્રીય હસ્તપ્રતોના ગ્રંથોનાં પાનાંઓની વચ્ચે દોરી કે સૂત્ર નાંખવાને માટે ગોળ છિદ્ર કરવામાં આવે છે અને લખાણ લખતી વખતે વચ્ચેની

જગ્યામાં આ નિમિત્તે ગોળાકાર કે ચોરસ સ્થાન છોડીને લખવામાં આવતું
આને આધારે કેટલાક લેખકો ગ્રંથ લખતાં. અક્ષરોની વચમાં એવી ચીવટથી
અને
ખૂબી થી ખાલી જગ્યા છોડે છે કે જેથી અનેક જાતની ચિત્રચોકડીઓ વજ્ર, છત્ર સ્વસ્તિક વગેરેની આકૃતિઓ તેમ જ લેખકે ધારેલી વ્યક્તિનું નામ, શ્લોક, ગાથા વગેરે દૃષ્ટિગોચર થાય છે.

આ પેરેગ્રાફમાં શબ્દોને બોલ્ડ કરવા, અક્ષર ભૂલથી બીજો મુકાયો હોય તો સુધારવો તેમજ બે લાઇનો જોડવી અને છેડાના ભાગ સમાન રાખવા માટે નિશાની દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે જે નીચે મુજબ છે :

પ્રૂફરીડિંગ કરેલ લખાણ :

Bold/ ડ/ ચિત્રપુસ્તક : તાટપત્રીય હસ્તપ્રતોના ગ્રંથોનાં પાનાંઓની વચ્ચે દોરી કે
? / સૂત્ર નાંખવાને માટે ગોળ છિદ્ર કરવામાં આવે છે અને લખાણ લખતી વખતે
વચ્ચેની
∾ /

જગ્યામાં આ નિમિત્તે ગોળાકાર કે ચોરસ સ્થાન છોડીને લખવામાં આવતું. || /
d / આને આધારે કેટલાક લેખકો ગ્રંથ લખતાં. અક્ષરોની વચમાં એવી ચીવટથી
અને
∾ / ⁀ / ખૂબી થી ખાલી જગ્યા છોડે છે કે જેથી અનેક જાતની ચિત્રચોકડીઓ વજ્ર,
છત્ર સ્વસ્તિક વગેરેની આકૃતિઓ તેમ જ લેખકે ધારેલી વ્યક્તિનું નામ,
શ્લોક, ગાથા વગેરે દૃષ્ટિગોચર થાય છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રૂફરીડિંગ કર્યા બાદનું સુધારેલ લખાણ :

ચિત્રપુસ્તક : તાડપત્રીય હસ્તપ્રતોના ગ્રંથોનાં પાનાંઓની વચ્ચે દોરી કે સૂત્ર નાંખવાને માટે ગોળ છિદ્ર કરવામાં આવે છે અને લખાણ લખતી વખતે વચ્ચેની જગ્યામાં આ નિમિત્તે ગોળાકાર કે ચોરસ સ્થાન છોડીને લખવામાં આવતું. આને આધારે કેટલાક લેખકો ગ્રંથ લખતા. અક્ષરોની વચમાં એવી ચીવટથી અને ખૂબીથી ખાલી જગ્યા છોડે છે કે જેથી અનેક જાતની ચિત્રચોકડીઓ વજ્ર, છત્ર સ્વસ્તિક વગેરેની આકૃતિઓ તેમ જ લેખકે ધારેલી વ્યક્તિનું નામ, શ્લોક, ગાથા વગેરે દૃષ્ટિગોચર થાય છે.

થોડી વિશેષ સૂચનાઓ :

- પ્રૂફમાં બંને બાજુએ કોરી જગ્યાએ સ્પષ્ટ સમજી શકાય તે રીતે ચિહ્નો દર્શાવવાં.
- ઉપર – નીચે કોરી જગ્યાએ લીટીઓ કંપોઝ કરવાની રહી ગઈ હોય તો લખી દેવી. લખાણ વધુ હોય તો સૂચના લખી મૂળ હસ્તપ્રતનો પાન. નં. ...... દર્શાવવો.
- અનુસ્વારનો ખાસ ખ્યાલ રાખવો.. ભાગવું – ભાંગવું ન થઈ જાય તે જોવું.
- પૃષ્ઠ – અનુક્રમ – ખાસ તપાસી લેવાં. પ્રકરણનાં શીર્ષક, ટાઇપની એકસૂત્રતા અને લેઆઉટ પણ એકસરખાં રાખવાં.
- જોડણી બાબતે એકવિધતા રાખવી. એક જ પૃષ્ઠ પર એક જ શબ્દની અલગ અલગ જોડણી ન છપાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.
- શીર્ષકો વધુ વાર ચેક કરવાં. પેટાશીર્ષકોના ફોન્ટ આડાઅવળા ન છપાય તે જોવું.
- મૂળ હસ્તપ્રત પ્રમાણે વાંચવું / સરખાવવું (ખાસ કરીને પ્રથમ પ્રૂફવાંચન વખતે)
- કથાના પ્રવાહમાં જવાના બદલે ભૂલો પ્રતિ વિશેષ ધ્યાન રાખવું.
- શ્લોક કે પંક્તિ આવે તો કેન્દ્રમાં રાખવી અથવા એક બાજુએ રાખો તો દરેક વખતે એમ જ રાખવી.
- પાદટીપક્રમાંક ઉપર–નીચે એકસરખા છે તે જોઈ લેવું.
- વિભક્તિના પ્રત્યયો ભેગા લખવા : જેમ કે, રાજાનો (રાજા નો નહીં), છતાં, થકી, વડે, માટે, વાસ્તે, સારુ, છૂટા જ લખાય છે. જેમ કે, રાજા થકી, સ્ત્રી વડે, મારા માટે વગેરે.
- એક લીટીમાં ત્રણ કે એથીયે વધુ સુધારા આવતા હોય તો તે સુધારા ડાબા અને જમણા હાંસિયા વચ્ચે વહેંચી દેવા. એ સુધારાનો ક્રમ બંને બાજુએ ડાબેથી જમણી તરફ રાખવો જરૂરી છે.
- દ્વારા છૂટું પાડીને લખવું. જેમ કે તેના દ્વારા.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

- બને ત્યાં સુધી લાલ કે લીલી પેનથી પ્રૂફ તપાસવું.
- ઘણી વાર સમાન શબ્દોથી બીજો પેરેગ્રાફ કે બીજું પૃષ્ઠ શરૂ થતું હોય ત્યારે લાઇન ટાઇપ કરવાની રહી જાય છે એ વખતે ખાસ ધ્યાન રાખવું.
- વિશેષ સૂચનાની જરૂર લાગે ત્યાં વધારાની સૂચના મૂકવી. દા. ત. space આપો.
- ત્રીજું કે ચોથું પ્રૂફ તપાસ્યા પછી, સરખાવ્યા પછી સળંગ વાંચી જવું.
- પ્રૂફવાચકને સ્વીકૃત જોડણી અંગે માહિતી હોવી જોઈએ.
- લખેલા લખાણની હસ્તપ્રતમાં કંઈ શંકા ઊઠે તો તે અંગે લેખકનું ધ્યાન દોરવું.
- છપાયેલા એકએક ફરમાની નકલ મળ્યા પછી એનું સંધાન, સંદર્ભ, ક્રમ વગેરે જોવા.
- પ્રૂફવાચકે અક્ષરેઅક્ષર વાંચવો જોઈએ. ઘણીવાર આખી યાદી આપી હોય ને એકસરખા શબ્દો આવતા હોય ત્યારે ભૂલ રહી જાય છે. દા. ત. વાયુપુરાણ, ભાગવતપુરણ, નારદપુરાણ વગેરે (અહીં ભાગવતપુરાણને બદલે ભાગવતપુરણ થઈ ગયું છે.)
- પ્રૂફવાંચન કરતી વખતે પોતાના તરફથી કશું નવું ન ઉમેરાય એનું ખાસ ધ્યાન રાખવું.
- ક્રોનોલોજીની દૃષ્ટિએ કંઈ ગરબડ જણાય તો જાતે સુધારવાને બદલે લેખકનું ધ્યાન દોરવું.
- ઘણી વખત કંપોઝર દ્વારા બીજા કે ત્રીજા પ્રૂફ વખતે સુધારા કરતી વખતે નવી ભૂલ થઈ જતી હોય છે એટલે ખૂબ ધ્યાનથી સુધારા સરખાવ્યા પછી સળંગ પ્રૂફવાંચન કરી લેવું જોઈએ.
- કેટલીક વાર પ્રૂફવાંચન કરનાર વ્યક્તિથી પણ પહેલાં કે બીજા પ્રૂફમાં ભૂલ રહી જવા પામી હોય છે. તેથી બીજા કે ત્રીજા પ્રૂફ વખતે ખૂબ ધ્યાનથી વાંચીને રહી ગયેલી ભૂલો સુધારી લેવી જોઈએ.
- પૃષ્ઠક્રમાંક છાપ્યા છે કે નહીં તે જોઈ લેવું. ઘણી વાર છાપ્યા હોય તો - પુસ્તક ગુજરાતીમાં હોય - દેવનાગરી કે રોમન ફોન્ટ છાપ્યાં હોય છે. તો એ વખતે જરૂરી સુધારા કરી લેવા જોઈએ.

આમ, પ્રૂફરીડિંગનું કાર્ય અત્યંત ચીવટ માંગી લે એવું છે. એની નિશાનીઓનો પરિચય હોવો જરૂરી છે. પરંતુ એ પરિચય કેળવ્યા પછી ઘણું બધું સૂક્ષ્મ દૃષ્ટિએ જોવાનું હોય છે. માત્ર મૂળ નકલ અને પ્રૂફ સરખાવવાથી વાચન શુદ્ધ બની જતું નથી પરંતુ ટાઇપ થયા પછી એમાં ઘણી બધી નવી ભૂલો ઉમેરાઈ જતી હોય છે. ઘણું બધું જાણ્યે-અજાણ્યે રદ થઈ જતું હોય છે. ક્યારેક ઉમેરાઈ જતું હોય છે. આવા સમયે પ્રતિભાવંત પ્રૂફરીડરે ભૂલો પ્રતિ ધ્યાન દોરીને યોગ્ય નિશાનીઓ દ્વારા પાઠને શુદ્ધ કરીને આ કાર્ય પ્રત્યે પોતાનું દાયિત્વ જાળવવું અત્યંત જરૂરી છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

अग्निपुराण छन्दःसार प्रकरण के संस्कृत पाठ की समीक्षा

मनसुख मोलिया*

अग्निपुराण की विशेषता यह है कि उसमें सब प्रकार की विद्याओं को एक ही जगह पर संग्रहीत करने का प्रयास किया गया है । ''ऐसा कोई शास्त्र नहीं है जिसका अग्निपुराण में निरूपण न हुआ हो'' यह कहने में कोई अतिशयोक्ति नहीं है । यहाँ रामायण और महाभारत है, भगवद्गीता है, व्याकरणशास्त्र है, अंलकारशास्त्र है, छन्दःशास्त्र है । आयुर्वेद, ज्योतिष, गजविद्या, योगशास्त्र, शिक्षा, दर्शन आदि का भी यहाँ निरूपण हुआ है । इस पुराण को 'सर्वज्ञानसंग्रह' का स्वरूप देने का उद्देश्य स्पष्ट रूप से प्रतीत होता है ।

इसके क्रमांक ३२८ से ३३५ तक के आठ अध्यायों में छन्दःशास्त्र का वर्णन है । इनके लिये 'छन्दःसार प्रकरण' शब्द का प्रयोग पुराणकार ने ही किया है ।[१] इस शोधलेख में इन आठ अध्यायों के संस्कृत पाठ की समीक्षा करने का प्रयास है । पाठ के अशुद्ध स्वरूप के स्थान पर मूल पाठ का अनुमान करके उसका पुनः स्थापन किया जा सकता है । यहाँ मैंने अग्निपुराण के दो मुद्रित संस्करण (१) आनंदाश्रम संस्करण, पूना और (२) नाग प्रकाशन, दिल्ली का उपयोग किया है ।[२] इन दोनों संस्करणों में केवल संस्कृत पाठ उपलब्ध होता है ।

छन्दःसार के सभी आठ अध्याय अनुष्टुप् छन्द में हैं । इनमें कुल ९९ श्लोक प्राप्त होते हैं । इन श्लोकों का संस्कृत पाठ अत्यन्त अशुद्ध है । उसी रूप में उन्हें ग्रहण करके उनका अर्थ प्राप्त करना प्रायः असम्भव है । अशुद्धियों के कारणस्वरूप इन श्लोकों में निरूपित छन्दों के स्वरूप में परिवर्तन हो गया है । इससे छन्दों के गणमान और अक्षरसंख्या के विषय में गलतियाँ प्रविष्ट हो गई हैं । दोनों संस्करणों में से आनंदाश्रम संस्करण में अशुद्धियाँ प्रमाण में कम हैं । इसलिए नाग संस्करण की अपेक्षा उसका पाठ अधिक विश्वसनीय है । लेकिन वह भी अनेक स्थानों पर क्षतिग्रस्त होने से पूर्ण रूप से स्वीकार करने योग्य नहीं है ।

'स्वाध्याय' – पु. ५८, वर्ष २०२१, पृ. ९१-९८. ISSN 2250-0391

* संस्कृत विभाग, सौराष्ट्र युनिवर्सिटी, राजकोट-३६०००५. M: 09687692033, Email: mansukh_moliya@yahoo.com

१. इत्यादि महापुराण आग्नेय छन्दः सारेष्टाविंशत्युरत्रिशत्तमोऽध्यायः ।। नाग संस्करण में अध्याय की पुष्पिका ।

२. अग्निपुराण्, सं हरिनारायण आप्ते, आनन्दाश्रम संस्कृत ग्रन्थावलि क्रम-४१, आनन्दाश्रम मुद्रणालय, पूना, ई.स.१९००, अग्निपुराणम्, खेमराजश्रीकृष्णदासेन सम्पादितस्य मुम्बई श्रीवेङ्कटेश्वरस्टीम मुद्रणालये प्रकाशितस्य पुनर्मुद्रणम्, नाग पब्लिकेशन्स, दिल्ली, द्वितीयावृत्ति, ई.स. १९९६

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

केवल मुद्रित संस्करणों के आधार पर ही पाठ की समीक्षा करके अशुद्ध पाठ के स्थान पर उसके मूल शुद्ध स्वरूप के बारे में अनुमान करना बहुत दुष्कर होता है । इस प्रकार की समीक्षा पर प्रश्न खड़ा हो सकता है कि किसी भी हस्तप्रत का आधार लिए बिना इस प्रकार से पाठ में अपेक्षित सुधार या परिवर्तन किया जा सकता है? हस्तप्रत के साक्ष्य के बिना इस प्रकार से पाठ के मूल या शुद्धरूप का अनुमान कितनी हद तक ग्राह्य है? छन्दःसार प्रकरण में इस प्रकार की समीक्षा संभव होने के मुख्य दो कारण इस प्रकार है-

(१) छन्दःसार प्रकरण में निरूपित विषयवस्तु

इन आठ अध्यायों का विषयवस्तु छन्दःशास्त्र है । यहाँ वैदिक और लौकिक दोनों प्रकार के छन्दों का निरूपण किया गया है । संस्कृत के इन छन्दों के लक्षण अग्निपुराण के अलावा अनेक ग्रन्थों में उपलब्ध हैं । पिंगलाचार्य के छन्दःशास्त्र से लेकर कई आचार्यों ने छन्दःशास्त्र का निरूपण किया है । प्रत्येक छन्द का स्वरूप बिल्कुल निश्चित है । अतः अग्निपुराण में कहीं भी छन्द के लक्षण निरूपण में गणमान, अक्षरसंख्या, यति इत्यादि विषयक गलत निर्देश मिलता है तो वह अग्निपुराण में प्राप्त पाठ के दोष का परिणाम सिद्ध होता है । छन्द के सही स्वरूप के अनुसार पुराण के पाठ को सुधारा जा सकता है । इसके लिए कुछ उदाहरण प्रस्तुत हैं ।

ग्यारह अक्षरों के छन्दों में 'रथोद्धता' नाम का एक वृत्त है । इस वृत्त का गणमान 'रनरलगा' है । दोनों संस्करणों में इस वृत्त का लक्षण ''वनौ लौ गो रथोद्धता'' मिलता है ।[३] दोनों संस्करणों के पाठ की समानता होने पर भी यह लक्षण अशुद्धिग्रस्त है । यदि इसे स्वीकृत किया जाय तो रथोद्धता का गणमान इस प्रकार से होगा-पहला व गण, बाद में न गण, फिर दो लघु अक्षर और अन्त में गुरु अक्षर । इस प्रकार से यह गणमान 'वनललग' हुआ । 'ललग' के लिये संस्कृत में स गण का प्रयोग होता है । अतः प्रथम दृष्टि से ही यहाँ गलत पाठ का अनुमान हो जाता है । छन्द के अक्षरों की संख्या ग्यारह है लेकिन इस लक्षण के अनुसार यहाँ नव अक्षर ही होते हैं । सबसे ध्यानार्ह बात यह है कि छन्दःशास्त्र में जिन आठ गणों का प्रयोग होता है उसमें व नामक कोई गण नहीं है ।

इस तरह रथोद्धता के नियत 'रनरलगा' गणमाप के स्थान पर यहाँ प्राप्त लक्षण में 'वनललग' का निर्देशक पाठ अशुद्ध है यह स्वतः सिद्ध हो जाता है । पाठलेखन की सुदीर्घ परंपरा में प्रमाद से या अनवधान से यह अशुद्धि हुई होगी ऐसा मानकर यहाँ मूलपाठ के विषय में अनुमान किया जा सकता है । तदनुसार यह पाठ ''रनौ लौं गौ'' होने की सम्भावना है । र के स्थान पर व का परिवर्तन और रेफ को लुप्त मानकर उसको लौ के पूर्व में जोड़कर यह पाठ संभव होता है । दोनों

३. आनन्दाश्रम और नाग संस्करण, ३३४.७ (CD)

 CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

की तुलना से पता चलता है कि इस कल्पित पाठ में विचलन होकर किस प्रकार से इस तरह का अशुद्ध पाठ निष्पन्न हुआ होगा ।

यति के निर्देशक संख्यावाचक प्रतीकों में भी पाठदोष के स्थान पर शुद्ध पाठ का अनुमान शक्य है । संस्कृत के छन्दों के लक्षण निरूपण में यति का स्पष्ट विधान है । इसलिये जहाँ भी पाठ के दोष से यति विषयक गलत निर्देश प्राप्त होता है वहाँ पूर्वाचार्यों के यतिविषयक निर्देशों के आधार पर पाठ में सुधार किया जा सकता है । भ्रमरविलसित छन्द में चार और सात अक्षर के बाद यति का विधान है । अग्निपुराण में इस छन्द के यति का निर्देशक पाठ इस प्रकार से मिलता है–समुद्रा अथ ऋषभो । यहाँ समुद्र शब्द संख्यावाचक है और चार संख्या का निर्देशक है । सात के लिये छन्दःशास्त्र में संख्यावाचक प्रतीक 'ऋषिः' स्वीकृत किया गया है । यहाँ यति निर्देशक दूसरा शब्द ऋषभो मिलता है । लेकिन इस शब्द से किसी संख्या का सूचन नहीं होता है । यहाँ 'ऋषभो' के स्थान पर 'ऋषयो' मानने में किसी प्रकार का संशय नहीं है । इस प्रकार से यतिविषयक दूषित पाठ की शुद्धि की जा सकती है ।

पाठ के दोष से छन्द का नाम भी अशुद्ध हुआ है । मूल नाम के स्थान पर कहीं बिल्कुल विचित्र नाम हो गया है । वैदिक छन्द 'स्कन्धोग्रीवी' के स्थान पर आनंदाश्रम संस्करण में 'स्कन्धों ग्रीवा' और नाग प्रकाशन में 'स्कन्धौ ग्रीवा' नामान्तर मिलते हैं । यद्यपि इन दोनों पाठान्तर मूल से बिल्कुल समीप है और इस प्रकार के पाठभेद स्वाभाविक होते हैं । किन्तु औपच्छन्दसक छन्द का नाम अत्यन्त अशुद्धि से ग्रस्त होकर आश्चर्यजनक विकृति को प्राप्त हुआ है । इस छन्द के लक्षण के प्रारंभ से पूर्व में पूर्वनिरूपित छन्द का 'ग्' वर्ण है । इस 'ग्' वर्ण के साथ 'औपच्छन्दसक' की सन्धि होने से 'गौपच्छन्दसक' होना अपेक्षित है । किन्तु दोनों संस्करण में समान रूप से 'गोपुच्छं दशकं' ऐसा विलक्षण पाठ मुद्रित हुआ है ।

नाग प्रकाशन में 'वक्त्र' के स्थान पर 'चक्र' का प्रयोग मिलता है ।[४] आनंदाश्रम और नाग संस्करण दोनों में 'भद्रविराट्' के स्थान पर 'रुद्रविस्तार'[५] और 'अपरवक्त्र' के स्थान पर 'अपराक्रम'[६] जैसे नामों का प्रयोग मिलता है । ध्यानार्ह रहे कि यहाँ उल्लिखित वक्त्र, भद्रविराट् और अपरवक्त्र के केवल नाम ही अशुद्धिग्रस्त नहीं अपितु इनके गणनिर्देश भी अत्यन्त अशुद्ध हैं ।

(२) पिङ्गलाचार्य के छन्दःशास्त्र का अनुसरण

छन्दःसार प्रकरण के ये आठ अध्याय पिङ्गलाचार्य के छन्दःशास्त्र का सीधा अनुकरण

४. चक्रजातिः समीरिता । अग्निपुराण, ३३२.५ (b)

५. रुद्रविस्तारस्तो सभगा समजा गोगथी स्मृता ।। अग्निपुराण, ३३२.२ (cd)

६. लौ वनौ गाथ नजजा यः स्यादपराक्रमम् ।। अग्निपुराण, ३३३.५ (ab)

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

है । पिङ्गलाचार्य के ग्रन्थ में सूत्रों का प्रयोग हुआ है जब कि यहाँ इन सूत्रों को अनुष्टुप् में निबद्ध कारिकारूप में प्रस्तुत किया गया है । आदि से अन्त तक पिङ्गलाचार्य के सूत्रों को ही यहाँ उसी क्रम में कारिका का रूप दिया गया है । पिङ्गलाचार्य के सूत्रों में प्रयुक्त शब्द प्रायः उसी रूप में कई जगह पर प्राप्त होते हैं । अतः दूषित पाठ को ठीक करने के लिए पिङ्गलाचार्य के सूत्रों की मदद लेकर शुद्ध पाठ की कल्पना की जा सकती है । छन्दःसार प्रकरण के प्रारम्भ में पुराणकार ने इसका स्पष्ट निर्देश भी किया है ।[७]

ऊपर निर्दिष्ट दोनों बातों के आधार पर अग्निपुराण के कुछ अंश की पाठ समीक्षा और उसके संभवित मूल पाठ की स्थापना का प्रयास इस शोधपत्र में किया गया है ।

(१) ग्रन्थ के प्रारंभ में पुराणकार ने पिङ्गलाचार्य का स्मरण किया है और बाद में अष्ट गण म-न-भ-य-ज-र-स-त का निर्देश किया है । तीन अक्षरों के इन अष्ट गणों में स्थित लघुगुरु अक्षरों के क्रमानुसार इनकी ये संज्ञायें की गई हैं । जैसे कि 'मगण' सर्व आदि और 'नगण' सर्वलघु होता है, 'भगण' आदिगुरु और यगण आदिलघु होता है, 'जगण' मध्यगुरु और 'रगण' मध्यलघु होता है तथा 'सगण' अन्तगुरु और 'तगण' अन्तलघु होता है । गणों का इन संज्ञाओं का निर्देश प्रथम कारिका के तृतीय और चतुर्थ चरण में इस प्रकार किया गया है ।

सर्वादिमध्यान्तगलौ म्नौ भ्यौ ज्रौ त्रिका गणाः ।।
अग्निपुराण, ३२८.१ (cd)

यहाँ 'गलौ' के स्थान पर नाग प्रकाशन के संस्करण में गणौ शब्द प्राप्त होता है, जो वस्तुतः अशुद्धि का परिणाम है । 'गलौ' शब्द के द्वारा क्रमशः गुरु-लघु का निर्देश ही अपेक्षित है ।

(२) छन्दःशास्त्र की परम्परा अनुसार ह्रस्व अक्षर की लघु संज्ञा होती है और दीर्घ अक्षर गुरु संज्ञा को प्राप्त करता है । इस विषय में नियम है कि पाद का अन्तिम तथा विसर्ग, संयुक्त व्यञ्जन, जिह्वामूलीय और उपध्मानीय के पूर्ववर्ती ह्रस्व अक्षर की गुरु संज्ञा होती है । अग्निपुराण के दोनों संस्करणों के मुद्रित पाठ के प्रथम चरण में प्राप्त 'गुरुर्वा' शब्दप्रयोग क्षतिपूर्ण है ।

ह्रस्वो गुरुर्वा पादान्ते [८]पूर्वयोगाद्विसर्गतः ।
अनुस्वाराद् व्यञ्जनात्स्याज्जिह्वामूलीयतस्तथा । अग्निपुराण, ३२८.२
उपाध्मानीयतो दीर्घो गुरुर्........।।३२८.३ (a)

उपर्युक्त कारिका में जहाँ 'ह्रस्वो गुरुर्वा' मुद्रित हुआ है वहाँ 'ह्रस्वो लघुर्वा' ही सही पाठ

७. छन्दो वक्ष्ये मूलजैस्तैः पिङ्गलोक्तं यथाक्रमम् ।। अग्निपुराण, ३२८.१ (ab)

८. पूर्वो योगाद्......। नाग संस्करण में प्राप्त पाठदोष ।

 CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

है । यदि यहाँ मुद्रित पाठ को सही माना जाय तो ह्रस्व अक्षर की लघु संज्ञा की जगह गुरु संज्ञा होने का अर्थ निकलता है जो उपयुक्त नहीं है । इस कारिका में लघु संज्ञा और गुरु संज्ञा का यहाँ निर्देश किया गया है । श्लोक-३ के प्रथम चरण में प्राप्त 'गुरुर्' शब्द का प्रयोग सही है लेकिन श्लोक-२ के प्रथम चरण में प्रयुक्त 'गुरुर्' शब्द दोषयुक्त है । आनंदाश्रम और नाग संस्करण दोनों में पाठ का साम्य होने पर भी गलत है । इसी अनुमान का समर्थन स्वयं आनंदाश्रम के संस्करण में प्राप्त एक पादटीप से मिलता है । यहाँ उद्धृत किसी हस्तप्रत में 'ह्रस्वो लघुर्वा' पाठ[९] मिलता है । इस तरह से अनुमानित पाठ का प्रामाण्य अग्निपुराण की ही हस्तप्रत के पाठान्तर से सिद्ध होती है ।

(३) वैतालीय और औपच्छन्दसक छन्द के लक्षण का मुद्रित पाठ की समीक्षा

वैतालीय में विषम पाद में चौदह मात्राएँ और सम पाद में सोलह मात्राएँ होती हैं । वैतालीय के सभी पादों का अन्तिम भाग वर्णवृत्त प्रकार का होता है । विषम पाद में छह और समपाद में आठ मात्राओं के बाद शेष रही आठ मात्राएँ 'रलगा' गण स्वरूप में रहती हैं । वैतालीय के अन्त में एक गुरु अक्षर लगाने से वह औपच्छन्दसक बन जाता है । वैतालीय और औपच्छन्दसक छन्द का लक्षण दोनों संस्करणों में इस प्रकार प्राप्त होता है ।

वैतालीयं द्विस्वरा स्यादुष्मादे समे नलः ।
वसवोऽन्ते वनगाश्च गोपुच्छं दशकं भवेत् ।।

नाग संस्करण, ३३१.१२

[१०]**वैतालीयं द्विशस्ता स्याच्चतुष्पादे समे नलः ।**
वसवोऽन्ते वनगाश्च गोपुच्छं दशकं भवेत् ।।

आनंदाश्रम संस्करण, ३३१.१२

उपर्युक्त कारिका में दोनों संस्करणों में दो जगह पाठभेद है । नाग प्रकाशन में प्राप्त 'द्विस्वरा' और 'उष्माद' के स्थान पर आनंदाश्रम में 'द्विशस्ता' और 'चतुष्पादे' मिलता है । दोनों संस्करणों का पाठ अत्यन्त अशुद्ध होने से वैतालीय के सही लक्षण का किसी तरह से अर्थबोध प्राप्त नहीं हो रहा है । प्रथम दृष्टि से पता चलता है कि 'वगण' होता ही नहीं है । विषमपाद की चौदह और समपाद की सोलह मात्राओं में से अंत भाग की आठ मात्राएँ 'रलगा' वर्णवृत्त प्रकार से होती हैं । अतः 'रलगा' पाठ ही शुद्ध हो सकता हैं । अतः दोनों संस्करणों में प्राप्त होने पर भी 'वनगाश्च' पाठ को अशुद्ध मानकर वहाँ 'रलगाश्च' पाठ ही शुद्ध हो सकता है । संख्यावाचक स्वर संज्ञा सात की बोधक है । अतः चौदह के निर्देश के लिए यहाँ द्विःस्वराः अपेक्षित है । विषम चरण में चौदह मात्राएँ होती हैं । विषमपाद के लिए 'अयुक्' शब्द है । अतः 'स्यादुष्मादे' या 'स्याच्चतुष्पादे'

९. आनन्दाश्रम संस्करण, पृष्ठ ४१३, पादटीप ५

१०. पाठ के विचलन की चरम सीमा आनन्दाश्रम संस्करण में पादटीप में उद्धृत इस पाठान्तर में देखी जा सकती है ।

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

के स्थान पर 'स्यादमुक्पादे' सही पाठ हो सकता हैं । सम पाद में सोलह मात्राएँ होती हैं । 'वसु' शब्द आठ का बोधक है । उसका दुगना करने से सोलह होता है । 'वसु' के साथ भी द्विःशब्द का स्वीकार करने से सोलह की संख्या हो जाती है । वैतालीय छन्द में गण और मात्राओं की निश्चित स्थिति और पिङ्गलाचार्य के सूत्रों को दृष्टि में रखकर उपर्युक्त कारिका के शुद्ध पाठ की स्थापना की जा सकती है । पिङ्गलाचार्य के सूत्रों का सीधा प्रभाव इस कारिका पर दृश्यमान है ।[११]

वैतालीयं द्विःस्वराः स्यादयुक्पादे समे चलः ।
वसवोऽन्ते रलगाश्च गौपच्छन्दसकं भवेत् ।। सम्भवति शुद्धपाठः

इस वैतालीय में एक गुरु अक्षर जोड़ने से 'औपच्छन्दसक' होता है । अतः 'ग् औपच्छन्दसकं भवेत्' पाठ सही हो सकता है किन्तु दोनों संस्करणों में ''गोपुच्छं दशकं भवेत्'' ऐसा अत्यन्त विचित्र पाठविचलन देखा जाता है ।

(४) कुछ अर्धसमवृत्तों में पाठ की समीक्षा

'हरिणप्लुता' अर्धसम प्रकार का वर्णवृत्त है । इसके विषम पाद के ११ अक्षर ससलगा और समपाद के १२ अक्षर 'नभभर' गण स्वरूप में होते हैं । दोनों संस्करणों में इस छन्द का लक्षण इस प्रकार से प्राप्त होता है ।

सौ मलौ गथ लभभावों भवेद्धरिणवल्लभा ।। नाग, ३३३.४
सीमलौ गथ लभभरो भवद्धरिणवल्लभा ।। आनंदाश्रम, ३३३.४

